॥ ॐ ॥

श्री जैन मार्ग दीपिका.

રચીને છપાવી પ્રસિદ્ધકર્ત્તા,

શાહ. ખેમચંદ પીતામ્બરદાસ.

મુ. વળાદ-તાલુકે દસક્રોઇ, જીલ્લે અમદાવાદ.

दोहरो.

आप्त वचन आस्वादतां, उपजे हर्ष अपार;
स्याद्वाद मत निरखवा, मार्ग दीपिका सार.

આવૃત્તિ ૧ લી.—પ્રત ૧૦૦૦.

સર્વ હક્ક સ્વાધીન.

સંવત ૧૯૭૧. ઇસ્વી સને ૧૯૧૪-૧૫.

રીચીરોડના પૂલ નીચે આવેલા શ્રી જૈન વિદ્યા વિજય પ્રીન્ટીંગ
પ્રેસમાં શા. ચુનીલાલ અમથાશાએ છાપી.

અમદાવાદ.

રૂ. ૦-૧૨-૦.

સાભાર અર્પણ.

સ્વર્ગવાસી શેઠઃ—

રવચંદભાઇ જયચંદભાઈ.

જૈનશાળાના મુખ્ય અધિપતી.

અમદાવાદ.

મને કરેલા અપૂર્વ ઉપકારના બદલા તરીકે નહીં
પણ તેના શતાંશ તરીકે આ લઘુ ગ્રંથ
આપના પવિત્ર આત્માને સવિનય
ધર્મબોધક વડીલપણાના ધર્મરાગે
ધસમસ્યો અર્પણ કરી
આનંદ માનું છું.

લી. હું છું આપનો

સેવક

શાહ ખેમચંદ પીતામ્બરદાસ.

મુ. વળાદ—તાલુકે દસક્રોઇ.



Sha Khemachand Pitambardas

Valad Daskaroi

શા. ખેમચંદ પીતાંબરદાસ.

વલાદ. તાબે દસક્રોઈ.

પ્રસ્તાવના.

શ્રીમાન્ વીર ભગવાનની વાણીનું ગણધર મહારાજાઓએ જે ગ્રંથન કીધું તેનું દોહન કરીને પૂર્વે થઈ ગયેલા આચાર્યોએ અલ્પ મતિવાળા ભવ્ય જીવોને સમજવાને સુગમ થાય એવા ગ્રંથોનો જન્મ આપ્યો, તોપણ આ પંચમ કાળના કારણથી માણસમાં જડતા અને વક્રતા દીન પ્રતિદીન વધતી જવાના કારણથી સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનું નષ્ટ પ્રાયે થતું આવે છે. એમ પૂર્વે થઇ ગયેલાઓ હાલના વિદ્વાનો એકે અવાજે બોલતા આવે છે અને બીજી બાજુએ શ્રીમાન્ વીર પરમાત્માની પવિત્ર વાણીમાં એટલી બધી ઘહનતા રહેલી છે કે તેનું વર્ણન અનેક સંખ્યાબંધ ગ્રંથોના રૂપમાં થવા છતાં આ દુનિયામાં નવા જન્મેલા માણસોની અપેક્ષાએ વિચાર કરીયે તો તેવા ગ્રંથોનો ગમે તેટલી સંખ્યામાં વધારો થાય તોપણ જીજ્ઞાસુઓના માટે તો એક અપૂર્વ ખોટજ પુરી પડે છે એમ ગણતાં જરા પણ બેહુદુ મનાશે નહી. અમોને "જૈનમાર્ગ દીપિકા" એ નામનું આ લધુ પુસ્તક બનાવવાનો પ્રયાસ માત્ર એટલાજ કારણસર ઉત્પન્ન થયો છે કે:—જે જે પુસ્તકોમાંથી દોહન કરી તેને આ પુસ્તકના રૂપમાં મુકતા તે તે પુસ્તકો વાંચવાનો અને તેની નોંધ લેવાનો મને જે પવિત્ર અને અમુલ્ય વખત મળેલો તેટલાજ વખતને માત્ર મારૂં સફળ જીવન સમજું છું. અને તેજ પ્રમાણે આ પુસ્તકના વાંચકો—પણ પોતાના સફળ જીવનમાં વધારો કરે, તો પુન્યાનુબંધી પુન્યના ભાગી થાય.

આ પુસ્તકની અંદર જે જે વિષયો દાખલ કરવામાં આવ્યા છે તેની અનુક્રમણિકા જોતાં જણાશે તોપણ આ સ્થળે મારા છાદ્મસ્થીક દોષણના કારણસર જે કંઈ દોષ આ પુસ્તકના વિશે રહ્યો હોય તે બાબત વાંચકવર્ગની માફી માગવી જોઇએ માટે સવિનય

વાંચકવર્ગને વિનંતી કરૂં છું કે આ પુસ્તક વાંચતાં આપને કંઇ દોષ નજરે આવે તો તેના ઉપર લક્ષ આપ્યા વિના સાર માત્રને ગ્રહણ કરી આત્મકાર્યમાં સાવધાન થજો. તમો ક્ષમા ધર્મના આરાધક અથવા તો તેવા આરાધકોના શિષ્ય હોવાનો દાવો રાખતા હોવ તો મારા દોષને તમો માફ કરજો. કારણ એ તમારી પણ ફરજ છે અને દોષના માટે ક્ષમા માગવી એ મારી ફરજ સમજુ છું, માટે મારા દોષને માટે "મિચ્છામિ દુક્કડં" દઇને આપની ક્ષમા ચાહું છું.

સર્વજ્ઞ સિવાય કેવળ નિર્દોષતા હોવાનો સંભવજ નથી છતાં કોઈ દાવો રાખે કે મારામાં કંઇ દોષજ નથી. તે કેવળ મિથ્યા બડાઈ અથવા મુર્ખતાજ ગણાશે એટલા માટે પૂર્વાચાર્યો પણ પોતાના ગ્રંથોમાં પોતાના દોષ પ્રતિ ક્ષમા માગી ગયેલા દીઠામાં આવે છે. તોપણ જો કે સજ્જન પુરૂષોની ક્ષમારૂપ અમૃતધારાથી ગુણની પુષ્ટી થાય છે અને દુર્જનની દુર્વચનરૂપ કુઠાર સમાન વક્રવાણીથી બુદ્ધિ છીન્નભીન્ન થઇ અદોષતા કરવાને કારણ મળે છે. માટે સજ્જનો ક્ષમા કરે અને દુર્જનો દુર્ગુણો મેદાન મુકે તો આ બન્ને બાબત ઉપકારજનક છે. માટે આ સ્થાને સજ્જન અને દુર્જન બન્ને પક્ષ માટે ઉપકારી તરીકે હોવાથી તેમની ક્ષમા ચાહું છું.

લી. કર્ત્તા.

ખેમચંદભાઇ પીતામ્બરદાસ.

અથ શ્રી જૈનમાર્ગ દીપિકાની અનુક્રમણિકા.

અથ સઝાયો.

અથ ભિન્ન ભિન્ન વિષયોપર કવિતાઓ લખીએ છીએ.

શ્રી સિદ્ધસેન દિવાકરની કથા.

ભોજ રાજા, ધનપાળની કથા.

૫૪૨૯ - ૧૧

(શુદ્ધાશુદ્ધ પત્રિકા.)

પૃષ્ટ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
१	६	समाराम	शमाराम
१	८	सीमंधर	सीमंधरं
૩	૧૦	સમુદ્ર	સમુદ્રમાં
૩	૧૨	પામ્યા	પામે છે+
૪	૨૧	મોક્ષમાંજ	મોક્ષનોજ
૯	૧૦	સંભાય છે	સંભળાય છે
૧૧	૧૧	પ્રણી	પ્રાણી
૧૪	૧	એકલાજ	એકલોજ
૧૯	૨૫	અહી પ્રશ્ન થાય છે	સમકિતવંત જીવો તેના અધિકારી છે
२०	१	सम्यक्वनुं स्वरुप	सम्यकत्वनुं स्वरुप
२१	२४	जीवजीवं	जावजीवं
૨૨	૯	૧૯	૧૦
૨૩	૧૪	જીવ દ્રવ્ય	૦
૨૩	૧૮	ત્	ત
૨૪	૧૨	વીસ	બેતાલીસ
૨૪	૧૪	જીવના	જીવને
૨૫	૩	ખેરવું	ખેરવવું
૨૫	૬	આત્મ પ્રદેશ	આત્મ પ્રદેશો
૨૫	૯	શુધ્યાત્મા	શુદ્ધાત્મા
२६	५	निघाण	निव्वाणं
૨૭	૯	કવું	કેવું,
૨૭	૪	વડે	વડે
૨૭	૪	અન્તઃકરણુના	અંતઃકરણના
૨૮	૩	શીન	શીઘ

૨૮	૯	કર	કરે
૨૮	૧૦	સાધ્વી અગર સાધુના	સાધ્વીના
૨૮	૧૯	વસુ	વસું
૨૯	૧૦	ધ્ય	ઘ
२९	१	संवगा	संवेगा
૩૦	૨	અવિરતિનો	અવિરતિછતો
૩૦	૨૦	પ્રમાણે	પ્રમાણ
૩૦	૨૨	ત્રણ	૦
૩૦	૨૫	ચંદના	ચંદન
૩૦	૨૬	ઉદયમાં નથી	બંધ ઉદયમાં નથી
૩૦	૨૮	અને બંધમાં પણ નથી	૦
૩૧	૨	છે	છ
૩૧	૧૪	ધૂમાઠાની	ધૂમાડાની
૩૧	૨	મિથ્યાત્વ મોહનીનો	૦
૩૨	૧૮	તેત્રીસ સાગરની	તેત્રીસ સાગર સાધિકની
૩૨	૨૦	જાય નહી	જાય,
૩૨	૨૪	સમકિત	સમકિતી
૩૩	૧૪	જેની	જેને
૩૯	૧૯	છે તે	છતે
૪૦	૧૧	સમકિત	સમકિતી
૪૦	૨૬	સમ્યકિત્વને	સમ્યકત્વને
૪૨	૧૮	પ્રાક્રમ્ય	પ્રાકામ્ય
૪૩	૪	૩િ	દિ
૪૪	૨૦	સિદ્ધ	સિદ્ધિ
૪૬	૪	ધ્રૈવ	ધ્રૌવ્ય
૪૬	૫	કયા	કાય
૪૮	૮	ચાલે છે	ચાલુ છે
૪૮	૧૧	ભવી	ભવિ
૪૮	૨૪	ભેદ	ભેદે
૪૯	૪	કારણ	કરણ
૪૯	૫	ઘાલ્યા છે	ઘાલ્યો છે

૪૯	૧૦	અંતકરણ	અંતરકરણ
૪૯	૧૫	અંતકરણ	અંતરકરણ
૪૯	૨૫	ક્ષઇહયોપસમ	ક્ષયોપશમ
५०	७	आत्मानमधिक्रत्ययं क्रियाक्रियते, स, अध्यात्म इति व्यु-त्पत्यः	आत्मानमधिकृत्पया क्रियाक्रियते तदध्या त्मम् इति व्युत्पत्तः
૫૧	૨૫	સોહં	સોઅહં
૫૩	૧૩	અનો	એનો
૫૩	૨૭	પણઃ	यतः
૫૪	૪	શુદ્ધોહં	शुद्धोहं
૫૪	૭	નામ	ના
૫૪	૯	બુદ્ધોહં	बुद्धोहं
૫૫	૨૨	અંધમાં	બંધમાં
૫૬	૩	ધ્વેષ	દ્વેષ
૫૭	૧૬	નિરર્વાહ	નિર્વાહ
૫૯	૪	વિભાગ	વિભાવ
૫૯	૧૩	યથાર્શ્રે	યથાર્થે
૫૯	૧૬	તે	તેને
૬૦	૯	જાણે	જાણો
६१	८	समक्ति	समकित
૬૧	૧૯	કહે છે	કરે છે
૬૩	૨	આદિ	ઇત્યાદિ
૬૪	૧૭	અનુપધી	અનુપાધી
૬૫	૭	બન્નતી	બનતી
૬૫	૨૨	ધ્રૃવ	ધ્રુવ
૬૬	૧૩	નિનિત્ત	નિમિત્ત
૬૬	૧૫	સમકિત વિષે સ્તવન	સમકિતનો વિષય પુરો થાય પછી કહેલું.

૬૬	૨૨	સમકિના	સમકિતના
૬૭	૧૦	તેહને	જેહને
૬૮	૧	ઉદ્ધમ છે	ઉદ્યમ છે
૬૮	૨	હવે	જુઓ
૭૧	૨૩	૦	સમકિતનું સ્તવન કહેવું
૭૨	૭	ધનુષ	ધનુષ્યની
૭૩	૧૫	ધનુષ	ધનુષ્ય
૭૫	૬	પચમી	પંચમી
૭૫	૧૯	હવેરે	વહેરે
૭૬	૧૯	પર	પરમ
૭૬	૨૧	ચપક	ચંપક
૭૮	૧૪	પલવ	પલ્લવ
૭૮	૧૫	છડી	છંડી
૮૦	૧૩	હું ઝલ્યો	રઝલ્યો
૮૨	૧૦	સકલ	અચળ
૮૪	૨	ધૂમર વસંત	વસંત ધૂમાર
૮૪	૨૧	શાંતી	શાન્તિ
૮૫	૧૧	શીવ	શિવ
૮૫	૧૯	પાજ્ય	પ્રાજ્ય
૮૬	૧૬	સ્તવના	સ્તવના
૮૯	૨૧	ચાહ	ચાહ્ય
૯૧	૫	ચતુષ્ટ	ચતુષ્ટયી
૯૩	૨૫	જિન	૦
૯૩	૨૧	શ્રીમંધર	સીમંધર
૯૪	૧	ધણી	ધણી
૯૪	૯	શાંત	સાત
૯૫	૧૪	સહચરી	સહચારી
૧૦૪	૧૦	રવામી	સ્વામી
૧૦૪	૧૧	લીજજી	લીજેજી
૧૦૪	૧૫	ઊજામણુ	ઊજમણુ
૧૦૫	૧૩	ગિરિરાજનાં	ગિરિરાજના

૧૦૯	૧૧	અજુઆલી	અજુઆલ
૧૧૧	૧૫	વાસી	વાસીરે
૧૧૧	૧૮	વાઘોડાના	વરઘોડાના
૧૧૫	૧૧	તલાદ	વલાદ
૧૧૯	૭	ઉપર	ઉપર હું
૧૧૯	૨૧	નેમીશ્વર	શ્રી નેમિશ્વર
૧૨૦	૧૨	રાણપુર	રાણકપુર
૧૨૦	૧૬	ધણુસોહ	ધર્ણાસાહે
૧૨૧	૨૪	આણશીષ	આણાશીશ
૧૨૩	૨૪	સાલેરે	સાલરે
૧૨૪	૨૬	ધરણસુર	ધર
૧૨૮	૧૫	૦	રૂપ
૧૨૮	૧૯	●	રૂપ
૧૨૮	૨૨	શ્રુતનાયક	શ્રુતદાયક
૧૩૦	૧	કટુવચન	કટુકવચન
૧૩૦	૧૯	ઠાણુંગ	ઠાણાંગ
૧૩૨	૧૦	રોગ	સોગ
૧૩૩	૧૫	પાખેરે	પાળેરે
૧૩૪	૫	તેહને શ્રાવક	શ્રાવક તેહને
૧૩૪	૧૮	બાર	બારે
૧૩૪	૨૧	શરણુ	સરણાં
૧૩૫	૧૧	દે	દો
૧૩૬	૧૮	કંડે	કંઠ
૧૩૬	૧૯	સાસોસ્વાસ	શ્વાસોશ્વાસ
१३८	११	श्री	श्री चंद्रप्रभ
१३९	१५	पापदुम	पापद्रुम
૧૪૪	૨૩	ભાવરૂપ	ભવરૂપ
૧૪૬	૬	શી રીતે થઇ સકે	થાય
૧૪૯	૨૩	વિહારી	વહોરી
૧૫૨	૬	રાગદેષનો	રાગદ્વેષ
૧૫૩	૧	વર્ષે	વર્ષ

૧૫૨	૬	ધનવા	ધનષા
૧૫૪	૪	કર્મને	કર્મ
૧૫૪	૧૭	લોપ્રકકાશ	લોક પ્રકાશે
૧૫૪	૨૩	પાઠન	પઠન
૧૫૮	૭	ભાષા સુમતિનું	ભાષા સમિતિનુ
૧૬૦	૧૦	તેટલે	તેટલો
૧૬૦	૧૯	અર્થા	અર્થાત્
૧૬૧	૧૭	સમધિમાં	સમાધિમાં
૧૬૨	૧૩	વણીકને	વણીક તથા
૧૬૩	૨૫	આકારવાળા	આકારવાળી
૧૬૫	૨૬	પૂર્વાભાદ્રાપદ	પૂર્વાભાદ્રપદ
૧૬૬	૧	છાયો	છાંયો
૧૬૬	૧૩	માહામા	માહામાં
૧૬૭	૧૭	અર્થાત્	વળી
૧૭૧	૯	મોઝારજી	મોજારજી
૧૮૧	૬	કંદમૂલને	કંદમૂળન
૧૮૨	૧૬	દશાન	દર્શન
૧૮૫	૧૦	ધરીયું	ધદીયું
૧૮૬	૧૧	આહો	અહો
૧૮૬	૧૮	જીવનન	જીવજાન
૧૮૭	૧૭	ખગીત	ખચીત
૧૯૧	૪	તેમાં	તમો
૧૯૨	૩	ધર્મ	ધર્મિ
૧૯૨	૨૦	પ્રભૃત	પ્રભૂત
૧૯૬	૨૨	૨ ષ્ટ	સ્પષ્ટ
૧૯૮	૨૫	શશ્વત	શાશ્વત
૨૦૧	૭	એકસણા	એકાસણા
૨૦૨	૨૧	ધમ	ધર્મ
૨૦૨	૨૨	સાનીની	સોનીની
૨૦૩	૧૫	કાલિકાચાય	કાલિકાચાય
૨૦૩	૨૫	સ્નિગ્ધ	સ્નિગ્ધ

२०४	२५	અજ્ઞવેદી	આત્મવેદી
२०५	३	શ્વાસે:શ્વાસના	શ્વાસોશ્વાસ
२०६	१५	એકદા હવે	હવે એકદા
२०६	१९	કેમક	કેમકે
२०६	२६	કર્ણુરૂપી	કર્ણોરૂપી
२०७	१०	वेद्यतेन	वेद्यंतेन
२०८	१	ળની	ની
२११	१२	મોફાળ	ચોફાળ
२२६	११	ન કરતાં	કરતાં
२१७	२०	કામેણુ	કાર્મણુ
२१९	१	ક્ષાય છે	ક્ષય થાય છે
२२३	१४	ઉતરાધ્યાયન	ઉતરાધ્યયન
२२३	१०	क्षवाय	क्षय
२२५	१३	छव	छद्द
२२८	१८	हतप्रभूतयोऽविहतप्रभावाः	हरप्रभृतयोपिऽ हतप्रभावाः
२२९	७	પોહના	વાહના
२३०	१	હવાથી છેનુ	હોવાથી તેનું
२३१	२१	છો	તો
२३२	४	વમુદત્ત	વસુદત્ત
२३३	२३	દુર્દૈવે	દુર્દૈવ
२३५	१२	કરવામાં	કરવા
२३८	१६	करयुगमयि	करयुगमपि
२४२	३	ચૈતન્યના	ચૈત્યના
२४२	१२	કરાવનાર	કરાવનારને
२४६	१७	રાત્રિભોજન કરનારને આહુતી આદે કૃત્યો વ્યર્થ છે. એમ લખ્યું છે. પરંતુ એટલાં કૃત્ય રાત્રિએ ન કરવાં એવો અર્થ સમજાય છે.	
२४९	१	गौरसं	गोरसं

२४९	१०	शीमसात्	शादीन्
२४९	१०	जंतु	जंतू
२५१	११	ब्रह्मं	ब्रह्म
२५२	८	निच	नीच
२५२	८	मशुता	प्रभूता
२५२	८	मुपैस्य	मुपास्य
२५५	१७	बह्म	ब्रह्म
२५६	१८	तेस्युर्लायु	तेस्युरल्पायु
૨૫૮	૧૮	પવાલમાં	પ્રવાલમાં
२६०	१०	रंत्न	रत्नं
२६४	८	वद्र दृष्टि	बद्ध दृष्टि

॥ श्री पंचपरमेष्ठि जाप यंत्र ॥

आ यंत्रमां एवी गोठवण करवामां आवी छे के वच्चे लखेला (अ) थी, जुदी जुदी (२७०) रीते ८ अर्हत, सिद्ध, आचार्य, उपाध्याय, साधुभ्यो नमः ए जाप वांची शकाशे. रमुज साथे पंचपरमेष्ठि जाप आ अनुपम सिद्धिनुं मुख्य सुखसाधन छे.

॥ ॐ ॥

मः	न	भ्यो	धु	सा	य	ध्या	पा	उ	र्य	उ	पा	ध्या	य	सा	धु	भ्यो	न	मः
न	भ्यो	धु	सा	य	ध्या	पा	उ	र्य	चा	र्य	उ	पा	ध्या	य	सा	धु	भ्यो	न
भ्यो	धु	सा	थ	ध्या	पा	उ	र्य	चा	आ	चा	र्य	उ	पा	ध्या	य	सा	धु	भ्यो
धु	सा	य	ध्या	पा	उ	र्य	चा	आ	द्ध	आ	चा	र्य	उ	पा	ध्या	य	सा	धु
[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
य	ध्या	पा	उ	र्य	चा	आ	द्ध	सि	त	सि	द्ध	आ	चा	र्य	उ	पा	ध्या	य
ध्या	पा	उ	र्य	चा	आ	द्ध	सि	त	र्ह	त	सि	द्ध	आ	चा	र्य	उ	पा	ध्या
पा	उ	र्य	चा	आ	द्ध	सि	त	र्ह	(अ)	र्ह	त	सि	द्ध	आ	चा	र्य	उ	पा
ध्या	पा	उ	र्य	चा	आ	द्ध	सि	त	र्ह	त	सि	द्ध	आ	चा	र्य	उ	पा	ध्या
य	ध्या	पा	उ	र्य	चा	आ	द्ध	सि	त	सि	द्ध	आ	चा	र्य	उ	पा	ध्या	य
सा	य	ध्या	पा	उ	र्य	चा	आ	द्ध	सि	द्ध	आ	चा	र्य	उ	पा	ध्या	य	सा
धु	सा	य	ध्या	पा	उ	र्य	चा	आ	द्ध	आ	चा	र्य	उ	पा	ध्या	य	सा	धु
भ्यो	धु	सा	य	ध्या	पा	उ	र्य	चा	आ	चा	र्य	उ	पा	ध्या	य	सा	धु	भ्यो
न	भ्यो	धु	सा	य	ध्या	पा	उ	र्य	चा	र्य	उ	पा	ध्या	य	सा	धु	भ्यो	न
मः	न	भ्यो	धु	सा	य	ध्या	पा	उ	र्य	उ	पा	ध्या	य	सा	धु	भ्यो	न	मः

મનની એકાગ્રતા થવા માટે આ જાપ સર્વોત્કૃષ્ટ છે ॥ ઇતિ છુટા પત્રમાંથી લખ્યું છે. ॥

ॐ

श्री जैनमार्ग दीपिका.

॥ श्री अजितनाथायनमः श्री गौतमायनमः ॥

॥ अथ मंगलाचरण ॥

[भुजंगी छंद.]

जगज्जंतुनिस्तारणे यानपात्रं ।
समारामविश्राम संलीन चित्तं ॥
नतानेक नाकेंद्र पादारविंदं ।
स्तुवे स्वामि सीमंधर देवदेवं ॥१ ॥

ભાવાર્થઃ—જગતના જીવોને તારવામાં નાવ સમાન શાંતિરૂપ બગીચામાં વિશ્રામ લેવાને સ્થિર ચિત્તવાલા; અનેક ઈંદ્રો જેના ચરણકમલને નમ્યા છે એવા સીમંધર સ્વામીને સ્તવું છું.

આજ કાલ પૃથ્વી ઉપર બુદ્ધિના અંશ માત્રથી મદોન્મત્ત થઇને અસત્ શાસ્ત્રોની રચના કરનારા અનેક કવિ છે. તેઓ પોતાને તેમજ બીજા ભોળા માણસોને ઠગનારા છે.

આત્મ તત્વથી વિમુખ, હોવા છતાં પોતાની કીર્તિથી પ્રસન્ન થનારાઓ મૂઢ છે, અને તેવા મૂઢોએ આ અજ્ઞાન જગતને પોતાના બનાવેલા મિથ્યા શાસ્ત્રોના બ્હાનાથી વ્યાકુળ બનાવ્યા છે.

એવા શાસ્ત્રો વાંચવાથી, સાંભળવાથી, કે શીખવાથી શું લાભ

છે,–કે જેથી માણુસોનાં મન (ચિત્ત) દુરન્ત તથા દુર્નિવાર મોહ-સમુદ્રમાં પડે છે.

અસતશાસ્ત્ર જો કે સાંભળવામાં ક્ષણભરના માટે અમૃતના જેવીજ વૃષ્ટિ કરે છે, પરંતુ કાળાંતરમાં તે સત્પુરૂષોના કાર્યથી રહિત હોવાથી અવિદ્યારૂપ વિષને વધારે છે, અર્થાત્ વિષયોની તૃષ્ણાને વધારે છે.

ઘણાજ આશ્ચર્યની વાત છે, કેઃ—જે માણુસને અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો આ હઠાગ્રહ સેંકડો ઉપદેશ દેવા છતાં પણ દૂર થતો નથી ! અમે સમજી શકતા નથી, કે તેમાં શું છુપું કારણ છે.

સદાચારી પુરૂષો કે જેમને વૈર કે અભિમાન નથી. તેમને ઉચિત્ છે કેઃ—આ પુસ્તકના માટે ગુણદોષનો નિશ્ચય શાન્ત મનથી કરે.

આ જગતમાં અનેક દુર્બુદ્ધિ માણસો એવા છે કે જે—આત્મસિદ્ધિના માટેજ પ્રવર્ત્તન કરનાર સત્પુરૂષો ઉપર દ્વેષ બુદ્ધિનો વ્યવહાર કરે છે, અર્થાત્ દુષ્ટ માણસો સત્પુરૂષોના ઉપર દ્વેષ રાખેછે.

તે ધન્ય પુરૂષ છે કે જે પોતાના નિષ્પક્ષપાત ચિત્ત વડે વસ્તુના વિચારમાં કસોટીની સમાન છે. અને ગુણદોષને જુદા જુદા જાણી લે છે.

જુઓ ચંદ્ર જગતને પ્રસન્ન કરી તાપને દૂર કરે છે; વળી સૂર્ય તાપ (પીડા) ઉત્પન્ન કરે છે. એ પ્રમાણે માણુસોનો સ્વભાવ ગુણવાળો અને દોષવાળો સ્વભાવિક હોય છે એમ હું માનુંછું.

જે દુષ્ટ માણુસ છે, તે નિર્દોષ વચનને પણ દૂષણ લગાડે છે. ઉદાહરણઃ—સુધારસમય ચંદ્રના બીંબની શોભાને ચક્રવાક (પક્ષી ચકલો) દુષણ આપે છે કે ચંદ્રજ ચકવીથી મારો વિયોગ કરાવી દે છે.

આ આત્મા મહા મોહથી (મિથ્યાત્વ–ક્રોધ, લોભ, ઇત્યાદિ)

કલંકિત–અને મલિન છે. એટલા માટે જેથી તે શુદ્ધ થાય, તેજ આપણું હિત છે. તેજ આપણું ઘર છે. પરમ જ્યોતિ–અથવા પ્રકાશ છે.

આ જગતને ભયાનક કાળરૂપી સર્પથી શંકિત (ભયંકર) દેખીને અવિદ્યા જે મિથ્યા જ્ઞાન અને મિથ્યા આચરણના સમુહને છોડીને નિજ સ્વરૂપના (આત્મસ્વરૂપના) ધ્યાનમાં લયલીન થઈ જાયછે, તે મહા ભાગ્યવાન ધન્ય પુરૂષ છે.

જે બુદ્ધિમાન છે તેમણે આ જગતને ઈન્દ્રીય વિષયરૂપ રાક્ષસોથી વ્યાપ્ત તથા કામરૂપ સિંહુથી ખવાતાં અને દુઃખરૂપ સમુદ્ર ડુબેલો જોઈને ત્યજી દીધો.

સંસારમાં ઉત્પન્ન થનારાં દુર્નિવાર રોગ રૂપ મહાકષ્ટથી પીડા પામતા જીવ સમુહને દેખીનેજ યોગી પુરૂષો શાન્ત ભાવને પામ્યા અર્થાત્ સંસારમાં જીવોનું દુઃખ દેખ્યા છતાં જ્ઞાની પુરૂષો શા માટે મોહીત થાય?

સંસાર ભ્રમણથી ભય પામેલા અને મોહરૂપ નિદ્રાવડે જેની સમજશક્તિ (ચેતના) નષ્ટ થઈ ગઈ છે, તેવા આ જગતમાં મુનિ સમુદાય માત્ર નિરંતર જાગતો રહે છે. મતલબ કેઃ—જેમ નિરંતર ભ્રમણ કરવાથી શરીર ખેદ ખીન્ન થઈ જાય છે, તો તેના નિમીત્તથી પ્રગાઢ નિદ્રા આવી જાય છે, ત્યારે પોતાપણાનું ભાન ભૂલી જાય છે; એમ સમજીને જ્ઞાની પુરૂષો સાવધાનજ રહ્યા કરે છે.

જે સત્પુરૂષો છે તે રજોગુણ અને તમોગુણથી કંપાયમાન તથા કષાયરૂપી વિષથી મૂર્છિત આ જગતને જોઇને શાન્ત ભાવને ગ્રહણ કરે છે.

મુક્તિરૂપ સ્ત્રીના મુખરૂપ ચંદ્રને જોવાને ઉત્સુક થયેલો મુનિ વર્ગ શાક્ષાત વિજ્ઞાનરૂપ સમુદ્રનું મથન કરે છે.

વારંવાર ઉત્પન્ન થનારી દુઃખરૂપ અગ્નિવડે નાશ પામતા જગતને જોઇને સન્ત પુરૂષો જ્ઞાનરૂપ સમુદ્રના કાંઠે આવીને બેઠા છે. મતલબ કેઃ—સંસારની દુઃખરૂપ અગ્નિને બુઝાવવા જ્ઞાનજ સમર્થ કારણ છે.

ઘણા કાળથી લાગેલી કર્મરૂપ કાળાશ મહાકષ્ટે પણ ત્યજવા યોગ્ય છે. તેટલા માટે આ કાળાશ જેના વડે જલદી નાશ થઈ જાય તે ઉપાય બુદ્ધિમાનોએ કરવો જોઇએ. બીજા ઉપાય કરવા નકામા છે.

અંતિમ્ હિત મોક્ષ (કર્મથી છુટવું તે) છે, તે કેવું છે ? સમસ્ત પ્રકારની કાળાશ રહીત્ નિઃકલંક છે. બાધા (પીડા) રહિત છે, આનંદ સહિત છે, જેમાં કોઈ પણ પ્રકારનું દુઃખ નથી, આ સઘળું પોતાના (આત્માના) સ્વભાવથીજ ઉત્પન્ન થયેલ છે. કેમકે બીજા વડે ઉપજેલું સુખ નાશ થઈ જાય છે; પણ આ સ્વભાવિકનો કદી નાશ થતોજ નથી અને સંસારના શત્રુરૂપ છે. યોગીગણ આ પ્રકારે કહે છે.

મનુષ્ય જન્મ અતિ દુર્લભ છે, જીવીતવ્ય સાર વગરનું છે. એવી અવસ્થામાં માણસે આળસ ત્યજીને આપણા પોતાના હિતને જાણવું જોઇએ, તે હિત મોક્ષ છે.

જે ધૈર્યવાન, અને વિચારશીળ પુરૂષો છે, અને અતીન્દ્રિય સુખ (મોક્ષસુખ) ની લાલસા રાખે છે તેમણે પ્રમાદ છોડીને, આ મોક્ષમાંજ પરમ આદર કરવો જોઇએ.

આ મનુષ્યજન્મ દુર્લભ છે, અને તે વારંવાર મળવો અતિ કઠીણ છે. તેટલા માટે બુદ્ધિમાનોને એ વાત જરૂરની છે કેઃ—વિચારશૂન્ય હૃદય કરીને કાળની—એક પળ પણ નકામી ન જવા દેવી જોઇએ.

આ સંસાર મોટું ઘહન વન છે, કારણ કે દુખરૂપ અગ્નિની જ્વાલાઓ વડે વ્યાપ્ત છે. આ સંસારમાં ઇન્દ્રિય આધીન

સુખ છે તે પરિણામે વિરસ (કટુફળ આપનાર) છે. દુઃખનું કારણ છે. તથા દુઃખથી મળેલું છે, અને જે કામ અને અર્થ છે તે અનિત્ય છે. સદૈવ રહેતાં નથી, તથા જીવીત છે તે વિજળીની પેઠે ચંચળ છે, આ પ્રકારે સમીચીન (રૂડા) વિચાર કરનારા જે પોતાના સુકૃતી–પુણ્યવાન–સત્પુરૂષ છે તેઓ કેમ મોહ કરે? કદાપિ નહીંજ.

હે આત્મા આ જગતમાં ધન સ્ત્રી કુટુંબ ઇત્યાદિનો મેળાપ–રૂપ મુર્છા તે શું તને વિષાદ રૂપ નથી ? શું આ શરીરને રોગો પીડા કરતા નથી ? મ્હોત શું તને દરરોજ ગળી જવાને મ્હોંઢું નથી ફાડતું ? શું વિપત્તિયો તારા ઉપર દ્વેષ નથી કરતી ? શું તને નરક ભયાનક નથી જણાતું ? અને આ ભોગ છે તે શું સ્વપ્નની સમાન તને ઠગનારાં નથી ? કે જેથી તારે આ ઇન્દ્રજાળથી રચેલા દેવ નગરની પેઠે આ સંસારમાં ઇચ્છિા થયાં કરે છે, મતલબ કેઃ—સંસારની અંદર દેહના ભોગની–ઉક્ત દશા જાણ્યા છતાં પણ જે જીવ સાવધાન થતા નથી તેમનું અજ્ઞાનપણું સ્પષ્ટ છે. હે ભાઈ તું ઇન્દ્રીઓના વિષય રૂપ ભૂતોથી પીડા પામતો પોતાના કલ્યાણમાં લાગતો નથી. અને વસ્તુ સ્વરૂપનો (તત્વનો) વિચાર કરતો નથી, તેમજ સંસારની વિચીત્રતાને જાણતો નથી તે તારી મોટી ભૂલ છે, હે મૂઢ પ્રાણી ? અનેક અસત્ કલા, ચતુરાઇ, શૃંગાર શાસ્ત્ર ઇત્યાદિ અસદ્વિદ્યાઓના કુતુહલ વડે પોતાના આત્માને ઠગાવા દેઇશ નહીં. અને તારે કરવા યોગ્ય જે કંઈ હિત કાર્ય હોય તેને કર્ય. કારણ કે જગતમાં આ સઘળા ખ્યાલ વિનાશક છે. શું તું આ વાત નથી જાણતો ? હે આત્મન્ ? તું સઘળા જીવોને એક સરખા માન, મમત્વ છોડી નિર્મમત્વને ચિંતવન કર્ય, મનના શલ્યને દૂર કર્ય, અર્થાત્–કોઇ પ્રકારનો શલ્ય (કલેશ) પોતાના ચિત્તમાં રાખ્યા વિના આપણા ભાવોની શુદ્ધતાને અંગીકાર કર્ય, હે મહાશય ? તારા ભાવોની શુદ્ધિના માટે બાર ભાવ જે આગળ બતાવવામાં આવે છે તેનું

ચિંતવન કર્યું, તેને પુર્વ પુરૂષો પ્રતિષ્ઠારૂપ કહે છે. આ ભાવનું ચિંતવન-(ભાવનાઓ) મુનિયોએ પોતાના સંવેગ (ધર્માનુરાગ) વૈરાગ્ય (સંસારથી ઉદાસીનતા) યમ (મહાવૃત) અને પ્રથમ (ક્રોધ લોભ ઇત્યાદિકના અભાવરૂપ શાન્ત ભાવ) ની સિદ્ધિના માટે પોતાના ચિત્તરૂપી સ્તંભને કાયમ કરવા માટેજ ઠરાવી છે- અથવા બાંધી છે. તે અનિત્ય આદિ બાર છે. તેને મોક્ષાભિલાષી મુનિગણે પ્રશંસારૂપ કહી છે. કારણ એ સર્વ ભાવનાઓ મોક્ષરૂપી મહેલ ઉપર ચઢવા મર્યાદારૂપ રચાયેલી હોવાથી પગથીયાંવાળી નિસરણીઓ સમાન છે.

અનિત્ય ભાવનાનું ચિંતવન.

હે મૂઢ! ક્ષણ ક્ષણમાં નાશ થનાર ઇન્દ્રીયજનિત સુખમાં પ્રીત કરીને સર્વ મૃત્યુ અને પાતાળવાસી સર્વ પ્રાણીઓ નાશ પામે છે તે તું શું નથી દેખતો! આ સંસારરૂપ સમુદ્રમાં પરિભ્રમણ કરતાં માણસને જે જે વસ્તુઓનો સંબંધ થાય છે તે સર્વ આપદાનાં ઘર છે. કારણ કે અંતમાં ઘણું કરીને સઘળા સબંધો નિરસ (દુઃખદાયક) થઇ જાય છે. તોપણ આ પ્રાણી તેના વડે સુખ માને છે. તે ભ્રમ માત્ર છે.

હે આત્મન્? શરીરને રોગો વડે છેદાયેલું માન્ય, યૌવન અવસ્થાને વૃદ્ધાવસ્થાએ ઘેરેલી માન્ય, ઐશ્વર્ય સંપદાઓને વિનાશક, અને જીવનને મરણમય માન્ય, આ સંસારમાં જેને ઘેર પુન્યની મૂર્તિરૂપ ઉત્તમોત્તમ પદાર્થ પ્રભાતમાં જણાતા હતા તે મધ્યાન્હકાળમાં દેખવામાં આવતા નથી અર્થાત નષ્ટ થઇ જાય છે. તું વિચાર પૂર્વક જો, આ સંસારમાં સુખ અને દુઃખ છે તેને જ્ઞાન રૂપ ત્રાજુઆ ઉપર ચઢાવીને તપાસીશ તો તને સુખથી દુઃખ ઘણુંજ વધારે જણાશે. કારણ કે પ્રત્યક્ષ અનુભવ ગોચર છે. આ સંસારમાં ભોગ સાપના ફણ સમાન છે. કારણ કે તેના સેવનથી દેવતા પણ જલદીથી પ્રાણાન્ત થાય છે. આ સંસારમાં જે વસ્તુ

સમુહ છે તે પર્યાયથી* ક્ષણુ ક્ષણુમાં નાશવંત છે. એ વાતને તું જાણીને અજાણ્યો થઇને રહે છે. એ તારો શું આગ્રહ છે? શું તારા ઉપર કોઇ પિશાચ ચઢી બેઠો છે? કે જેની કંઇ ઓષધીજ નથી?—રાજાઓના ત્યાં ઘડીઆળનો ઘંટ વાગે છે. અને અવાજ થાય છે, તે માનો કે સર્વનું ક્ષણીકપણું જાહેર કરે છે. અર્થાત્ જગતને પોકારી પોકારીને કહે છે કેઃ—હે જગતના જીવો!—જો કંઇ પોતાનું કલ્યાણુ ચહાતા હો તો તાકીદે કરો, નહિ તો પસ્તાશો, કારણુ કે આ ઘડી વિતી ગઇ તે કોઇ પ્રકારે પણુ ફરીથી પાછી નહિ આવે. આ પ્રમાણે આગળની ઘડી પણુ વ્યર્થજ ગુમાવશો તો તે પણુ ગયેલી નહિ આવે. કદાપિ અપૂર્વ અથવા અત્યંત અવિનશ્વર હોય તો તેના માટે નિંદ્ય કાર્ય કરવું યોગ્ય પણુ છે; પરંતુ એમ તો છે નહિ. કારણુ કે આ શરીર તેં ઘણીવાર ધારણુ કર્યું છે, અને છોડયું પણુ છે, તો પછી આવા શરીરના માટે નિંદ્ય કાર્ય કરવું કદાપિ ઉચિત નથી, માટે એવું કામ કર્ય, કે જેથી તારૂં કલ્યાણુ થાય. પુત્ર, સ્ત્રી, બાંધવ, ધન, શરીર ઇત્યાદિ ચાલ્યું જાય છે અને જે છે તે પણુ અવશ્ય ચાલ્યુંજ જશે તો પછી તેમના કાર્ય-સાધન માટે આ જીવ ફોકટ શા માટે ખેદ કરે છે. આ સંસારમાં સ્ત્રીઓ નહિ તો કોઇના સાથે આવી અથવા નહી તો કોઇના સાથે જવાની, તોપણુ મૂઢ પુરૂષ તેના માટે નિંદ્ય કાર્ય કરીને નરકાવાસમાં પ્રવેશ કરે છે, એ મહા અજ્ઞાન છે. જે પૂર્વ જન્મમાં તારા શત્રુ હતા તેજ આ જન્મમાં તારા અતિ સ્નેહી ભાઇબંધ થયા છે. અર્થાત્ તું તેમને હેતુ અથવા મિત્ર સમજે છે. તે તારા મિત્ર નથી, પણુ પૂર્વજન્મના શત્રુ છે. જે પૂર્વજન્મમાં તારા બાંધવ હતા તેજ આ જન્મમાં શત્રુતા પામીને તથા ક્રોધાયૂક્ત લાલ નેત્ર કરીને તને

* આ જગતમાં જણાતા અને નાશ પામતા સઘળા પદાર્થો ખરી રીત્યે વિચારતાં નાશ પામતા નથી પણુ બીજા રૂપમાં બદલાય છે. તોપણુ તેના મુળતત્વો બદલાતા નથી.

મારવાને ઉદ્યત થયા છે. એ પ્રત્યક્ષ દેખાય છે. આ સંસારમાં નિરંતર ફરનાર પ્રાણીરૂપ મુસાફરને સ્ત્રી ઇત્યાદિ મોટા મોટા દોરડાઓ વડે બાંધીને સંસાર નામના મોટા અંધાર કુવામાં નાખે છે. જે તને સંસારના ચક્રમાં નાખે છે તે તારા હિતૈષી નથી પણ મુનિગણુ તારા હિતની વાંછાએ બંધુતા કરે છે, હીતોપદેશ આપે છે, સ્વર્ગ અને મોક્ષનો માર્ગ બતાવે છે. તેજ વાસ્તવિક રીત્યે તારા સાચા અને પરમ મિત્ર છે. જુઓ આ જીવનું કેવું આશ્ચર્ય કારક વર્તન છે કે શરીર તો પ્રતિદીન જીર્ણ થાય છે પણ આશાઓ જીર્ણ થતી નથી. પણ મોટી થાય છે. તથા આયુ બળ ઘટતું જાય છે. અને પાપ કર્મમાં બુદ્ધિ વધે જાય છે. મોહ તો નિત્ય સ્ફુરાયમાન થાય છે. અને આ પ્રાણી પોતાના હિત અને કલ્યાણુને વળગતો નથી. એ કેવું અજ્ઞાનનું માહત્મ્ય છે. આ સ્ત્રી પુત્ર ઇત્યાદિ વસ્તુઓ ઉપરની મુર્છા પુરૂષોના હૃદયમાં અતિશય સંતાપ આપીને જતી રહે તો એવી વસ્તુઓ ઉપર પ્રીતિ [મુર્છા] કરવી તને યોગ્ય છે ? મિથ્યા જ્ઞાન [અજ્ઞાન] જનીત પ્રીતિ (મુર્છા) થી દુર્નિવાર વિસ્તારવાળા અંધ જીવોને બહુ કાળ સુધી નરકનાં દુઃખ ભોગવવાં પડશે. જેનું તેમને ભાન પણ નથી. જે મુઢ બુદ્ધિવાળા ઇન્દ્રી વિષય સેવનમાં સુખ માને છે તેઓ ઠંડક માટે અગ્નિમાં પ્રવેશ કરે છે. અથવા ઘણું જીવવા માટે વિષપાન કરે છે તેને આ વિપરીત બુદ્ધિથી સુખને બદલે દુઃખજ થશે. પોતાના કુટુંબીઓના માટે નરક દુઃખ આપનાર પાપ કર્મ કરે છે. તે પાપી કુટુંબ તને જરૂર દગો દેઇને પોત પોતાની ગતીમાં ચાલ્યા જાય છે. અને તેના માટે જે ત્હેં પાપ કર્મ કર્યો હશે તેનાં ફળ તારે એકલાનેજ ભોગવવાં પડે છે. અથવા ભોગવવાં પડશે.

આ મનુષ્ય દેહથી ઉભય લોકમાં શુદ્ધતા આપવા વાળાનો વિચાર કરી પોતાનું અનુષ્ઠાન કરવું જોઇએ અને વિપરીત અન્ય જે સર્વ કાર્ય, તે ત્યજવું જોઇએ એ સામાન્ય ઉપદેશ.

જેમાં સર્વ પ્રકારનો વિચાર કરવાની શક્તિ, અને જેનું પામવું પણ દુર્લભ છે તેવા મનુષ્ય જન્મ પામીને જે પોતાનું:હિત કરતા નથી તે પોતાના નાશના માટે વિષ વૃક્ષને ઉછેરે છે.

જેમ પક્ષીઓ જુદી જુદી દીશાએથી આવીને સંધ્યા વખતે ઝાડ ઉપર વસે છે. તેવીજ રીત્યે માણસો કુટુંબરૂપ વૃક્ષમાં અન્ય અન્ય જન્મથી આવીને વસે છે. અને પ્રભાતે પક્ષીઓ પોત પોતાનો રસ્તો લેછે તેમ આ કુટુંબીઓ પણ આયુ જીર્ણ થયે પોતપોતાના કર્માનુસાર પોતપોતાની ગતીમાં ચાલ્યાં જાય છે. જે ઘેર પ્રભાતના સમયે આનંદના ઉત્સવની શોભા જણાતી હતી. તેજ ઘેર બપોરની વખતે દુઃખ અને રૂદન સંભાય છે. આ જગતમાં દેવતા અને ચક્રવર્તીપણાનું ઐશ્વર્ય છે તે પણ ઇન્દ્રધનુષની પેઠે જોવામાં અતિ સુંદર પણ જોતજોતામાં નાશ પામે છે. નદીની લહેર (કલ્લોલ) ગયેલી પાછી તેની તે કદી આવતી નથી તેમ માણસની વિભુતી [રૂપ–બળ–લાવણ્ય–સૌંદર્ય] જે જાય છે તે પાછી ફરીને કદી આવતી નથી. છતાં માણસો ફોકટ હર્ષ વિષાદ કરે છે. માણસનું આયુષ અંજળી જળની પેઠે ક્ષણે ક્ષણે ઓછું થાય છે. યૌવન કમળપત્ર ઉપરના જળની પેઠે ઢળી જાય છે. છતાં માણસો વૃથા તેની સ્થીરતાની ઇચ્છા રાખે છે. માણસોને મનોજ્ઞ વસ્તુઓની સાથેનો સબંધ તે સ્વપ્ન સમાન છે; ક્ષણમાં નાશ પામે છે. મહાપુરૂષોએ કુળ, કુટુંબ, રાજ્ય, અલંકાર અને ધનને વાદળના પડદાની પેઠે જોતજોતામાં વિખરી જનારાં કહ્યાં છે; છતાં દૃઢ માણસો ફોકટ તેમાં નિત્ય–બુદ્ધિ કરેછે.

अशरण भाव.

હે મનુષ્ય ?—જો તું કોઇનું શરણ ચ્હાતો હોય તો તે તારી ભૂલ છે. કારણ કે ત્રણ ભુવનમાં પણ એવું શરીર નથી કે

જેના ગળામાં કાળની ફાંસી ન પડી હોય. ભાવાર્થ—જ્યારે આ પ્રાણી કાળરૂપ સિંહના પંઝામાં આવે છે ત્યારે દેવોનો સમુહ પણ તેની રક્ષા કરી શકતો નથી. તો માણુસ જાતની શું તાકાત છે કે તે રક્ષા કરી શકે. કાળ (મૃત્યુ) એ ત્રણ ભુવન જીતનાર અદ્વીતિય સુભટ્ટ છે. કારણ કે તેની ઇચ્છા માત્રથી દેવનો ઇન્દ્ર પણ ઢસી પડે છે, તો બીજાની તો વાતજ શી. જ્યારે કોઇ કુટુંબી માણુસ પોતાના કર્મવશથી મરે છે ત્યારે મૂર્ખ માણુસ તેનો સોચ કરે છે. પરંતુ પોતેજ જમરાજની દાઢમાં આવેલો છે તેની ચિંતા કરતો નથી. તે મ્હોટી મૂર્ખાઇ છે.

કાળરૂપ સર્પ યૂક્ત સંસારરૂપ વનમાં અનેક મોટા મોટા પુરૂષોનો નાશ થયો છે; તેનો વિચાર કરવો.

જેમ જેમ કાળ (વખત) જતો જાય છે તેમ તેમ આપણે મ્હોતના નજીક જતા જઇએ છીયે.

કાળને જીતનાર કોઈ મહા પુરૂષ હોય તો તેની સેવા કર્ય, નહીં તો નકામો ખેદ છોડ.

સળગતા દાવાનળવાળા જંગલના ઝાડ ઉપર બેઠેલો માણુસ બીજાનાં અગ્નિનાં દુઃખ જોઈ શકે છે. પણ પોતાનો વારો તેમાં આવી જશે તેનો વિચાર કરતો નથી.

બાળક, વૃદ્ધ, ધનાઢય, દરિદ્રિ તેમજ શૂરવીર અને કાયરને કાળ એક સરખી રીત્યે પકડી લેછે તે વખતે હાથી, ઘોડા, રથ, સેના, મંત્ર. તંત્ર ઔષધી-વિગરે સર્વ નકામા થઇ જાય છે. પરાક્રમીઓનાં પરાક્રમ પણ દૂર જતાં રહે છે. પોતાનાં આરંભેલાં મનોજ્ઞ કામો પણ જેમનાં તેમ આથડે છે.

જેની આંખ્યના ઇસારાથી સર્વ જગત ડરી જાય, જેનો અવાજ સાંભળીને સિંહ પણ ડરીને ગુફાનો આશ્રય લે, તેવાઓનો નાશ થયો, કહાણીરૂપ વાર્ત્તાજ સંભળાય છે, તો આપણા અલ્પ પરાક્રમની ભારે આશા નકામી છે.

કાળથી બચવાને દેવ, વિદ્યાધર, ચક્રવર્ત્તિ વિગરે કોઇ પણ સમર્થ નથી. તો પછી, કાળથી બચાવનાર આ જગતમાં અવશ્ય કોઇ હોવોજ જોઇએ એમ વિચારવું તે મૂર્ખાઈ છે. અમુક માણસને દવા કે મંત્રનો યોગ મળ્યો હોત તો ઘણુંજ સારૂં થાત; આ વિચારો પણ નકામા છે.

જેમ મૃગના બચ્ચાને પકડવાનો સિંહ પ્રારંભ કરે કે તુરત તે ભયભીત થઇ આમ તેમ દોડાદોડી કરે છે. તોપણ સિંહના પંઝામાં આવી જાય છે. તેજ પ્રમાણે કાળના પંઝામાંથી છુટવાને અનેક પ્રકારના ઇલાજો કર્યા છતાં પણ સઘળું વ્યર્થ જાય છે. આવી કાળની નિર્દયતા જાણ્યા છતાં પણ માણસો ભોગમાં રમે છે. તે મોટી નિર્દયતા છે–કારણ કે–કોઇ સમર્થ પ્રાણી બીજા નિર્બલ પ્રાણીને દુઃખ આપે તો પોતાનું સર્વ કામ છોડીને તેની રક્ષા કરવામાં પ્રવૃત્તિ કરે છે, અને પોતાની તો દયાજ નહીં. એ કેવું આશ્ચર્ય ?

કોઇ પણ રીત્યે યત્નપુર્વક રક્ષણ કરવામાં આવે તોપણ કાળની આગળ કંઇ ચાલતું નથી. માટે બીજાનું શરણ ત્યજીને ફક્ત પ્રત્યક્ષ જ્ઞાનની પ્રાપ્તિ વિના બીજું કોઇ પણ કાળથી બચાવવાને સમર્થ નથી માટેજ તેનુંજ અવલંબન કર્યું.

संसार भाव.

આ સંસારમાં દુઃખરૂપ વડવાનળમાં દાઝતાં દીન, અનાથ પ્રાણીઓ નિરંતર બૂમો પાડતા ભમે છે. પોતપોતાના શુભાશુભ કર્મના ફળ પ્રમાણે નરક વિગરે અશુભ અને સ્વર્ગ વિગરે શુભ સ્થળમાં વારંવાર જન્મે છે અને મરે છે. દેવ થઇ રિદ્ધિ ભોગવે છે, તે કર્મ પુરૂં થતાં પૃથ્વી ઉપર–અને નરકમાં જઇ દુઃખ ભોગવે છે.

આશ્ચર્યની વાત છે કે આ સંસારમાં ઘડીકમાં ઉંચી નીચી

સ્થિતિ ભોગવતા પ્રાણીઓ હર્ષ શોકમાં પરિભ્રમણ કરે છે. અને આત્મ સ્વરૂપનો જરા પણ વિચાર લાવતા નથી.

નાટકીઓ જેમ જુદાં વેશ પહેરવાથી તેના મુળ સ્વરૂપમાં ઓળખાતો નથી તેમ–આ સઘળા પ્રાણીયો, માણસ, દેવ, કુતરો, કીડા, પશુ, વનસ્પતિ, ખનીજ, પાણી, અગ્નિ, વાયુ અને નાટકીઓ વિગેરે સ્થળે અનેક પ્રકારનાં શરીરો ધારણ કરે છે તેથી તે ઓળખાતા નથી. આપણો જીવ પણ મિથ્યા જ્ઞાનજનીત રાગ, દ્વેષ ઇત્યાદિના કારણથી ઉપરનાં સઘળાં સ્થળે જુદા જુદા સ્વરૂપમાં ફર્યાં કરે છે. અને તેમાં ઉપરની આકૃતિ બદલાવાથી (કર્માનુસાર) ઓળખી શકીએ નહીં તેવી રીત્યે સઘળા જીવોની સાથે અરસ-પરસ પિતા, માતા, પુત્ર, ભાઇ, પુત્રી, સ્ત્રી, મિત્ર, શત્રુ ઇત્યાદિ સબંધ અનેકવાર થાય છે. આ સંસારના સઘળા જીવોની સાથે તારે આવો સબંધ અનેકવાર થઇ ગયો છે, એવો એક પણ પ્રાણી બાકી નથી રહ્યો કે જેની સાથે તારે ઉપરના સઘળા સંબંધો ન થયા હોય. આવા તારા નિત્ય પરિભ્રમણમાં કોઇ પણ સ્થળ, અથવા રૂપ, દેશ, કુળ, સુખ, દુઃખ વિગેરે બાકી નથી કે જેની તને પ્રાપ્તિ થઇ ના હોય. એવો કોઇ જીવ બાકી નથી કે તારો શત્રુ અથવા મિત્ર થયો ના હોય, આ સંસારમાં માતાના શરીરમાં રહેનારો જીવ કર્મના કારણથી પુત્રી તરીકેના બીજા શરીરમાં આવીને તને મળે છે પણ ઓળખમાં આવતો નથી. તેજ પ્રમાણે પિતા, સ્ત્રી, પુત્ર, ભાઇ, દાસ, શેઠ, ગુરૂ, રાજા, દુષ્મન વિગેરે દેખાતાં શરીરમાં રહેલો આત્મા તારી સાથે અનેકવાર સબંધમાં આવી ગયેલા જીવો છે.

નર્કમાં શળી, કુહાડી, ઘાણી, અગ્નિ, ક્ષાર, જળ, છરા, કટારી આદિકની, તેમ અનેક પ્રકારના પરિતાપની, અને અરસ પરસના વૈરભાવની પીડા જીવો ભોગવે છે. પશુ ઈત્યાદિમાં ભારવહન વિગેરે અનેક દુઃખ છે, એમ સંસારમાં સર્વ સ્થળે દુઃખજ છે.

एकत्व भाव.

આ દુઃખરૂપ અગ્નિવડે બળતા સંસારમાં આપણો જીવ એકલોજ ભમે છે, કોઇ સોબતી છેજ નહીં. દુઃખ અને સુખ પણ એકલોજ ભોગવે છે. સંયોગ વિનાનાં અને જન્મ મરણના સુખ દુઃખ ભોગવવામાં કોઈ સોબતી નથી; આ સ્ત્રી, પુત્ર, મિત્ર, ઇત્યાદિઓના નિમિત્તે ભલાં બુરાં કરેલાં સઘળાં કર્મોનું ફળ પણ એકલાનેજ ભોગવવું પડે છે. ત્યાં પુત્ર, મિત્ર, ઇત્યાદિ સાથે હોતાં નથી.

માણસો ખરાં ખોટાં કામો કરીને ધન ઉપાર્જન કરે છે, તેને ભોગવવા માટે તો સ્ત્રી પુત્ર ઇત્યાદિ સૌ સાથે ભેગાં થઈ જાય છે. પણ આપણાં કર્મોવડે ઉત્પન્ન થયેલાં નિર્દયરૂપ દુઃખનો સમુહ ભોગવવા કોઈ સાથે આવતું નથી. તેતો તને એકલાનેજ ભોગવવાં પડે છે, તો પણ પોતાનું એકત્વપણું જોઇ શક્તો નથી, તેનું કારણ એ છે કેઃ—તેનું (જીવનું)જ્ઞાન નાશ પામવાથી પોતાના ખરા સ્વરૂપને તે જાણતો નથી, અને કર્મવડે ઠગાયેલો એકાકી જીવ ભુલો ભમે છે.

આત્મ સ્વભાવથી, ચૈતન્ય ભાવથી વિલક્ષણ જે જડ (અચેતન) પદાર્થ સાથે એક્તા માને તેથી તેની સાથે કર્મોદ્વારા બંધાય છે, અને જ્યારે બીજા પદાર્થોની સાથે પોતાની એકતા ત્યજે છે, અને સ્વરૂપમાં લીન થાય છે ત્યારે કર્મ બાંધતો નથી, કર્મોની નિર્જરાના પરંપરા પુર્વક મોક્ષ પામે છે. એ એકત્વ ભાવનાનું ફળ છે.

જ્યારે આ જીવ, અજ્ઞાનતા રહીત એમ ચિંતવન કરે કે, હું એકતાને પ્રાપ્ત થયો છું, તો તેજ વખતે જીવનો સંસાર સબંધ પોતાની મેળે નાશ થાય છે, કારણ કે સંસારનો સબંધ તો મો-

હથી છે અને મોહ જતો રહે તો, પોતે એકલાજ થયો એટલે મોક્ષ કેમ પામે નહીં.

પરમાર્થ વિચારીયે તો આત્મા અનંત જ્ઞાન ઈત્યાદિ સ્વરૂપે પોતે એક્લોજ છે પણ આ સંસારમાં જે અનેક અવસ્થાઓ થાય છે, તે સર્વ કર્મના નિમિત્તથી થાય છે. તેમાં પણ પોતે તો એકલોજ છે. બીજું કોઇ તેનું સોબતી નથી.

अन्यत्व भाव.

કર્મની દ્રષ્ટિએ આ આત્માને તપાસીએ તો તે કર્મરૂપ જડપદાર્થ સાથે બંધાયેલો, અને એકરૂપ જણાય છે પણ આત્માના સ્વભાવ તરફ દષ્ટિ કરી જોઇએ તો શરીર ઇત્યાદિ જડથી વિલક્ષણ ચિદાનંદમય શુદ્ધ છે.

જડ અને ચૈતન્યને એક ક્ષેત્રાવગાહનરૂપ મેળાપ છે. એટલે જેમ પાણીમાં ખાંડ મળી રહે છે. પણ વસ્તુતઃ તપાસિયે તો ખાંડ અને પાણી જુદાં જુદાંજ છે, તે કોઇ કાળે પણ એક બની શકે નહી.

આ શરીર જડ (પુદ્ગળ) પરમાણુઓનું બનેલું છે. અને શરીરિ (શરીરનો માલીક આત્મા) ઉપયોગ (જ્ઞાન-દર્શન) મયી-અને અતિન્દ્રિય છે.

આ પ્રમાણે શરીર, અને આત્માનું ભિન્નપણું છે. તો પણ મોહના કારણથી જાણી શકતા નથી કે આ જુદાપણું પ્રત્યક્ષ જણાય છે. પરમાણુંઓનું બનેલાં શરીરની સાથે આત્માનો શું સબંધ છે તેનો વિચાર કરવાથી કંઈ પણ સબંધ નથી એમજ જણાશે.

આ પ્રમાણે જયારે શરીર જુદું છે. તો પછી સ્રી, મિત્ર, માતા, પિતા, પુત્ર, ભાઇ અને સ્વજન; વિગેરે તથા ધન માલ,

મકાન વિગેરેની સાથે એકતા તથા ધન માલ, મકાન વિગેરેની સાથે એકતા કયાંથી હોય ? નહીજ.

જે જે જડ અને ચૈતન્ય પ્રાણીઓના સબંધ થયા છે તે આપણાથી તદન જુદા છે.

આત્મા બાહ્ય પદાર્થને પોતાના માનવાની ભૂલ કરતો આવે છે. તેને તે ભૂલમાંથી જગાડવા માટે વારંવાર વિચાર કરવો તે મોહને જીતવાનો અચુક ઉપાય છે.

अशुचि भाव.

લોહી, હાડકાં, માંસ, લેંટ; થુંક, શુક્ર (વીર્ય) અને તેવાજ બીજા મલીન પદાર્થ–રૂપ જડનું બનેલું માણસનું શરીર નિંદ્ય અને ગ્લાનીનું સ્થાન છે. કોઇ પણ વસ્તુ શરીરમાં વખાણવા યોગ્ય નથી. સર્વ દુર્ગંધમય છે. નવ દ્વારથી નિરંતર દુર્ગંધમય પદાર્થ ઝરે છે. ક્ષણમાં નાશ થવાવાળુ, પરાધીન અને દરરોજ અન્ન પાણી વિગેરેની સહાયતા ચ્હાનારૂં છે. કીડાના સમુહથી ભરેલું છે, રોગો અને વૃદ્ધાવસ્થાવડે ઘેરાયેલું છે, તેવા શરીરમાં મહન્ત પુરૂષોને પ્રીતિ કેમ થાય, કારણ કે આ શરીરમાં જે જે પદાર્થ છે, તેના માટે વિચાર કરવામાં આવે તો સર્વ ઘૃણાસ્પદ્ અને દુર્ગંધમય વિષ્ટાનું ઘર જણાય છે. કોઇ પણ પદાર્થ પવિત્ર જણાતો નથી.

આ શરીરને પવિત્ર જળથી શુદ્ધ કરવામાં આવે તો તરતજ જળ અપવિત્ર થાય છે, તો બીજી વસ્તુઓને અપવિત્ર કરે તેમાં શું આશ્ચર્ય ?

આ દેહરૂપ પાંજરૂ સર્વદા રોગોથી ભરેલું અને અશુદ્ધ છે. તે ઉત્તમ અને પવિત્ર કદી થતુંજ નથી, તેવા શરીરને કલ્યાણ

માર્ગમાં જોડીને આત્મિક લાભ મેળવ્યો. તેણેજ શરીર પામ્યાનુ ફળ મેળવ્યું ગણાય.

આ શરીરનો સંયોગ જ્યાં સુધી છે ત્યાં સુધી અનેક પ્રકારનાં દુઃખો આ સંસારમાં ભોગવવાં પડે છે. અને તેના વિયોગથી દુઃખનો લેશપણ હોઈ શકે નહી.

આત્મા નિર્મલ છે. પણ મોહના કારણથી કર્મરૂપ મેલ લાગે છે. અને તેમાં પોતાપણાની બુદ્ધિ પણ મોહથીજ થાય છે.

आश्रव भाव.

મનવચન કાયની ક્રીયાને યોગ કહે છે, અને તે યોગને આશ્રવના નામથી ઋષીઓ ઓળખાવે છે.

સમુદ્રની અંદરનું વહાણ છીદ્રવાળુ હોય તો તેમાં પાણી આવે છે તેમ મન વચન અને કાયના શુભાશુભ યોગરૂપ છિદ્રો વડે પ્રાણીને કર્મો લાગે છે.

संवर भाव.

સમસ્ત આશ્રવના નિરોધને સંવરભાવ કહે છે. તે દ્રવ્ય સંવર અને ભાવ સંવર એમ બે પ્રકારે છે.

કર્મરૂપ પુદ્‌ગળને ગ્રહણ કરવાના નિરોધને દ્રવ્ય સંવર અને સંસારના કારણરૂપ કર્મ ગ્રહણની ક્રીયાની વિરતીને ભાવ સંવર કહે છે.

પોતાની શક્તિ પ્રમાણે પ્રમાદ રહિત પણે આશ્રવને રોકવાં જોઇએ. તે પ્રતિપક્ષી ભાવોથી રોકાય છે.

ક્ષમાથી ક્રોધ રોકાય છે. મૃદુભાવ (કોમળતા) થી અભીમાન રોકાય છે. ૠજુભાવ (સરલતા) થી કપટ રોકાય છે, અને સંતોષથી લોભ રોકાય છે.

ધ્યાની, યોગી, મુનિઓ નિરંતર સમભાવથી નિર્મમત્વથી રાગ દ્વેષનો નાશ કરે છે.

આત્મ સ્વરૂપના અવલોકન કરનાર મુનિવર્ગ અવિદ્યાવડે ઉત્પન્ન થયેલ તત્વજ્ઞાનને રોકનાર અજ્ઞાનરૂપ અંધકારને જ્ઞાનરૂપ સૂર્યવડે નાશ કરે છે.

અતિશય વિચારવાન ચતુર બુદ્ધિ જેનામાં વિલસે છે, તેના હૃદયમાં સ્વપ્ને પણ પાપની ઉત્પત્તિ થતી નથી.

સઘળી કલ્પના જાળ છોડીને આત્મ સ્વરૂપમાં મનને સ્થાપનાર મુનિને પરમ સંવર થાય છે.

મહાવૃત્ત, સુમતિ, ગુપ્તિ યતિધર્મ, અનુપ્રેક્ષા ,પરિષહનો જય અને ચારિત્ર ઇત્યાદિ ભાવસંવરના વિશેષ ભેદ છે.

निर्जरा भाव.

સંસારના કારણરૂપ કર્મ બંધના નાશને નિર્જરા કહે છે. તે સકામ અને અકામ એમ બે પ્રકારે છે. તેમાં પહેલી સકામ નિર્જરા મુનિઓને હોય છે, અને બીજી અકામ નિર્જરા તો તપશ્ચર્યાદીક કારણ વિના પોતાની મેળે સર્વ જીવને નિરંતર કર્મ ઉદય થઇ પોતાનો રસ આપીને નાશ થાય છે.

જેમ વૃક્ષનાં ફળ તેની મેળે પાકે છે. અને બીજા વૃક્ષનો પાલો ઢાંકવા વિગેરે પ્રયોગવડે તેથી વહેલાં પાકે છે. તેમ કર્મની સ્થિતિ પૂરી થયે તેનું ફળ આપી વિરામ પામે. અને બીજી રીત્યે સમ્યગ્ દર્શનાદિ સહિત તપશ્ચર્યાથી વગર ફળ આપે વિરામ પામે છે.

તાપની અગ્નિથી સુવર્ણનો મેલ દૂર થાય છે. તેમ તપ, રૂપ અગ્નિથી આત્માનો કર્મરૂપ મેલ દૂર થઈ નિર્મળ થાય છે. માટે કર્મ રૂપ મેલની નિર્જરા માટે બાહ્ય અને અભ્યંતર તપ કરવો જોઇએ, ઇચ્છા નિરોધ એ સર્વોત્કૃષ્ટ તપ છે,

ધર્મ ભાવ.

ક્ષમા, માર્દવ, શૌચ, આર્જવ, સત્ય, સંયમ, બ્રહ્મચર્ય, તપ, ત્યાગ અને આકિંચન; એ દશ પ્રકારે ધર્મ છે. તેને યતિ ધર્મ કહે છે. તેથી આત્મા પવિત્ર થાય છે, મુક્તિ પમાય છે, નાના પ્રકારના ઐહિક સુખ પમાય છે, કષ્ટથી રક્ષણ થાય છે, અને સર્વ મનોવાંછિત થાય છે. ધર્મ ગુરૂ છે, મિત્ર છે, સ્વામી, બાંધવ અને હેતુ છે. અધોગતીએ પડતા જીવોને બચાવે છે. પરલોકમાં સાથે આવે છે, સર્વ પ્રકારના અભ્યુદયનું સાધન છે. માટે તેનું સ્વરૂપ ધ્યાનપુર્વક સમજવું જોઇએ, વિચારવું જોઇએ, આપણા વર્તનમાં મુકવો જોઇએ.

લોક સ્વરુપ ભાવ.

જીવાજીવાદિ પદાર્થવડે આ લોક ઠાંસી ઠાંસીને ભરેલો છે. તેનું સ્વરૂપ સમજી આત્માનો પ્રથગ્ અનુભવ કરવો, અન્ય પદાર્થનો મમત્વ છોડીને આત્મભાવના કરવી, એ લોક સ્વરૂપ સમજવાનો મુખ્ય પરમાર્થ જાણવો.

બોધિદુર્લભ ભાવ.

દુર્નિવાર પાપરૂપ વૈરીવડે નિરંતર–પીડિત્ જીવોનું પ્રથમ સ્થાન તો નરકના નીચે નિગોદ છે. ત્યાં નિત્ય નિગોદથી નીકલીને પૃથ્વીકાય ઇત્યાદિમાં આવવું પડે છે. પછી ત્યાંથી ત્રશમાં અને તેમાં પણ પ્રથમ–તિર્યંચમાં, પછી મનવાળા પંચેન્દ્રિ પશુમાં અને તેમાં સંપૂર્ણ અંગવાળા થવાનું, અને પછી માણુસપણું, તેમાં પણ ઉત્તમ ગુણવાનપણું તથા ઉત્તમ દેશ, જાત, કુળ ઇત્યાદિ સામગ્રી મળવી બહુજ મુષ્કેલ છે. એમ છતાં પણ દીર્ઘ આયુ, પાંચેઇન્દ્રીઓની સંપૂર્ણ સામગ્રી, ઉત્તમ બુદ્ધિ, શીતલ, મંદ કષાય રૂપ પરિણામ પામવો તે કાકતાલીય ન્યાયે બહુજ મુશ્કેલ છે છતાં

પણ કદાચ તે સઘળી સામગ્રી મળ્યા છતાં, વિષયથી વિરક્ત અથવા વ્રતરૂપ પરિણામ, તથા ક્ષયોપશમરૂપ શુદ્ધ ભાવો સાથે ચિત્તની પ્રાપ્તિ ઘણીજ મુશ્કેલ છે. અને તે પણ મળી જાય તો તત્વ નિર્ણય થવો મુશ્કેલ છે. આ અનુક્રમની સઘળી સામગ્રી જો કે દુર્લભ છે, તો પણ માનો કે તે સઘળું દૈવ કૃપાથી મળી જાય તો પણ ઘણા સંસારી જીવો પ્રમાદના વશ થઇને કામ અને અર્થમાં લુબ્ધ થઇને સમ્યગ્ માર્ગથી ખસી જાય છે. કોઇ કોઇ તો સમ્યગ્ માર્ગ પામીને તીવ્ર મિથ્યાત્વરૂપ વિષથી વ્યામૂઢ ચિત્ત થઇને રત્નત્રય રૂપ માર્ગને છોડી દેછે. કોઇ પાખંડીઓનો રચેલાં અસદ્ શાસ્ત્રને જોઇને માર્ગને છોડી દે છે. એટલે તેમનું વિવેકરૂપ રત્ન નાશ પામે છે. જીવ્હા ઉપસ્થ ઇત્યાદિ ઇન્દ્રિયોથી દંડાય છે. અને ફરીથી તેમને આ રત્નત્રય રૂપ ધર્મ મળવો દુર્લભ થાય છે.

આ બાર પ્રકારની ભાવનાઓનો નિરંતર અભ્યાસ કરવાથી પુરૂષોના હૃદયમાંથી કષાયરૂપ અગ્નિ બુઝે છે, પરદ્રવ્ય (પુદ્ગળ) ઉપરથી પ્રીતિ વિરામ પામે છે. અજ્ઞાનરૂપ અંધકારનો નાશ થાય અને જ્ઞાનરૂપ સૂર્યનો પ્રકાશ થાય છે.

આ દ્વાદશ ભાવનાઓનું ખરૂ રહસ્ય જે સમજે છે, તેના રહસ્ય પ્રમાણે રોજ નિદિધ્યાસન કરે છે તેનેજ મોક્ષ માર્ગનો અધિકાર પ્રાપ્ત થાય છે.

અત્યાર સુધીમાં એવો કોઇ પણ પુરૂષ જન્મ્યો નથી કે જે આ ભાવનાઓના અવલંબન વિના મોક્ષ માર્ગનો અધિકારી થયો હોય અર્થાત્ કે આ બાર ભાવનાઓ ભવ્ય પુરૂષોએ દરરોજ પ્રાતઃકાળમાં શાન્ત ભાવે વિચારવી જોઇએ, આ ભાવનાનું વાંચન, મનન, સ્મરણ અને વારંવારે નિદિધ્યાસન એજ મોક્ષ માર્ગને માટે લાયક થવાનું મુખ્ય સાધન છે. અહિં પ્રશ્ન થાય છે કેઃ—

પ્રશ્નઃ—સમ્યગ્ દર્શન્ એટલે શું ? તે આગળના પ્રકરણમાં કહેવાશે.

सम्यक्त्वनुं स्वरुप.

॥ तत्वार्थ श्रद्धानं सम्यग्‌दर्शनम् ॥ તત્વાર્થ=પદાર્થ—જગત પદાર્થની—સંપૂર્ણ શુદ્ધ શ્રદ્ધા તે સમ્યગ્ દર્શન છે.

સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર એ ત્રણનો સમુદાય જે મોક્ષ માર્ગ છે. તેને રત્નત્રય કહે છે.

દર્શન, જ્ઞાન, અને ચારિત્ર એ ત્રણ શબ્દોની આગળ "સમ્યગ્" એવું વિશેષણ મુકાયેલું છે. સંશય, વિમોહ અને વિભ્રમ રહિત, શુદ્ધતાને "સમ્યગ્" કહે છે.

શ્રદ્ધા, ખાતરી, માન્યતા, આસ્થા, એ દર્શનને બદલે વપરાતા પર્યાય શબ્દો છે, પણ તેની પૂર્વે "સમ્યગ્" વિશેષણ ન હોય તો અશુદ્ધ દર્શન કે જે શુદ્ધ દર્શનથી તદ્દન ઉતરતા દરજ્જાનું હોવાથી વખાણવા લાયક ગણાય નહિ.

ઉદ્દેશથી વિરૂદ્ધ અનેક કોટીને સ્પર્શ કરનાર જ્ઞાનને સંશય અથવા શંકા કહે છે. ઉદાહરણઃ—આ છીપ હશે કે ચાંદી; આ માણસ હશે કે ઝાડનું થડ; વિગેરે.

વિપરીત એક કોટીનોજ નિશ્ચય કરનાર જ્ઞાનને—વિમોહ અથવા વિપર્યય કહે છે. ઉદાહરણઃ—ચાંદીને "આ છીપ છે" એમ માને; છીપને "આ ચાંદી છે" એમ માને; માણસને "આ ઝાડનું થડ છે" એમ માને; ઝાડના થડને "આ માણસ છે" એમ માને.

"આ શું છે" એવા પ્રતિભાસને વિભ્રમ અથવા અનધ્યવસાય કહે છે. ઉદાહરણઃ—માર્ગમાં ચાલતાં તૃણ સ્પર્શનું અવ્યક્ત જ્ઞાન, નજરે પડેલી ધ્વજા વિગેરે શું છે, તેના અવ્યક્ત ભાસ. (આ ભાસ નિશ્ચયપૂર્વકનું જ્ઞાન થતા પહેલાં અલ્પ કાળને માટે સૌથી પહેલા અવ્યક્તપણે થાય છે.)

જગત્ પદાર્થની ઉપરોક્ત શંકા, વિપર્યય (વિપરીત),

વિભ્રમ, એ ત્રણ દોષ રહિત શુદ્ધ મંતવ્યને " સમ્યગ્ દર્શન " કહે છે. આ દોષ રહિત જ્ઞાનને " સમ્યગ્ જ્ઞાન " અને તે દોષ રહિત વિવેકયુક્ત આચરણને " સમ્યગ્ ચારિત્ર " કહે છે.

સમ્યગ્ (સમકિત્)પણાનું ખરૂ સ્વરૂપ જાણ્યા વિના જૈન સિદ્ધાન્ત કોઇ રીતે કોઇનાથી સમજી શકાય તેમ નથી, માટે સૌથી પહેલાં સમકિતનું સ્વરૂપ યથાતથ્ય (સમ્યગ્ પ્રકારે) જાણવું જોઇએ. તે માટે સમ્યગ્નું સ્વરૂપ શાસ્ત્રમાંથી ઉધૃત્ કરીને બાળ જીવોના માટે યથાશક્તિ જણાવીએ છીએ.

(૧) અતિ વિશુદ્ધ અધ્યવસાય (પરિણામ વર્ત્તન) રૂપ આત્માની મૂળ શકિતના વ્યક્ત ભાવનું સ્ફુરણ કે જેના વડે મિથ્યાત્વ રૂપ વિભાવીક વિકારને ઉપજાવવાની પ્રવૃત્તિના નાશરૂપ આવિર્ભાવને સમ્યગ્ (સમકિત) કહે છે.

સમકિતમાં નીચેના ત્રણ દોષ હોય નહીં. તેનાં નામ–સંશય, વિભ્રમ, અને વિમોહ. વળી તેમાં નીચેનાં ત્રણ તત્વને સત્ય આધારભૂત ગ્રહણ કરવાં અથવા નીચેનાં ત્રણ તત્વની સ્વરૂપ શુદ્ધિ–સદ્દહણા આવે તેને સમકિત કહે છે.

૧ દેવતત્ત્વ—બારગુણ સહિત, અઢાર દુષણે રહિત અને નામ, સ્થાપના, દ્રવ્ય તથા ભાવજિન એમ ચાર ભેદે અરિહન્ત તે દેવતત્ત્વ.

૨. ગુરૂતત્ત્વ—અષ્ટપ્રવચનમાતાના પાલક, પંચમહા વ્રત ધારક તે ગુરૂતત્ત્વ.

૩. ધર્મતત્ત્વ—વિનયમૂલ જીવ દયા લક્ષણ દુરગતિ પડતા પ્રાણીને ધારણ કરી રાખે એવો જિનપ્રણિત ધર્મ તે ધર્મતત્ત્વ.

॥ यदुक्तं ॥ गाथा ॥

अरिहंतो महदेवो । जीवजीवं सुसाहुणो गुरुणो ॥
जिणपन्नत्तंतत्तं । इयसम्मत्तं मएगहियं ॥

(સં. પો. ગા. ૧૪)

આ ત્રણ તત્વને નિરતિચારે પાલતાં સમકિત નિર્મલ થાય છે અને બીજના ચંદ્રની પેઠે પોતાનો પ્રકાશ કરે છે. એ સમક્તિ વિના કરણી કરે તે એકડા વિનાના મીંડા જેવી છે. એ ગુણથી અર્ધ પુદ્ગલપરાવર્તન કાલમાંહે સંસાર પાર થાય છે.

॥ यदुक्तं ॥ गाथा ॥

अंतोमुहूत्तं मित्तंपि । फासियं हुज्जजेहिं सम्मत्तं॥
तेसिं अवट्ठ पुग्गल । परियट्टो चेव संसारो ॥

વળી વ્યવહારથી સમહિતના ૬૭ બોલ નિચે મુજબ છે.

૪, સદ્દહણા, ૩ લીંગ, ૧૯ વિનય. ૩ શુદ્ધિ, ૫ દુષણ, ૮ પ્રભાવક, ૫ ભુષણ, ૫ લક્ષણ, ૬ જતના, ૬ આગાર, ૬ ભાવના, ૬ સ્થાન એ સડસઠ ભેદ શાસ્ત્રમાં કહ્યા છે; તે સમકિતવન્તને હોય, બીજાને વિશે ન હોય. તેનું સવિસ્તર સ્વરૂપ જોવું હોય તો શ્રીમદ્ યશોવિજયજી કૃત સડસઠ બોલની સ્વાધ્યાય જોવી.

હવે કૃષ્ણપક્ષી જીવને સમ્પૂર્ણ એ ગુણ પ્રાપ્ત ન થાય, અને શુકલપક્ષી જીવતો યથાપ્રવૃત્તિકરણ કર્યા પછી જે મિથ્યાત્વના મન્દ પરિણામથી અપૂર્વ કરણરૂપ ઇચ્છાના શુભ અધ્યવસાય વડે અનાદિ મિથ્યાત્વની ગાંઠને ભેદીને, અર્થાત્, રાગદ્વેષની નિવડ ગાંઠને તોડીને સમકિત પામે. સમકિત એટલે દેવ ગુરૂ ધર્મને વિશે શુદ્ધ શ્રદ્ધાપણું વા યથાર્થ વસ્તુ સ્વભાવનું જાણવું તે.

॥ गाथा ॥

जीवाइ नवपयत्थे । जोजाणइ तस्सहोइ सम्मत्तं ॥
भावेण सद्दहंतो । अयाणमाणे वि सम्मत्तं ॥ १ ॥

सव्वाइ जिणेसर भासियाइं। वयणाइं न अन्नहा हुंति॥
इय बुद्धि जस्समणे। सम्मत्तं निच्चलंतस्स॥२॥

જીવ, અજીવ આદે નવ તત્વ (પદાર્થ) જેમ જિનેન્દ્રે નયનિક્ષેપે સહિત પરસ્પર સાપેક્ષ કહ્યા છે તે તેમ જાણે, સદ્દહે વા અજાણ છતે સદ્દહે વલી જિનેશ્વરનું ભાષણ ખોટું ન હોય એવી બુદ્ધિવાળાને નિશ્ચલ સમકિતવન્ત કહિએ.

॥ धम्मे अधम्म सन्ना अधम्मे धम्मसन्ना ॥

ઇત્યાદિ દશ પ્રકારનું મિથ્યાત્વ, લૌકિક લોકોત્તર છ પ્રકારનું મિથ્યાત્વ, અભિગ્રહીકાદિ પાંચ પ્રકાર મળી, એકવીશ પ્રકારનું મિથ્યાત્વ, વર્જવાથી સમકિત ગુણ પ્રાપ્ત થાય છે.

ટુંકાણમાં,

"जिणुत्त तत्तेरूईलक्कणस्स"

એટલે જિનોક્ત તત્વને વિશે રૂચિલક્ષણ એજ નિર્મલ દર્શન વા સમકિત જાણવું. એમ નવપદ પુજાના કાવ્યમાં કહ્યું છે.

એ સમક્તિ વિના આચારાઙ્ગાદિ સૂત્ર ભણે તે પણ મિથ્યાશ્રુત કહ્યું છે, અને સમ્યગ્ દ્રષ્ટિ જે મિથ્યાશ્રુત ભણે તે સમ્યગ્શ્રુત એમ નન્દીસૂત્રમાં કહ્યું છે.

માટે સર્વોત્કૃષ્ટ ગુણ તે સમકિતજ છે.

नव तत्त्वनुं सामान्य स्वरुप.

૧. જીવતત્ત્વ સ્પર્શેન્દ્રિ આદિ દ્રવ્યપ્રાણ, તથા ઉપયોગરૂપ ભાવપ્રાણ ધારી, લોકાકાશ પ્રદેશ પ્રમાણપ્રદેશાત્મક, જ્ઞાન દર્શન સ્વભાવ, દ્રવ્યર્થિક નયે નિત્ય, પર્યાયાર્થિક નયે અનિત્ય, પરિણા-

મી દ્રવ્ય, વ્યવહાર નયે કર્મનો કર્તા, ભોક્તા, નિશ્ચય નયે શુદ્ધ ચિત્પર્યાયનો કર્તા, નિજ સ્વરૂપનો ભોકતા, ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, મિશ્ર, અને પારિણામિક ભાવ મેલાપકરૂપ છદ્મસ્થને ચેષ્ટાદિ લીંગ ગમ્ય, કેવલીને પ્રત્યક્ષ શરીર પ્રમાણ અરૂપી જીવદ્રવ્ય જીનવચને સદ્દહવું એ જીવતત્ત્વ, એથી વિપરીત મતિકલ્પનાએ જાણે તે અતત્ત્વ કહિયે, તેના ૧૪ ભેદ છે.

૨. અજીવ તત્ત્વ–જે જીવ અને અજીવને ઉપભોગ્ય, ચેતના રહિત, ગતિ, સ્થિતિ, વર્ત્તના, અને અવકાશ દાન સમર્થ, એવા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, કાળ, આકાશ અને પુદ્ગળરૂપ અજીવને તથાપ્રકારે સદ્દહવું. તે અજીવ તત્ત્વના પણ ચૌદ ભેદ છે.

૩. પુણ્યતત્વ—તે જીવનું દાન, દયાલુતા, સરાગ સંયમાદિ શુભ પરિણામ, તે ભાવ પુણ્ય, અને શાતાવેદનીયાદિ શુભ કર્મ પ્રકૃતિ તે દ્રવ્ય પુણ્ય, નવ ભેદે બંધાય છે, અને બેતાલીસ ભેદે ભોગવાય છે.

૪. પાપતત્ત્વ—મિથ્યાત્વાદિ ઉદયે ઉપહત જીવને મલીન પરિણામ તે ભાવપાપ, અને મિથ્યાત્વાદિ કર્મ પ્રકૃતિ તે દ્રવ્યપાપ; તે (૧૮) ભેદે બંધાય છે (૮૨) ભેદે ભોગવાય છે.

૫. આશ્રવતત્ત્વ—મિથ્યાત્વ અવિરત્યાદિ ઔદયિક ભાવ પરિણત જીવ તે ભાવાશ્રવ, તે નિમિત કર્મદલનું આવવું તે દ્રવ્યાશ્રવ, તેના ૪૨ ભેદ છે.

૬. સંવરતત્ત્વ—કર્મ રૂંધવા સમર્થ ક્ષાયિક, ક્ષયોપસમાદિક ભાવવડે જે જે અંશ નિરૂપાધિક થાય તે ભાવસંવર, અને તેણે કરી જે જે આશ્રવનું રૂંધવું તે દ્રવ્ય સંવર તે (૫) સમિતિ, (૩) ગુપ્તિ, (૨૨) પરિસહનો જય, (૧૦) યતિધર્મ, (૧૨) ભાવના અને (૫) ચારિત્ર એમ (૫૭) ભેદે છે.

૭. નિર્જરાતત્ત્વ—કર્મશક્તિને હીન કરે, એવા તપ સંયમ સંવરભાવનાજન્ય શુદ્ધોપયોગશક્તિ તે ભાવનિર્જરા અને તેથી જે જે કર્મ પ્રદેશનું આત્મપ્રદેશથી ખેરવું તે દ્રવ્યનિર્જરા. તપ વડેજ નિર્જરા થાય છે. તે તપ બાર ભેદે છે.

૮. બંધતત્ત્વ—શુદ્ધાત્મને પ્રતિકુલ કષાયાદિ બંધજન્ય કર્મ-બંધ હેતુ ચીકણુતા તે ભાવબંધ. અને તેથી આત્મપ્રદેશ કર્મ દલ બંધાય તે દ્રવ્ય બંધ, તેના (૪) ભેદ જાણુવા. તેનાં નામ પ્રકૃતિ, સ્થીતિ, અનુભાગ અને પ્રદેશ.

૯. મોક્ષતત્ત્વ--કર્મને નિર્મૂલ કરવાને સમર્થ શુધ્યાત્માનો અનુભવ તે ભાવમોક્ષ અને તેનાથી જે જીવ પ્રદેશનું સર્વાંશે કર્મ-પ્રદેશથી છુટા થવું તે દ્રવ્યમોક્ષ, તે નવ ભેદે છે.

જીવ, સંવર, નિર્જરા, મોક્ષ, એ ચાર તત્વ અરૂપી છે બંધ, આશ્રવ, પુન્ય, પાપ, એ ચાર તત્વરૂપી છે. અને અજીવ-તત્ત્વ રૂપારૂપી છે.

જીવઅજીવ એ બે મૂલ દ્રવ્ય છે. બીજા સાત એના પર્યાય જાણુવા.

પોતાની શુદ્ધ સત્તા પ્રકટ કરવા રૂચિ ઉછળી રહી છે, શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મપરિક્ષા પૂર્વક તેને વિશે દ્રઢતા હોય તેને સમકિત કહિયે, તેના વિના જ્ઞાન તે પણ અજ્ઞાનરૂપ છે. કેમકે સમકિત વિના નવપૂર્વિને અજ્ઞાની કહ્યા છે, અને સમકિતવાન અષ્ટ પ્રવચનધારક હોય તેને શાસ્ત્રમાં જ્ઞાની કહ્યા છે, વલી નવપદજીની પૂજામાં પણ કહ્યું છે.

जे विण नाण प्रमाण न होवे ।
चारित्र तरू नवि फलियो ॥
सुख निर्वाण न जे विण लहिये ।

समकित दर्शन बलीयोरे भविका॥
॥ सिद्धचक्र पदवन्दो ॥ इति ॥

વળી કહ્યું છે જે:—

॥ गाथा ॥

दंसण भट्ठोभट्ठो । दंसणभट्ठस्स नत्थि निव्वाण ॥
सिज्झंति चरण रहिया । दंसणरहिया न सिज्झंति॥१॥

અર્થાત દ્રવ્ય ચારિત્રથી ભ્રષ્ટ થયેલો કોઈ (સીઝે) મોક્ષે જાય પરન્તુ સમકિતથી ભ્રષ્ટ થયેલો મોક્ષે જાય નહિ. જેમ નવડીનો અર્ક અલગું છે તેમ સમ્યક્ત્વી જીવ સંસારમાં છતાં પણ પોતાના સ્વરૂપમાં અલગું અખણ્ડપણે વર્તે છે એટલે પુદ્દગલરૂપ કુસંગમાં લપટાતો નથી નિઃકલઙ્ક રહે છે, એમ વિસ્થાનક પદની પૂજામાં વિજયલક્ષ્મિ સૂરિ લાવ્યા છે.

માર્ગાભિમુખી ક્યારે થાય ?

ભવ્યતાને યોગે અકામનિર્જરાએ કર્મ ખપાવતો બે પુદ્દગલ પરાવર્ત સંસાર રહે ત્યારે પ્રભુ માર્ગ સન્મુખ આસ્તિકપણે સન્મુખી ભાવ થાય, ત્યાંથી સંસાર ભ્રમણ કરતો જીવ ઉંચો આવે. વળી દોઢ પરાવર્ત પુદ્દગલ સંસાર રહે ત્યારે જિનોક્તમાર્ગે રક્ત થયેલો ફેર કર્મના ઉદયથી તે ભાવથી પડયો સંસાર મધ્યે પરિભ્રમણ કરતો એક પરાવર્ત પુદ્દગલ સંસાર રહે, ત્યારે જીવ માર્ગાનુસારીપણુ પામે. ત્યાં મિત્રાદિ દૃષ્ટિ પ્રકટે, ન્યાય સમ્પન્ન વૈભવ ઇત્યાદિ પાંત્રીસ ગુણ પ્રગટે ત્યાં આત્મા જિનોક્ત માર્ગે ચાલ્યો ત્યાં મિથ્યાત્વ મન્દરૂપ થાય, તથા એટલા સુધી ગુણ પામીને કોઇ જીવ સંસારમાં નદી પાષાણની પેઠે ઘંચના ઘોલના કરતો અર્ધ પુદ્દગલ પરાવર્ત સંસાર બાકી રહે ત્યારે આર્ય દેશ, સંજ્ઞિ

પંચેન્દ્રિપણું, ગુરૂ ઉપદેશ તથા સહજ સ્વભાવે કોઇ નિમિત્ત પામીને યથાપ્રવૃત્તિકરણ વડે તથા આત્મવીર્ય વડે અપૂર્વકરણે મિથ્યાત્વ, રાગ, દ્વેષની ગ્રન્થિભેદ કરતો જે મોહનિય કર્મની સાત પ્રકૃતિને ઉપસમાવતો અનિવૃત્તિ કરણ વડે અન્તઃકરણના પ્રથમ સમયે જીવ ઉપસમ સમકિત્ પામે, ત્યારે જિનમાર્ગ પ્રાપ્ત કહિયે, વા, વસ્તુ ધર્મે સમાકત પામ્યો કહિગે.

હવે સમક્તિ દ્રષ્ટિ જીવ પોતાના આત્માને અનુભવ જ્ઞાને શુદ્ધ જાણે છે, જેમ લગાર માત્ર સાકરને આસ્વાદતાં હજાર મણનો અનુભવ થાય છે, તેમ અનુભવ સ્વરૂપ કવું છે તે કહે છે.

वस्तु तत्त्व विचारतां। मन पामत विश्राम ॥
रस स्वाद सुख ऊपजे। अनुभव वाको नाम ॥ १ ॥

સુદેવ, ગુરૂ, અને ધર્મ સેવન રૂપ વ્યવહાર સમકિત્ વિના વ્યવહાર ક્રિયા છાર ઉપર લીંપણવત્ જાણવી. અને નિશ્ચયથી તો ગ્રંથી ભેદ કરી સ્વાત્મસ્વરૂપ જાણે કે આત્મા એજ દેવ, ગુરૂ; અને ધર્મ છે તેવા અનુભવીને નિશ્ચય સમાકત્ કહિયે. તેની સર્વ ક્રિય પ્રમાણ છે.

વળી કોઇ કહે કે સમકિત તો પોતાના અત્મામાં છે, દેવ, ગુરૂ, અને ધર્મ તેજ મ્હારો આત્મા છે, એમ જાણી જિનમંદિરે જાય નહિ, ગુરૂવન્દન, ધર્મ ક્રિયા કરે નહિ; તો તે મિથ્યાત્વી જાણવો, (ગુણસ્થાન ક્રમારોહ ગા. ૩૦ દ્રષ્ટાંતથી) કારણ કે તેણે માયા કપટ ભાવથી વ્યવહાર ઉથાપ્યો, અહિં દયાધર્મનું મૂલ છે, અને સમકિત્ ધર્મનું બીજ છે માટે પ્રથમ તે અંગીકાર કરીને વ્રત ગ્રહણ કરવું સફલ છે જેમઃ—

॥ यदुक्तं ॥

साचामां समकित वसेजी। मायामां मिथ्या तरे प्राणी॥

વળી પણ કહ્યું છે કેઃ—

नम मास उपवासियो, सुणो सन्ताजी,
शीत लिये कुश अन्न, गुणवन्ताजी ॥
गर्भ अनन्ता पामशे, सुणो सन्ताजी,
जो छे माया मन्न, गुणवन्ताजी ॥ १ ॥

(યશો વિજયજી કથીત્.)

હવે તે ધર્મના બીજરૂપ સમકિત્‌ને બાલનારાં પ્રબલ કારણ ચ્યાર કહે છે.

(૧) ચૈત્ય દ્રવ્યનો વિનાશ કરે (૨) મુનિનો ઘાત કર. (૩) જિન શાસનની હેલના કરે. (૪) સાધ્વી અગર સાધુના ચોથા વ્રતને ભંગ કરે તે બોધી વૃક્ષના મૂલમાં અગ્નિ મૂકે છે, અર્થાત્ સમકિતને બાલે છે.

उक्तंच ॥ गाथा ॥

चेइयदव्व विणासे । रिसिघाए पवयणस्स उड्डाहे ॥
संजइ चउत्थभंगे । मूलग्गी बोहिलाभस्स ॥ १ ॥

પંડિત શ્રી વીર વિજયજી બાર વ્રતની પૂજાની આદિમાં લાવ્યા છે કેઃ—

शान्त संवेगता वसुमती योग्यता ।
समकित् बीज आरोप कीजे ॥

અર્થાત્ સમતા વૈરાગ્યતારૂપ ભૂમિની યોગ્યતાને વિશે સમકિત્‌રૂપ બીજનો આરોપ કરિયે તોજ તે ફળ આપવાને પાત્ર થાય છે. તે ભૂમિકા ક્ષમા અનુકમ્પાદિ લક્ષણો વડે ઓળખાય છે

सम संवगादिक गुणा,
क्षय उपसमजे आवेरे;
दर्शन तेहीज आतमा,
सुंहोय नाम धरावेरे ॥ वीर० ॥

અર્થાત્ જ્યાં સમકિત હોય ત્યાં એ ગુણ હોઇ શકે જે વિના મોક્ષરૂપ નગરના કમાડની ભૂગલ ભાગી શકાતી નથી. કહ્યું છે કેઃ—

॥ गाथा ॥

विरिया सावज्जाउ । कषायहिणा महव्वय धरावि ॥
सम्मदिठ्ठि विहिणा । कयावि मुरकं नपावंति ॥ १ ॥

અર્થઃ—સર્વ સાવદ્યથી વિરમ્યો હોય, બાહ્ય ચારિત્ર સહિત હોય, પણ સમકિત રહિત હોય તો કદાપિ કાલે મોક્ષ પામે નહિ.

समकितना (भेद) प्रकार.

૧ તત્વરૂચિ સમકિતના શાસ્ત્રમાં ઘણા ભેદ છે પરન્તુ અરિહન્તે ભાખ્યું તે સત્ય છે એવું એકાગ્ર ચિત્ત[1] તે તત્ત્વરૂચિ રૂપ સમકિત સંગ્રહ નય મતે એક પ્રકારે છે.

(૨) દ્રવ્ય સમકિત—જીવાદિક નવ પદાર્થ સર્દહે પણ જાણતો નથી.

(૩) ભાવ સમ્યકત્વ—નવ તત્વના ભેદ નય નિક્ષેપે કરી સમ્યગ્ પ્રકારે જાણીને સદ્દહે તે ભાવસમકિત ।अप्पासायवाय भावेणं। સ્યાદ્વાદરૂપ નિત્યાનિત્યાદિ આઠ પક્ષ વડે (ઓળખી) જેણે પોતાના આત્માની પ્રતિતી કરી છે; વલી જીવાજીવાદિ નવ તત્ત્વના ભેદ, હેય, જ્ઞેય, ઉપાદેય, જાણે તે ભાવ સમ્યકત્વી જાણવા.

---

૧ નય, પ્રમાણ, નિક્ષેપ,ભંગ ઇત્યાદિ પ્રકારે જિનોક્ત વસ્તુ તત્વને અવબોધ થાય ત્યારે અકાગ્ર ચિત્ત થાય છે.

૪ વ્યવહાર સમકિત—સમ સંવેગાદિ લક્ષણવન્ત, દેવગુરૂ સંઘનું બહુ માન ભક્તિ શાસનોન્નતિ કરે, અવિરતિ તોપણ આગમોક્ત વિધિ માર્ગનો રસિયો, નિરતિચારવન્તજ જીવ હોય તે વ્યવહાર સમકિતવન્ત જાણવો.

૫ નિશ્ચય સમકિત–જ્ઞાનદર્શન ચારિત્રરૂપ શુદ્ધ શ્રદ્ધા ભાસન રમણતાપૂર્વક આત્માના જે શુદ્ધ પરિણામ તે એટલે રત્ન ત્રયિને શુદ્ધોપયોગે વર્તતા જીવને નિશ્ચય સમકિતવન્ત જાણવો. (ક્ષયોપસમ, ઉપસમ અને ક્ષાયિકને પણ નિશ્ચયમાં ગણ્યું છે.)

(૬) ક્ષાયિક સમ્યક્ત્વઃ—જે વડે જીવ અને અજીવાદિ નવ પદાર્થ, જેમ શ્રી જીનેન્દ્ર દેવે (ભાંખ્યા) કહ્યા બતાવ્યા છે જેમકેઃ–દ્રવ્યાર્થિક નયે નિત્ય, પર્યાયાર્થિક નયે અનિત્ય, નિશ્ચય નયે અભિન્ન, વ્યવહાર નયે ભિન્ન, સામાન્ય નયે એક, વિશેષ નયે અનેક, જ્ઞાન નયે જ્ઞેય, ક્રિયા નયે હેયોપાદેય, એમ નય નિક્ષેપા સહિત, પરસ્પર સાપેક્ષ, અનન્ત ધર્માત્મક, કથઞ્ચિત્ ઉત્પન્ન, કથઞ્ચિત્ વિનષ્ટ (નાશ), કથઞ્ચિત્ ધ્રુવ, એમ ત્રિરૂપ એક સમયે (સદ્દહે) માને એ જિન વાણિ રૂચે તે ક્ષાયિક સમ્યક્ત્વ.

(૭) ઉપસમ સમકિત–અનન્તાનુબન્ધી ક્રોધ, માન, માયા; લોભ, સમકિત મોહની, મિશ્રમોહની અને મિથ્યાતમોહની એ સાત પ્રકૃતિને ઉપસમાવે (દબાવે) તે ઉપસમ સમકિત જાણવું. અન્તર મુહૂર્ત કાલ પ્રમાણે છે, ચોથાથી અગીયારમા ગુણસ્થાન સુધીના જીવોને તે હોય, ભવચક્રમાં પાંચવાર જીવને આવે છે. યદ્યપિ અનન્તાનુબન્ધીની ચાર પ્રકૃતિ, ચારિત્ર મોહની કર્મની ત્રણ છે તથાપિ મિથ્યાત્વ મોહની આદે ત્રણ મલી સાતે પ્રકૃતિ સદ્દહણાને ફેરવે છે, તેથી શ્રી શીલાંગાચાર્યે સાતેને દર્શનમોહની માંગણી છે. "તાપથી તપેલા જીવને બાવના ચંદનાવત્" આત્માને શીતલ કરનાર છે. સાત પ્રકૃતિ સત્તામાં છે, ઉદયમાં નથી. તે ઉપશમ સમકિતના પરિણામની નિર્મલતા ગુણ, અનાદિ મિથ્યાદ્રષ્ટિને ગ્રન્થિભેદ કરતા તથા ઉપસમ શ્રેણિના પ્રારમ્ભ કરનારને થાય છે. અને બન્ધમાં પણ નથી.

(૮) ક્ષયોપસમ–સમક્તિમોહુનીનાં ઉદય રહે છે, એટલે છ પ્રકૃતિનો રસોદય ટલે, માત્ર મિથ્યાત્વ મોહુનીનો પ્રદેશોદય છે તે સમકિતમોહુની વેદે (અનુભવે) જે તત્વરૂચિ તે ક્ષયોપશમ ભવચક્રમાં અસંખ્યાત વાર આવે તે ચોથાથી સાતમા ગુણસ્થન સુધી હોય, સાત પ્રકૃતિની સત્તા છે. મિથ્યાત્વના શુદ્ધ પુંજનો ઉદય રહે છે. શંકા, આશંકાદિ હોય છે, સમકિત્ પુંજમાં રહેલા પુદ્ગલોનું વેદવાપણું હોવાથી તે પૌદ્ગલીક કહેવાય છે- અને સર્વથા મિથ્યાત્વમિશ્ર સમકિત્ પુંજના પુદ્ગલોનો ક્ષય થવાથી તથા ઉપશમથી ઉત્પન્ન થએલ જે નિઃકેવળ જીવ પરિણામરૂપ ક્ષાયિક તથા ઉપસમ સમ્યક્ત્વ તે અપૌદ્ગલીક સમકિત્ કહેવાય છે. એમ આત્મપ્રબોધ ગ્રંથે કહ્યું છે.

શિષ્ય–ઉપશમ અને ક્ષયોપશમમાં શું તફાવત છે?

ગુરૂ–ક્ષયોપશમ સમકિતમાં મિથ્યાત્વના વિપાકનો અનુભવનથી પણ રક્ષાએ ઢાંકી રાખેલી અગ્નિના ધૂમાઠાની શ્રેણિની પેઠે પ્રદેશનો અનુભવ થાય છે, પરન્તુ ઉપશમ સમ્યક્ત્વમાં વિપાક તથા પ્રદેશ ઉદયથી સર્વથા મિથ્યાત્વનો અનુભાગ જે રસ નથી માટે એ બન્નેમાં એટલો તફાવત જાણવો. :(ઇતિ આત્મપ્રબોધ ભાષાંતર) તેની જઘન્યથી અંતરર્મૂહૂર્ત, ઉત્કૃષ્ટી છાસઠ સાગર અધિક સ્થીતિ કાલમાન જાણવો.

(૯) ઉપદેશ સમકિત–ગુરૂઆદિના ઉપદેશથી થાય તે જેમ પન્થભ્રષ્ટને માર્ગ દેખાડે તેમ.

(૧૦) નૈસર્ગ સમકિત—વિના બોધે નારકી આદેને ઉપજે તે. જેમ પન્થભ્રષ્ટ અથડાતો અથડાતો માર્ગે પડે તેમ નૈસર્ગિક સમકિત્ હોય.

(૧૧) કારક સમકિત–છકાય જીવદયા પ્રતિપાલક, જિનાજ્ઞાધારક, સર્વ વિરતિ વ્રત નિયમાદિ સમ્યગ્ પ્રકારના અનુષ્ટાનની પ્રવૃત્તિ

કરતો, અને નિર્મલ ચારિત્રવન્તને હોય. (આત્મ પ્રબોધ ગ્રંથ વચનાત્.)

(૧૨) રોચક સમકિત—માત્ર શ્રદ્ધાન, એ સમકિતમાં જીવને સમ્યગ્ અનુષ્ટાનની પ્રવૃત્તિ રૂચે છે, તે રોચક સમકિત્ જાણવું. પરન્તુ, પ્રબલ કર્મવશાત્ તે કરી શકતો નથી,આ સમકિત અવિરતિ સમ્યગ્ દ્રષ્ટિ કૃષ્ણ અને શ્રેણિક રાજાને હતું. નવતત્ત્વ પ્રશ્નોત્તર તથા આત્મપ્રબોધ ગ્રંથે ચોથા ગુણસ્થાનકે કહ્યું છે.

(૧૩) દીપક સમક્તિ—પોતે મિથ્યાત્વિ છતો પરને સિદ્ધાન્તના રહસ્ય સમજાવી જીવ સ્વરૂપ બતાવી સમકિત્ પમાડે, એ સમકિત્ વાલો ઉત્કૃષ્ટ નવમા ગ્રૈવેયક સુધી જવાની પુણ્ય પ્રકૃતિ બાંધે, કારણકે એ દીપક વાલો ઉત્સૂત્ર પ્રરૂપણા ન કરે, પોતે મિથ્યા દ્રષ્ટિ છતાં પરને ઉપકારરૂપ અજવાલું કરે છે. બીજાના અન્ધકારને દૂર કરે છે, પણ પોતાનો પ્રકાશ કરતો નથી. અભવ્યને પણ એ સમક્તિ હોય.

(૧૪) વેદક સમકિત—જે સમકિતના અત્યંત શુદ્ધ પુદ્ગલને વેદિયે અનુભવીએ તે ભવમાં એકવાર પામિયે..

ક્ષાયક સમકિત—સાત પ્રકૃતિના સત્તાબન્ધ ઉદયના ક્ષયથી એ ગુણ પ્રગટ થાય છે. તેત્રીસ સાગરની તેની સ્થીતિ છે તે ચોથાથી ચૌદમા ગુણસ્થાન સુધી હોય, આયુકર્મ બન્ધ કર્યા વિના ક્ષાયક સમકિત્ પામે તો જીવ તદ્ભવે મોક્ષ જાય નહિ તો ત્રણ ચાર ભવે મોક્ષ જાય. ક્ષાયક સમકિત્ની પ્રાપ્તિ મનુષ્યગતિમાં છે.

કર્મગ્રંથાભિપ્રાયે પ્રથમ ઉપશમ સમકિત થાય, અને સિદ્ધાન્તાભિપ્રાયે પ્રથમ ક્ષયોપસમ થાય તીર્થંકર નામ કર્મ, ક્ષાયિક, ક્ષયોપશમ સમકિત્ જીવ બાંધે. ઉપસમનો અલ્પકાલ છે માટે તીર્થંકર નામકર્મ બન્ધાતું નથી.

गत समकित पूरव बद्ध आयुष्य ।
दोविण समकित वन्तरे ॥

विण वैमानिक आयु न बांधे ।
विशेषावश्यक कहन्तरे ॥ प्रभु ॥

ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષિમાં સાસ્વાદન, ઉપશમ, ક્ષયોપશમ એ ત્રણ સમકિત્ હોય, અને વૈમાનીકમાં, ક્ષાયિક સહિત ચાર સમકિત હોય. ત્રીજી નરક સુધી, ચારે સમકિત હોય, અને તેથી ઉપર ક્ષાયિક વિના ત્રણ સમકિત હોય. તીર્યંચ ગતિમાં સ્થલચરને મુકીને બાકીના ગર્ભજ પંચેન્દ્રિયમાં ઉપશમ, ક્ષયોપશમ સાસ્વાદન એ ત્રણ હોય, અને ગર્ભજ સ્થલચરમાં ક્ષાયિકાદિ ચારે સમકિત હોય. મનુષ્યમાંથી સ્થલચરમાં ક્ષાયિક સમકિત લેઇ જાય છે માટે મનુષ્ય ગતિમાં તો ઉપશમ,ક્ષયોપશમ, ક્ષાયક, સાસ્વાદન, અને વેદક પાંચે સમકિત હોય. પૂર્વોક્ત સમકિતને ઉજ્વલ કરનારા આઠ આચાર છે. તેને સ્વાભાવીક ગુણ કહે છે.

स्वाभाविक गुण.

પૂર્વે કહેલાં સમ્યકત્વની જેની પ્રાપ્તિ થાય તેને નિચે જણાવેલા ગુણો સ્વાભાવીક પ્રકટ થાય છે.

अनुष्टुपवृत्तम्.

इदमेवेदशमेव । तत्वं नान्यन्न चान्यथा ॥
इत्यकंपायसांभोवत्सन्मार्गे संशया रुचि ॥ १ ॥

ઉપરોક્ત કહ્યું તે અને તેજ મુજબનું જિનોક્ત તત્વ છે. બીજું અન્ય નથી, તેમજ અન્યથા એટલે અન્ય પ્રકારે નથી. તે રીતે ખડકના પથ્થરના ખાડાના સ્થિર જલની પેઠે સન્માર્ગમાં સંશય રહિત સ્થિર રૂચિ એટલે શ્રદ્ધાનને નિઃસઙ્કિત ગુણ કહે છે.

अनुष्टुपवृत्तम्.

कर्मपरवशे सांते । दुःखैरंतरितोदये ॥
पापबीजे सुखेनास्था । श्राद्धानाकांक्षणा स्मृता॥१॥

ઉક્ત તત્વના જ્ઞાન વડે પ્રાપ્ત થતા જ્ઞાનાનંદ શિવાય ઇન્દ્રિય-જનિત સુખો જે કર્મવશ હોવાથી પરવશ અને અન્તવાળાં છે. તેમના અન્તે પછીથી દુઃખનો ઉદય થવાનો છે. તેવાં પાપનાં બીજ રૂપ સુખને વિશે આસ્થા રહિત શ્રદ્ધાનને અનાકાંક્ષણા લક્ષણ ગુણ કહે છે.

अनुष्टुपवृत्तम्.

स्वभावतोऽशुचौ काये । रत्नत्रय पवित्रिते ॥
निर्जुगुप्सा गुणप्रीति । र्मता निर्विचिकित्सता ॥३॥

માણસ જાતનું શરીર છે તે સ્વભાવથીજ અસુચિ છે તેમાં પણ કોઇને સમ્યક્દર્શન સમ્યક્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપ રત્નત્રય પ્રકટ થઇ જાય તો તે અપવિત્રકાય પણ પવિત્રજ છે. તે કારણથી વ્રતીનું શરીર રોગાદિ વડે મલિન હોય તોપણ તેને દેખીને જુગુપ્સા (ગ્લાની) નો અભાવ અને રત્નત્રયમાં પ્રીત તે નિર્વિચિકિત્સ લક્ષણ ગુણ કહે છે.

अनुष्टुपवृत्तम्.

कापथे पथिदुःखानां । कापथस्थेप्यसंमतिः ॥
असंपृक्तिरनुत्कीर्ति । रमूढादृष्टिरुच्यते ॥ ४ ॥

નરક તિર્યંચાદિ સંસાર વધે તેવા દુઃખદ માર્ગે વર્ત્તનાર—તથા તેવા કુમાર્ગે પ્રવૃત્તિ કરનાર અસમ્યક્ત્વીની સાથેના પરિચ-

યને ઇચ્છે નહીં તેમજ તેમના વખાંણ કરે નહીં. તેને અમૂઢ દૃષ્ટિ લક્ષણ ગુણ કહે છે.

अनुष्टुपवृत्तम्.

स्वयं शुद्धस्य मार्गस्य । बालाशेक्त जनाश्रया ॥
वाच्यतां यत्प्रमार्जेति । तद्वदंत्युपगूहनम् ॥ ५ ॥

ચતુર્વિધ સંઘનો શુદ્ધ પ્રવૃત્તિ રૂપ જે રત્નત્રયનો માર્ગ છે, તે સ્વયં શુદ્ધ જ છે; અર્થાત્ નિર્દોષ છે. તોપણ કોઇ અજ્ઞાની બાળજીવ વડે—અથવા—કોઇ અશક્ત પુરૂષ વડે તે માર્ગની નિંદા પ્રગટ થઈ હોય તો તેને દૂર કરે, શુદ્ધ નિર્દોષ કરે તેને ઉપગૂહન ગુણ કહે છે.

अनुष्टुपवृत्तम्.

दर्शनाच्चरणाद्वापि । चलतां धर्मवत्सलैः ॥
प्रत्यवस्थापनं प्राज्ञै स्थितीकरणमुच्यते ॥ ६ ॥

કોઇ પુરૂષ સમ્યક્ દર્શન સહિત્ દૃઢ શ્રદ્ધાની, તથા ચારિત્ર ધારક, વ્રત સંયમ સહિત હોય, અને તે કોઇ પ્રબલ કષાયના ઉદયથી, ખોટી સંગતિથી, રોગની તીવ્ર વેદનાથી, દરિદ્રથી, મિથ્યા ઉપદેશથી, તથા મિથ્યા દૃષ્ટિના મંત્ર તંત્રાદિ ચમત્કાર દેખીને, સત્ય શ્રદ્ધાન આચરણથી ચળાયમાન થતો હોય, તેને કોઇ ધર્માત્મા પ્રવિણ પુરૂષ ફરીથી સત્યાર્થ શ્રદ્ધાન—ચારિત્રમાં સ્થાપન કરે તેને સ્થીતિકરણ ગુણ કહે છે.

अनुष्टुपवृत्तम्.

स्वयूथ्यान् प्रतिसद्भाव सनाथापेतकैतवा ॥
प्रतिपत्तिर्यथायोग्यं । वात्सल्यमभिलप्यते ॥ ७ ॥

સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર રૂપ ધર્મને ધારણ કરનાર જે સંઘ (યૂથ) તે આપણું યૂથ છે. તેમાં સાધુ–સાધવી--શ્રાવક--શ્રાવીકા તથા અવ્રત સમ્યગ્દ્રષ્ટિ–તેમને સત્યાર્થ ભાવ સહિત અને કપટ રહિત–યથા યોગ્ય (પ્રતિપત્તિ) વિનય કરવો તેને વાત્સલ્ય કહે છે.

સધર્મીને દેખીને ઉભા થવું, સન્મુખ જવું, વંદના કરવી, ગુણનાં વખાણ કરવાં હાથ જોડવા, આજ્ઞા ધારણ કરવી, પૂજા પ્રશંસા કરવી, ઉચ્ચ સ્થાને બેસાડી પોતે નિચા સ્થાને બેસવું, જેમ કોઈ દરિદ્રીને મહા નિધાનની પ્રાપ્તિ થાય તે વખતે જેવો હર્ષ થાય, તેવો હર્ષ ધારણ કરવો, મહાન પ્રીતિ ઉપજે અને યથાવસર આહાર પાન, વસ્ત્ર તથા ઉપકરણાદિ વડે વૈયાવૃત કરી આનંદ માનવો, એ વિગેરેને વાત્સલ્ય કહે છે.

अनुष्टुपवृत्तम्.

अज्ञान तिमिर व्याप्ति । मपाकृत्य यथायथं ॥
जिन शासन माहात्म्य । प्रकाशः स्यात्प्रभावना ॥८॥

સંસારી જીવના હૃદયમાં વિષય અજ્ઞાન રૂપ અંધકાર વ્યાપ્ત હોય છે તેને સત્યાર્થ સ્વરૂપના પ્રકાશ વડે દૂર કરીને જિનેન્દ્ર ભગવાનના શાસનના મહાત્મ્યનો પ્રકાશ કરવો તેને પ્રભાવના નામે ગુણ કહે છે.

આ આઠ ગુણો જેને શુદ્ધ સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ હોય તેને સ્વાભાવિકપણે પ્રકટ થાય છે. આ ગુણોનો આવિર્ભાવ જેનામાં જણાય નહીં તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ નથી એમ સમજવું.

અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે સમકિત વિના ક્રિયાનું ફલ છે કે નહીં ?

ગુરૂ–મુખ્યતાએ સમક્તિયુકત ક્રિયા શ્રેષ્ટ ફલદાઇ છે. પરંતુ વિપાક સૂત્રમાં સુબાહુ કુમારે પ્રથમ ગુણસ્થાને છતાં પણ સરલ

ભાવે સુપાત્ર દાને કરી પુણ્ય બાંધ્યું છે. સંગમગોવાલે ભદ્રક ભાવે મુનિને દાન દેવાથી સાલીભદ્ર શેઠ થયો છે. વળી હાથીના ભવે સસલો ઉગાર્યોથી મેઘકુમર થયા છે, તેમજ જિન પૂજાદિ ભદ્રક ભાવે કરતાં પુણ્ય ઉપાર્જન કરે, જુગલીઆં ભદ્રક પરિણામી અ-લ્પારંભી હોવાથી મરીને સ્વર્ગે જાય છે. કષ્ટ, ક્રિયા, બાલતપ, અકામનિર્જરા, ઘંચનઘોલનાદિ ભવિતવ્યતાએ કરી જીવ ઉંચો આવે પણ સમકિતની કરણીની સોળમી કળાને પહોચે નહિ, કેમકે વિવેક જે જડ ચેતનની વ્હેચણ, શાંતતા જે સમતાં, દાંતતા જે ઇંદ્રિય દમન, ઇત્યાદિ ગુણ સમકિતને વિશે ઘટે છે, બીજાને ન હોય, માટે સમકિતીની ક્રિયા શ્રેષ્ટ છે. ઉક્તંચઃ—

॥ शार्दूलविक्रिम्ति वृत्तम्. ॥

ध्यानं दुःख निधानमेव तपसां, संताप मात्रं फलं ।
स्वाध्यायोपिहि बंध एव कुधिया तेऽभिग्रहा कुग्रहाः॥
अश्लाघ्या खलु दान शील तुलना, तीर्थादियात्रा वृथा ।
सम्यक्त्वेन विहीनमन्यदपियत्तत्सर्वमंतरगरुः ॥ १ ॥

ભાવાર્થઃ—સમાકત વિના ધ્યાન તે દુઃખનું નિધાન છે, તપ છે તે સંતાપનું ફલ આપે છે, સ્વાધ્યાય તે બંધીખાના રૂપ છે, માઠીબુદ્ધિએ જે અભિગ્રહ લીધા તે દુષ્ટ ગ્રહના સમાન છે, દાન શીલ આદિ અપ્રશંસનિય છે, તીર્થ પ્રમુખ યાત્રા પણ વૃથા છે.

सम्ययक्त्वीनां लक्षण.

જેને સમ્યકૃત્વની પ્રાપ્તિ થઇ હોય તેનામાં નિચેનાં પાંચ લક્ષણો હોય છે. તેનાં નામ (૧) ઉપશમ, (૨) સંવેગ, (૩) નિર્વેદ (૪) અનુંકપા અને (૫) આસ્તિકતા.

(૧) ઉપશમ—ક્રોધ, લોભ, માન, અને માયા, એ ચાર કષા-

યનો ઉપશાન્ત ભાવ, તે એટલે સુધી કે અપરાધી–ગુન્હેગાર પ્રત્યે તેનું માઠું કરવાનો વિચાર પણ મનમાં લાવે નહિ. તીવ્ર લોભ, માન–અને માયાનો ઉદય થાય તોપણ તેમના ઉપર કાબુ રાખે– પણ તેના આવેશમાં દોરાય નહીં.

(૨) સંવેગ–મોક્ષના જ સુખની અભિલાષા કરે, પણ તેથી વિપરિત પુદ્ગલીક જે સંસારનાં સુખો છે, તેની જરા માત્ર ઇચ્છા જ હોય નહીં.

(૩) નિર્વેદ–સંસારના દુઃખથી ઉદાસ રહેવું તે, અર્થાત્ ભવ ભ્રમણ, રોગ, શોક, જન્મ, જરા, મરણ અને મોહની વિકલતા રૂપ ગહન સંસાર દુઃખ તેમજ નરકરૂપ બંધીખાનાથી ત્રાસ પામી નીકળવા ચાહે તે.

(૪) અનુકંપા–દ્રવ્ય ને ભાવથી બે પ્રકારની દયા, દ્રવ્યથી દુઃખિયાની ઉપર દયા કરવી અને ભાવથી ધર્મ રહિત પ્રાણીને ધર્મમાં જોડવો તે.

(૫) આસ્તિકતા—વીતરાગે જે ભાખ્યું તે જુઠુ ન હોય એવો જે દ્રઢ રંગ તે. ઇત્યાદિ લક્ષણે કરી સમકિતવંત ઓળખાય તેનો સાક્ષીભૂત પોતાનો આત્મા જ છે.

उदाहरण.

उरो विशालो धनधान्य भोगी।
शिरो विशालो नृपपूंगवश्च॥
कटी विशालो बहु पुत्रदारो।
विशालपादः सततं सुखीस्यात्॥ १॥

ભાવાર્થ—વિશાલ છાતીવાળો ધનવંત ને ભાગ્યશાળી હોય વિશાલ મસ્તકવાળો રાજા હોય, કેહેડનો ભાગ વિશાલ હોય તેને

ઘણાં છોકરાં હોય, પગના પહોળા પંજાવાળો સદાએ સુખી હોય, એમ બાહ્ય લક્ષણથી જેમ પરિક્ષા થાય છે તેમ ઉપશમાદિ અભ્યંતર લક્ષણથી સમકિતની પરીક્ષા થાય છે-ઇતિ.

सम्यकत्वीनी दश रुचि.

૧ નૈસર્ગ રૂચિ—બીજાના ઉપદેશ વિના પોતાની બુદ્ધિથી શ્રુત જ્ઞાનના બળથી ષટ્ દ્રવ્યાદિકનું સ્વરૂપ જાણીને તત્વરૂચિ થાયતે.

૨ ઉપદેશ રૂચિ—નવતત્વ, ષટ્ દ્રવ્ય આદીને ગુરૂ ઉપદેશથી જાણી તત્ત્વરૂચિ થાય તે.

૩ આજ્ઞા રૂચિ—વીતરાગની આજ્ઞા પ્રમાણ કરે તે.

૪ સૂત્ર રૂચિ—સૂત્ર ભણવા સાંભળવાની ચાહના તે.

૫ બીજ રૂચિ—ગુરૂમુખથી એક પદનો અર્થ સાંભળીને અનેક પદાર્થ જાણી જાય તે, જેમ એક બીજ અનેક બીજ ઉત્પન્ન કરે.

૬ અભિગમ રૂચિ—ગહન સૂત્ર સિદ્ધાંતના અર્થ જાણવા તથા સાંભળવાની ઘણી ચાહના હોય તે.

૭ વિસ્તાર રૂચિ—ષટ્ દ્રવ્ય, ગુણ પર્યાય, પ્રમાણ નય નિક્ષેપ જીવાજીવાદિ સૂક્ષ્મ ભાવ જાણવાની ચાહના તે.

૮ ક્રિયારૂચિ—તપ, વિનય, સમિતિ, ગુપ્તિ આદે બાહ્ય ક્રિયા ઉપર ઘણો રાગ હોય તે.

૯ સંક્ષેપ રૂચિ—સંક્ષેપ માત્ર થોડા અર્થ કહે છે તે ઘણો સમજે તે ચીલાતિ પુત્રવત્. " ઉપશમ વિવેક સંવર " ટુંકામાં ઘણુ સમજે તે.

૧૦ ધર્મ રૂચિ—શ્રુત ધર્મ, ચારિત્ર ધર્મને વિષે જેને રૂચિ હોય તે ધર્મ રૂચિ સમકિતવાળો કહીએ. એ દશ પ્રકારનું સમકિત તેજ આત્મા છે. કારણ કે સમક્તિ એ આત્માનો ગુણ છે, એટલે આત્મા તેજ સમ્યકત્વ અને સમ્યકત્વ તેજ આત્મા છે, ગુણી-ગુણ અભેદઃ—

દ્રવ્ય સમકિત જીવ, પૂજા, દર્શન, દેવગુરૂધર્મ ત્રણ તત્ત્વ સાધે છે. અન્ય દેવાદિ પરિહરે છે, તથાપિ તેને જીવાજીવની ઓળખાણ નથી, ષટ્ દ્રવ્યનો અજાણ છે તે પહેલે ગુણઠાણે દ્રવ્યસમકિતિ જાણવો.

દ્રવ્યલિંગી શ્રાવક વ્રતધારી છતાં પણ જીવાજીવાદિક સ્વરૂપનો અજાણ યથાપ્રવૃત્તિકરણે પ્રથમ ગુણઠાણે કહ્યો છે. શ્રાવકની ક્રિયામાં વર્તતો છતો પણ આત્મ સ્વરૂપનો અજાણ દ્રવ્ય શ્રાવક અવિવેકી પ્રથમ ગુણઠાણે જાણવો. તેમજ મહાવ્રતધારી પ્રતિક્રમણાદિ ક્રિયા કરતો છતો પણ અંતરંગ સત્તાગતના જાણપણા વિના દ્રવ્ય સાધુ કહીએ, અને જડ ચેતનની વેહેંચણ કરી સાધ્ય એક, સાધન અનેક એમ જાણી સત્તાગત ધર્મ સાધે તે ભાવ સાધુ કહીએ. સારાંસ—આત્મસ્વરૂપવેત્તા તે સમકિત જાણવો.

કારણ કે ધર્મ તો આત્મામાંજ છે. કસ્તુરીઓ મૃગ કસ્તુરીને બહાર શોધે છે. પણ તે બહાર નથી તેના પેટમાંજ છે.

स्वाभाविक शुद्धि.

જે જીવને સમ્યકૃત્વ પ્રાપ્ત થાય છે તેને નિચેની ત્રણ શુદ્ધિયો ઉત્પન્ન થાય છે.

મનશુદ્ધિ, વચનશુદ્ધિ, અને કાયશુદ્ધિ, એમ ત્રણ શુદ્ધિયો ઉત્પન્ન થાય છે. જે જીવ સકળ કર્મ જીતે તેને જિન કહીએ, અને જિનધર્મ એટલે જિનોક્ત ધર્મ (સર્વ દ્રવ્યનો) એ બે શિવાય અપર સર્વે અસાર છે: એવિ મનની દ્રઢતા તે મનશુદ્ધિ. જિનધર્મની આરાધનાથીજ સર્વ કાર્યની સિદ્ધિ થાય, એવું જે નિઃશંકપણે બોલે તે વચનશુદ્ધિ. અને જિનોક્ત ધર્મની દ્રઢતાએ કરીને જિનેશ્વર શિવાય બીજા કોઇ દેવને મર્ણાંતે પણ મસ્તક નમાવે નહિ: એવી જે દ્રઢતા તે કાયશુદ્ધિ.

स्वाभाविक लिंग.

સમ્યકિત્વને ત્રણ લિંગ સ્વાભાવિક ઉત્પન્ન થાય છે. અન્ય

કામ મૂકીને જિનોક્ત ધર્મ સાંભળવાની તત્પરતા ઉત્પન્ન થાય તે સુશ્રુષાલિંગ, અને આપ્તોક્ત (જિનોક્ત) ધર્મકરણીને વિશેજ પરમ રાગ, અને અન્ય સર્વ ભવ પુરણ માને તે બીજું લિંગ,તેમજ જિનમતના દેવ જે જિનેશ્વર, અને જિનમાર્ગાનુસારી ગુરૂ તેમની નિશ્ચયાભિગ્રહરૂપ યથાયોગ્ય ભક્તિ માટે નિયમે પ્રવર્તે એ ત્રીજું લિંગ. એમ ત્રણ લિંગ ઉપજે.

स्वाभाविक द्रढता.

પાંચ પ્રકારની દૃઢતા થાય છે. (૧) આપ્તોકત વચનોમાં નિઃશંકપણું થાય (૨) ગમે તેટલા ચમત્કાર દેખે તોપણ અન્ય મત ગ્રહણ કરવાનું મન થાય નહિ. (૩) આપ્તોકત ધર્મ કરણીના ફળને વિષે નિઃશંકપણું થાય. (૪) સમ્યકત્વને મલિન કરનાર, જિનધર્મ રહિત એવા જે મિથ્યાત્વી તેની પ્રશંસા કરવાપણું દૂર થાય. (૫) અને મિથ્યાત્વિનો પ્રસંગ છોડવાપણું થાય.

स्वाभाविक भूषण.

સ્થૈર્ય, પ્રભાવના, ભકિત, કુશળતા, અને તીર્થસેવા, એમ પાંચ મહા ભૂષણ ઉપજે. (૧) જિનધર્મને વિષે સ્થિરતા હોય તે સ્થૈર્ય. (૨) સંઘ યાત્રા, પુજા, પ્રતિષ્ઠિાદિ પ્રભાવના કરે તે પ્રભાવના. (૩) દેવ ગુરૂ અને ધર્મ ઉપર પરમ ભકિત રાખે તે ભકિત. (૪) આપ્તોકત આગમનો જાણ હોવાથી તે કોઇ મતવાદીનો હરાવ્યો હારે નહિ તે કુશળતા. (૫) પોતાના કર્મ ખપાવવા તીર્થયાત્રાએ બહુ માણસયુકત વિધિએ જાય, અને સેવાભકિત એટલે પ્રાચીન અર્વાચીન તીર્થેશોનાં ગુણાદીનું કિર્તન કરે તે તીર્થસેવા.

स्वाभाविक प्राभाविकपणुं.

પ્રવચની, ધર્મકથા, વાદી, નિમિત્ત ભાષી, તપસી, વિદ્યાસંપન્ન, સિદ્ધિ, અને કવિ. એમ આઠ પ્રકારનું પ્રાભાવિકપણું ઉ-

ત્પન્ન થાય. (૧) આગમમાર્ગે નિપુણ હોઇ માર્ગને દીપાવે તે પ્રાવચનીક. (૨) ધર્મકથાએ દુર્બોધિ જીવોને ધર્મ પમાડે ઇત્યાદિ ધર્મોન્નતિ કરે તે ધર્મકથા. (૩) તીક્ષ્ણ બુદ્ધિના પ્રભાવે એક વાતને અનેક વાર સ્થાપે, અનેકવાર ઉથાપે, પણ કોઇનાથી ખળાય નહિ, અને રાજસભાદિમાં જય પતાકા મેળવે તે વાદી. (૪) લાભાલાભનો વિચાર કરી પ્રસંગે નિમિત્ત બતાવી સર્વ જીવને ચમત્કાર પમાડે; અને શાસનની ઉન્નતી કરે તે નિમિત્તભાષી. (૫) અદ્ભુત તપસ્યાયે કરી યુક્ત હોય, કે જેથી વગર બોલાવ્યા દેવતાઓ તેની સેવા માટે આવે તે તપસ્વી. (૬) આકાશગામિનિ ઇત્યાદિ અનેક વિદ્યાઓ ઉપજે તે વિદ્યાસંપન્ન. (૭) ગુર્વાદિકના પસાએ સુવર્ણસિદ્ધિ, અને અષ્ટ મહા સિદ્ધિજેવી કે (૧) અણીમા—અતિ સૂક્ષ્મરૂપ કરી ઝીણા છીદ્રમાં પેસે, અથવા કમળના નાળમાંહે પેસી ચક્રવર્ત્તિની રિદ્ધિ વિસ્તારે. (૨) મહિમા--મેરૂ પર્વતથી પણ મોટું રૂપ કરવાની શકિત. (૩) લઘિમા--પવનથી પણ બહુજ હલકું શરીર કરવાની શકિત. (૪) ગિરિમા--વજ્રથી પણ બહુજ ભારે શરીર કરવાની શક્તિ. (૫) પ્રાપ્તિ--ભૂમિથી મેરૂપર્વતને આંગળી વડે સ્પર્શ કરવાની શક્તિ, અથવા સૂર્યના કિરણને હાથ લગાડવાની શકિત. (૬) પ્રાકમ્ય–જમીન ઉપર પાણીની પેઠે ડુબકી મારવાની, અને પાણી ઉપર જમીનની પેઠે ચાલવાની શક્તિ. (૭) ઇશત્વ—ત્રણ લોકની ઠકુરાઇ ભોગવવાની, અથવા તીર્થંકર કે ઇંદ્રની રિદ્ધિ વિસ્તારવાની શક્તિ. (૮) વશીત્વ–સર્વ જીવને વશ રાખવાની શક્તિ. ઇત્યાદિ સિદ્ધિઓ પામે. (૮) મહા ગંભીરાર્થે યુક્ત વિવિધ પદ્યબંધ પ્રશ્ન કરે, તે સાંભળતાં પંડિતવર્ગ વિસ્મય પામી પોતાને અનુકૂળ થાય તે કવી.

स्वाभाविक सद्दहणा.

ચાર સદ્દહણા ઉપજે. (૧) તત્વજ્ઞાન ઉપર પરમ રૂચિ. (૨) તત્વજ્ઞની પરમ ભકિત. (૩) તત્વશ્રદ્ધા ભ્રષ્ટ એવા સ્વમતીની

પણ સોબત વર્જન (૪) મિથ્યાત્વિની સોબત વર્જન, એ પ્રમાણે ચાર સદ્દહણા ઉપજે.

વળી, અન્ય મતીએ ગ્રહણ કરેલા જે અરિહંતાદિ (જિનેશ્વરાદિ) ની મૂર્ત્તિ અથવા ચૈત્યાદિ હોય તેને વંદન, બહુમાન, દાન, અનુગ્રહપ્રદાન, આલાપ, અને સંલાપ, એટલા વાના તે કરે નહિ: એવો વિવેક ઉત્પન્ન થાય છે.

स्वाभाविक भावना.

સમ્યક્ત્વ એજ સમસ્ત ધર્મનું અને સુખનું મૂળ છે. ધર્મરૂપ નગરનો દ્વાર પણ સમ્યક્ત્વ છે; ધર્મરૂપ પ્રસાદનો પાયો પણ સમ્યક્ત્વ છે, આત્માર્થી જીવોનો અખુટ ખજાનો તે પણ સમ્યક્ત્વ છે. સમસ્ત ધર્મનો આધાર તે પણ સમ્યક્ત્વ છે, અને ધર્મરૂપ અમુલ્ય ચીજને રાખવાને ભાજનરૂપ તે પણ સમ્યક્ત્વ છે. વગેરે વિચાર ભાવ ઉત્પન્ન થવારૂપ ઉપરોક્ત છ પ્રકારની ભાવના ઉપજે.

ज्ञान भूमिकानां ठ स्थान.

જીવનું અસ્તિત્વ, જીવનું સાસ્વત નિત્યત્વ, જીવનું પાપ પુણ્યનું કર્તૃત્વ, જીવનું પાપ પુન્યનું ભુક્તત્વ, જીવનું નિર્વાણત્વ, એટલે મોક્ષત્વ, અને મોક્ષ પામવાના ઉપાય પણ છે એમ નિશ્ચે જાણે: એવી રીતે જ્ઞાન ભૂમિકાનાં છ સ્થાન ઉપજે.

જિનેશ્વર, સિદ્ધાત્મા, ચૈતન્ય, સિદ્ધાન્ત, જિનોક્ત ધર્મ, મોક્ષ માર્ગના સાધક સાધુ, આચાર્ય, ઉપાધ્યાય, ચૌદ પૂર્વ, અને સમ્યક્ત્વ દર્શન એટલા વાનાંનો બહુ વિનય કરવાનો ગુણ ઉપજે. એ રીતેના સ્વાભાવિક ગુણો ઉત્પન્ન થાય છે; અને તે સર્વે વર્દ્ધમાન થઇ, વ્યવહાર સમ્યક્ત્વની દૃઢતા, અને ઉત્તરોતર નિશ્ચય સમ્યક્ત્વની એટલે મોક્ષની પ્રાપ્ત કરાવે છે. માટે તે સમ્યક્ત્વ પ્રાપ્ત ક-

રવા તન મન અને ધનથી મંડ્યા રહેવું એ માણસ માત્રનીજ ફરજ છે; કારણ કે, માણસ શિવાયના બીજા પ્રાણીવર્ગમાં તેની સંપૂર્ણ પ્રાપ્તિનો અભાવ છે.

તોપણ જીવ, ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, રૂપુ, સોનું, ઘરવખરીનો પરચુરણ સામાન, દ્વિપદ,જેવાં કે દાસ, દાસી, ગુમાસ્તા, પોપટ, મેના ઇત્યાદિ; ચતુષ્પદ જેવાં કે, હાથી, ઘોડા, ગાય, ભેંશ, ઊંટ, ઘેટા, બકરા, કુતરાં ઇત્યાદિ; એવો નવવિધ બાહ્ય પરિગ્રહ, તથા સ્ત્રીવેદ, પુરૂષવેદ, નપુંસકવેદ, મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા, લોભ, ઠઠ્ઠામષ્કરિ, પ્રીતિ, તિરસ્કાર, ધાસ્તી, શોક, અને જુગુપ્સા, એમ ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહમાંજ તિવ્રાભિલાષ કરે છે; અને તેમાંજ પરમ સુખ માને છે. તેનું કારણ એજ છે કેઃ— જેમ વાયુ નામનો રોગ વૃદ્ધિ પામવાથી રોગી પુરૂષને વાયડા પદાર્થ ખાવાની રૂચિ કરાવે, તેમ કર્મરૂપ રાજા સર્વ જગતના જીવને પોતાના પંઝામાંજ રાખવા માટે બાહ્યાભ્યંતર પરિગ્રહને વિષે તિવ્રભિલાષ કરાવે, કે જેથી જીવ સંહારાદિ અનેક નવા કર્મ ઉપાર્જે, અને નરકાદિ દુઃખો ભોગવ્યાજ કરે, અને કર્મના કબજામાંથી છુટે નહિ. પણ સમ્યકત્વરૂપ શસ્ત્રવડે કર્મરૂપ મહારાજાના જોરાવર લશ્કરને (કર્મની પ્રકૃતિઓને) હઠાવી તેના પાસમાંથી નિકળી, નિષ્કર્મી એટલે સિદ્ધાત્મા થવાય છે, એટલે આત્માની સિદ્ધ થાય છે, અને અનંત સુખ સધાય છે, સબબ સમ્યકત્વરૂપ શસ્ત્ર પ્રાપ્ત કરવું તેજ પૌરૂષત્વ છે. પણ દરેક વસ્તુ કાળાદિ પાંચ વસ્તુના યોગથીજ બને છે. માટે આ સમ્યકૃત્વની પ્રાપ્તિમાં પણ સુગુરૂ ઇત્યાદિ નિમિત્તોની પ્રાપ્તિ, તેના યોગે જીવનો અપ્રમાદપણે ઉદ્યોગ, તે વડે કર્મનો ક્ષય, જીવમાં સમ્યકૃત્વનો અસ્તિત્વ સ્વભાવ, અને કાળની અનુકુળતા, એ પાંચે વસ્તુઓ જ્યારે મળે ત્યારે જ થાય. હવે જુઓ કે આપણે આર્યક્ષેત્ર તેમજ ઉંચકૂળ પામ્યા છીએ, વળી બ્રિટિશ તેમજ દયાળુ દેશી રાજ્યના પ્રભાવે વિદ્યાભ્યાસ કરી યત્કિંચિત્ પ્રેક્ષાવાનપણુ પામ્યા

છીએ, અને તેની સાથે શાસ્ત્ર પુસ્તકો તેમજ સદ્ગુરૂઓ પણ મળી આવે છે, એ બધાં આપણને મળેલાં ખુલ્લાં નિમિત્તો છે. છતાં આપણા ઉદ્યોગના અભાવે જ્ઞાનાવર્ણીયાદિ કર્મ નિરાવર્ણતાને પામે નહિ, તો પછી આત્મામાં સમ્યકત્વ સ્વભાવ હોવા છતાં પણ કાળ અનુકુળ થવો તે મહા દુર્લભ છે. માટે આળસ, મોહ, અવજ્ઞા, અષ્ટાંગમદ;–જેવા કે–જાતિમદ–લાભમદ–કુળમદ–ઐશ્વર્યમદ–બળમદ –રૂપમદ--તપમદ -અને વિદ્યામદ, ક્રોધ; વ્યસનીપણુ, કૃપણત્વ, ભય, શોક, અજ્ઞાન, વ્યાક્ષેપ, કૌતક, અને વિષય એટલાં વાનાં તજી સુગુરૂ નિશ્રાએ જઇ આપ્તોકત તત્ત્વજ્ઞાન સંપાદન કરવું જોઇએ એ માણસ માત્રની ફરજ છે, અને જેણે જેટલું ગુરૂ નિશ્રાએ તત્વ-જ્ઞાન જાણ્યું હોય તેટલું તે તેણે બીજાઓને જણાવવું એ પણ તેની ખાસ ફરજ છે. તે જો કે મૂર્ખ અને ખળજન માટે નકામું થશે, યદ્યપિ વિચિક્ષણ પ્રેક્ષાવાન સર્વ મતીઓને તો કંઇક ઉપ-યોગી થઇ પડશે, (કારણ કે તાજનો ઉપયોગ રાજાજ કરે છે માટે)

" तत्वज्ञान "

દુનિયામાં જડ અને ચૈતન્ય એવા બેજ પદાર્થ છે; તેમાં ચૈતન્યનો (જીવનો) એકજ ભેદ છે; અને જડ (અજીવ) ના ધર્મ, અધર્મ, આકાશ, કાળ અને પુદ્ગળ એમ પાંચ ભેદ છે.

જે વસ્તુ પોતાના ગુણ અને પર્યાયરૂપે સમય સમય પરિ-ણમે તેને દ્રવ્ય કહે છે, અને તેવો સ્વભાવ પુર્વોકત છ ભેદમાં છે, તેથી તે દરેક દ્રવ્ય કહેવાય છે. સ્વજાતિને નહિ છોડીને જે ચેત-નને અચેતનના નિમિત્તથી એક પરિણતી છોડી દ્રવ્ય અન્ય પરિ-ણતીની પ્રાપ્તિ કરે તે ઉત્પાદ્; પૂર્વ પરિણતીનો નાશ તેને વ્યય; અને પૂર્વ પરિણતીનો નાશ થાય, અને ઉત્તર પરિણતી ગ્રહણ કરે તોપણ પોતાની જાતિને નહિ છોડે તે ધ્રૌવ્ય કહેવાય. ઉ.--

માટીના પિંડનો ઘડો કરવો તે ઉત્પાદ્; પિંડનો નાશ કરવો તે વ્યય; અને પિંડ તથા ઘડા પર્યાયમાંથી માટી પણાનો અભાવ નહિ થવો તે ધ્રૌવ્ય કહેવાય. એવી રીતે જેમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એવી પ્રકૃતિ હોય તેને સત્ અથવા દ્રવ્ય કહે છે.જેમકે ધર્માસ્તિકયા ઇત્યાદિ એવા પૂર્વોક્ત ષટ્ દ્રવ્ય સિવાય બીજું એકે દ્રવ્ય નથી માટે તેનું યથાર્થ જ્ઞાન થાય તો સર્વ જ્ઞાનનો સમાવેશ તેની અંદર આવી જાય છે; એટલે પરમ સુખ, અને નિર્વિકલ્પતા ઉત્પન્ન થાય છે.

(૧) મચ્છની ગતિ પોતાના કર્મ સ્વભાવે છે, પણ તે ગતિને બાહ્ય સહકારી ઉપકાર જળનો છે, એટલે પાણીના આધારે જેમ મચ્છ ગતિ કરે છે, પણ એકલા પોતાના સ્વભાવે કરી શકતો નથી, તેમ જીવ અને પુદ્ગલદ્રવ્ય એ બેમાં ગતિ જણાય છે, તે જીવના કર્માદી નિમિત્તોથી જાણવી, પણ જ્યાં સુધી ધર્માસ્તિકાય હોય ત્યાં સુધીમાં જ ઉક્ત નિમિત્તાનુસાર ગતિ થાય, માટે ધર્માસ્તિકાયનો સ્વભાવ પણ ચલન (ગતિમાન) પદાર્થને બાહ્ય સહકારી ઉપકારક જાણવો.

(૨) અને સ્થીતિમાન પદાર્થના બાહ્ય સહકારી ઉપકારી સ્વભાવ અધર્માસ્તિકાયનો જાણવો. જેમ જમીન ઉપર મચ્છ સ્થિર જ રહે, પણ ગતિ કરી શકે નહિ તેમ જે જે પદાર્થ સ્થીતિમાન હોય તેનું બાહ્ય સહકારી કારણ અધર્માસ્તિકાય જાણવું, અને તેનો સ્વભાવ સ્થિર એટલે સ્થિર પદાર્થને બાહ્ય સહકારી ઉપકારક જાણવો.

(૩) સર્વ દ્રવ્યને અવગાહ (અવકાશ માર્ગ) દેવાનો ઉપકાર આકાશદ્રવ્યનો અથવા આકાશાસ્તિકાયનો છે.

(૪) સમસ્ત દ્રવ્ય પોતપોતાના પર્યાયની રચનાને પોતાના સ્વભાવે વર્ત્તાવે છે. તે વર્ત્તનાના બાહ્ય નિમિત્તને કાળદ્રવ્ય

કહે છે. માટે તેનો સ્વભાવ વર્ત્તના હેતુપણાનો એટલે નવાને જુનું કરવાનો જાણવો.

(૫) જીવને શરીર, વચન, મન, પ્રાણ (શ્વાસ,) સુખ, દુઃખ, જીવન, મરણ, ઇત્યાદિ સર્વ પુદ્ગળનાં કૃત્ય છે.

(૬) જીવનો સ્વભાવ ચૈતન્ય છે, પણ અજીવ દ્રવ્યના નિમત્તે પોતાના વિભાવ પર્યાયપણાને પામેલો એવો આપણો આત્મા આપણને જણાય છે, તો પણ તેમાં ચૈતન્યત્વ ધ્રૌવ્ય છે.

એ પ્રમાણે છએ દ્રવ્ય, ચૌદ રાજલોક અથવા વિરાટ એટલે જામો પહેરીને પોતાની કમ્મરે બે હાથ દઇને ઉભેલા માણસની આકૃતિનો બહુજ મોટો પદાર્થ જાણવો કે જેને આપણે; બધી દુનિયા કહિયે છીએ. તેના ચૌદ વિભાગ તે ચૌદ રાજલોક, અને આખાને લોક વિરાટ કે વૈરાટ કહે છે. તે અત્યંત મોટો છે (તે મોટી સંગ્રહણી ઇત્યાદિ ગ્રંથાંતરથી જાણવું) તેમાં પૂર્વોકત છએ દ્રવ્ય ગાડવામાં ઘીની પેઠે ઠાંસીને ભરેલાં છે, તેમાં કોઇ પણ ભાગ ખાલી નથી તેને લોક કહે છે; અને અલોકમાં તો માત્ર આકાશદ્રવ્ય છે. તે આકાશ ક્ષેત્રમાં આ વિરાટ પોતાના સ્વભાવે નિરાધાર છે તેમાં આવેલાં છ દ્રવ્ય અનાદિ અનંત અને પોતપોતાના સ્વભાવમાં અને પર્યાય રૂપે વિભાવપણામાં રહે છે.

હવે દુર્લભબોધીનાં છ સ્થાનક કહેછે.

૧ અરિહંતનો અવર્ણવાદ કરે. ૨ જિન ધર્મનો અવર્ણવાદી. ૩ આચાર્યનો અવર્ણવાદી. ૪ ઊપાધ્યાયનો અવર્ણવાદી. ૫ ચતુર્વિધ સંઘનો અવર્ણવાદ બોલનાર. ૬ સમ્યગ્ દ્રષ્ટિ દેવતાનો અવર્ણવાદી. એવાં છ પદનું ભૂંડું બોલનાર જીવ બોધિ એટલે સમકિત ધર્મ ન પામે. એથી વિપરિત પણે એટલે અરિહંતાદિકના ગુણ બોલતો જીવ સુલભ બોધિપણાનું કર્મ બાંધે. અનાદિ મિથ્યાત્વિ પહેલો ઉપશમ સમક્તિ પામે. એટલે પહેલાથી ચોથે ગુ-

ણુસ્થાને આવે. મિશ્રે ન આવે, અને સાદિમિથ્યાત્વિ જે સમકિત પામીને પડયો હોય તે પાછો ક્ષયોપશમ સમકિત પામે.

૧ હવે ચરમ પુદ્ગલ પરાવર્તમાં મિથ્યાત્વની મંદતા કારણ પરિપાકના જોરથી થાયછે, જેથી ઇચ્છા વિના સહજે અકામ નિર્જરાથી છેદન ભેદનાદિકથી અનંતાનુબંધીની મંદતાના યોગે કર્મે કરી બહુ વ્યાપક ન હોય તેવારે કષ્ટ માફક નિર્જરા થાય અને કષાયની મંદતાથી નવાં કર્મ ઘણાં બાંધે નહીં, તેથી કર્મ સ્થીતિ રૂપ ધાન્યનો પ્યાલો ઘટાડે, યથા કહેતાં જેમ અનાદિની ચાલેછે તેમની તેમ પ્રવૃત્તીનું કારણ કહેતાં જીવ પરિણામનું પ્રવર્તન છે જ્યાં તે યથાપ્રવૃત્તિકરણ કહીએ. સંસાર ભમતાં જીવ એ કરણ અનંત વાર કરે પરંતુ એ કરણ પરિણામે ભલિતવ્યતાથી આગળ જવાય.

શ્રી જૈન તત્વાદર્શગ્રંથ પૃષ્ટ ૨૬૦માં કહ્યુંછે જે નદી પાષાણની પેરે ઘંચનઘોલના ન્યાયથી જીવ આયુ વરજી શેષ કર્મોની સ્થીતિ ઊંણી એક કોડાકોડી સાગર પ્રમાણ કરતો થકો જે અધ્યાસાય વિશેષ કરીને ગ્રંથી દેશ સુધી આવે તેને યથાપ્રવત્તીકરણ કહેછે અર્થાત યથાપ્રવૃતિકરણે કરીને ગ્રંથી દેશ પ્રાપ્ત થાયછે. ઇહાં જીવ પરિણામ વિશેષ રૂપને કરણ કહેછે.

ગુણસ્થાન ક્રમારોહમાં જે અધ્યવસાએ કરી અનાદિ કાલની ઘન રાગ દ્વેષની ગાંઠના સમિપ પહોંચે તેને યથાપ્રવૃત્તિકરણ કહેછે. ત્રણ કરણમાં એ પહેલું કરણ જાણવું. સમકિત પચીસી ગાથા, ૩ માં પણ એમ છે.

૨ અપૂર્વકરણ-- પહેલાં સંસાર ભમતાં એવું કરણ જે, જીવ પરિણામ વિશેષને પામ્યો નથી માટે અપૂર્વકરણ કહીએ. જેથી નિવિડ રાગદ્વેષની ગાંઠને ભેદવા માંડે, જે ભેદ તે પ્રારંભના અધ્યવસાયને અપૂર્વકરણ કહીએ, જેણે કરી ગ્રંથીભેદતો થકો અંતમુંહૂર્તમાં અનિવૃત્તિ કરણે જાય. અર્થાત અપૂર્વકરણે કરી ગ્રંથી જે રાગદ્વેષની ગાંઠને ભેદે છે.

૩. અનિવૃત્તિકરણ—જે અધ્યવસાય ફલ પ્રાપ્તિ વિના નિવર્તે નહિ (પડે નહિ) એટલે પૂર્વે આવ્યો જે અપૂર્વકરણરૂપ પરિણામ તે પાછો જાય નહિ, વા,શુદ્ધ અધ્યવસાયથી ફરે નહિ તે અનિવૃત્તિકરણ કહીએ. એ કારણ પરિણામે કરી જીવ સમકિત પામે. ॥ દ્રષ્ટાંત ॥ કીડિયોના નગરા ઉપર સ્થંભ ઘાલ્યાછે, ઇંહાં નગરામાં જે કીડિયો છે તે અનાદિ કર્મ સ્થીતિબંધ જાણવો, સ્થંભ પાસે ભૂમિ ઉપર કીડિયો છે તે યથાપ્રવૃત્તિકરણ જાણવું. સ્થંભે કીડિયો ચઢી તે અપૂર્વકરણ જાણવું. અને સ્થંભ ઉપર શિખરે ચઢી જે કીડિયો તે અનિવૃત્તિકરણ જાણવું. તે કરણને અંતે અને અંતકરણને પહેલે સમયે ઉપશમ સમકિત પામે. તે કેવું છે? સંસારરૂપ ગ્રીષ્મ તાપથી તપ્ત થએલા જીવ ને ગોશિર્ષ ચંદનના રસ જેવું અત્યંત શાંતિને આપનારૂ ઉપશમ સમ્યકત્વ પ્રાપ્ત થાય છે. કર્મ ગ્રંથાભિપ્રાયે અનાદિ મિથ્યાદ્રષ્ટિ જીવ પહેલાં કરણ ત્રય પૂર્વક અંતરકરણે ઉપશમ સમકિતિ થઇને ત્રણ પુંજ અવશ્ય કરે પછી જે પુંજ (ઢગલો) નો ઉદય થાય ત્યાં જાય, તે કોદ્રવાને, જળને, અને વસ્ત્રને દ્રષ્ટાંતે શુદ્ધ પુંજે જાય તો ક્ષયોપશમ સમકિતિ થાય, મિશ્ર પુંજનો ઉદય થાય તો મિશ્ર ગુણસ્થાને જાય. અશુદ્ધ પુંજે ગયો તો મિથ્યાત્વિ થાય. હવે સિદ્ધાંતીકનો અભિપ્રાય તો આમ છે જે મિથ્યા દ્રષ્ટિ કરણત્રય કરી અંતકરણ કરે ત્યાં ઉપશમ સમકિત પામે પણ પુંજત્રય કરે નહિ. અંતર્મુહૂર્ત ઉપશમ વેદીને પછી મિથ્યાત્વ ગુણસ્થાનકે જાય. કોઇક જીવ સમકિત પામી પાછો પડી મિથ્યાત્વ ગુણસ્થાને જાય તે ફરી પરિણામની નિર્મલતાએ અંતર્મુહૂર્ત્તને અંતરે સમકિત પામે તથા કોઇક જીવ બહુલકર્મિ અર્ધ પુદ્‌ગલમાંહે ફરી સમકિત પામે એમ અંતરકાલ જાણવો. ક્ષઇહાં યોપશમ અને વેદક એ બેમાં રૂપી પુદ્‌ગલનું વેદવાપણું છે માટે તે રૂપી કહીએ, અને શેષ ક્ષાયક, ઉપશમ સાસ્વાદન એ ત્રણ પુદ્‌ગલરૂપ નથી તેથી તેને અરૂપી કહીએ, એમ સમકિત વિચાર ગર્ભિત વીર સ્તવનમાં કહ્યું છે.

અહીં ક્ષયોપશમને વિષે શુદ્ધ મિથ્યાત્વ પુંજના પુદ્ગલ વિપાકોદય વેદીએ છીએ અને અશુદ્ધ મિથ્યાત્વ પુંજના પુદ્ગલ પ્રદેશોદય વેદીએ છિયે, તેવી રીતે ઉપશમને વિષે સર્વથા કાંઈ પણ વેદવાનું નથી એ બંનેમાં તારતમ્યતા સમજવી. એવા સમકિતવંત જીવોની સર્વ કરણી સફલ છે. કેમકે તે જુઠી ક્રિયામાં રાચે માચે નહીં. એ જે જે કામ કરે છે તે સર્વે આત્માને અધિકારીને જ કરે છે, માટે તેની જે ક્રિયા છે તે અધ્યાત્મ ક્રિયા જાણવી.

॥ यदुक्तं ॥

आत्मानमधिकृत्यय क्रिया क्रियते स अध्यात्म मिति व्युत्पत्यः

વળી કહ્યું છે જે:—

आतम साखे धर्म जे ।
त्यां जननु स्यु काम ॥
जन मनरंजन धर्मनु ।
मुल्य न एक बदाम ॥ ॥ १ ॥

અર્થાત્ આત્મ સાક્ષિ ધર્મ એજ પ્રમાણ છે

નામ સ્થાપના દ્રવ્યને છંડી ભાવ અધ્યાત્મપણું ગ્રહે, ઇન્દ્રિયો જીતે અને અષ્ટ પ્રવચન પાળવેથી એ ગુણ પ્રાપ્ત થાય છે.

“ હવે સમકિતનો સ્વાદ કહે છે. ”

૧ સામાન્યપણે ધર્મ સદ્દહે તે બે પુદ્ગલ પરાવર્તન ફરે.

૨ સામાન્ય માર્ગાનુસારી તે માર્ગાભીમુખી માર્ગગવેષણા, માર્ગ શ્રવણ તે દોઢ, પુદ્ગલ પરાવર્તન ફરે.

૩ જૈન માર્ગાનુસારી તે એક પુદ્ગલ પરાવર્તન કરે.

૪ સમકિત પામ્યાથી અર્ધ પુદ્ગલ પરાવર્તનકાલમાંહે સિદ્ધિ વરે. પણ અધિક કાલ સંસાર ભ્રમણ ન કરે તે ઉત્કૃષ્ટથી જાણવું. વળી તે જીવ જિનનામકર્મ, ૧ મનુષ્યાયુ. ૨ દેવાયુ, ૩ આદે ઉત્તમ પ્રકૃતિનો બંધ પાડે છે.

તે જીવ સમકિતદ્રષ્ટિ જાણવો. જે પોતાનો આત્મા મોક્ષ સ્વરૂપ પરમાનંદ મધે અચલ, અવિનાશી, અનાદિ, અનંત, અબંધ સ્યાદ્વાદ ભાવે જાણે, માને, સદ્દહે, અનુભવે, દ્રવ્યથી જીવ અસંખ્ય પ્રદેશિય શાશ્વત નિત્ય છે, અને પર્યાયથી સમય સમય અનંતો ઉત્પાદ વ્યયરૂપ અગુરૂલઘુ પર્યાય હાનિ વૃદ્ધિ કરે છે, માટે અનિત્ય છે.

તે આત્મા દ્રવ્યાર્થિક નયે કરી સિદ્ધ સમાન છે. વળી નયભંગ પ્રમાણ નિક્ષેપ સહિત શુદ્ધ ચેતન પરમાનંદ મધે મહાનંદી, જ્ઞાન જ્ઞાયક, સકલ કર્મોપાધિ રહિત, લોકાલોકવેત્તા, અનંત, અવિગમ, અક્ષય, ધ્રુવ. મહારસી, સર્વદર્શિ, મોક્ષનું કારણ ધ્યાન ધ્યાતા ધ્યેય છે.

આત્મા એક; એકત્વ, જ્ઞાનગમ્ય, સ્વલ્પ બુદ્ધિ અગોચર એવો મારો આત્મા મુજને ધ્યેય, ઉપાદેય, મોક્ષનો બીજ છે. બીજો સર્વે પરવસ્તુનો સંજોગ છે, તે મારાથી ન્યારો હેયરૂપ સંસ્કાર છે, સંબંધ છે પણ મારો નથી. એવી રીતે મોક્ષાભિલાષિયે ધ્યાવવું.

પુનઃ સમ્યગ્દ્રષ્ટિ જીવને સપ્ત ભય મધ્યેનો એકે ભય ઉત્પન્ન થાય નહિ, શા માટે જે સુખ દુઃખ પુન્ય પાપનું ફળ જાણે છે, આત્માને પુન્ય તથા પાપથી ભિન્ન કરી ધ્યાવે છે, માટે ઇહ લોક પરલોકાદિ ભય જ્ઞાતાને થાય નહિ, પોતાના આત્માને જ્ઞાનમય જાણીને જ્ઞાતા તે સદાકાળ નિર્ભય રહે છે.

શિષ્યઃ—સમકિતિ, સોહં બીજવડે પોતાના આત્માને ધ્યાવે છે તે કેવી રીતે ?

ગુરૂઃ—દ્રવ્ય ગુણુપર્યાયને જાણે એવો અનંત જ્ઞાનમય સોહં, સદાકાલ ચેતન લક્ષણુસોહં, અનાકાર ઉપયોગમય દર્શન, અનંતવંત સોહં, સમસ્ત પરભાવ, પર પરિણુતી પરિણુમન રૂપ પરિત્યાગ મય, સ્વસ્વભાવ ગુણુને વિષે સ્થિરતાવંત, અનંત ચારિત્રમય સોહં, અરૂપી, નિર્મળ, ગુણુવંત, અનંત, વીર્યમય, પરમાનંદમય સોહં. એક,અનેક, નિત્ય, અનિત્ય, સિદ્ધ, બુદ્ધ, અજર, અવિનાશી, અયોગી, અભોગી, અલેશી, અબંધી, અવેદી, અકર્તા, અનાહારી, અશરીરિ, અનાદિ,અત્યંત, અવ્યક્તવ્ય, અપરંપર, એવો પરમાત્માપરમાનંદમય, શિવશંકર, ભગવાન, અવાચી, અતિંદ્રિય, સોહં, ધ્યાન, ધ્યાતા ધ્યેયમય, જ્ઞાન જ્ઞાતા જ્ઞેયમય સોહં, એવો હું પરમાત્મા પરમજ્યોતિ, પરમ શક્તિ, પંચ પરમેષ્ટિ, પરમ પુજ્ય છું. વળી એહીજ આત્મા દ્રવ્યાર્થિક નયે કરી અનંત દર્શનમય છે, શુદ્ધ સંગ્રહ નયે કરી સિધ્ધ સ્વરૂપી છે. પંચાચારનુ નિધાન હોવાથી આચાર્ય છે.

સ્યાદ્‌વાદ સ્વરૂપમય હોવાથી ઉપાધ્યાય છે. મોક્ષ માર્ગ સાધક ભણી સાધુ છે.

સોહં સોહં તત્ત્વમસિ ત્વંપરમાત્માસિ.

એવો પરમાત્માધ્યેય ઉપાદેય રૂપ મુજને સંસારમાં શરણુ છે.

હવે રત્નત્રય રૂપ આત્મધર્મ જ્ઞાનાવરણાદિક કર્મે કરી ઢંકાણો છે. જેમ સૂર્ય આગળ વાદળાં આવ્યાથી તેની કાંતી દબાય છે પણુ અંતરમાં સૂર્યની કાંતી દેદીપ્યમાન છે. કોઇ પણુ ઘટતી નથી તેમજ આત્મશક્તિ જાણુવી, નિરંતર વિષય કષાયાદિક અશુદ્ધ ચેતના રૂપ વિભાવ પરિણુમને કરી મલિન થયો છે, પણુ શુદ્ધ નિશ્ચય નયે કરીને શુદ્ધ જીવ નિર્વિકલ્પ છે. વ્યવહારે મિથ્યાત્વ પરિણામે કરી સંસાર ભ્રમણુ કરે છે, આત્મસ્વરૂપને જાણુતો નથી માટે અજ્ઞાની કહેવાય છે, પરંતુ જ્યારે મિથ્યાત્વનો નાશ થાય છે ત્યારે આ જીવ પોતાનું શુદ્ધ સ્વરૂપ અનુભવે છે.

एगो मे सासओ अप्पा ।
नाण दंसण संजुओ ॥
सेसा मे बाहिरा भावा ।
संव्वे संजोग लक्खणा ॥ १ ॥

ભાવાર્થ—જ્ઞાન દર્શને સંયુક્ત એક મ્હારો આત્મા શાશ્વતો છે, શેષ પુદ્‌ગલભાવ જે છે તે સર્વે મ્હારા સ્વરૂપથી ન્યારા છે. સંબંધે સર્વ પદાર્થ મળે છે, વળી ક્ષણમાં વિખરાઇ જાય છે, તેમાં ચેતનનું શું જાય છે, એમ વિચારી સર્વ પરિગ્રહ દેહ આહાર, ઉપગરણ, ઘર આદે સંબંધ છોડવા જોગ જાણે, અહો હું ચેતન છું, પુદ્‌ગલ જડ છે, હું અરૂપી છું, પુદ્‌ગલ રૂપી છે. હું અમુર્તિ છું, એ મુર્તિવંત છે. હું સ્વભાવી છું, એ વિભાવી છે, હું પવિત્ર છું, એ અપવિત્ર છે, હું શાશ્વતો છું, એ અશાશ્વતા છે, મ્હારો સ્વભાવ જ્ઞાનાદિરૂપ છે, અનો સ્વભાવ પુરણગલનરૂપ છે, મ્હારો અચલિત સ્વભાવ છે, એ પુદ્‌ગલનો ચલિત સ્વભાવ છે. એમ ભેદ જ્ઞાને કરી જીવ નિર્જરા કરે છે. ભેદ જ્ઞાની સાધુરૂપ છે, ઉપશમરસ તે જલરૂપ છે; અંતરાત્મા તે ધોબીરૂપ છે, તે પોતાના ગુણરૂપ વસ્ત્રને ધુવે છે, પુનઃ ભેદજ્ઞાની કેવો છે, જેમ ધૂળધોઇયો ધૂળમાંથી સાર દ્રવ્ય કાઢે છે, અગ્નિ જેમ પથ્થરમાંથી સુવર્ણ કાઢે છે, ડોહોળા પાણીમાંથી જેમ કતકફળ નિર્મળ જળ કાઢે છે; દહીંમાંથી જેમ મનુષ્ય મથન કરી માંખણ કાઢે છે, રાજહંસ જેમ જળ કાઢીને દૂધપાન કરે છે, તેમ ભેદજ્ઞાની પરપુદ્‌ગલ ઉચ્છેદિ નિજ સંપત્તિ વેદે છે એટલે આત્મરિદ્ધિનો વિલાસ કરે છે. ઉત્તમ બોધના સામર્થ્યે પણાથી સમકિત દ્રષ્ટિ જીવને વિષય તૃષ્ણા હોતી નથી, ધર્મરૂપ પથ્યમાં અરૂચિ થતી નથી, ક્રોધરૂપ પાપની ખરજ પણ હોતી નથી; વિગેરે જિનશાસન કુશલતાદિ ગુણો હોવાથી દેવ મનુષ્ય ભવનો આણંદ વિલસિ યાવત્ મોક્ષસુખનો અનુભવ કરે છે. પણ:—

ज्यां लगे आतम द्रव्यनुं, लक्षण नवि जाण्युं ।
त्यां लगे गुणठाणुंभलुं, किम आवे ताण्युं ।
आतम तत्व विचारीए ॥ १ ॥

[यशोविजयजी.]

શુદ્ધોહં—હું શુદ્ધ છું, કર્મમલ રહિત છું, યદ્યપિ વ્યવહારે રાગદ્વેષરૂપ અનાદિ અશુદ્ધ પરિણામે કરી બાંધ્યાં જે આઠ કર્મ તેના ઉદયથી આત્મા મેલો છે તોપણ સમકિતદ્રષ્ટિ જીવ સમક્તિ નામ મહીમાથી આપણા આત્માને નિશ્ચય શુદ્ધ ઉજ્વળ કર્મ રહિત દેખે, માટે જ્ઞાનીજીવ કહે જે હું ત્રિકાલ શુદ્ધ છું.

બુદ્ધોહં—કેવળ જ્ઞાનમય છું, એમ જ્ઞાનીજીવ કહે. યદ્યપિ વ્યવહારે જ્ઞાનાવર્ણી કર્મના ઉદયથી અજ્ઞાની આપણા સ્વરૂપને પ્રત્યક્ષ ન દેખે તોપણ સમક્તિના મહિમાથી જ્ઞાનીજીવ આત્માને અનુમાને કરી કેવળ જ્ઞાનમય અનુભવે, જાણે, માટે આત્મા કેવળ જ્ઞાનમઇ છે. निर्विकल्पोहं, देहातीतो ई આદે સર્વ સ્વરૂપ સમકિતવંત ભાવનારૂપે વિચારે, પૂર્વે બાંધેલા કર્મ ઉદય આવેત્યારે વિકલ્પ ન કરતાં સમભાવે વેદે અને વિચારે જે આત્માએ અસંખ્યાત પ્રદેશે કર્મ બાંધ્યાં છે તે નિર્જરે છે તેથી હર્ષ થાય છે, હવે જો આર્તધ્યાન થશે તો નવીન કર્મ બંધાશે માટે સુખ દુઃખ આવે સમભાવ ધરે.

અહો આત્મા! અનંતા કાલ ચક્રપરાવર્તન કર્યા છતાં હજુ પણ ઘર દિવસ છે. અરે ચેતન! શું ભવનો ભય ભૂલી ગયો. આહા! એવાં તે પૂર્વે શું કર્મ કર્યાં છે, કે જેથી આત્મધર્મમાં વીર્યોલ્લાસ થતો નથી, હે ભદ્રે! શ્રદ્ધા ભાસન, તત્વરમણરૂપ રત્નત્રય ધર્મ સેવન વિના ભવસમુદ્રનો પાર પામવો દુઃષ્કર છે.

તેવા ગુણવાળો ગૃહસ્થ સંસારિક કામ કરે, પણ વેઠરૂપ જાણી કરે છે.

આત્મા ઉપયોગગ્રાહી છે, અને મન પ્રણામગ્રાહી છે. કહ્યું છે કે પ્રણામે બંધ, ક્રિયાએ કર્મ, ઉપયોગે ધર્મ, જે સ્વરૂપમાં રમણ કરવું તે ઉપયોગ કહિયે.

હવે રાગ દ્વેષ કષાય વસ્તુ જડના ઘરની છે, અને જ્ઞાનાદિ વસ્તુ ચેતનના ઘરની છે, માટે જડને પર જાણી, આત્મવસ્તુ પોતાની જાણી તેને વિષે રમણ કરવું. શા માટે જે,—

एगं जाणइ सो सव्वं जाणइ.
॥ इति ॥ आचारांगे ॥

અર્થાત્, જેણે એક આત્માનું સંપૂર્ણ પ્રકારે સ્વરૂપ જાણ્યું છે તેણે સર્વે જાણ્યું છે. આત્મજ્ઞાનના અજાણ તે બાલ એટલે અજ્ઞાની જાણવા, આત્મજ્ઞાનના ઉપયોગ વિના સમકિત કહેવાય નહિ.

તે ઉપયોગ જ્ઞાનમાં છે. આત્મા અને તેના જ્ઞાનાદિ ગુણો તે એકજ છે. જેમ સુવર્ણની ચિકાશ, પીલાશ, ભારેપણું સોનાથી જુદું નથી, તેમજ અભેદે ધ્યાવું એ શુદ્ધ નિશ્ચય કહીએ.

भेद ज्ञान.

હવે ભેદ જ્ઞાન તે શુદ્ધ વ્યવહારમાં છે, માટે ભેદ રહીત (અભેદે) ધ્યાતાં થકાં **सच्चिदानंद पद पामे.** આત્મસ્વરૂપનું જાણવું તે જ્ઞાન શ્રદ્ધા તે દર્શન. તેમાં સ્થિર થઇ રમણ કરવું તે ચારિત્ર, તદ્રૂપ ધ્યાતાં મોક્ષ થાય છે, તે ન બને તો તેનો મનોરથ પણ કરવો.

જેમ હું ભવ્ય છું, કે અભવ્ય છું, એવી આશંકાવાળો ભવ્ય જીવ છે, કારણ કે એ તત્ત્વવેત્તાનુ લક્ષણ છે. હવે વ્યવહારનયથી જીવ અશુદ્ધ પણ કહેવાય, બંધમાં બણાય, કર્તા પણ છે; નિશ્ચયનયથી જ્ઞાનનો કર્ત્તા આત્મા છે, બંધમાં નથી, શુદ્ધ નિર્મલ છે, એમ સ્યાદ્વાદ છે. પરંતુ જેમ ધંતુરાનો રસ પાન કરી

જીવ તરેહવાર નાચે છે તેમ અનાદિ મોહ કર્મરૂપ પર વસ્તુ કારણ પામી પોતાનો શુદ્ધ સ્વભાવ છોડી વિભાવથી મુર્છા પામી રહે છે.

શિષ્ય—શુદ્ધ ચેતનથી રાગદ્વેષ ભિન્ન છતાં બંધ નિદાન કેમ કહ્યો ?

ગુરૂઃ—જીવદ્રવ્યની અશુદ્ધ દશાનું નિમિત્ત કારણ પુદ્દગલ દ્રવ્ય છે માટે જીવ બંધમાં કહ્યો, જ્યાં સુધી મિથ્યા મતિ અહં મમભાવ છે ત્યાં સુધી જીવ કર્મનો કર્ત્તા છે.

હવે બંધ મોક્ષના હેતુ અને સમ્યગ્ જ્ઞાનવાનનું નિરાશ્રવપણું વિગેરે બતાવે છે.

શુભ કર્મ તે પુન્ય, અશુભ કર્મ તે પાપ. એ બેહુ કર્મ પુદ્દગલના પિંડ છે, વિભાવ તે રાગદ્વેષાદિ અને મલરૂપ છે; એ બેહુને વિષે દ્રષ્ટિ રહેવાથી મુક્તિ થાય નહિ. જ્યાં સુધી શુભ અશુભ ક્રિયામાં રમણતા રહે ત્યાં સુધી આત્માની સ્થિરતા થાય નહિ માટે બેહુ ક્રિયા બંધની કરનારી છે. મોક્ષને અટકાવનારી છે. પરંતુ આત્માના અનુભવ ઉપયોગે શુભ ક્રિયા છે તે નિર્જરાનું કારણ હોવાથી જ્ઞાનીને મોક્ષફળદાઇ છે. કષાયનુ મંદપણુ દાન પૂજા શિલ સંવર ઇંદ્રિય નિગ્રહાદિ સર્વે પુન્યનાં કારણ છે. શાતાનાં આપનાર છે, પુદ્દગલ સુખ કરનારૂ છે, સુગતિ આપનાર છે, પરંતુ વિભાવ દશા ઉછેદ કરી આત્મ ઉપયોગે વર્તવું તે તો અવ્યાબાધ સુખનું પુષ્ટ સાધન છે.

હવે અંતર આત્માથી બે ધારા વહે છે. ૧ જ્ઞાનધારા સર્વ દોષની હરનારી, મોક્ષની કરનારી, ૨ બીજી શુભાશુભ કર્મની ધારા તે સ્થિાત રસાદિ બંધની કરનારી છે. ઇહાં કોઈ પુરૂષ અશુભ ક્રિયા કર્મબંધનું કારણ જાણી તજે છે અને શુભ ક્રિયા તે મોક્ષનો હેતુ જાણી આચરે છે, પરંતુ જ્ઞાની તો અંતરદ્રષ્ટિએ

ભિન્ન રહી આત્મસ્વરૂપ ગ્રહી રમણુ કરે છે માટે સદાજ્ઞાની, નિરાશ્રવી કહ્યા.

॥ यतः ॥

ज्ञानी ज्ञान मगन रहे । रागादिक मल खोइ ॥
चित्त उदास करणी करे । कर्म बंध नवि होइ ॥१॥
जाण्युं तो तेनुं भलुं । मोहे नवि लेपाय ॥
सुख दुःख आवे जीवने । हर्ष शोक नवि थाय ॥२॥

ધાવમાતા જેમ બાલકને લાલન પાલન કરે છે, પણુ મનમાં પારકુ જાણે છે, તેમજ સમ્યગ્જ્ઞાની શુભાશુભ ક્રિયા કરે છે પણુ તેને પુદ્ગલરૂપ પરાઇ જાણે છે, તે માટે બંધનું કલંક લાગતું નથી.

॥ यथा ॥

सम्मदिट्ठी जीवो । जइवि हु पावं समायरेकिंचि ॥
अप्पोसि होइ बंधो । जेण न निद्धं धसं कुणइ ॥१॥

ભાવાર્થઃ—સમકિત દ્રષ્ટિ જીવ ગૃહસ્થાશ્રમમાં પાપનાં કામ કરે છે, કાંઇક થોડો બીહતો થકો તપ્ત લોહપદ ધૃતિવત્ નિર્વાહ ચલાવવા સારૂ કરે, પણુ નિર્દયપણે નિર્ધ્વંસપણે ન કરે, તેથી તે પાપનો અલ્પ બંધ કરે છે. જેમ કમલ કાદવમાં ઉત્પન્ન થયું અને જલથી વૃદ્ધિ પામ્યું છતાં લેપાતું નથી, જીભ ચીકણાસ ગ્રહે છે છતાં લેપાતી નથી, લુખીજ રહે છે, સુવર્ણ પાણીમાં છતાં કટાતું નથી. તેમજ જ્ઞાની પુરૂષો નાના પ્રકારની ક્રિયા કરે છે, પણુ તે આત્મ સ્વરૂપથી ભિન્ન માને છે, માટે તે અબંધ જાણુવા.

॥ दूहो. ॥

समकितदृष्टि जीवडा, करे कुटुंब प्रतिपाल ॥
अंतरसे न्यारा रहे, जिम धाव खेलावे बाल ॥ १ ॥

૧. કર્મ વર્ગણાથી સિદ્ધના જીવ બંધાતા નથી. ૨. જિનેશ્વરે ત્રણ જોગમાં છતાં રાગ દ્વેષથી બંધાતા નથી. ૩. સાધુ અના ભોગે (અજાણતા) હિંસા કરતાં અને જિનાજ્ઞાએ પ્રવર્તતાં બંધાતા નથી. ૪. જ્ઞાતા વિષય ભોગવતો છતાં પણ અબંધ છે. કિંતુ, રાગ દ્વેષ મોહ બંધરૂપ અશુદ્ધ ઉપયોગથીજ જીવ બંધાય છે. ઇતિભાવ.

હવે સમ્યગ દ્રષ્ટિ આત્મજ્ઞાની પુરૂષની વર્તણુંક કહે છે.

સમકિતી હોય તે જ્ઞાન વૈરાગ્ય, બેહુ ગુણ ધારણ કરે છે. પ્રભુ પૂજો સમરો ભણો ગણો ઇત્યાદિ વ્યવહાર ક્રિયા કરો તે શ્રેય છે પરંતુ તે સાથે આત્માના દ્રવ્ય ગુણ પર્યાનું ધ્યાવું તે શ્રેષ્ટ છે.

પરિગ્રહાદિ સંજોગ વિયોગને વિશે હર્ષ વિષાદ ધરે નહિ એવો ઉદાસીનતાવંત પંડિત તે પરિગ્રહવંત કહેવાય નહિ, જેમ સ્વેત વસ્ત્રને લોદ્ર ફટકડી હરડેનો પટ દીધા વિના મજીઠથી ભીજવે તો પણ સર્વથા લાલ થાય નહિ. તેમજ સમકિતી રાગ દ્વેષ મોહના પટ વિના રાત દીવસ પરિગ્રહાદિ ભીડમાં રહે પણ પૂર્વ કર્મના ભોગની નિર્જરા કરે છે; અને નવાં કર્મ બાંધે નહિ. શરીરાદિકના ક્ષણિક સુખને જાચે નહિ. વલી કર્મ ઉદયની જે આત્માને ઉપાધિ લાગી રહી છે. તેનાથી ઉદાસ રહે છે. જ્ઞાનદશામાં રહ્યો થકો વ્યગ્રપણાને ઉદ્વેગદશાને પામતો નથી, ઇષ્ટાનિષ્ટ ઉપર સમ દ્રષ્ટિ છે,

ભલા વિચાર રૂપ આચારનું સેવન કરે છે. જીવ શરીરને તલવારમ્યાનવત્ જુદુ જાણે છે, સંસારમાં દ્રવ્યાદિ વસ્તુ ક્ષણભંગુર

છે, ઉત્પતિ તેનો વિનાશ છે, સંજોગ તેનો વિયોગ છે. આવી દ્રષ્ટિએ જુએ છે, જેથી સહેજે મોક્ષ સુખ સન્મુખ થાય છે.

॥ दूहो ॥

त्यजि विभाग दूजो मगन ।
शुद्धातमपद मांहि ॥
एक मोख मारग यहि ।
ओर दूसरो नांहि ॥ १ ॥

અર્થાત્ વિભાવ છોડી સ્વભાવ રમણ કરવું, એજ મોક્ષ માર્ગ છે.

હવે ચાર પુરૂષાર્થ અધ્યાતમરૂપે કહે છે. ૧. ધર્મ. ૨. અર્થ. ૩, કામ, ૪, મોક્ષઃ

કેટલાક જનો કુલ ધર્મને ધર્મ માને છે, સુવર્ણાદિકને અર્થ માને છે, સ્ત્રીયાદિકના ભોગને કામ માને છે, ઇંદ્રના સ્થાનકને મોક્ષ માને છે. પરંતુ પંડિત તો વસ્તુના સ્વભાવને યથાર્થ જાણે તેને ધર્મ કહે છે. ષટ્ દ્રવ્યને જુદાજુદા જાણવા. તે અર્થ, સાધન કહીએ, નિરાસ નિસ્પૃહીદશામાં રહેવું તે જ કામ સાધન કહીએ પોતાની સહજ સ્વરૂપ શુદ્ધતા પ્રકટભાવમાં કરવી તે મોક્ષ કહે છે, એ રીતે ચાર પુરૂષાર્થ સાધવા.

હવે વસ્તુ સ્વરૂપના અજાણુને કેવો કહેવો, જે સમતા સમાધિ ધરતો નથી, પર વસ્તુની મમતામાં મગ્ન થઇ રહ્યો છે, આત્મભાવ જાણ્યો નથી. પરરૂપ પુદ્ગલને આત્મા માને છે તે મિથ્યાત્વી નિર્દયિ, અપરાધી અંધ જાણવો, તેજ કર્મનો બંધ કરે છે, જેમ પ્રભુના ગુણ જાણ્યા વિના ભક્તિ અસાર છે, તેમજ વસ્તુ જાણ્યા વિના ભક્તિ અસાર છે, તેમજ વસ્તુ જાણ્યા વિના ક્રિયા કરે તે જુઠી જાણવી. યથા પોપટ, રામ, રામ, વત્, વળીશ્રી યશોવિજયજી

કૃત અઢારમા પાપસ્થાનકની સઝાયમાં પણ મિથ્યાત્વ છતાં ક્રિયા કરે તે જુઠી કહી છે. વળી શ્રી દેવચંદ્રજી ગણીએ શ્રી મહાવીરપ્રભુના સ્તવનમાં પણ કહ્યું છે જે.

स्वामी गुण ओलखी स्वामीने जे भजे ।
दर्शन शुद्धता तेह पावे ॥

શ્રીપાલજીના રાસની છેલ્લી ઢાલમાં પણ લખ્યું છે કે:—

पायसमां जेम वृद्धिनु कारण ।
गोयमनो अंगुठो ॥
ज्ञानमांहे तेम अनुभव जाणो ।।।
ते विण ज्ञान ते जूठो रे ॥ १ ॥

અર્થાત્ જાણ પુરૂષની ક્રિયા તેજ સત્ય, સિદ્ધિનુ સાધન છે, પરંતુ અશુદ્ધ ક્રિયામાં અમૃત જાણી રહ્યા છેતેને મોક્ષ કેમ હોય. જે મુનિ પ્રમાદ દશામાં વર્તે છે તેને તો શુભ ક્રિયાનુ આલંબન લીધાથી જ સિદ્ધિ થાય છે, અને જે મુનિ આત્મ દશામાં અપ્રમાદપણે વર્તે છે તે તો પોતાનું આલંબન પોતે જ કરે, પ્રમાદી જગ તને જુએ છે, અપ્રમાદી મુક્તિ તરફ જુએ છે.

હવે જ્ઞાતાએ પુષ્ટ આલંબન ગ્રહણ કરવું તે કહે છે.

નવપદનું એકાગ્ર ધ્યાન કરતાંથકાં આત્મ સ્વભાવ સ્ફટીક રત્નવત્ ઉજ્વલ પ્રકટ થાય છે, જેમ સ્ફટીક ઉજ્વલ નિર્મલ છતાં ઉપાધિ જોગે લીલો લાલ દેખાયછે, પણ મૂલ રંગ ફીટે નહિ, તેમજ આત્મા કર્મે કરી લેપાયો થકો સંસારી વિભાવી દેખાય છે પરંતુ એ નવપદ મનનથી કર્મ મલ રહિત સહજ પોતાનો જ્ઞાનાદિક ગુણ ઉજ્વલ પ્રકટ થાય, તેને આત્મદર્શન કહીએ એથી ભવનો

પાર પામે કેમકે જ્ઞાની પુરૂષ જ્ઞાન બલથી ક્ષણમાં કઠણ કર્મ ક્ષય કરે માટે આત્મજ્ઞાન શ્રેષ્ટ છે- દ્રવ્ય ગુણ પર્યાયે કરી ધ્યાવતો થકો અરિહંતાદિક સાથે પોતાના આત્માનુ જે ભેદપણુ તેનો છેદ કરીને અભેદે ધ્યાવે જે મ્હારો આત્મા તેહીજ અરિહંત, તેને ભજતો થકો પોતાનો આત્મા અરિહંતરૂપી થાય, એમ નવપદને વિષે ઉતારવું. ઇહાં નવપદ મધ્યે પહેલું દર્શન પછી જ્ઞાન કહેવાનુ પ્રયોજન એ છે જે

समक्ति विण नवपूरवि अज्ञानी कहेवाय ।

માટે પ્રથમ દર્શન પદ, પછી જ્ઞાન પદ છે, વળી છદ્મસ્થને પહેલાં સામાન્ય ઉપયોગરૂપ દર્શન છે માટે. હવે આત્મજ્ઞાની પુરૂષો કેવી ભાવના કરે છે. જે ઇંદ્રિય જનીત સુખ તે પુદ્ગલનો ખેલ ઇંદ્ર જાળ સમ છે, સડણ પડણ વિદ્ધંસણ પુદ્ગલનો ધર્મ છે, તેમાં લપટાવાથી અનંતો કાલ દુઃખમાં કાઢયો, એમ જિનવાણી હૃદય આણી આત્મ સ્વરૂપ જાણી તેને તદ્રુપે ખીરનીરપેઠે ધ્યાવે તે પ્રાણી કર્માવરણ દુર કરી સીઘ્રપણે સિદ્ધિ વરે, શ્રી તીર્થંકર ભગવાને અસંખ્ય યોગ મોક્ષ સાધનના કહ્યા છે, તેમાં નવપદનું આલંબન લેવું, તે યોગ બલવાન કહેલો છે, મુખ્યપણે નવપદની છાપ મારી, અને આત્મધ્યાન પણ તેહીજ પ્રધાન છે.

વળી વિશેષ આત્મસ્વરૂપ કથન કહે છે.

આત્મા જીવ દ્રવ્ય છે, કોઇનો બનાવ્યો થયો નથી અનાદિ અનંત છે વર્ણ ગંધાદિ રહિત અરૂપી અસંખ્ય પ્રદેશી છે. આત્માનો સુક્ષ્મ અંસ (ભાગ) તેને પ્રદેશ કહે છે, તે એકેક પ્રદેસે આઠ કર્મની અનંતી વર્ગણા વિંટાઇ ગઇ છે જેમ સૂર્યને આડે આવતાં વાદલની પેઠે, હવે તે જ્ઞાનાવરણાદિકના ક્ષયોપશમથી ઇંદ્રિયો અને મનદ્વારાએ આત્માને શબ્દ રૂપાદિકનું જ્ઞાન તથા

માનસીક જ્ઞાન ઉત્પન્ન થાય છે. વળી એકેક પ્રદેસે અનંતીઅનંતી જ્ઞાન દર્શન આવ્યાબાધ સુખની શક્તિ લુપ્ત થએલી તે પણ કર્મ રહિત થવાથી પ્રકટ થાય છે, તેમ કર્મ વસ્યાત્ જીવ નીચે ઉતરી પડે છે, અને તેજ જીવ કર્માવરણ ખસવાથી ઉંચો આવે છે,

૧ કોઇ આત્માને પહેલો માને અને પુણ્ય પાપ પછી માંને તે વારે નિર્મળ આત્માને કારણ વિના કર્મ બંધ અને સંસાર ઘટે નહિ. માટે એ પક્ષ સિદ્ધ નથી.

૨ પહેલું કર્મ અને પછી જીવ થયો, તે પણ ઠીક નહિ, કેમકે જીવનુ ઉપાદાન કારણ કોઇ નહિ, અરૂપિ વસ્તુ બનાવામાં કરતાનો વ્યાપાર નહિ, જીવને કર્મ કરે નહિ. જીવને કરતા વિના કર્મ ઉત્પન્ન હોય નહિ; કર્મને ઇશ્વરે બનાવ્યું કહેશો તો તેનું ફળ પણ ઇશ્વરને ભોગવવું પડશે, જ્યારે કર્મ ફળ ભોગવે તે તો ઇશ્વર નહી. કર્મ બનાવી બીજા જીવોને લગાવે તે ઇશ્વર નિર્દયિ પક્ષપાતિ અન્યાયિ ઠરે છે. કેમકે એકને વગર અપરાધે દુઃખી કરે તો અન્યાયિ, અને સુખી કરે તો પક્ષપાતિ માટે બીજો પક્ષ પણ અસિદ્ધ છે,

૩ જીવ અને કર્મ એક કાલમાં ઉત્પન્ન થાય છે એ પણ મિથ્યા છે, શા માટે જે વસ્તુ ઉત્પન્ન સાથે થવામાં કર્તા કર્મ નહિ હોવાથી તે કર્મનું ફળ જીવને ન હોય, ઉપાદાન કારણ નથી. માટે. વળી ઇશ્વિરે કર્યો કહેશો તો જડ ચેતન વિના પ્રથમ ઇશ્વર કોણ હતા.

૪ જીવચ્ચિદાનંદરૂપ એકલો છે, પુણ્ય પાપ નહિ એ પક્ષ પણ ખોટો છે, કેમકે વિના પુણ્ય પાપ જગતની વિચિત્રતા કદાપિ સિદ્ધ હોય નહિ.

૫ જીવ અને પુન્ય પાપ નથી તે પણ મિથ્યા છે, કેમ કે

જીવ નહિ તે વારે આ નથી એવું જ્ઞાનકોને થયું, જે, છે, નથી, આદિ માટે જીવ અને કર્મનો સંજોગ સંબંધ અનાદિ પ્રવાહથી છે, કર્માનુસારે જીવ ત્રસ સ્થાવરપણું પામે છે, જ્યાં સુધી સંસારી આત્મા કર્મે કરી યુક્ત છે ત્યાં સુધી કથંચિત્‌રૂપી છે. અને કર્મે કરી રહિત શુદ્ધ આત્માની વિવક્ષા કરીએ ત્યારે કંથચિત્ અરૂપી છે. એકાંતરૂપી માનીએ તો જડ સિધ્ધ હોય અને તે કાપવાથી કપાઇ જાય, વળી જો એકાંત અરૂપી માનીએ તો આત્મ ક્રિયા રહિત સિધ્ધ હોય ત્યારે બંધ મોક્ષ બેહુનો અભાવ થાય, વળી શાસ્ત્રકાર જુઠા ઠરે અને દિક્ષા દાનાદિક નિષ્ફળ થાય માટે આત્મા કથંચિત્‌રૂપી કથંચિત્ અરૂપી છે, ઇતિ તત્ત્વ.

હવે જીવ દ્રવ્ય ઉપર ચૌભંગી કહે છે.

૧. જીવ જ્ઞાનાદિ ગુણે અનાદિ અનંત છે એ પ્રથમ ભંગ જાણવો.

૨. જીવ અને કર્મ અનાદિનાં છે, પણ છુટવાથી મોક્ષ થાય છે, એ અનાદિ સાંત બીજો ભંગ જાણવો.

૩. જીવ ચારે ગતીમાં જન્મ મરણ કરે છે તે સાદિ સાંત ત્રીજો ભંગ જાણવો.

૪, જીવ મોક્ષ જાય તેની આદિ છે પણ અંત નથી માટે એ સાદિ અનંત ચોથો ભંગ જાણવો.

હવે પ્રસંગે ત્રણ પ્રકારના આત્માનું સ્વરૂપ કથન કરે છે.

बाहिरात्मा.—પ્રથમ ગુણઠાણે વર્તતો બાહ્ય સંપદાને વિષે રક્ત એટલે શુભાશુભ કર્મવિપાક ફલને ઉદયે રાજરિદ્ધિ પુત્ર પરિવાર દેખી ખુસી થાય, પુદગલ સુખમાં મગ્ન હોય તે બહિરાત્મા કહીએ. યતઃ

॥ दूहो. ॥

पुद्गलसे रातो रहे । जाणे एह निधान ॥
तस लाभे लोभे रह्यो । बहिरातम अभिधान. ॥१॥

૨ अंतरात्मा.—આત્મ સ્વભાવમાં આશક્ત, બાહ્ય સંપદાથી વિરક્તભાવ વર્તે તેમાં લીન થાય નહી, શરીર સહિત જીવ છે પણ નિશ્ચય સત્તા ગુણે સિદ્ધ સમાન છે, એટલે પોતાના આત્માને સિદ્ધરૂપે ધ્યાવે, જે કારણુ માટે કર્મ આવરણથી મુક્ત થઇસ તે વારે તું સિદ્ધ પરમાત્મા થઇશ ઇત્યાદિ જડ ચેતનની વેંચણુ કરતો છતો સ્વસ્વરૂપ વેત્તા પોતાનું એકાગ્ર ચિત્તે ધ્યાન કરતાં ભવનો પાર પામે. કેમકે.—

आत्मा सो परमात्मा. ॥ इति वचनात्. ॥

અહીં આત્મા કર્મ વશાત્ જન્મ મરણુ કરે છે, પણ પંચ-પરમેષ્ટિથી અધિક છે, કારણુ કે પ્રભુ તો મોક્ષ માર્ગ દેખાડનાર છે અને એહી આત્મા તો મોક્ષમાં જવાવાલો છે, માટે હે ભવ્યો એ અંતર આત્માને ભજો ધ્યાવો, એમ અંતરદૃષ્ટિ રાખવી.

જૈન તત્ત્વાદર્શ પૃષ્ટ ૨૯૭ માં શ્રી આત્મારામજી મહારાજ પણ લખે છે જે વર્ણ ગંધાદિ રહિત અતિંદ્રિય, અનુપધી, અબંધી, અક્લેશી, અમૂર્ત્તિ, અવિનાશી, જ્ઞાનાદિ, અનંત, ગુણનું ભાજન, શુદ્ધ ચૈતન્ય, સચ્ચિદાનંદ સ્વરૂપી એવો મારો આત્મા તે નિશ્ચય દેવતત્ત્વ છે. અર્થાત શુદ્ધાત્મ સ્વરૂપનો અનુભવ કરવો એજ નિશ્ચય દેવતત્ત્વ છે. આગમસારમાં પણ આત્માને દેવ પરમાત્મા કહ્યો છે,—સવીર્ય ધ્યાનમાં વ્યક્તિપણે ભિન્ન છું શાકતપણે હું પરમાત્મ સ્વરૂપમઇ છું. કસ્તુરીઆ મૃગની પેઠે પોતાની પાસેજ છે. તે બાહેર ખોલતાં હાથ આવે એમ નથી.

અભિન્ન એટલે અંતરાત્મમાંહે પરમાત્મા છે, વલી લોકા લોક પ્રકાશક જ્ઞાન પણ સરખું છે. ફક્ત એટલો તફાવત છે. કે એક સાવર્ણ વાદલ વાલો સૂર્ય છે અને બીજો વાદલ વીનાનો સૂર્ય છે. અર્થાત્ આત્મામાં પરમાત્મા તિરો ભાવે રહે છે તેને આવિર્ભાવે કરવા ઉદ્યમ કરવો, વળી સમાધિ પદનો વિરહ પડે, ઝુરણા કરે જે મારે ચારિત્રાવર્ણ કર્મના ઉદયથી આત્મગુણની સ્પર્શના તદરૂપે બનતી નથી, તે જ્યારે બનસે ત્યારે ધન્ય કૃતાર્થ કરી માનીસ એવા પરિણામ વર્તે છે જેના તેને અંતરાત્મા કહિએ. તે નિયમા સમકિત દ્રષ્ટિ હોય, અને તે ચોથાથી બારમા ગુણઠાણા સુધી લાભે જે પરભાવથી ઉદાસી એટલે વિરામ પામવાની બુદ્ધિ વાલો હોય, શત્રુ મિત્ર પોતાનો આત્મા જાણે, કોઇથી વેર વિરોધ નથી, વલી વિચારે જે હે ચેતન તે અનંતી વાર ભોગ ભોગવ્યા છતાં હજુ પણ તેની વાંચ્છા કરે છે, પણ વમેલા ભોગ તે વમેલા આહાર સમાન તુજને ભોગવવા યોગ્ય નથી, પરવસ્તુ વિભાવોપાધિ તુજને કેમ ઘટે ! એમ સ્વપરની વ્હેચણ કરે. શ્રી દેવચંદ્રજી મહારાજે શ્રી અભિનંદન સ્વામીના સ્તવનમાં પણ કહ્યું છે જે.

परपरिणामिकताय छे ।
जे तुज पुद्गल योग हो मित ॥
जग्मचल जगनीएठनो ।
न घटे तुजने भोग हो मीत्त ॥ क्यु० ॥५॥

ભાવાર્થઃ—હે ચેતન આ પુદ્ગલ તો જડ છે, ચળ છે, દ્રવ્યેધ્રૂવ છે, પર્યાયે અધ્રૂવ છે, વર્ણાદિ પલટાય છે માટે સર્વ જીવોએ એકેકો પુદ્ગલ પરમાણુ શરિરપણે, ભાષાપણે, મનપણે, આહારપણે, અનંતીવાર લેઇ લેઇને મુકયો છે, તે માટે એ પુદ્ગલતો સર્વ જીવોની એંઠ છે. અને જીવ દ્રવ્ય તો સ્વરૂપભોગી છે

માટે હે ચેતન તુજને એ પુદ્દ્ગલનો ભોગ ઘટતો નથી, કેમકે હંસ તો કે વારે કચરામાં ચાંચ ઘાલેજ નહી. ઇત્યર્થઃ અર્થાત.

॥ दूहो. ॥

पुद्गल भाव रुचे नहि । ताथे रहे उदाश ॥
सो अंतर आतम लहे । परमानंद प्रकाश ॥ १ ॥

॥ ईति अंतरात्म स्वरुपं. ॥

૩. **પરમાત્મા**—તે બે પ્રકારે છે, સયોગી પરમાત્મા, તેરમા અને ચઉદમા ગુણુસ્થાને રહેલા કેવલી તે વ્યવહાર સુદેવ કહિએ તે આલંબનરૂપે ધ્યાવા યોગ્ય છે, બીજા અયોગી પરમાત્મા તે એવં-ભૂત નયે કરી આઠ કર્મથી મુક્ત થઇ આઠ ગુણ પામી લોકાંતે સાદિ અનંતમે ભાંગે વર્તે છે. એવા સિદ્ધ ભગવાંન તે અયોગી પરમાત્મા કહિએ. શુદ્ધાત્મ સ્વરૂપ જે નિશ્ચય દેવતત્વ પ્રકટ કરવા આરિસાવત્ નિનિત્ત કારણભૂત જાણી એ પરમાત્માનું ધ્યાન કરવું, કારણ કે પરમાત્માના આલંબનથી આત્મ સ્વરૂપ જલદી પ્રકટ થાય છે. ઇતિઃ હુવે તે સમકિત વિષે સ્તવન.

અથ શ્રી સમકિત મહાત્મ્ય સ્તવન.

મને અજીતનાથ બહુ પ્યારા છે.—એ દેશી.

ભલો સમકિત રંગ સોહામણો જો,
મીઠો અંક વાલો રળીઆમણો જો. ભલો૦ આંકણી.
એકવાર આવીને જાય છે જો,
તેના ભવ ગણતીમાં ગણાય છે જો. ભલો૦
એ સમકિના બહુ ભેદ છે જો,
જૈન આગમમાંહે લેખ છે જો. ભલો૦ ૧
જે વસ્તુ સ્વરૂપ ગુણ જાણ છે જો,
સત્ય વાતની છાપ પ્રમાણ છે જો. ભલો૦

પડયો મોહ સંસારીની જાલમાં જો,
પણ વસ્તુગતે સુવિચારમાં જો. ભલો૦ ૨
ધાવ્ય બાળ ખેલાવે રંગમાં જો,
અંતરંગ નહી ઊમંગમાં જો. ભલો૦
જડ ચેતન ન્યારા લેખવે જો,
ખીર નીર ને હંસ જ્યું પેખવે જો. ભલો૦ ૩
દેવ ધર્મ ગુરૂનું શ્રદ્ધાન છે જો,
તે સમક્તિનું અહીંધાન છે જો. ભલો૦
એક અંતર મૂહુરત આવીયું જો,
શુદ્ધ સમકિત તેહુને ભાવીયું જો. ભલો૦ ૪
ભવ સ્થીતિ પરિપકવ તે થયો જો,
એમ કેવળ જ્ઞાનીએ કહ્યો જો. ભલો૦
શુદ્ધ ભાષક દંભ નિવારિએ જો,
પાંચ લક્ષણ તેહનાં ધારીએ જો. ભલો૦ ૫
મિથ્યાત વિકાર વિણાસતો જો,
શુદ્ધ આતમ રૂપ પ્રકાશતો જો. ભલો૦
તજી દુર બહિરાતમ આવતો જો,
નીજ અંતર આતમ ભાવતો જો. ભલો૦ ૬
રમે ભાવ અધ્યાતમ જ્ઞાનમાં જો,
અભિલાખ પંચમ ગુણ ઠાણમાં જો. ભલો૦
ભલું ધ્યાન સોહંપદ ધ્યાવતો જો,
ખેમચંદ અમરપદ પાવતો જો. ભલો. ૭

હવે આત્મદ્રવ્યને સમારવાના હેતુ કહે છે.

૧ નિશ્ચયનય તે જીવદ્રવ્ય વસ્તુને દ્રઢતાકરણ હેતુ છે.

૨ વ્યવહાર નય તે જીવના પર્યાય શુભાશુભ કર્મરૂપે જે ભર્યાં છે તેને સમારવાનો હેતુ છે, એટલે વ્યવહાર નયના કેડે

ઉદ્યમ છે, અને નિશ્ચય નયના-કેડે દ્રઢતા સ્થિરતા છે, એવં બંને નય આત્મ વસ્તુને સમારવા હેતુ ભૂત છે. હવે " જ્ઞાન ક્રિયા ભ્યાં મોક્ષઃ "

यथा सूत संग्रह विना मुक्त माल नवि होई ।
तथा स्यादवादी विना मोक्ष न साधे कोइ ॥
॥ इति ॥

હવે સમકિતથી શું સમરે છે, તથા શો ગુણ થાય છે તે કહે છે.

સમકિત પામે ઉપયોગ શુદ્ધ સમરે, તેથી જીવ સમરે, તેથી યોગ સુધરે, તેથી પરિણામ સુધરે, તેથી અધ્યવસાય સમરે, અધ્યવસાયથી શુકલધ્યાન ક્ષપકશ્રેણી આદે પરિપાટી ગ્રંથાંતરે ઘણી છે. ઇતિઃ—

હવે પરમપદની પ્રાપ્તિ સમકિત ગુણથી થાય છે, કેમકે મિથ્યાત્વી જીવો તો કર્મોદયનું સ્વરૂપ જાણતા નથી જેથી પુનઃ પુનઃ નવીન કર્મ બાંધે છે, સુખ દુઃખ આવે હર્ષ વિષાદ કરે છે. અને સમકિતી જીવો તો પૂર્વે કર્મ બંધ પાડી સત્તાએ નાખ્યું છે તે અવસ્ય ઉદય આવેજ. એમ નિશ્ચય કરી સુખ દુઃખ સમભાવે વેદે તેથી નવીન કર્મ બાંધતા નથી માટે કર્મ પ્રકૃતિના સ્વરૂપના જાણ છે તેજ સુજ્ઞ પુરૂષ સુકલપક્ષી ભવ્યજીવ જાણવા.

હવે, અવિરતી સમ્યગ્દ્રષ્ટિ જીવ, જે વિરતીની પ્રાપ્તિ નથી તથાપિ દેવગુરૂની ભક્તિ પૂજા નમસ્કાર, સંઘભક્તિ શાસનોન્નતી કરે છે જેથી પૂર્વે બંધ ન પડયો હોય તો, જિન નામ કર્મ, મનુષ્યાયુ, દેવાયુનો બંધ પાડે છે, કેમકે યથાર્થ જાણતો થકો ઉત્સાહપૂર્વક વર્તે છે માટે.

જેમ કોઈ ધનવંત રૂપવંત બલવંત છે પણ કુવ્યસન લાગ્યું છે તે છુટતું નથી પણ તેને છોડવાની ભાવના બની રહી છે, અને તેને અસાર જાણે છે તેથી નિઃકલંક છે, વલી મનમાં વિચારે છે જે. વર્ણ ગંધાદિ ક્રિયા રહિત યોગ રહિત અતિન્દ્રિય, અવિનાશી, અનુપાધિ, અબંધી અમૂર્ત્તિ, અકલેષી, શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાદિ અનેક ગુણનો ભાજન સચ્ચિદાનંદ સ્વરૂપી એવો મારો આત્મા છે અને એહીજ નિશ્ચય દેવતત્વ છે. ॥ ૧ ॥

એવા શુદ્ધાત્મ સ્વરૂપમાં રમણ કરવું તેજ નિશ્ચય ધર્મતત્ત્વ છે, અને તેજ શુદ્ધ સાધન છે. ॥ ૨ ॥

વલી પોતાના આત્માને મિથ્યાત્વાદિક કુમાર્ગથી હઠાવી સમકિતરૂપ શુદ્ધ માર્ગે ચઢાવે તેજ નિશ્ચય ગુરૂતત્વ કહિએ ॥ ૩ ॥

જેથી આત્મા તુરત પોતાના સ્વભાવમાં આવે, એમ એ ત્રણ તત્ત્વની નિશ્ચલ પરણતી રૂપ શ્રદ્ધાન, તેજ સમકિત જાણવું, તે સમકિતવંતના સર્વ અનુષ્ટાન સફલ થાય છે, કેમકે તે અભ્યંતર દ્રષ્ટિએ વર્તે છે માટે, એવું અદ્વિતીય સમ્યકત્વરૂપ અમુલ્ય રત્ન પામી કોણ પ્રમાદ કરે. ઇહાં શ્રી રૂપ વિજયજી ગણી દર્શનપદ પૂજામાં લાવ્યા છે જેઃ—

काल कराले रंकने हो मित्ता ।
दोहिलो अशन संजोग ॥
पंचामृत भोजन मले हो मित्ता ।
ते तो भाग्यनो जोगरे हुं वार मित्ता ॥
॥ सम० ॥ १ ॥

तीम परमादि जीवने हो मित्ता ।
दूषम काल मोजार ॥

अमृत सम समकित लही हो मित्ता ।
मत परमादे हार रे हुं वारि मित्ता ॥
॥ समकित धरीए बे० ॥१॥

માટે સમક્તિનીજ સરસાઈ શાસ્ત્રમાં કહી છે વલી તે સમકિતની ષટ ભાવના કહે છે.

પુન્યરૂપ વૃક્ષનું મૂલ છે, ધર્મરૂપ નગરનો દરવાજો છે, મોક્ષ રૂપ મહેલનો પાયો છે, મૂલોત્તર ગુણ સંપત્તિનો ભંડાર છે, શ્રુત અને શીલરૂપ રસનું ભાજન છે, સમદમરૂપ ગુણનો પૃથ્વીવત્ આધારભૂત છે. એટલુંજ નહિ પણ નરક તિર્યંચગતીરૂપ દ્વારને આડી ભૂંગલ સમાન, અને દેવ મનુષ્ય મોક્ષ ગતીરૂપ દ્વારને ચાવી સમાન એવા સમકિતરૂપ ચિંતામણી રત્નની કોણ પ્રશંસા ન કરે ! વાહ ! !

ભવસ્થીતિ પરિપકવતાથી અપુનર્બંધક ગુણ પ્રાપ્ત થાય છે, એટલે ફરી કર્મનો ઉત્કૃષ્ટ બંધ ન કરે તે અપુનર્બંધક કહિયે, જે કારણ માટે અંતઃ કોડાકોડીની સ્થીતિ કરીને સીતેર કોડાકોડીની સ્થીતિ ફરી ન બાંધે તે માટે અપુનર્બંધ કહિયે, તે સમકિત સન્મુખ હોય.

જેમ અભયદાનાદિ ધર્મ કરે, આગમ અનુસારે ચાલે, ખોટો કદાગ્રહ ન કરે, તે માર્ગાનુસારી સમક્તિાદિ ધર્મને યોગ્ય હોય તેમ અપુનર્બંધક ગુણની યોગ્યતા જાણવી.

હવે સમકિતનો આદર કેવી રીતે કરવો તે સુગમ રીતે બતાવે છે.

૧ દ્રવ્યથી—કુદેવ, કુગુરૂ, કુધર્મની, સુદેવ, સુગુરૂ, સુધર્મ

બુદ્ધિએ સેવા, પૂજા, વંદના ભક્તિ ન કરૂં, પાત્ર બુદ્ધિએ પોખું નહિ, અનુકંપાએ આપું.

૨ ક્ષેત્રથી—દેશ પરદેશ મિથ્યાત્વ ન સેવું.

૩ કાલથી—જાવજીવ મિથ્યાત્વ ન ભજું.

૪ ભાવથી—સંનીપાતાદિ રોગ રહિતપણું હોય ત્યાં લગે મિથ્યાત્વ ન સેવું. તે નૃપ, ગણ, બલ, સુર, ગુરૂ, ભીષણ વૃત્તિએ છ છીંડી તથા અનથ્થણા ભોગેણં આદે ચાર આગારે સહિત, અતિચારે રહિત સમકિત આરાધું, પાલું, સાત ક્ષેત્રે ધન વાવરૂં, સંઘભક્તિ કરૂં, પંચ પરમેષ્ટિ મહામંત્ર નમસ્કાર સ્મરણ કરૂં.

હાલમાં કોઇને સમકિત ગુણ પ્રગટયો છે, એની પરિક્ષા માટે કહ્યું છે જે શ્રી વીતરાગ અરિહંતદેવનું નામ સાંભળતાં જે જીવને રોમાંચ ખડા થાય. તીવ્ર શોકાવસ્થામાં પણ જેમના ગુણ સ્વરૂપ સાંભળતાં–મુદ્રા નિહાળતાં તમામ શોક દુઃખ પીડાદિ વિસરી જાય, અને અત્યંત હર્ષોલ્લાશ બહુમાનપૂર્વક પ્રગટ થાય, એજ લક્ષણથી સમકીતનો નિરધાર થાય છે.

તેના પર્યાય [નામ] કહે છે.

૧ આસ્તા. ૨ શ્રદ્ધા. ૩ પ્રતિતી. ૪ રૂચિ. ૫ અભિલાષ. ૬ બહુમાન. ૭ તત્વઇહા. ૮ તત્વાર્થ સદ્દહણા. ૯ ગુણ અદભૂતતા. ૧૦ તદ્દવિરહકારકતા. ઇ૦

॥ સમ્યકત્વ સ્વરૂપ કથનં સંપૂર્ણ. ॥

“ किं बहुना. ”

પુર્વોક્ત ગુણથી સર્વ ગુણો પ્રમાણ ભૂત ગણાય છે.

॥ ઇતિ. ॥

॥ अथ श्री रुषभदेव जिन स्तवनं. ॥

॥ મામેરૂં મોંઘા મુલનું,—એ દેશી. ॥

શીર સારદ માત ચરણ નમી, સુબા રવચંદ શેઠ પસાય;
પ્રથમ જિન ગાઈશું.
ધુર ધર્મ લંછન ધર ધોરીનું, નાભીરાય મરૂદેવી માય.
પ્રથમ જિન ગાઈશું. ૧
શત પાંચ ધનુષ દેહડી, જસ કંચન સરખી કાય. પ્રથમ.
વિસરામ વનિતા વખાણીએ, લખ પૂર્વ ચોરાશીનું આય; પ્રથમ. ૨
એહવા શીર ધીર ધણી છતાં, કહો કર્મ કરે કેમ જોર. પ્રથમ.
ફણીધરતણો ભય કેમ ઉપજે, અહો જે વન વિચરે મોર; પ્રથમ. ૩
સિંહ શબ્દ સુણી ગજ કેમ રહે, રવી તેજ થકી તમ ઘોર. પ્રથમ.
જસ ચક્ર રયણ કરે સેવના, તીહાં જોર કરે કેમ ચોર. પ્રથમ. ૪
તેમ તુમે મુજ મન રમતાં થકાં, મહાનંદ સુનંદાના કંત. પ્રથમ.
ભવ અટવી ભ્રમણ ભય ઉપસમે, એમ સેવક ખેમ ભણંત. પ્રથમ. ૫

॥ अथ श्री अजितनाथजिन स्तवनं ॥

દર્શનમાં ગંભીરોજી પ્યારા લાગે. એ દેશી.

મને અજિતનાથ બહુ પ્યારા છે, પ્યારા છે સુખકારા છે;
મને અજીતનાથ બહુ પ્યારા છે.
મોહરિપુને વિદાર્યો છે, મને અજીતનાથ બહુ પ્યારા છે એ આંકણી.૧
જીતશત્રુ વિજયાના જાયા, તીરથપદ દાતારા છે;
મને અજિતનાથ બહુ પ્યારા છે.
ગજ લંછન કંચનમય કાયા, ભવ સંતતી નિવારા છે. મને. ૨
ધ્યાનાનલબલે ઘાતી બાલ્યા, કેવલજ્ઞાન આગારા છે. મને.
દેવે સમવસરણ વિરચાયા, સોપાન એંસી હજારા છે. મને. ૩
સુર અસુર મલી કોટી આવે, યોજન એક વિસ્તારા છે;
ચોમુખ ચૌવિધ ધર્મ દીપાયા, પુરી પરખદા બારા છે. મને. ૪

સવાસો યોજન ઇતીવારા, ચૌત્રીસ અતિષય ધારા છે, મને.
બહુ પ્રાણી પ્રતિબોધી તાર્યા, પ્રાણુ જીવન હમારા છે. મને. ૫
કુરૂણા રસ સિંધુ ભવ પારા, અડવડીયાં આધારા છે; મને.
કર્મ જંજીર કાટન કુઠારા, નરક નિગોદ નિવારા છે. મને. ૬
યોગીશ્વર અવિચળ ગુણ તારા, હૃદયકમલમાં ધાર્યા છે; મને.
સમાધિ વર આપો સુખકારા, ખેમચંદ ઉપગારા છે. મને. ૭

॥ अथ श्री संभवजिन स्तवन ॥

આછેલાલની દેશી.

શ્રી સંભવજિન દેવ–સુરપતી સારે સેવ,
આછેલાલ સ્તવના કરૂ હું તાહરીજી;
તું જગ દીનદયાલ ભવભય ભંજણહાર,
આછેલાલ વિનતડી સુણો માહરીજી. ૧

માત સેના સુત એસ પીતા જીતારી નરેસ,
આછે૦ અશ્વલંછન ઉરૂમાં વસેજી;
ધનુષ ચારસે માન, કાયા હેમ સમાન,
આછે૦ સાવત્થીપુર ઉલ્લસેજી. ૨

ઉજવલ મૃગશીર માસ જન્મ ચતુર્દસી જાસ,
આછે૦ સંજમ પુનમ જિનધરેજી;
પંચમી કારતક માસ લોકાલોક પ્રકાશ,
આછે૦ ઈંદ્રાદિક ઉત્સવ કરેજી. ૩

તાર્યા બહુ નરનાર વાર્યા કર્મ વિકાર,
આછે૦ સમેતસીખરજી સમોસર્યાજી;
આયુ પૂરવલખ સાઠ, એક સહસ મુનિ સાથ,
આછે૦ શિવરમણી સહેજે વર્યાજી. ૪

ધ્યાતા જનને સાર, કરૂણારસ ભંડાર,
આછેં નિશ્ચય સમકિત દીજીએ જી;
હોવે કોડ કલ્યાણ,' ખેમચંદ નિરવાણ,
આછેં નાથ નિરંજન રીઝીએજી. ૫

॥ अथ श्री अभिनंदन जिन स्तवनं ॥

આશનરા યોગી એ દેશી.

વંદન સંવર નંદન સ્વામી,
અભિનંદન વિસરામીરે જગ અંતરજામી,
માત સિદ્ધારથ પુત્ર નગીનો,
જન્મથકી ઓહી ભીનોરે જગ અંતરજામી. ૧

ધનુષ ઉઠસય કંચન કાયા,
નગર વનિતાનો રાયારે; જગ અંતરજામી.
ચરણ કેવલ લહી સંઘને થાપે,
ભવિ મન સંશય કાપેરે. જગ અંતરજામી. ૨

પ્રાકૃત વાણી ગુણની ખાણી,
મીઠી અમીય સમાણીરે; જગ અંતરજામી.
જ્ઞાન ત્રિકાલે જગત નિહાલે,
ચોત્રીસ અતિષય ધારેરે. જગ અંતરજામી ૩

યાન સમાન તરે ને તારે,
મિથ્યા તિમરિ વિદારેરે. જગ અંતરજામી.
કપિ લંછન મુનિ સહસશું સોહે,
સમેતસિખર મન મોહેરે. જગ અંતરજામી. ૪

પૂર્વાયુ લખ અધશત પાલી,
વરીઆ શિવ લટકાલીરે; જગ અંતરજામી.

એ સુખ આપો અચળપદવાસી,
ખેમચંદ શાબાસીરે જગ અંતરજામી. ૫

॥ अथ श्री सुमतिजिन स्तवनं ॥

વારી પ્રભુ દસમા સીતલનાથ કે સુણો એક વિનતી--એ દેશી.

ભવિયણ સુમતિજીનેશ્વર દેવ જગત શીર શોભતો રે લોલ,
ભવિયણ પંચમી ગતી દાતાર સુવર્ણ ઓપતો રે લોલ.
ભવિ૦ મંગલા માત સુજાત કે મેઘરથ રાજીઓરે લોલ;
ભવિ૦ ક્રૌંચલંછન પદ જાસ કૌસીલપુર ગાજીઓ રે લોલ. ૧.

ભવિ૦ કેવલ ઊજ્વલ ચૈતર દીન એકાદસી રે લોલ;
ભવિ૦ પૂજે બરાસ કસ્તુરી અંબર કેસર ઘસી રે લોલ.
ભવિ૦ વીસ સહસ લખ તીન તપોધન સોહીએ રે લોલ.
ભવિ૦ ગણધર ઇગ શત સાર સુજન મન મોહીએ રે લોલ. ૨.

ભવિ૦ અસુરને સુર મળી હેમ રજત ત્રીગડો રચેરે લોલ;
ભવિ૦ ભાવત ગાવત ધ્યાવત ઇંદ્રાણી નચે રે લોલ.
ભવિ૦ પુષ્પવૃષ્ટિ કરે સાર જાનુસમ દેવતા રે લોલ;
ભવિ૦ અણહુતા એક ક્રોડ પ્રભુપદ સેવતા રે લોલ. ૩

ભવિ૦ અષ્ટ મહાપ્રાતિહાર્ય તીરથપતીને થતા રે લોલ;
ભવિ૦ પ્રખદા બાર રસાળ ધ્વનિ સુણી હરખતારે લોલ
ભવિ૦ જીહાં વિચરે જગદીશ સુગાળ ફરતો હવે રે લોલ;
ભવિ૦ તુરીય અતિષય ભાવે વિઘન દુરે રહે રે લોલ. ૪.

ભવિ૦ અનંત ચતુષ્ટયીવંત ગુણોદધિએ ભર્યા રે લોલ;
ભવિ૦ પૂર્વાયુ લખ ચાલીસ પુરી શિવ વર્યા રે લોલ.
ભવિ૦ લળી લળી પ્રણમું પાય અખય સુખ આપજ્યો રે લોલ;
ભવિ૦ ભાવ ભલે ભણે ખેમ નિકટ સ્થલ થાપજ્યો રે લોલ, ૫. ઇતિ.

॥ अथ श्री पद्मजिन स्तवनं ॥

ધવલશેઠ લેઇ ભેટણું—એ દેશી.

કોસંબી નગરી ધણી, ધર નૃપતી જિન તાત હો;
રક્તવરણ રંગીઆમણો, સુસીમા જશ માત હો,
પદ્મલંછન પ્રભુ પદ્મજી. ૧

સોમદેવ ધરે પારણું, પહેલુ વહેલું કીધ હો;
ચૈતર સુદની પુનમે, સ્વામી કેવળ લીધ હો. પદ્મ. ૨

ધનુષ અઢીસય દેહડી, ગણધર એક શત સાત હો;
વાચંયમ ત્રણ લાખ ને, ત્રીસ હજાર વિખ્યાત હો. પદ્મ. ૩

પૂર્વાયુ લખ ત્રીસનું, સમેતશિખર પરિવાર હો;
ત્રણસયાં મુનિ આઠશું, વરીઆ શિવવરમાલ હો. પદ્મ. ૪

ઘેબર ભોજન પરિહરી, રાબ જુગંધરી ખાય હો;
તીરથપતી અરિહા તજી, હરીહરને કોણ ગાય હો. પદ્મ. ૫

શુદ્ધાતમ અવલંબને, ભવસાયરનો પાર હો;
કરીએ ધરીએ ધ્યાનમાં, ખેમચંદ જયકાર હો.
પદ્મલંછન પ્રભુ પદ્મજી. ૬

॥ अथ श्री सुपार्श्वनाथजिन स्तवनं ॥

(લાલનની દેશી.)

પર વિશ્રામી પ્રાણી પ્રહસમે વંદો,
સ્વામિ સુપાસ મુખ પુનમ ચંદો લાલન પુનમ ચંદો;
ચંપક કલીસમ નાસીકા ભાળી,
આંખડી અંબુજ પાંખડીઆળી લાલન પાંખડીઆળી ૧

અષ્ટમી સોમ સમ ભાલ દીપાવે,
કેર્ણ વર્ણનં કરે પાર ન આવે, લાલન પાર ન આવે;

એક સહસ અડ લક્ષણુ ધારા,
અંગનો રંગ ચંગ હેમ રસાલા, લાલન હેમ રસાલા. ૨

ચરણકમલ સેવા સ્વસ્તિક સારે,
બસે ધનુષ પ્રભુ દેહ વધારે, લાલન દેહ વધારે;
નગર વણારસી પ્રતિષ્ટ રાજા,
માત પૃથવી કુખે હુઆ દીવાજા, લાલન હુઆ દીવાજા. ૩

નાણુ ફાગણુ લહે છઠ્ઠ અંધારી,
અગીયાર સહસ છે કેવલધારી, લાલન કેવલધારી;
રક્ષક માતંગ જક્ષ હજુરી,
સંતા નામે રૂડી શાસનસૂરી, લાલન શાસનસૂરી. ૪

વીસ પૂરવ લખ આયુ કહાવે,
સમેતશીખર શત પંચ સધાવે, લાલન પંચ સધાવે;
લીલ વિલાસી ખેમ પૂરણુ આશી,
જાઉ બલીહારી તારી મુક્તિના વાસી લાલન મુક્તિના વાસી. ૫

॥ अथ श्री चंद्रप्रभजिन स्तवनं ॥

(પારણાની દેશી.)

માતા લક્ષમણાનંદન વંદન કીજીએ,
મહાસેન કુલદીપક પ્રચંડ;
તનુ દોઢસો ધનુષ રંગ ઉજલો,
પુર ચંદ્રપતી આઠમા જિણંદ. માતા૦ ૧

ત્રણ રતનના ધોરી ત્રાણુ ગણધરા,
જિનરાજ આગે શાસન પ્રધાન;
ચિદાનંદ વંદુ લંછન છે ચંદનું,
ગાતાં ગુણી ગુણ થાય ગુણવાન. માતા૦ ૨

સુર નિરમલ જલ ઝીલે હંસલો,

કીમ છીલર તે નીરમાંહે નાહ્ય;
વિણુ મેઘધારા ચાતુક ઇચ્છે નહિ,
તેમ ચકોર તે ચંદ પ્રતે ચાહ્ય. માતા૦ ૩

થાય વિકસ્વર પદ્મ રવિ પેખતાં,
વળી વિયોગી જ્યુ દંપતી મેલાપ;
મીન ઉદક મીલન તૃષણા ઘણી,
તીમ રૂચિ મુજ ચિત જિન જાપ. માતા૦ ૪

પુરૂ દશ લક્ષ પુરવનું આઉખું,
વર્યા સમેતશિખર શિવનાર,
એમ તાર ભવપાર તું ઉતારજે,
નમુ શાસ એક માંહે શત વાર. માતા૦ ૫

॥ अथ श्री सुविधिनाथ जिन स्तवनं ॥

ગજરામારૂજીની દેશી.

નવતરૂ પલવની પેરેરે પ્રભુ દીન દીન વૃદ્ધિ લહુંત,
રાજરમા[1] રમણીતણારે ભોગ છડી યોગ ગ્રહુંતરે,
ભોગ છંડી યોગ ગ્રહુંત. ૧

કર્મસુદન તપ ધ્યાનથીરે લહ્યું કેવલજ્ઞાન મહુંત,
હસ્તા મલક[2] પેરે દેખતારે સવી વસ્તુ સ્વરૂપ ભદંતરે
સવી વસ્તુ સ્વરૂપ ભદંતરે. ૨

શાસનરસી કરવા ભણીરે ઉપદેશ ભવિને કરાય,
એ ઉપગાર સંભારતાંરે મારા પુલક[3] પ્રફુલીત થાયરે. મારા૦ ૩

ધર્મ તમોમણિ[4] અન્યનોરે સ્વામિ તુજ મત સૂર્ય કહાય,
તીરો[5] ભાવગુણ જે હતારે તે તો આવિર[6] ભાવે થાયરે તેતો૦ ૪

---

૧ લક્ષ્મી. ૨ હાથેલીમાં પાણી. ૩ રોમાવલી. ૪ આગીઓ. ૫ ગુપ્ત
૬ પ્રકટ.

ગુણગણુ ગૌણુ ગવેખીએરે, પણુ અર્પિત[૭] વચને ગ્રહાય,
પરમ પુરૂષ પરમાતમારે હું તો લળીલળી લાગુ પાયરે. હું તો૦ ૫
તુજ નિરદેશ[૮] હુકમ વિનારે અવિચ્છિન[૯] મારગ ન ઘટાય,
આણાજુતો સંઘ છે રે આજ્ઞાએ ધર્મ મનાયરે. આજ્ઞા૦ ૬
ઉત્સર્ગ ને અપવાદ છે રે વળી નિશ્ચય ને વ્યવહાર,
સ્યાદવાદ પંથ તાહરોરે જીહાં પહેલા પાંચ આચારરે. જીહાં૦ ૭
સુવિધિ જિણેસર સેવતાંરે અનેકાંત[૧૦] સ્વરૂપ ઓળખાય,
મનના મનોરથ માહરારે ખેમચંદ તે સફલા થાયરે. ખેમ૦ ૮

॥ अथ श्री शीतलनाथ जिन स्तवनं ॥

ચાલો સખી સિદ્ધાચળ જઈએ.—એ રાગ.

ભદ્દીલપુર નગરી રાયા, દૃઢરથ તાત નંદા જાયા,
ધન ધન કંચનમય કાયા.
શીતલ જિન શીતલ પદ દીજે, જેમ સેવક કારજ સીઝે. ૧
મુનિવર એક લાખ કહીએ, ગણુધર એકાસી ગ્રહીએ,
તેહમાં નંદ વડા લહીએ. શીતલ૦ ૨
શ્રીવત્છ લંછન સુખધામી, પ્રહુ ગુણુનામી અંતરજામી
પામી કેમ રાખું ખામી. શીતલ૦ ૩
વાચકસૂરિ મુનિ ગુણુખાણી, ખાયક ભાવિ પૂરવનાણી
સમરથ એહવાને જાણી. શીતલ૦ ૪
દુખ દોહગ અઘ તસ વારી, ભવ અરણુવથી દ્યો તારી,
એ અવદાત નથી ભારી. શીતલ૦ ૫
જીવનો છેદ ભેદન કરતો, ધર્મના પંથને પરિહરતો,
સાત વ્યસન સેવન કરતો. શીતલ૦ ૬

---

૭ મુખ્યતા. ૮ આજ્ઞા. ૯ ચાલુ—નિત્ય. ૧૦ એકાંત નહિ.

પાપના સ્થાનક અનુસરતો, ગીતારથ અવગુણ ભણતો,
એમ અજ્ઞાનપણું ધરતો. શીતલ૦ ૭
તે અપરાધી ગ્રહી લીજે, નેક નજર પ્રભુજી કીજે,
વાંક ગુનો બક્ષી દીજે. શીતલ૦ ૮
અધુના તુજ શાસન પાયો, સમરસ મુજ મન સોહાયો,
એહ અનુભવ લય લાયો. શીતલ૦ ૯
લાખ પૂરવ આયુ પાલી, સમેતસીખર પર હું વારી,
એમ કહે વર્યા શિવનારી. શીતલ૦૧૦

॥ अथ श्री श्रेयांसनाथ जिन स्तवनं ॥

હાસ્યા વેસ્યા કહે રાગીજી પ્રીતમ પાતલીઆ એ દેશી.

સ્વામિ શ્રેયાંસ જિણંદાજી જિનવર જયકારી,
જસ જંપે સુરનર ઇંદાજી જિનવર જયકારી.
હું ઝઽયો બહુ સંસારજી જિન૦
અહો કહેતાં ન લહું પારજી જિન૦ ૧
અબ આવ્યો તુજ દરબાર જિન૦
સુણ જગજીવન આધારજી જિન૦
તુજ મુરતી મોહનગારીજી જિન૦
ધરી ધૈર્ય ધીરજથી ધારીજી જિન૦ ૨
દુનિયામાં દેવ ન દુજાજી જિન૦
કરૂ અષ્ટ દ્રવ્યાદિક પૂજાજી જિન૦
મેં આજ થકી અન્ય દેવાજી જિન૦
કોઇ કાળે ન કરૂ સેવાજી જિન૦ ૩
નહીં પ્યારો જવાસાને મેહજી જિન૦
તેમ મિથ્યા ગુણના ગેહજી જિન૦

ઘણુ શીતલ હેમનું જોરજી જિન૦
વળી પક્ષ અંધારૂ ઘોરજી જિન૦ ૪
પણ દીનકરથી સવી નાસેજી જિન૦
તુજ ધ્યાને કરમબલ ત્રાસેજી જિન૦
છઠ્ઠભકત થયા વર નાણીજી જિન૦
ષટ સીત્તેર ગુણગણ ખાણીજી જિન૦ ૫
[1]ચામીકર સરખી કાયાજી જિન૦
સાથ એક હજાર મુનિરાયાજી જિન૦
થયા શિવનારી ભરતારજી જિન૦
ખેમચંદ અચલ પદ ધારજી જિન૦ ૬

॥ अथ श्री वासुपुज्य जिन स्तवनं ॥

ગોકુલ ગામને ગોંદરેરે એ દેશી.

વાસુપુજય જિન વંદીએરે, માત જયાદેવી નંદો લાલ;
ષટ શત સાથે ચંપાપુરીરે, પામ્યા પરમ આણંદો લાલ. વાસુ૦૧
ઉપશમ રસમય દીપતિરે, મનોહર મુર્તિ મોહનગારી લાલ;
દર્શન દુરિત નિવારણીરે, લાગે મુજ મન પ્યારી લાલ વાસુ૦ ૨
આદ્રકુમાર પ્રતિ બુઝીયારે, શ્રી જિનપડિમાને દેખી લાલ,
સિજ્જંભવભટ મુનિ થયારે, તે કેમ જાય ઉવેખી લાલ. વાસુ૦ ૩
રાયપસેણી સૂત્રમાં રે, સુરિઆભ દેવતા પૂજે લાલ;
અનુયોગદ્વારે ઠવણા કહી રે, દેખી દુરમતી ધ્રુજે લાલ. વાસુ૦ ૪
આગમ વિધિ ભાવની વૃદ્ધિએ રે, તદ્‌ગત ચિત્તથી ધ્યાવે લાલ;
દ્વાદશગુણશું એકતા રે, અવિનાશી પદ પાવે લાલ. વાસુ૦ ૫
આશય નિર્મલ ચિત્ત વિશુદ્ધતા રે, રોચક ભાવથી કીજે લાલ;
પૂજા શ્રી જિનરાજની રે, ખેમ કુશળ પદ લીજે લાલ. વાસુ૦ ૬

---

૧ કંચન.

॥ अथ श्री विमलजिन स्तवनं ॥

પરનારીની પ્રીત ભવાભવ છંડીએ લલનાં—એ દેશી.

વિમલ જિનેશ્વર દેવ વિમલ કેવલ વર્યા લલનાં,
ઘનઘાતી અરિ ચાર તે છાર જીસ્યા કર્યા લલનાં;
પોસ સુકલ છઠ દોષ અઢાર રહિત થયા લલનાં,
સમેતસીખર ષટ સહુસની સાથે શિવ ગયા લલનાં. ૧

મજરો કરૂ મહારાજ તે મજરે આણીએ લલનાં,
અલ્પ મતિ હું અજાણ પૂરણ તે પ્રમાણીએ લલનાં;
તુજ ગુણ બેસ વિશેષ હું લેશજ વર્ણવું લલનાં,
પરમ સકલ ફલદાયક નાયક સંસ્તવું લલનાં. ૨

ધર્મ પંથ રથ સારથવાહુજ તું ધણી લલનાં,
મિથ્યા તિમિરહર દીનમણી તુહી ચિંતામણી લલનાં;
પુરૂષોત્તમ પરધાન કે સિંહ સમાન તું લલનાં
ભવ દુઃખ વારક તારક અહો ભગવાન તું લલનાં. ૩

આજ હુવે મહારાજ વિલંબ ન કીજીએ લલનાં,
પૂરવ પ્રીતની રીતથી સમક્તિ દીજીએ લલનાં;
જગ હિતકારી દેવ નજર જો નહીં કરે લલનાં,
તો મુજ સરીખા દાસની આશા કેમ ફલે લલનાં. ૪

સ્યામા માત સુજાત કે કૃતવર્મ રાજીઓ લલનાં,
કાંપીલપુરપતિ જગ જશ પડહો વાજીઓ લલનાં;
ઘટ દાટ જાણ વખાણ શું અધિકુ કીજીએ લલનાં,
ખેમચંદ કહે અજર અમર પદ દીજીએ લલનાં. ૫

॥ अथ श्री अनंतनाथजिन स्तवनं ॥

(આબુ અચલ રલીયામણોરે લાલ—એ દેશી.)

અનંત અનંતર વંદીએરે લાલ,
આતમ વીર્ય ઉલ્લાસ ભવિ પ્રાણી રે;
પરપરણુતી દૂરે કરી રે લાલ,
સમરસ ભાવ વિલાસ, ભવિ પ્રાણીરે. અનંત. ૧
આતમ ધર્મ અનંત છે રે લાલ,
ષટ દ્રવ્યાદિ અનંત ભવિ પ્રાણીરે;
ભેદ અનંતા અનંત છે રે લાલ,
તે જાણે નાથ અનંત, ભવિ પ્રાણીરે. અનંત. ૨
ઉપસમ રસમય દીપતી રે લાલ,
મનોહર મૂરતી સાર, ભવિ પ્રાણી રે;
દર્શન દુરિત નિવારણી રે લાલ,
મુજ મન આણંદકાર ભવિ પ્રાણી રે. અનંત. ૩
ચંદન વૃક્ષે વિંટયો થકો રે લાલ,
ઢીલો થાએ સાપ ભવિ પ્રાણી રે;
શબ્દ સુણી વન મોરનો રે લાલ,
તેમ તુજ વચણે પાપ ભવિ પ્રાણીરે. અનંત. ૪
કાલ ભયંકરે રંકને રે લાલ,
પંચામૃત મળે ભોગ ભવિ પ્રાણી રે;
પંચમ આરે પ્રાણીને રે લાલ,
સમકિત કેરો સંજોગ ભવિ પ્રાણી રે. અનંત. ૫
હું નિરગુણી બાલ દયામણો રે લાલ,
તું પ્રભુતાઇ વરીઠ ભવિ પ્રાણી રે;
દર્શન દીજે દુષમ કાલમાં રે લાલ,
એહીજ ખીમને ઇઠ ભવિ પ્રાણી રે. અનંત. ૬

॥ अथ श्री धर्मनाथ जिन स्तवन. ॥

(રાગ ધૂમર વસંત.)

રત્નપુરી એક રત્ન સમાણી, ભાનુ નરપતી રાય લલના;
ગરભાવાસે ધરમ મત વાધ્યો, સાધ્યો સુવ્રતાદેવી માય.
શ્રી ધર્મધુરંધર ધર્મજી હો, હો મેરે લલનારે;
પાપ કર્મના ભાગ્યા ભર્મ. શ્રી. ૧ ॥ આંકણી. ॥
પામ્યો સુરમણી ધર્મ તુમારો, ફલીઓ સુરતરૂ ઘેર લલના;
મુખડે માગત પાસા ઢલીઆ, ભલીઆ પુન્યની થઇ લેહેર. શ્રી. ૨
પ્રભુ તુજ દરશન પેખત પરસન, ચંદ ચકોરા જેમ લલના;
મધુકર પરિમલ લીન ઉમંગે, ¹વાસરમણી પંકજ તેમ. શ્રી૦ ૩
ગ્રહગણુ જોતી ચંદ છપે નહી, વાદલથી જેમ ભાણુ લલના,
અવર વસ્તુની પાસ કસ્તુરી, તેમ જગ વિસ્તરી તારી વાણુ.શ્રી૦ ૪
કાયર સહુસમાં એકજ સૂરો, મુઢમાં ચતુરા એક લલના,
સિંહ એકાકી અનેક કુરંગા, શ્રેષ્ટ ષટમતમાંહે જૈન વિવેક.શ્રી૦ ૫
મંત્ર માંહે નવકાર વખાણું, ગિરિવર મેરૂ ઉદાર લલના;
દેવ સકલ માંહે ઇંદ્ર સોહાવે, સતીયોમાં શોભે સીતા નાર. શ્રી૦ ૬
સાયર માંહે સ્વયંભૂ વડેરો, રાય માંહે ભરતેશ લલના;
બ્રંભ સવી વ્રત માંહે સેખર, તેમ તુજ જ્ઞાનનું માન વિશેષ. શ્રી૦ ૭
અચલ મહોદય પદ અવિનાશી, ખેમચંદ નમે પાય લલના;
આઠ અધિક શત સાથ સિધાવે, સાદિ અનંતે ભાંગે ઠાય. શ્રી૦ ૮

॥ अथ श्री शांतीनाथ जीन स्तवनं. ॥

(વીર કુંવરની વાતડી કેને કહીએ.)—એ દેશી.

શાંતિ જિણેસર સોલમા ભવિ ભજીએ, ભવિ ભજીએરે ભવિ ભજીએ;
દુરગતી દુઃખ કારણુ તજીએ, ચિત્ત આણી ઠામ. શાંતિ૦ ૧

---

૧ સૂર્ય.

જેમ રાજન ગયો સ્વારીએ પુંઠે દોડે, પગ સેવક ભુંઇ ન મોડે;
ભૂપ અંતરગત નવિ આણે, કેમ કરીએ રાગ. શાંતિ૦ ૨
પણ ભલી ભક્તિ જુક્તિથી જિન ધરીએ, મુખ દેખી ટીલું નવી કરીએ;
શરણાંગત દાસ ઉધરીએ, ધન્ય તું વીતરાગ. શાંતિ૦ ૩
મેઘ ઝરે પણ દાણ કાંઇ ન માગે, નહી રોશ તથા નહી રાગે;
શુભ ઠામ કુઠામની આગે, વરસત એક ધાર. શાંતિ૦ ૪
વાત મુસાલની માતને શું ઉચરીએ, જાણ ચૌદને ચાર શું કહીએ;
મનમોહન કિમ અવગણિએ, તુમે સ્વામિ સુજાણ. શાંતિ૦ ૫
કનકવરણ અચિરાજનિ[1] મૃગ પાયા, એકલાખ વરષનું આયા;
દશ ત્રીસ ધનુષની કાયા, નવ શત મુનિ સાથ. શાંતિ૦ ૬
બે પદ ધર પર પ્રાણીને પદ દીધું, શીવ રમણીતણું સુખ લીધું;
કવિ ખેમનું કારજ સીધું, થયો જયજયકાર. શાંતિ૦ ૭

॥ ઇતિ. ॥

॥ अथ श्री कुंथुजिन स्तवनं. ॥

આવો આવો જસોદાના કંત અમ ઘર આવોરે.—એ દેશી.

મને કુંથુ જિનેશ્વર દેવ લાગે પ્યારારે,
એક ભવ માંહે પદ દોય લહે સુખકારારે;
તજી ષટ ખંડ [1]કોરડી રાજ રિદ્ધિ સવિ છોડીરે,
માર્યો [2]મારને માર અપાર આશા પાસ તોડીરે. મને. ૧
[3]પાજ્ય [4]પારાવાર સંસાર સહેજે તરીયોરે,
તુજ સમકિત રંગ અભંગ મનમાં ધરીયોરે;
અબ ખાડીમાંહે ગાડી ખુતી કાઢોરે,
જાણી ચર્માવર્ત સ્વરૂપ, સેવકને તારોરે. મને૦ ૨

---

૧ માતા.

૧ પૃથ્વી. ૨ કામ. ૩ મોટા. ૪ સમુદ્ર.

સેવે ચેતન રહિત ચિંતામણી[૬]ફલ આપેરે;
તેમ જિન પદ સેવા પાપ તાપ દુઃખ કાપેરે,
તું પ્રભુતાવંત [૫]ભદંત કુરૂણા નંદોરે,
હું પામર જનને આપો પરમાનંદોરે. મને૦ ૩

જલ કતક ફલે શુદ્ધ થાય કમલ વિકસાયરે,
અંધકારનો જાય [૬]સંભાર [૭]કંચાર ઉગાયરે;
નિજ ધર્મ તે સહજ સ્વરૂપ ધર્મ નિર્મલતારે,
વનરાજી ફુલણુ થાય રીતુ રાઈ ભલતારે. મને૦ ૪

તુજ શુદ્ધ નિમિત્ત પ્રભાવથી મુજ શક્તિરે,
ભલો આતમ અનુભવ દાવ ભાવ થાય વ્યક્તિરે.[૮]
પછે ભેદનો કીધો છેદ વેદ ગયો નાશીરે,
કહે ખેમચંદ કર જોડ સાહિબની સાબાશીરે. મને૦ ૫

॥ अथ श्री अरनाथजिन स्तवन. ॥

ગિરિવર દરિશન વિરલા પાવે.—એ દેશી.

સદગુરૂ સરસ્વતી સમરૂં સ્વભાવે,
સ્તવના કરતાં હર્ષ ન માવે;
અરજિન નમતાં અચલ સુખ પાવે. ટેક.

પ્રાણજીવન પરને ઉપગારી,
એક ભવે દોય પદ વિલસાવે. અર૦ ૧

રાય સુદર્શનદેવીના જાયા,
નાગપુરી નગરીમાં વસાવે; અર૦

ત્રીસ ધનુષ કહી કંચન કાયા,
લંછન નંદાવર્ત સોહાવે. અર૦ ૨

---

૫ ભગવંત. ૬, સમૂહ. ૭ સૂર્ય. ૮ પ્રકટ.

ઊજ્વલ કાર્તિક દ્વાદશી દીવસે,
ઘનઘાતિ અરિ ચ્યારજ લાવે. અર૦
નિશ્ચય નાથજી નિર્ભય દાવે,
ગૌતમ સમેતસિખરજી સિધાવે. અર૦ ૩

એક હજાર માહણ મલપંતા,
ચરમ શુકલ દોય પાદ ધરાવે. અર૦
સહસ્ત્ર ચોરાસી વરસનું આયુ,
સાકાર ઊપયોગે શિવ જાવે. અર૦ ૪

કુશળસાગર શાંત સુધારસ,
ચંદન શીતલતા ઉપજાવે. અર૦
અલખ અગોચર તું અવિનાશી,
પાવકની પેરે સીત મિટાવે. અર૦ ૫
યોગી સંયોગી પણ ચિત્ત ધ્યાવે,
ગર્ભાવાસ ફરી ફરી નાવે. અર૦
મેહેર નજર જાચક દુઃખ જાવે,
શ્રાવક ખેમચંદ્ર ગુણ ગાવે. અર૦ ૬

॥ अथ श्री मल्लिनाथजिन स्तवनं. ॥

આજ સફલ દીન ઉગ્યો હો શ્રી સમેતસિખર ગિરિ ભેટવા.—એ દેશી.

મલ્લિ જીનેશ્વર દેવા હો પ્રભુ સેવા ચરણકમલતણી,
માગું પ્રભાવતી નંદ;
કુંભ પિતા કલસાનું હો લંછન પચવીસ ધનુષની,
દેહડી નીલ જિણંદ. મલ્લિ૦ ૧
મેષરાસી મલ્લ જીત્યા હો મોહાદિક મિથુલા નગરીએ,
બ્રહ્મચારી ભગવંત.

એક જોજન વિસ્તારી હો પ્રભુ પ્યારી મધુરી વાણીએ,
પરખદા બાર સુણુંત. મલ્લિ૦ ૨

બહુ પ્રાણી પ્રતિબોધી હો શુદ્ધ સોધિ સમેતસિખરગિરિ,
અણુસણ કરે જિનરાજ;
પંચ પચાસ હજારી હો વરસાયુ પાલી શિવ ગયા,
પંચસયા પરિવાર. મલ્લિ૦ ૩

મૂરતી મોહનગારી હો સુખકારી ઓગણીસમા તણી,
નરભવ નિરખી આજ;
ભાવ અપૂરવ આવ્યો હો મન ભાવ્યો અંતર આતમા,
સિધાં સઘલાં કાજ. મલ્લિ૦ ૪

ભાવારોપ કરીને હો ઠવણા જિન ગાવે ભાવશું,
ભેદ છેદ કરી જેહ;
ખીર નીર પેરે ધ્યાવે હો પદ પાવે અજરામર તણું,
ખેમચંદ કહે તેહ. મલ્લિ૦ ૫

॥ अथ श्री मुनिसुव्रतस्वामि जिन स्तवनं. ॥

સિદ્ધચક્ર પદ વંદોરે ભવિકા.—એ દેશી.

નાથ નિરંજન પરમાનંદી, શ્રી મુનિસુવ્રતસ્વામી,
અંતરજામી અવિચલ ધામી, આતમ ગુણ વિસરામીરે ભવિકા;
એહવા જીનવર વંદો, જેમ લહો સુખ અમંદોરે ભવિકા,
એહવા જિનવર વંદો. ૧. એ આંકણી.

પદ્માવતીના નંદન કેરા, ચરણ પદમ નિત્ય વંદો;
ગુણ બહુ માને ભક્તિતાને, અક્ષય સુખનો કંદોરે. ભવિકા. ૨

દિનકર સમ જસ જ્ઞાન પ્રકાશે, કનકાચલ જ્યું ધીર;
ચંદ્રપરે નિરમલતા જેહની, સાગર વર ગંભીરરે. ભવિકા. ૩

બીજમાંહે જેમ વૃક્ષની સત્તા, ભૂ જલ જોગે વાધે,
તીમ ભવિ આતમ સંપદ પાવે, સત્ય નિમિત જિન સાધેરે. ભ० ૪

નેત્રાનંદ કરી ભવજલ તરી, મૂરતી મોહનગારી,
ઉપશમ રસમઇ આતમ થીર કરી, ગુણ ગાઓ નરનારીરે. ભ० ૫

ઈહ પરભવ આશંસા છંડી, નિર્મલ ચિત્તે ધ્યાવો,
જિનરૂપ દર્પણ આત્મ વિલોકી; સહજાનંદપદ પાવોરે. ભ० ૬

મંદમતિ હું બાલ ન પામું, તુજ ગુણ ગણનો પાર,
શિવસુખદાયક બીરૂદ તુમારૂ, એમ ભવોદધિ તારરે ભાવિકા. ૭

॥ अथ श्री नमिनाथ स्तवन ॥

જેમ જેમ અરિહા પુજીએરે—એ દેશી.

ગુણનિધિ ઉપસમ ઝીલતારે, એકવીશમા અરિહંત સલુણા;
નિર્મલ મતિ શ્રુત જ્ઞાન છેરે, જન્મથકી ઓહીવંત સલુણા.
જેમ જેમ ગુણી ગુણ ગાઈએરે, તેમ તેમ ગુણ પ્રકટાય સલુણા. આંકણી.

ભોગકરમ ફલ ભોગવેરે, રોગ પેરે તજી રાગ સલુણા,
કિંપાક ફલસમ તે ગુણેરે, આદરી વ્રત કરે ત્યાગ સલુણા. જેમજેમ० ૨

ભૂતલ વિચરી ભવ્યનારે, ટાલ્યા મન સંદેહ સલુણા,
કેવલ લહી શિવનારનુંરે, તીલક કર્યું ગુણગેહ સલુણા. જેમજેમ० ૩

વિજય નરેસર રાજવીરે, વિપ્રામાય સુજાય સલુણા,
કનકવરણ મિથિલાપુરીરે, કમલનું લંછન પાય સલુણા. જેમજેમ० ૪

આદિ અક્ષર (द) કરીરે, અંત્ય અક્ષર (न) થાય સલુણા,
તે અંદર (रस) મુકીયેરે, એમ સદા ચિત્ત ચાહ સલુણા. જેમજેમ० ૫

॥ अथ श्री नेमनाथ जिनस्तवन ॥

એક સમય સામલીયોજી વૃંદાવનમાં—એ દેશી

સમુદ્રવિજય કુલ ગુણનીલો મનમોહનજી.
જસ દશ ધનુષની કાય મનડું મોહ્યુંરે મનમોહનજી.
સુંદર સૌરીપુરપતિ મનમોહનજી,
પાયે શંખ શિવાદેવી માય, મનડું મોહ્યુંરે મનમોહનજી ૧
જાન સજાઇ જાદવ કરે, મન. રાય ઉગ્રસેન દરબાર; મન.
નેમિકુમાર સિધાવિયા, મન. બહુ હરખે રાજુલ નાર. મન. ૨
પણ પોકાર પશુ સુણી, મન. રથ વાળ્યો દીનદયાળ, મન.
ભાવિ ભાવ બને સહી, મન. ગયા રૈવતગિરિ ઉજમાલ. મન. ૩
આઠ ભવાંતરની સગી, મન. નવમે છંડી નિરધાર, મન.
વિણુ અવગુણ ઊવેખવી, મન. ન ઘટે તુમને ભરતાર. મન. ૪
મલ્લિ જિણંદ પાખે પ્રભુ, મન. ઘર મંડી છંડી નાર, મન.
તીમ સંજમ ધરજ્યો પછે, મન. કાંઇ ભોગવી સુખસંસાર. મન. ૫
જોર નહિ અબળાતણું, મન. સબળા સાથે તલભાર, મન.
એમ વિલપંતી ચાલતી, મન. ગઇ રાજુલ ગઢ ગીરનાર. મન. ૬
સંજમ લેઇ નિજ શોકયનું, મન. પેઉ પહેલું જોવા રૂપ, મન.
સીઘ્રપણે સધાવીયાં, મન. લહ્યું શાશ્વત સિદ્ધ સ્વરૂપ; મન. ૭
પંચસયા ષટ ત્રીસશું. મન. એક સહસ વરસનું આય, મન.
ખેમચંદ કહે સામલો, મન. શિવસુખડું જોવા જાય; મન. ૮

॥ अथ श्री पार्श्वनाथ जिन स्तवन ॥

રાગ બંગાલો રાજા નહી મલે એ દેશી.

મનમોહન પ્રભુ પાર્શ્વજિણંદ, સેવે સુર નર ઇંદ્ર નરિંદ્ર;
સાહેબ સાંભલો.

મોહમલ્લ જીત્યા માહારાજ, તીણે મુજ ઘેરી લીધો આજ;
સાહેબ સાંભલો. ૧
નરક નિગોદ અનંતી વાર, ભમિયો પણ મુજ નાવ્યો પાર; સા૦
તુમે અમે મલીયા વાર અનંત, સીઘ્રપણે થયા આપ ભદંત. સા૦ ૨
અનંત ચતુષ્ટ પામ્યા સાર, એક પ્રદેશમાં સુખ અપાર; સા૦
નેક નજર કરી આપો તાય, એક અંશે નવી હાની થાય. સા૦ ૩
ગજમુખ નીકસે દાણો એક, કીડી કુટુંબ સહુ ખાય વિવેક; સા૦
એહ અરજ અવધારો રાજ, તુમ સેવકનાં સીઝે કાજ. સા૦ ૪
તું તીર્થંકર જગ મહાદેવ, ભવ ભવ માગુ પદ કજ સેવ; સા૦
તુજ ગુણ ગણ નવી પામું પાર, ચરણ શરણથી ભવ નિસ્તાર. સા૦ ૫
સમ્યગ્ દરશન ફરશન આશ, ભવઅટવી ભય ભ્રમણ વિનાશ; સા૦
રોષ દોષ ભર્યા દેવ અનેક, સમરસ ભાવી તું જિન એક. સા૦ ૬
અશ્વસેન નૃપ વામાનંદ, નીલવરણ મુખ પુન્યમચંદ; સા૦
ઊપગારી રવિચંદ પસાય, ખેમચંદ નીત નીત ગુણ ગાય. સા૦ ૭

॥ अथ श्री माहावीरस्वामीनुं स्तवन ॥

સખી પડવે તે પંથે ચાલ્યારે એ દેશી.

રાય સીધારથ કુલ આયારે, શુદ ચૈતર તેરસ જાયારે;
માતા ત્રીસલાએ હુલરાયા, જગતગુરૂ વીરજી સુખકારીરે,
અહો અક્ષયપદ દાતારી, જગતગુરૂ વીરજી સુખકારીરે. આકણી ૧
કર સાત કનકમય કાયારે, મૃગરાજનુ લંછન પાયારે;
ક્ષત્રીકુંડ નગર સોહાયા. જગ૦ ૨
દેવક્રિડામાંહે બલ કીધુંરે, મહાવીર બીરૂદ સુર દીધુંરે;
લહી ચારિત્ર કેવલ લીધું. જગ૦ ૩
ભગવંત ભવાંત ભદંતરે, જ્ઞાત પુત્ર દેવાર્ય મહંતરે;
વર્ધમાન જસોદાના કંત, જગ૦ ૪

ગણધર અગીયાર ભલેરારે, ગુરૂ ગૌતમ તેહમાં વડેરારે;
મુનિ ચૌદ સહસ સુધરેલા. જગ૦ ૫
શ્રમણી ષટ્ત્રીસ હજારીરે, એક લાખ ઊપર નેમ ધારીરે;
સહસ ઓગણસઠ ઘરબારી. જગ૦ ૬
ત્રણ લક્ષ અઢાર હજારીરે, શુભ શ્રાવિકા મનોહારીરે;
વલી સાતસો કેવલધારી. જગ૦ ૭
અવધિધર તેરસો જાણીરે, મનપર્યવ પાંચસે નાણીરે;
ત્રણસે ચૌદ પુરવખાણી. જગ૦ ૮
શત સાત વૈક્રિય કહાવેરે, વલી ચારસો વાદી સોહાવેરે;
સવિ ચરમ પ્રભુ ગુણ ગાવે. જગ૦ ૯
ઘરવાસ વરષ રહ્યા ત્રીસરે, વ્રતકાલમાં બેતાલીસરે;
ઇમ બહોતેર વરષ જગીશ. જગ૦ ૧૦
પાવાપુરી નગરી આવેરે, પ્રભુ પદમાસન પદ પાવેરે;
એકાકી મોક્ષ સધાવે. જગ૦ ૧૧
સવીતા જલ પક્ષીઓ પીધેરે, નહી ખુટે તીમ તુમ દીધેરે;
મન વાંછીત સેવક સીધે. જગ. ૧૨
રહી ગામ વલાદમાં વાસરે, ભણ્યો રવચંદશેઠની પાસરે;
ખેમચંદ પીતાંબરદાસ. જગ૦ ૧૩

॥ अथ श्री सिद्धाचलजीनुं स्तवन ॥

રંગરસીઆ રંગરસ બન્યો મનમોહનજી—એ દેશી.

ધન્ય કૃતારથ હું થયો મનમોહનજી, જબ ભેટયો સિદ્ધ
ગિરિરાય મનડું મોહ્યુંરે મનમોહનજી;
ભવ્યપણું લહ્યું જેહથી મન, સમકિતગુણ નિર્મળ થાય. મન. ૧

એ ગિરિવર ફરસ્યાથકી, મન. ભવભવનાં પાતીક જાય, મન.
ચાર નિક્ષેપે ધ્યાઇએ, મન. તદગત ચિત આણી ઠાય મન. ૨
નેમવિના ત્રેવીસ પ્રભુ, મન. તે પણ આવ્યા નિરધાર; મન.
પ્રથમ જિણંદ પધારીઆ, મન. કાંઇ પૂરવ નવાણુ વાર. મન. ૩
શત્રુંજયગિરિ મંડણો, મન. શ્રી આદિશ્વર મહાદેવ; મન.
ભવોદધિ યાન સમાન છે, મન. કરૂ ચરણકમલની સેવ. મન. ૪
શુકરાજા જશ ધ્યાનથી, મન. વલી ચંદ્રશેખર ભૂપાલ; મન.
રામ પાંડવ મુક્તિ ગયા, મન. એ તીરથ પરમ દયાલ. મન. ૫
દ્રાવીડ ને વારીખીલ્લજી, મન. કારતક પુન્યમ સુખકાર; મન.
દશકોડી અણગારશું, મન. જે પામ્યા ભવનો પાર મન. ૬
ચૈત્રી પુન્યમને દીને, મન. મુનિવર પણ કોડી સાથ મન;
પુંડરીક ગણધર નમુ, મન. ઝાલ્યો શિવવહુનો હાથ મન. ૭
સકલ તીરથ જાત્રાતણુ, મન. ફલ પામે પ્રાણી જેહ; મન.
શતઘણુ ફલ વિમલાચલે, મન. હોય તેમાં નહિ સંદેહ. મન. ૮
ભાવસહિત એક ડગ ભરે, મન. ગિરિવર સનમુખ રહી દુર; મન.
કોટિ સહસ ભવનાં કર્યાં, મન. તસ થાયે અઘ ચકચુર. મન. ૯
પ્રાયે એ ગિરિ શાશ્વતો, મન ઊદ્ધાર હુઆ બહુવાર; મન.
દુષમકાલે ભવિ જીવને, મન. એ તીરથ શરણાધાર. મન. ૧૦
જન્મ સફલ હોય તેહનો, મન. જશ દર્શન એ ગિરિ થાય; મન.
મનવાંછીત સુખ સંપજે, મન. એમ ખેમચંદ ગુણ ગાય મન. ૧૧

॥ अथ श्रीमंधर जिन स्तवन ॥

બ્રહ્મચર્યપદ પુજીએ એ દેશી.

શ્રી સીમંધર વિનતી, સાંભલો દીનદયાલ હો દેવ,
દુષમ આરે ભરતમાં, પાયો ધર્મ વિશાલ હો દેવ;
શ્રી સીમંધર જિન વિનતી, એ આંકણી. ૧

પુંડરકીણી રૂખમણી ધણી, સત્યકી રાણીના નંદ હો દેવ;
શાસન નાયક જગ સ્તવ્યો, ઇંદ્ર નરિંદ્ર મુણિંદ હો દેવ. સી. ૨
સમક્તિથી કેવલ લગે, લાસે જ્યાં ગુણવંત હો દેવ;
તે જોવા અલજો ઘણો, ભેટાડોને ભદંત હો દેવ. સી. ૩
ષટદ્રવ્ય ગુણ પરજાયના, ભાવપ્રકાશક ભાણ હો દેવ;
દુસ્તર ભવજલધિ પ્રતે, તારણ તુહી વડ વહાણ હો દેવ. સી. ૪
કલ્પતરૂસમ જગ જયો, દેવા વાંછીત દાન હો દેવ;
કુરૂણા નજર પ્રભુ તાહરી, મોટી મેઘ સમાન હો દેવ. સી. ૫
દ્રમક જેમ નિધાનને, પામી લહે સુખશાંત હો દેવ;
તીમ મુજ સરીખા રંકને, તુજ દરસન સામ્રાજ્ય હો દેવ. સી. ૬
પારસમણી ચિંતામણી, મહા માહણ મહાદેવ હો દેવ;
ખેમચંદ નીતનીત પ્રતે, માગે તુમપદ સેવ હો દેવ. સી. ૭

॥ अथ श्रीनावजिन समवसरण स्तवन ॥

[1]વર તો બહુરે રૂપાલો વર તો બહુરે રંગીલો,
વરની ગૌરવરણી[2] જુએ વાટરે નગારાં[3] વાગે ધીમે ધીમેરે. આંકણી.

દેવ સમવસરણ રચના કરેરે, તેનુ વર્ણન કરૂ લેશ માત્રરે ન.
સુર અસુર કીનર કોડી ત્યાં મલેરે, ગુણગાવે પ્રભુના નામી ગાત્રરે ન. ૧
મણી કનક રજત ગઢ ત્રણ કરેરે, એક જોજન તેહનો વિસ્તારરે; ન.
રચે વૃક્ષ અશોક રલીઆમણારે, દ્વાર ચાર દેખાય મુખ ચારરે. ન. ૨
પ્રભુ દીવ્ય ધ્વનિએ દીએ દેશનારે, ગાજે મેઘનીપેરે તે ગંભીરરે. ન.
રત્નજડીત સિંહાસન ઉપર બેસીનેરે, તારે ભવિક ભલજલ તીરરે. ન. ૩
થાય જાનુ પ્રમાણે વૃષ્ટિ ફુલનીરે, વાજે અંબર દુંદુભીનો નાદરે. ન.

(૧) તીર્થંકર, (૨) મુક્તિશ્રી, (૩) દુંદુભિ નાદ.

પુંઠે ભામંડલ ભાનુપેરે દીપતુંરે, કોઇ વાદી ન કરી શકે વાદરે. ન. ૪
ત્રણ છત્ર ત્રીજગપતીને ધટેરે, ચાર બાજુએ ચામર વીઝાયરે; ન.
ઇતિ સાતના ભય સવિ ઉપસમેરે, સાનુકુલ સકલ રૂતુ વાયરે. ન. ૫
મળી ચાર અતિષય ગુણ બારછેરે, જીત્યા રાગાદિ દુષણ અઢારરે; ન.
નખ કેશ પ્રભુજીના વાધે નહીરે, લીએ દીક્ષા તે પછે નિરધારરે, ન. ૬
જીહાં વૈર વિરોધ વાધે નહીંરે, સવી જીવને પુલક પ્રમોદરે; ન.
વિષય[1], સંબંધ[2], પ્રયોજન[3], અધિકારીનેરે, કરે ભાષણ અમીય
સુબોધરે. ન. ૭
સુણી પરખદા બાર ચિત્ત ચમકતીરે, દેખી લોકોતર પ્રભુજીનું રૂપરે. ન.
સુખદર્શન જ્ઞાન અનંતુ વીર્યછેરે, સેવે ઇંદ્ર ઊપેંદ્ર મોટા ભૂપરે. ન. ૮
દેવ છંદે જિણંદજી પધારતારે સાધુવાદ કરે ગણધારરે, નગારાં,
ધન્ય તેહ કૃતારથ પુન્યવંતનેરે જેણે પ્રત્યક્ષ દીઠો એ બનાવરે. નગારાં ૯
પ્રભુ કનકકમલ પગલાં ઠવેરે તીહાં કંટક અધોમુખ થાયરે, નગારાં
ધર્મચક્ર[1], સિંહાસન[2], ચામર,[3] છત્ર[4], [5]ધજરે,
સહુચરી જિણંદને સોહાયરે. નગારાં ૧૦
કરે પંખીઓ પ્રભુને પ્રદક્ષણારે નમે વૃક્ષ લલી લલી પાયરે નગારાં
વાણી પાંત્રીસ અતિષય ચૌત્રીસછેરે તેતો તીરથપતીને ઘટાયરે નગારાં ૧૧
ભલા ભાવથી ભાવ જિનને ભજેરે ભાજે ભાવઠ ભવોભવ પાપરે નગારાં
જિન નામ પ્રદેશોદય જાણીયેરે રસ ઊદયની કેવળજ્ઞાને છાપરે નગારાં ૧૨
જીતશત્રુ વિજયાનો જાયો ગાઇયોરે સુબા રવચંદશેઠના પસાયરે, નગારાં
આજ વીર્યઉલ્લાસ વાધ્યો અંગમાંરે એમ ખેમચંદ ગુણ ગાયરે નગારાં ૧૩

॥ अथ श्री सिद्धचक्रजिनुं स्तवन ॥

જઇને કહેજોરે મ્હારા વ્હાલાજીરે એ દેશી.

શ્રી સિદ્ધચક આરાધીએ મારા વાલ્હાજીરે, કરીએ નિશ્ચલ મન વચ કાય,

ભજીએ ભાવશું મારા વાલ્હાજીરે, અડદલ કમલની પાંખડી; મારા.
મધ્યે અરિહંત ઠાય, ભજીએ ભાવશું મારા વાલ્હાજીરે. ૧
સિદ્ધ સૂરી ઊવઝાયજી મારા, મુનિ પણ દંસણ નાણુ સુહાય; મ.
ચરણ તરણ તારણ તરી મારા, તપ પદ નવ નિર્માય. મ. ૨
વિધિપૂર્વક પૂજા કરો મારા. પડિકમણાં દોય વાર; મ.
દેવવંદણ ત્રણુકાલના મારા, ગરણુ દોય હજાર. મ. ૩
આંબીલ તપ કાઊસગ ધરી મારા, નવ ઓલી નિરધાર. મ.
રોગ સોગ સંકટ ટલે મારા, જેમ મયણા ને શ્રીપાલ. મ. ૪
આસી નિરાસી ભાવથી, મારા૦ તપ કીધો ફલદાય. ભ.
ખેમચંદ ધમીલપરે, મારા૦ પૂર્વે સંપ્રતિરાય. ભ. ૫

॥ अथ श्री शंखेश्वरपार्श्वनाथ जिन स्तवन ॥

શ્રી શંખેશ્વરપાસજી મનમોહન મેરે, ષટ દરશન વિખ્યાત
મનમોહન મેરે.

પંચમ આરે પ્રાણીને, મન૦ સુખસંપતી દાતાર. મન ૧
કલ્પવૃક્ષ પ્રત્યક્ષ તું, મન૦ વિઘન વિદારણહાર. મન
શાસનદેવી સોહતી, મન૦ પદ્માવતી મનોહાર. મન ૨
જીમ સારંગ જલધર ચહે, મન૦ કોકીલ જેમ સહકાર. મન
તેમ તુજપર મુજ પ્રીતડી, મન૦ જીમ જલ પ્રાણાધાર. મન ૩
અહિ લંછન નવ કર તનુ, મન૦ નીલવરણ સુખકાર. મન
અશ્વસેન કૂલ દીવડો, મન૦ વામા કૂખે અવતાર. મન ૪
એકસો વરસનું આઊખુ, મન૦ સમેતસીખર ગિરિરાય. મન
શિવ વરીઆ પ્રભુ ખેમને, મન૦ મળવાનું મન થાય. મન ૫

॥ अथ श्री पार्श्वनाथजिन स्तवन ॥ (मोढेरा)

અજીઆં મુની તો વૈભારગિરિ જઇ વંદીએ—એ દેશી

અજીઆં પ્રણમું પેઊ પરભાવતી,
અજીઆં માત વામાદેવી નંદ મનમોહન હે,
પાર્શ્વ જિનેશ્વર વંદીએ.
અજીઆં મૂરતી મોહન વેલડી, અજીઆં દર્શન પરમાનંદ. મન ૧
અજીઆં દશ ભવ દુઃખદાઈ કમઠને,
અજીઆં દીધો સમકિત રંગ. મન
અજીઆં નેમ રાજુલ ચિત્ર નિરખીને.
અજીઆં ચારિત્ર લીધ ઉમંગ. મન ૨
અજીઆં ચીહુ દીસે આહવું નામ છે,
અજીઆં ષટ દર્શનમાં વિશેષ. મન
અજીઆં ન્હવણજળે નિવારી જરા,
અજીઆં શ્રીપતિ કૃષ્ણ નરેશ. મન ૩
અજીઆં કાલ અનાદિથી હું ભમ્યો,
અજીઆં નરક નીગોદ મોજાર. મન
અજીઆં ચોથું કરણ કર્યા વિના,
અજીઆં રઝળ્યો હું સંસાર. મન ૪
અજીઆં મહીમાવંત મનોહરૂં,
અજીઆં પ્રબલ પ્રતાપ ઉદાર. મન
અજીઆં નાથ નિરંજન તું મળ્યો,
અજીઆં અડવડીઆં આધાર. મન ૫
અજીઆં રંકતણી પેરે રડવડયો,
અજીઆં ચિહુગતી ચોકમોજાર. મન
અજીઆં ભવભય ભ્રમણ નિવારીને,
અજીઆં તાર તાર મુજ તાર. મન ૬

અજીઆં કામીત પૂરણ સુરમણી,
અજીઆં ભાવચિંતામણી દેવ. મન
અજીઆં ખેમચંદ કહે આપજ્યો,
અજીઆં ભવભવ તુમપદ સેવ. મન ૭

॥ अथ श्री धुलेवावासी केसरीयाजीनुं स्तवन ॥

કાહલો પરવત ધુંધલોરે લો—એ દેશી.

શ્રુતદેવી સમરૂ સદારે લો, સદગુરૂ પ્રણમી પાયરે કેસરીઆલાલ,
આદિ જિણંદ ગુણ ગાવતાંરે લાલ, મુજ મન હરખ ન માયરે.
કુંવારી લાલ રીખભજિણેસર વિનતી રે લાલ ૧

નગરી વનિતામાં વસેરે લાલ, નાભી નરેશર તાતરે કેસરીઆલાલ
સોવનવરણ સોહામણારે લાલ, મરૂદેવી જશ માતરે કેસરીઆલાલ ૨

પાંચશે ધનુષની દેહડીરે લાલ, વૃષભલંછન પાયરે, કેસરીઆલાલ
સુનંદા સુમંગલારે લાલ, બે નારી ભરતારરે. કેસ૦ ૩

બ્રામી સુંદરી દો સુતારે લાલ, એકશત પુત્ર વિખ્યાતરે; કેસ૦
ભરત બાહુબલી તેહનારે લાલ, અચરીજ છે અવદાતરે. કેસ૦ ૪

ગણધર ચોરાસી ભલારે લાલ, સહસ ચોરાસી મુનિ સારરે; કેસ૦
ત્રણલાખ શ્રમણી સોહામણીરે લાલ, ત્રણ લાખ પાંચ હજારરે. કેસ૦ ૫

શ્રાવક સમકિતી જાણીએરે લાલ, શ્રાવિકા સુગુણ સુધારરે. કેસ૦
સહસ ચોપન લખ પાંચછેરે લાલ, પ્રભુજીનો પરિવારરે. કેસ૦ ૬

દશ સહસ મુનિરાજશુંરે લાલ, મહાવદ તેરસ દીશરે. કેસ૦
અષ્ટાપદપર પદ વર્યારે લાલ, મૂરતી તાસ જગીશરે. કેસ૦ ૭

મહીમા મહિઅલમાં ઘણોરે લાલ, કોઇ ન લોપે આણરે. કેસ૦
કવડજક્ષ ચક્રેશરીરે લાલ, શાસનદેવ સુજાણરે. કેસ૦ ૮

મરૂધર માલવ દેશનારે લાલ, ગુજરાતી ગોલવાડરે. કેસ૦
સોરઠ કચ્છ હુલારનારે લાલ, આવે જોવા દેદારરે. કેસ૦ ૯
ઝાડી વિકટ વન વાટમાંરે લાલ, દેખી ધ્રુજે પાયરે. કેસ૦
પાહાડ પથ્થર પાણી પેખતાંરે લાલ, થરથર કંપે કાયરે. કેસ૦ ૧૦
ધૂલેવ નગર ધુરંધરૂરે લાલ, દેશ મેવાડ મોજારરે. કેસ૦
દરશન તરશન કારણેરે લાલ, મુજમન હુરખ અપારરે. કેસ૦ ૧૧
ભુવન બાવન પરસાદનોરે લાલ, સુંદર શીખર ઊતંગરે. કેસ૦
સંવત ઓગણીસ તેત્રીસેરે લાલ, કાર્તીક પુનમ દીન ચંગરે. કેસ૦ ૧૨
સામલી મૂરતી સોહુતીરે લાલ, અનોપમ આંગી રચાયરે. કેસ૦
પૂજા ભણાવે પૂજા રચેરે લાલ, અહોનિશ જાચક ગાયરે. કેસ૦ ૧૩
જમેદપુરના સંઘવીરે લાલ, શેઠ હુરજીવનદાસરે. કેસ૦
ભાવ ધરી જિન ભેટીઆરે લાલ, સંઘની પુગી આશરે. કેસ૦ ૧૪
બાળક બુદ્ધિ માહુરીરે લાલ, તુજ ગુણનો નહી પારરે. કેસ૦
સંક્ષેપથી મેં સંસ્તવ્યારે લાલ, જલધિ મવે જેમ બાલરે. કેસ૦ ૧૫
ગુર્જરદેશ મનોહરૂરે લાલ, રાજનગર રળીઆતરે. કેસ૦
ગામ વળાદ છે માહુરૂરે લાલ, દશા શ્રીમાલી નાતરે. કેસ૦ ૧૬
ભાવ ભલીપેરે ભાવીઆરે લાલ, તારક બિરૂદ ઉદારરે. કેસ૦
ખેમચંદ કહે ખાંતથીરે લાલ, ભવોદધિ પાર ઊતારરે. કેસ૦
રીખભજિણેસર વિનતીરે લાલ, કેસ૦ ૧૭

॥ अथ गाम लखतरमां प्रतिष्ठा विषे स्तवन ॥

ઓચ્છવરંગ વધામણાં પ્રભુ પાસને નામે—એ દેશી.

પ્રથમ જિણેસર પ્રેમથી પદપંકજ વંદુ,
ઠવણ નિખેપોધ્યેયનો ધ્યાતાં આણંદુ. ૧
ભક્તિ કરૂ ભલી શક્તિએ નરભવ વર પામી,
મુજ ગુરૂ ઊપગારી સુબા રવચંદ શીરનામી. ૨

લક્તર ગામ મનોહર જિન મંદીર દીપે,
શીખરબંધ કાંતી પ્રભુ તરણીને જીપે. ૩

સંઘવી ફુલચંદ આગ્રહે રાજનગરથી આવે,
મગનલાલ ટોળી ભલી વિદ્યાશાળાથી લાવે. ૪

સોભાગ્યવંતી શ્રાવિકા આવે ગુણરાશી,
વિધિકારક સેનાભાઇ પેથાપુર વાસી. ૫

સજી સણગાર ચઢાવીઓ વરઘોડો ભારી,
જલયાત્રા જિન જોવતાં હરખે નર નારી. ૬

અન્ય મતિ આણંદતા આડંબર દેખી,
સજ્જન જેમ ચિત્ત ચમકતા વર નાટક પેખી. ૭

સંવત ઓગણીસ સાત્રીસે શ્રાવણમાં ભાવે,
શુભ મૂહૂરત વદ અષ્ટમી ધુર જિન પધરાવે. ૮

સ્નાત્ર મહોત્સવ પુજ્યની પૂજા વિરચાવે,
સોહાગણ સખીયો મળી ભલાં મંગળ ગાવે. ૯

પ્રભુ પધરાવી ઊચરે વ્રત ચોથું ઊમંગે,
ફુલચંદભાઇ ઊજવે પાંચમ તપ રંગે. ૧૦

દ્રવ્યભાવ પૂજા ભણી આગમ અધિકારી,
આસ્તિક ભાવે જે કરે થાય નિર્જરા સારી. ૧૧

દર્શન નાણ ચરણ તણી બહુ પુષ્ટી કરજો,
આચાર દીનકર ગ્રંથનો અનુભવ દીલ ધરજ્યો. ૧૨

સમકિત નિરમલ કારણે એ કરણી કરજ્યો,
ખેમચંદ ભવિયણ તુમે ભવસાયર તરજ્યો. ૧૩

॥ श्री अमदावाद जैन विद्याशालामां समवसरण रच्युं तेनुं स्तवन ॥

આવો ગિરિ સિદ્ધાચલ જઇએ—એ દેશી.

ચાલો ભાઇ સમવસરણુ જઇએ, પ્રથમ જિનવર સનમુખ રહીએ;
સમય વિધિ આણુ શીર વહીએ, ચાલો૦ ૧

પ્રથમ ઓગણી સત્તરમાંહે, સ્થાપન કરી વિદ્યાશાળા ત્યાંહે;
સુખા રહ્યા બાર વરસમાંહે. ચાલો૦ ૨

અનુક્રમે એકતાલા વરષે, નવીન કરી શાળા મન ઉલ્લસે;
માંડયો ઇહાં મહોત્સવ બહુ હરષે, ચાલો૦ ૩

મનસુખભાઇ શેઠની સહાઇ, અગ્રેસરી મગનલાલભાઇ;
શાળાવાળા ભાઇ સમુદાઇ. ચાલો૦ ૪

કારતક વદમાં મુહુરત સારે, પ્રગટ કર્યું પાંચમ ભૃગુવારે;
[5]સરે [4]યુગ [9]અંક [1]ભૂમિ સાલે, ચાલો૦ ૫

રચ્યું રૂડું સમવસરણુ ભારી, મળી સહુ સંઘ મનોહારી;
ચૌમુખ જિન વંદે નરનારી, ચાલો૦ ૬

અનોપમ આંગી વિરચાવે, ભલી ભલી પૂજાઓ ગાવે;
નાટક ગીત વાજીંત્ર નીત થાવે, ચાલો૦ ૭

દર્શન કરવાને આવે, દેશાવરી લોક ઘણુ ભાવે;
પ્રભુપદ પ્રણમી સુખ પાવે, ચાલો૦ ૮

કસુંબાવાડા માંહે કોડે, રચ્યું બીજું સમવસરણુ હોડે;
જોવા જોગ જેહ બન્યું જોડે, ચાલો૦ ૯

મુનીવર મોહનલાલ રંગે, કર્યું પુરૂ ચૌમાસુ ચંગે;
ભવિક લહે બોધ જેના સંગે, ચાલો૦ ૧૦

ગામ વળાદતણો વાસી, એમ કુશલ પદનો આશી;
સુખા રવીચંદ્રની સાબાશી, ચાલો૦ ૧૧

અથ ગામ મગોડી શ્રી મહાવીરજિન સ્તવન.

અહો અહો પાસજી મુજ મળીયારે,—એ દેશી.

શ્રુતદેવી નમું શીર નામીરે ગુરૂ ગૌતમ અંતરજામીરે;
જિન શાશન નાયક સ્વામી, નમો નમો વીરજી સુખકારીરે.
અહો અક્ષયપદ દાતારી. નમો. ૧

રાય સિધારથ કુલ આયારે, સુદ ચૈતર તેરશ જાયારે;
માતા ત્રીસલાએ હુલરાયા. નમો. ૨

કર સાત કનકમય કાયારે, મૃગરાજનું લંછન પાયારે;
શુદ્ધ ચરણબળે શિવ ઠાયા. નમો. ૩

ભગવંત ભવાંત ભદંતરે, જ્ઞાતપુત્ર દેવાર્ય મહંતરે;
વર્ધમાન જશોદાના કંત. નમો. ૪

જસ મૂરતી મોહનગારીરે, સહી શાંત સુધારસ કયારીરે;
પ્રીતી પૂર્વક લાગે પ્યારી, નમો. ૫

પાષાણની પડિમા સાતરે, વૈસાલીક ને નેમનાથરે;
દોય કાઉસગીઆ ત્રણ સાથ. નમો૦ ૬

૯નિધિ ૪વેદ ૯નિધિ ૧શશી સાલેરે, *મધુ ÷બહુલ દસમ ભોમવારરે;
રૂડુ મુહુરત છે નિરધાર. નમો૦ ૭
ખેડુ દેવાના ખેત્ર મોજારરે, જીહાં પ્રગટયા ત્રિભોવનપાળરે;
એતો ગામ મગોડી મોજાર. નમો૦ ૮
પૂર્વે અઢાર બાવન વરષેરે, આદિનાથ આદે બિંબ ત્રીસરે;
નિકળેલા એ ક્ષેત્રે જગીશ. નમો૦ ૯
ઇહાં દર્શન કરવા લોકરે, મળી આવે થોકાથોકરે,
લહે પુન્યાનુબંધી રોક. નમો. ૧૦
તુજ વંદન કરવા ભાવેરે, સંઘ ગામ વળાદથી આવેરે;
પ્રભુ પ્રણમી આણંદ પાવે. નમો. ૧૧

---

* ચઈતર. ÷ અંધારી.

શ્રેણિક સુલસાદિક પ્રાણીરે, દીધું જિનપદ કરૂણા આણીરે;
એતો વરશે શિવપટરાણી. નમો. ૧૨

ભમ્યો નરક નિગોદ મોઝારરે, પામ્યો નરભવ વર શ્રીકારરે;
હવે તાર તાર મુજ તાર. નમો. ૧૩

માગુ બોધી બીજ સુખદાયરે, સુબા રવચંદ શેઠ પસાયરે;
એમ ખેમચંદ ગુણ ગાય, નમો. ૧૪

अथ गाम लणवावाला शा. पानाचंद अमरशीना उजमणानुं वर्णन.

સુણજ્યો સાજનારે.—એ દેશી.

શ્રી સરસ્વતિના ચરણકમલ નમી, પ્રણમી સદગુરૂ પાયાજી;
ઉપગારી રવીચંદ પસાએ, ગુણવંતના ગુણ ગાયા. ગુણીજન સુણજ્યોજીરે.
જિનગુણ માલ રસાલ, કંઠે ધરજ્યોજીરે. ૧ એ આંકણી.

અઠાઇ મહોત્સવ ઉજમણાનો, કીધો મન ઉલ્લાસેજી;
પાનાચંદ અમરસી લણવા, ગામ ધેનુચની પાસે. ગુણીજન. ૨

ત્રણ પુત્ર તસ જેષ્ટ આલમસી, જેહ ગયા પરલોકજી;
છગનલાલ ને મગનલાલ છે, વિદ્યમાન ઉદ્યોગ. ગુણીજન. ૩

શ્રાવક ભાવક પુન્ય પ્રભાવક, જૈન ધરમના રાગીજી,
દેવ ગુરૂની ભક્તિકારક, ભદ્રક ગુણ વડભાગી. ગુણીજન. ૪

જ્ઞાનને દરસન ચરણ દીપાવે, જિન સાસન સોહાવેજી;
વીસસ્થાનક તપ ઓળી કરીને, વીસસ્થાનક ગુણ ગાવે. ગુણીજન. ૫

સંવત ઓગણીસ બાવન વરષે, *માધવ માસ મોઝારજી;
વદ પાંચમથી કીધી રચના, ઉજમણાની સાર. ગુણીજન. ૬

---

* વઈશાખ.

શ્રી જિનરાજ જગત ઉપગારી, પ્રણમું હું નિત ભાવજી:
ભવ્ય કમલ પ્રતિબોધ દીવાકર, તારણ ભવજલ નાવ. ગુણીજન. ૭
મૂલનાયક શ્રી પાર્શ્વજિણંદની, ઉત્તમ આંગી રચાવેજી;
ચડતે રંગે અતિ ઉમંગે, પૂજા સ્નાત્ર ભણાવે. ગુણીજન. ૮
ન્યાય મારગથી દ્રવ્ય રળીને, પુન્યક્ષેત્રમાં આપેજી:
માનવભવ તસ સફળ ગણીજે, સંચિત્ત પાતીક કાપે. ગુણીજન. ૯
વદ અગીયારસ વરઘોડાની, શોભા બની બહુ સારીજી:
તે જોવાને ગામોગામના, આવે નર ને નારી. ગુણીજન. ૧૦
મંડપની રચના રઢીઆલી, વાજીંત્ર બહુ રણુકારજી:
આઠ દીવસ લગે જમણવારનો, સ્વામીવત્સલ સુખકાર. ગુણીજન. ૧૧
અક્ષય સુખસાગર ગુણ આગર, વિનતડી ચિત્ત લીજજી;
શાસવતુ સુખ અક્ષયપદનું, એમચંદ કહે દીજે. ગુણીજન. ૧૨

अथ गाम देहेगाम उजमणा विषे.

પધરાવે પધરાવે આદીશ્વર પધરાવેરે.—એ દેશી.

વિરચાવે વિરચાવે ઉજમણું વિરચાવેરે, હઇડે હરખ ન માવે.
ઉજમણું વિરચાવેરે, સાંકળીબાઇ ભલા ભાવે. ઉ. ૧ એ આંકણી.
પાંચમ તપના ઉજમણાનો, વરઘોડો કરે ભાવે. ઉ.
ઓગણીસે અઠાવન વરષે, માહા સુદ તેરસ ઠાવે. ઉ. ૨
સમવસરણની રચના કીધી, ચૌમુખ પ્રતિમા પ્યારી. ઉ.
જ્ઞાન ચરણ દરસનનાં સાધન, શાસન ઉનતીકારી. ઉ. ૩
દશાશ્રીમાલી શ્રાવક જ્ઞાતી, ખુશાલચંદની નારી. ઉ.
પૂજા ભણાવે આંગી રચાવે, ગુણ ગાવે સુખકારી. ઉ. ૪
ગાવે ગીત સોહાગણ નારી, સંઘ સકલ મનોહારી. ઉ.
અઠાઇમહોત્સવ સ્વામીવત્સલ, કરે પ્રભાવના સારી. ઉ. ૫

મૂલનાયક મુનિસુવ્રતસ્વામી, જિન ઘરમાં જયકારી. ઉ.
ભાવ અપૂરવ ભક્તિ કરતાં, બોધી લહે નિરધારી. ઉ. ૬
પહેલા વહેલી રચના રૂડી, જોઇ હરખે નર નારી. ઉ.
મંડપની શોભા બહુ સારી, પેખત લાગે પ્યારી. ઉ. ૭
પરિગ્રહ પંકમાંહે નવી પડીઆ, વિરલા તે નર નારી; ઉ.
ધેંગા મસ્તાઇમાં ધન ખરચે, તેતો જાય દાવ હારી. ઉ. ૮
ધાર્મિક ખાતામાં ધન વાવે, તેની જાઉં બલીહારી; ઉ.
ખેમચંદ કહે અવસર પામી, સાધો શક્તિ સંભારી. ઉ. ૯

अथ श्री संघ वर्णन. शत्रुंजय स्तवन.

નેક નજર કરો નાથજી.—એ દેશી.

આજ ઓચ્છવ રંગ વધામણાં,
ગીરીરાજતણાં લેઉ ભામણાજીહો;
ગુણ ગાઓ ગિરિરાજનાં,
પ્રભુ આદિ જિણંદ મહારાજના જીહો.
ગુણ ગાઓ ગિરિરાજના. આંકણી. ૧

ઓગણીસ ઓગણસાઠ સાલમાં,
પોસ સુદ ત્રીજ ને *ભૃગુવારમાંજીહો. ગુણ.
કરે મહુરત નગરની બાહીરે,
છોટાલાલ ઝવેરી જાહીરે. જીહો. ગુણ. ૨

મુનિ સિદ્ધિવિજય આદે સોહતા,
ઘણાં ઠાણાં સુજન મન મોહતાજીહો. ગુણ.
જિન મંદીર સાથે દીપતું,
તે તો મોહ કટકને જીપતું જીહો. ગુણ. ૩

---

* શુકરવાર.

સૌભાગ્યવંતી ગીત ગાય છે,
ભલા વાજીંત્ર નાટક થાય છે જીહો. ગુણ.
દેશ સોરઠ પંથ સધાવતા;
જિન ચૈત્ય વંદી ગુણ ગાવતા જીહો. ગુણ. ૪
નીત્ય સ્વામિવત્છલ પરભાવના,
દાન દીએ જાચકને સુહમના જીહો. ગુણ.
વલી જીરણોદ્ધાર સુધારવા,
ધન ખરચે ભવ ધુઃખ વારવાજીહો. ગુણ. ૫
સંઘ સાજનની શોભા ઘણી,
એક મુખે જાએ કેમ વરણવી જીહો. ગુણ.
જતાં તીરથ વાટે આવતા;
જાત્રાળુજનો ભેળા થતા જીહો. ગુણ. ૬
ટોળી વિદ્યાશાળાની વખણાય છે,
રાત્રીજગો પૂજા ભણાવાય છે જીહો. ગુણ.
ગામોગામનાં સામઇયાં થાય છે;
ધવળમંગળ સોહાગણ ગાય છે જીહો. ગુણ. ૭
ધૈર્ય ગંભીર ઔદાર્યવંત છે,
સમતારસ ઇંદ્રી દમંત છે જીહો; ગુણ.
ન્યાયરાગી નિપુણ મતિવંત છે,
શુદ્ધ શ્રદ્ધા ભદ્રિક ગુણવંત છે જીહો. ગુણ. ૮
એમ ગુણગણ શોભીત અંગ છે,
તેમ ભાષણ પણ અતિ ચંગ છે જીહો; ગુણ.
શ્રાદ્ધ વિધિ શ્રાવક ગુણ જે કહ્યા,
તે તો પ્રગટ સંઘવીમાં લહ્યા જીહો. ગુણ. ૯
ભલી છહરી પાલીને સધાવતા,
ગિરિરાજ સમીપ જબ આવતા જીહો; ગુણ.

સોના રૂપાને ફુલડે વધાવતા,
ગિરિરાજ તણા ગુણ ગાવતાજીહો. ગુણ. ૧૦
માનુ સિદ્ધિ સૌધ ચઢવા ભણી,
ગિરિરાજની પાજ નીસરણીજીહો; ગુણ.
ઠવણા જિન આદિ જુહારતાં,
દીલ ભાવ જિણંદ સંભારતાજીહો. ગુણ. ૧૧
દ્રવ્ય ગુણ પરજાયશું ધ્યાવતા,
કુડા કર્મ કટકને હઠાવતાજીહો. ગુણ.
ત્રણલોક પૂજીત પ્રભુ તાહરૂં,
મુખ દીઠે મોહ્યું મન માહરૂજીહો. ગુણ. ૧૨
પૂર રાજા મુનિ જિન તું થયો,
તુજ આગમ વયણે મેં લહ્યોજીહો. ગુણ.
જીહાં અનંત મુનિ મુગતી વર્યા,
જશ આલંબને ભવિ ભવ ર્યાજીહો. ગુણ. ૧૩
શરણાંગત સેવક કીજીએ,
બોધીબીજ દયાલુ દીજીએ હો. ગુણ.
ભવસંતતી વારો માહરી,
નિત્ય સ્તવના કરૂં છું તાહરીજીહો. ગુણ. ૧૪
કરે તીરથ ને પ્રદક્ષણા,
રૂડી રથયાત્રાની નહી મણા હો. ગુણ.
પછે તીરથમાળ ધરાવતા,
કરી પુરણ હરખ ઘર આવતાજીહો. ગુણ. ૧૫
સુબા રવિચંદ શેઠ પસાયથી,
આયો સિદ્ધગિરિ રાય ઉલ્લાસથી જીહો. ગુણ.
ખેમચંદ અરજ ઉરમાં ધરો,
એક જિનશાસન રસીયો કરોજીહો. ગુણ. ૧૫

॥ अथ गाम प्रांतीज उजमणा विषे. ॥

વરઘોડો વરઘોડો વાલમનો વરઘોડોરે. એ દેશી.

વિરચાવે વિરચાવે ઉજમણુ વિરચાવેરે,
પોચાલાલભાઇ ભાવે ઉજમણુ વિરચાવેરે;

જ્ઞાનપાંચમ તપ આદર ભગતી, યોગ અવંચક ભાવે. ઊ. ૧
ઓગણીસે ઓગણસાઠ વરષે, શુભ મૂહૂરત દીન આવે. ઊ.
વઇશાખ સુદ બારસને દીવસે, અઠાઇ મહોત્સવ ઠાવે. ઊ. ૨
વરઘોડો જલજાત્રા કેરો, કુંભસ્થાપન કરે ભાવે. ઊ.
ગ્રહદીગ્પાલનું પૂજન કરીને, શાંતિસ્નાત્ર ભણાવે. ઊ. ૩
ધર્મધુરંધર ધરમ જિનેશ્વર, ધર્મદાયક સોહાવે. ઊ.
ભાવારોપ કરી જિનઠવણા, શેવે સમકિત પાવે. ઊ. ૪
જ્ઞાનદર્શન ચારિત્રનાં સાધન, મેળવે ઉલટ ધારી. ઊ.
ન્યાય મારગથી જે ધન વાવે, તે છે પરઉપગારી. ઊ. ૫
પૂજા ભણાવે આંગી રચાવે, શાસન ઉન્નતીકારી; ઊ.
મંડપની રચના રઢીઆલી, નિરખત લાગે પ્યારી. ઊ. ૬
અન્યમતી પ્રશંસ્યા કરતા, જૈન ધરમ જયકારી; ઊ.
પરિગ્રહ ભાવની મુરછા છોડે, તે છે પરિત સંસારી. ઊ. ૭
ધૂલધાણીમાં જે ધન ખરચે, તે તો જાય ભવ હારી; ઊ.
લોકોત્તરમાં જે દ્રવ્ય આપે, તેની જાઊં બલીહારી. ઊ. ૮
વરદત્તકુમરે જેમ વિસ્તારી, જ્ઞાન ભક્તિ મનોહારી; ઊ.
ખેમકુશલ પદને જો ઇચ્છો, વ્રત ઉજવો નરનારી. ઊ. ૯
ટોળી પેથાપુરની સારી, લાલીપારેખ અધિકારી; ઊ.
ગામ પરાંતીજ ઓચ્છવ કીધો, માહા મંગલ સુખકારી. ઊ. ૧૦

॥ अथ गाम मेंसाणा मधे श्री शांतिनाथ प्रतिष्टा महोत्सव.

ભવિકા સિદ્ધચક્ર પદ વંદો—એ દેશી.

શાંતિકરણ જિન શાંતિજિણેસર, અચિરા ઉર જબ આયા,
જાસ પસાએ નગર લોકના, રોગ સકલ દુર જાયારે. ભવિકા શાંતિ.
જિણેસર વંદો સમકિત તરૂનો કંદોરે. ભવિકા. ૧

દશમા ભવમાં મેઘરથ રાયે, એક પારેવો ઉગાર્યો;
વિસથાનકતપ આદર કરીને, તીર્થંકર પદ પાયોરે. ભવિકા. ૨

નગર મેંસાણાં માંહે પ્રભુને, જિણહર માંહે થાપે;
પરતાપચંદ હીરાચંદ પારીખ, બંધુ વરગ અઘ કાપેરે. ભવિકા. ૩

સંવત ઓગણીસ એકસઠ વરષે, જેષ્ટપંચમી અજુઆલી;
વરઘોડો જલજાત્રા કેરો, કરતાં દુરિત પખાલેરે. ભવિકા. ૪

કુંભસ્થાપન ગ્રહ અષ્ટ મંગલનું, નંદાવર્ત દિસિપાલ;
પૂજન અષ્ટમી દીવસે કરતા, સિખર ધ્વજા નુમ સારરે. ભવિકા. ૫

શુભ મૂહૂરત દશમી તીથી પુર્ણ. શાંતિજિણંદ પધરાવે;
સતરભેદી પૂજા ભણાવી, શાંતિસ્નાત્ર ભણાવેરે. ભવિકા. ૬

વૃષ્ટિ વિસર્જન દ્વાદશી દીવસે, તેરસે દ્વાર ખુલાય;
સંઘ સકલ કરે દર્શન જિનનું; આણંદ અંગ ન માયરે. ભવિકા. ૭

સ્વામિવત્છલ સંઘની ભક્તિ, કરે પરભાવના ભાવે;
વિધિકારક પેથાપુરવાસી, લાલી પારેખ તીહાં આવેરે. ભવિકા. ૮

તસ આગ્રહુથી આણા રંગી, ગામ વલાદથી આવે;
શાંતિનાથના શાંતપણેથી, ખેમચંદ ગુણ ગાવેરે. ભવિકા. ૯

॥ अथ जलयात्राना वरघोडानुं तथा प्रभुजीना सामइया विगेरना वरघोडानुं वर्णन.

સજની મોરી પાસ જિનેશ્વર પૂજોરે—એ દેશી.

વરઘોડામાં ઓચ્છવ રંગ વધાઈરે,
વરઘોડામાં ટોલી મળી છે સવાઈરે;
વરઘોડામાં સાબેલા બહુ સારારે,
વરઘોડામાં કુમર થયા અસ્વારારે ૧

વરઘોડામાં વાજીંત્રનો નહી પારરે,
વરઘોડામાં શોભે સાજન નરનારરે;
વરઘોડામાં તીરથપતી પધરાવેરે,
વરઘોડામાં જિનવરના ગુણ ગાવેરે. ૨

વરઘોડામાં ચામર છત્ર ધરાવેરે,
વરઘોડામાં જલશુદ્ધ ભૂમિ કરાવેરે;
વરઘોડામાં ધૂપ દીપ મનોહારરે,
વરઘોડામાં ઇંદ્રધ્વજા ઝલકારરે. ૩

વરઘોડામાં સૂર્યમુખી છડીદારરે,
વરઘોડામાં ગુણ રૂપ નકી પોકારરે;
વરઘોડામાં સોભાગ્યવંતી સાથરે,
વરઘોડામાં નામણદીપ ધરે હાથરે. ૪

વરઘોડામાં સંઘને હરખ ન માયરે,
વરઘોડાથી આણંદમાં દીન જાયરે;
વરઘોડામાં જેમ એક ઘેર વિવાહરે,
વરઘોડામાં તે તો તેને લ્હાવરે. ૫

વરઘોડામાં જિન ગુણનું બહુ માનરે,
વરઘોડામાં સરખુ તે સહુને તાનરે;

વરઘોડામાં અન્ય મતીના થોકરે,
વરઘોડાનાં કરે વખાણ બહુ લોકરે. ૬

વરઘોડાથી જિનશાસન ઘણું દીપેરે,
વરઘોડા તો મોહકટકને જીપેરે;
વરઘોડા જે કરે આણા અનુસારરે,
વરઘોડાથી પામે પરંપર પારરે. ૭

વરઘોડા જે સામઈયું કુરણીકરાયરે,
વરઘોડેથી વીરને વાંદવા જાયરે;
વરઘોડા તે જિનવર ભક્તિકારરે,
વરઘોડાનો શાસ્ત્રમાંહે અધિકારરે. ૮

વરઘોડામાં જિનવર આંગી રચાવેરે,
વરઘોડામાં પૂજા સ્નાત્ર ભણાવેરે;
વરઘોડામાં પુંખે સોહાગણ નારરે,
વરઘોડામાં અક્ષત મોતીડે વધાયરે. ૯

વરઘોડામાં ગામ વલાદનો વાસી,
વરઘોડામાં અવિચલ પદનો આશીરે;
વરઘોડામાં અજિત જિનેશ્વર રાયરે,
વાઘોડાના ખેમચંદ ગુણ ગાયરે. ૧૦

॥ अथ श्री वासुपुज्य स्वामिनुं स्तवन लीख्यते ॥

આંખડીએ મેં આજ શત્રુંજય દીઠોરે—એ દેશી.

માત જયા વસુપુજય નંદ નગીનોરે,
ચંપાપુર અંગ દેશ લાલ રંગીલોરે;
સફલ દીવસ ઘડી આજ વખાણું,
વાલ્હા મારા વર્ણ શરીર જિણંદરે;

અર્ધ રતી ફુલ કેસુ કસુંબો,
કોકીલ દ્રષ્ટિ દીણુંદરે. નંદ નગીનોરે. ૧

કેસર ઘોલને કેસરી રસના, વા. હીંગલો કંકુ પાનરે;
ચુંદડીને કીર ચંચુપ્રવાલાં પણ નાવે વિભુ વાનરે. નં. ૨

નિર્મલ ઉજલ માહાસુદ બીજે, વા. નાણુ કેવલ પ્રભુ પાયારે;
મહિષ લંછન મહિતલ વિચરી, ચંપાનગરી સધાયારે. નં. ૩

બહોતેર લાખ વરસનું આયુ, વા. ષટ શત સાથે સિદ્ધારે;
અદભૂત રૂપ વિલોકી શિવનું, પૂર્ણ મનોરથ કીધારે. નં. ૪

અમલ અરૂપી અકલ સ્વરૂપી; વા. સાસવતા સુખ પાયારે;
વલગ્યાનેં અળગો નવી કીજે, પ્રેમચંદ ગુણ ગાયારે. નં. ૫

॥ अथ श्री मुनिसुव्रत स्वामीनुं स्तवन ॥

પ્રભુ તુજ શાસન મીઠડુંરે—એ દેશી.

શ્રી મુનિસુવ્રત સાહિબારે; ભવ દુઃખ ભંજણહાર;
દાસ નિરાશ ન કીજીએરે, સ્વામી કહુ સુણજ્યો અવદાતરે;
સુમિત્ર પવિત્ર છે તાતરે, પદ્માવતી રાણી માતરે,
રંગ સ્યામ ઉદામ વિખ્યાતરે, જાણુ થઇ નવી તાણીએ સુખલાલ. ૧

સર્વવિરતિ સંજમ ગ્રહેરે, મનપર્યવ તવ થાય;
ક્ષપકશ્રેણી આરોહતાં, ભટ મોહાદિક દુર જાયરે,
નાણ ફાગણ દ્વાદશી થાયરે, કૂલ ગૌતમ ગોત્ર કહાયરે,
જશ કચ્છપ લંછન પાયરે, ત્રીસ સહસ વરસનું આયરે. જાણ. ૨

સમેતશીખર અણસણ કરીરે, એક સહસ પરિવાર,
જેઠ બહુલ નવમી દીને, થયા શિવનારી ભરતારરે;
હું રજલ્યો ઇણે સંસારરે, અબ આવ્યો તુજ દરબારરે,
નિજ રૂપ દીઓ એકવારરે, મુનિસુવ્રત સ્વામી તારરે. જાણ. ૩

અલખ અગોચર અજ વિભુરે, અવિનાશી ભગવંત,
અજર અમર અક્ષય પ્રભુ, અણહારી અચલપદ સંતરે;
કરો ભાવ પૂજા ગુણ કંદરે, જે ટાલે ભવના ફંદરે;
સુખ અક્ષય પામો અમંદરે, એમ ભાખે કવિ ખેમચંદરે.

જાણ થઇ નવી તાણીએ સુખલાલ. ૪

॥ अथ श्री अजित जिन स्तवनं ॥

ત્રીસલાનંદન વંદન કાજે—એ દેશી.

વંદુ અજિત જિનેશ્વરરાયા, વિજયામાના જાયારે;
કર્મ સુભટ ઝટ દુર પલાયા, નગર અયોદ્ધા રાયારે. વંદુ. ૧
સાઢા ચારસે ધનુષની ઊંચી, કંચન વરણી કાયારે;
બહોતેર લાખ પૂરવનું આયુ, હસ્તિનું લંછન પાયારે. વંદુ. ૨
ગર્ભાવાસ માંહે જબ આયા, જનની ઉદર જિનરાયારે;
માત નીહાં પતી સાથે રમતાં, જીતનિશાન ચઢાયારે. વંદુ. ૩
સકલ જંતુ જીપણુ મહ્લ જીત્યા, અચરીજ એહ કહ્યારે;
તે કારણ પ્રભુ બીરૂદ સવાઇ, મુજ મન એહ સોહાયારે. વંદુ. ૪
તુજ ગુણગણ મણી વરણુન કરવા, કોટિ જિભે ન કહ્યારે;
ભાવ અપૂરવ વીર્ય ઉહ્લાસે, ખેમચંદ્ર ગુણ ગાયારે. વંદુ. ૫

॥ अथ गाम नरोमा मासखमण तप विषे गीत. ॥

વિરચાવે વિરચાવે ઉજમણ વિરચાવેરે—એ દેશી.

બલીહારી બલીહારી બાઇઓની બલીહારીરે,
ગામ નરોડા વાળી બાઇઓની બલીહારીરે;
માસખમણ કરનારી. બાઇ. આંકણી.
પારસનાથ પદ્માવતી દેવી, સંઘ વિઘ્ન અપહારી. બાઇ.

તપીઆંની ટોળી મળી સારી, જિન સાશન જયકારી. બાઈ. ૧
મગનલાલ કેવળની ઘરણી, પરસન બાઈ તપ વાળી. બાઇ.
રણછોડદાસ જેઠા સુત નારી, ચંચલ ચતુરાચારી. બાઇ. ૨
માસખમણ તપ આદર કીધો, શક્તિ વીરજ સંભારી. બાઇ.
પુત્રી પાનાચંદની રૂખી, સોલભથુ કરનારી બાઇ. ૩
નવનવ બે વલી દશ ઉપવાસી, ચંચળબાઇ ભાવ ધારી. બાઈ.
ઇચ્છારોધ સંવર તપ કહીએ, ક્ષમાગુણે મનોહારી. બાઇ. ૪
ઇહ પરલોક આશંસ્યા છંડે, તે તપ છે સુખકારી. બાઈ.
સમકિત સંજુત વ્રત આચરતાં, કર્મ નિકાચિત ટારી. બાઇ. ૫
હરિ કેસી મુનિ અરજ્જુનમાળી, તીમ વળી દ્રઢપ્રહારી. બાઇ.
કર્મ તપાવે તે તપ કહીએ, ભાખે જિન ગણધારી. બાઇ. ૬
બેઠકની રચના છે રૂડી, જોઈ હરખે નરનારી. બાઇ.
પૂજા ભણાવે આંગી રચાવે, સ્વામિવત્છલ સુખકારી. બાઇ. ૭
નીત નવલી પરભાવના કરતા, શાસન ઉનતીકારી; બાઇ૦
ગીત ગાયન વાજીત્ર ને નાટક, જિન ગુણમાં ઉતારી. બાઇ૦ ૮
સધવ ગાવે રાત જગાવે, મધુર સ્વરે ઉચારી; બાઇ૦
પુદ્દગલ સાથે પ્રેમ ઘટાડે, ધન્ય છે તે ભાગ્યશાળી. બાઇ૦ ૯
સંવત ઓગણીસ* પાંસઠ વરષે, પર્વ પજુસણ ભારી; બાઇ૦
ખેમચંદ આરાધન કરશે, તે વરશે શિવનારી. બાઇ૦ ૧૦

॥ अथ गाम वलादमां व्रतारोप स्तवन ॥

॥ નેમધારી નેમધારી પુનમીઆ નેમધારીરે, એ દેશી. ॥

રંગતાલી રંગતાલી વળાદમાં રંગતાલીરે, વ્રતઉચરે નરનારી
વળાદમાં રંગતાલીરે ॥ આંકણી ॥
મુળનાયક શ્રી અજિત જીનેશ્વર, અવિચળપદ દાતારી; વલાદ૦
શાંત દાંત ગુણ તપસ્યાકારી, વિવેકવિજય ઉપગારી. વલાદ૦ ૧

* આશાડાદિ છાસઠ.

વિધિપૂર્વક ગુરૂવ્રત ઊંચરાવે, નંદીની રચના સારી. વલાદ૦
ખેમચંદ શ્રાવક વ્રતધારી, પટ છે ત્રણ વ્રતધારી. વલાદ૦ ૨
મુલચંદ માનચંદ ગીરધર માનચંદ, પ્રભુદાસ વ્રતધારી; વલાદ૦
રણછોડદાસ ચોથા વ્રતધારી, નારી પોતાની નિવારી; વલાદ૦ ૩
સ્વદારા સંતોષ પરત્યાગી, પ્રેમચંદ ને ગીરધારી; વલાદ૦
બાઇયોની સંખ્યા છે સારી, કેમ કરી જાય ઉચારી. વલાદ૦ ૪
સંવત ઓગણીસ છાસઠ વરષે, વસંત પંચમી સોમવારી; વલાદ૦
શુભ મૂહુર્ત અમૃત ચોઘડીયુ, ચંદ્રનું બલ સુખકારી. વલાદ૦ ૫
આંગી રચાવી પૂજા ભણાવે, સંઘ સકલ જયકારી; વલાદ૦
પ્રેમસહીત પરભાવના કરતા, શાસન ઊંનતીકારી. વલાદ૦ ૬
જે વ્રત ધરશે તે ભવ તરશે, ભાવ સહીત મનોહારી; તલાદ૦
શક્તિ અનુસારે ઊજવીએ, જેનુ ફળ છે ભારી. વલાદ૦ ૭
સમકિત રંગે સદગુરૂ સંગે, કાપે કર્મની જાળી; વલાદ૦
નિર્દુષણ વ્રત જે આરાધે, ખેમચંદ બલીહારી. વલાદ૦ ૮
॥ ઇતિ વ્રતારોપ, મંગળગીત સંપૂર્ણ. ॥

॥ अथ गाम वलादमां ध्वज प्रतिष्ठा गीत ॥ कलश ॥

(ગાયો ગાયોરે માહાવીર જિનેશ્વર ગાયો) એ દેશી.

ગાયો ગાયોરે શ્રી અજિત જિનેશ્વર ગાયો, પાયો પાયોરે
આજ પૂર્ણ મનોરથ પાયો ॥ એ આંકણી. ॥
સંવત ઓગણીસ સડસઠ વરષે, વઇસાખ વદ છઠ આવે;
ગામ વળાદમાં છાયા લગને, ધ્વજ પ્રતિષ્ટાન કરાવેરે. શ્રી૦ ૧
વઇસાખ સુદ તેરસ જલજાત્રા, શુભ ગુરૂવાર કહાવે;
કુંભ સ્થાપન પણ તેહીજ દીવસે, વિજય મુહુરત તીહાં આવેરે. શ્રી.
*માધવ વદ બીજ ને સોમવારે, ગ્રહદિગપાલ પૂજાવે;
નંદાવર્ત પટકનું પૂજન, ત્રતિયાને દીન થાવેરે. શ્રી૦ ૩

* વઇસાખ.

જિન શાશન શોભાવા માટે, મહા મહોત્સવ વિરચાવે;
વઇસાખ વદ ચોથને બુધવારે, વરઘોડો ત્યાં ચઢાવેરે. શ્રી. ૪
વઇસાખ વદ પાંચમ ગુરૂવારે, ધ્વજ અભિષેક કરાવે;
વદ છઠને ભૃગુવારને દીવસે, ધ્વજ આરોપે ભાવેરે. શ્રી. ૫
સંઘ સકલ જન શાંતિ હેતે, શાંતિ સ્નાત્ર ભણાવે;
વઇસાખ વદ સાતમ સનિવારે, સર્વ વિસર્જન થાવેરે. શ્રી. ૬
આજ અઠાઈ મહોત્સવ કરતાં, આનંદ અંગ ન માવે;
ગામ વલાદમાં પહેલા વહેલો, ખેમચંદ ગુણ ગાવેરે. શ્રી. ૭

॥ अथ श्री प्रभुजीने पुंखवानुं गीत ॥

ભરત નૃપ ભાવશુંએ—એ દેશી.

શ્રી જિનરાજને પુંખવાએ, આવે આવે સૈયરનો સાથ;
જિણંદજીને પુંખવાએ.
ગાવે ગાવે સોહાગણ નાર, જિણંદજીને પુંખવાએ. આંકણી.
ધ્વજપૂજન અભિષેકમાંએ, કરે સામઇયામાં સાર. જિણંદ.
પ્રભુજીને પધરાવતાંએ, વલી વરઘોડા મોજાર. જિણંદ. ૧
ઇંડી પીંડી ધુશલને મુશલુએ, રવઇયોને સંપુટ કરાય. જિણંદ.
મંગલ દ્રવ્ય કરે પુંખણાં એ, સંઘને મંગલ થાય. જિણંદ. ૨
પૂર્વે ઇંદ્રાણીએ પુંખીયા એ, વિધિ વિનય એક તાર. જિણંદ.
હેતુ ગુરૂગમ ધારીએ એ, ટાલવા કર્મ સંભાર. જિણંદ. ૩
કુંકુમ અક્ષત વધાવતી એ, મોતીયોનો મોડ ધરાય. જિણંદ.
સુંદરી શીર ધરી ઘાટડીએ, લળીલળી પ્રણમે પાય. જિણંદ. ૪
કરણીએ ભરણી પુન્યનીએ, મળી મળી વનિતા વૃંદ. જિણંદ.
કરશે તરસે અનુક્રમે એ, એમ કહે ખેમચંદ્ર. જિણંદ. ૫

॥ अथ ऊजमणा विषे स्तवन ॥

ઓખા હરણની દેશી અથવા ભાઈ હવે માળ પહેરાવે—એ દેશી.

સોલમા પ્રભુ શાંતિ જિણંદ, તેના વંદુ પદ અરવિંદ;
રૂડા ગામ રૂપાલ નીવાસી, શેઠ કસ્તુરભાઈ ઉલ્લાસી. ૧
નવપદનું ઊજમણુ ઠાવે, લલુભાઇને હર્ષ ન માવે;
જ્ઞાન દર્શન ચરણ સોહાવે, તેની વસ્તુ ઊજમણામાં લાવે. ૨
અઠાઇ મહોત્છવ ભાવે, ભલી ભકિતએ પૂજા ભણાવે,
નીત નવી નવી આંગી રચાવે, દેખી સંઘ સકલ હરખાવે. ૩
સગાં સાજનને ઘેર લાવે, વલી ચોખળું કરવા ભાવે;
ગામ સતાવીસ તેડાવે, પંચ પાંચ દીવસ જમી જાવે. ૪
મોટી મંડપ રચના સારી, નિરખી હરખે નરનારી;
સોભાગ્યવતી મળી આવે, ગીત મંગલનાં તીહાં ગાવે. ૫
નીત લેણી પ્રભાવના કરતા, જિનશાસન સોભા ધરતા,
વળી વાજાં વીલાયતી લાવે, ચોઘડીયાં લોક જગાવે, ૬
ચઢયો વરઘોડો બહુ ભારી, જોવા આવે સકલ નરનારી;
ઇહાં શાંતિ સ્નાત્ર ભણાવે, આપે દાન જાચકને ભાવે. ૭
કેઇ લક્ષ્મી મેળવી ખાવે, કેઇ પુન્ય ક્ષેત્રમાં વાવે;
ખાધુ ખરચ્યું ખુટી જાય, દાન પુન્યથી વૃદ્ધિ થાય. ૮
એમ ધાર્મિક ખાતે ભાવે, ખરચે ધન તે સુખ પાવે;
દેખી અવર પુરૂષને આવે, ઘણો હર્ષ અપૂરવ ભાવે. ૯
જેથી કર્મ નિર્જરા પાવે, તેનો હેતુ કરતા થાવે.
એવા કાર્યમાં આગળ ચાલે, તે ઉત્તરોત્તર સુખ માહાલે. ૧૦
ઓગણીસ અડસઠની સાલે, *માસ માધવને બુધવારે;
તીથી સપ્તમી છે અંધારી, કરી રચના ઊજમણાની સારી. ૧૧
ધનવાન પુરૂષનો ધર્મ, લેવા લહાવોને કાપવા કર્મ;
કરે કરણી એહવી જેહ, નર ઉત્તમ કહીએ તેહ. ૧૨

---

*વઈશાખ.

જે કૃપણ કંજુસ કહાવે, ધન તેહુની સાથે ન જાવે:
માટે લક્ષ્મીને અનુસાર, ખરચે ધન તસ અવતાર. ૧
જશ કીરતી અરથે કરવું, તે તો ધુળ માંહે ઘૃત ઢળવું;
ઉપગારની બુદ્ધિએ કરીએ, ભવસંચિત પાતીક હરીએ. ૧
ખેમચંદ તણી હીત વાણી, તમે સાંભળજો ભવિ પ્રાણી:
નાત જાત માંહેથી તાણી, દ્રવ્ય ખરચો શાસ્ત્ર પ્રમાણી. ૧

॥ अथ श्री अजितनाथजीनी आरती ॥

જયજય આરતી આદિજિણંદા—એ દેશી.

જયજય આરતી અજિત જિણંદા,
ચરણકમલ શેવે ચોસઠ ઈંદા;
જીતશત્રુ નૃપ વિજયાનંદા,
દ્વિતિય જિણંદ મુખ પુનમચંદા. જય. ૧
નગરી અયોદ્ધા જન્મ સોહાયા,
ગજલંછન કંચનમય કાયા,
અષ્ટ માહા પ્રાતિ હાર્યબિરાજે,
ચોત્રીસ અતિષય જેહને છાજે. જય. ૨
પાંત્રીસ ભેદે ભાખે વાણી,
સુણતાં લાગે અમીય સમાણી;
બહોતેર લાખ પુરવનું પાલી,
આયુ વરીયા શિવ લટકાળી. જય. ૩
અજર અમરપદ અજ અવિનાશી,
ત્રણ જગતનો તું મેવાસી:
આરતી કરતાં આરત જાવે,
શેવક ખેમચંદ ગુણ ગાવે. જય. ૪

॥ अथ सुमक्षेत्रमां धन खरचवा विषे उपदेश ॥

હરિ મારે ઠામ ધરમના શાઢા પચવીસ દેશજો—એ દેશી.

હાંરે મારે જોબનીયાનુ લટકુ દહાડા ચારજો,
નાણું તો મળશે પણ ટાણુ નહી મળેરે લો;
હાંરે મારે લાહો લીજે લક્ષ્મીને અનુસારજો,
પુન્ય ક્ષેત્રમાં વાવ્યુ બીજ તે બહું ફળેરે લો. ૧

હાંરે મારે તે ઉપર કહું છું એક દ્રષ્ટાંતજો,
ખસખસના ડોડામાં બીજ અનેક છેરે લો;
હાંરે મારે તેમ ધનવૃદ્ધિ પામે દાન પ્રભાવજો,
ચઢતે રાગે જેહને રહય વિવેકછેરે લો. ૨

હાંરે મારે સાળીભદ્ર પુરવ સંગમ ગોવાળજો,
ચિત્ત વિત્તને પાત્ર મુનિ પડીલાભતારે લો;
હાંરે મારે પુન્યાનુબંધી પુન્ય તણા પરભાવજો,
વીર ચરણ લહી એમ કુશલ પદ પાવતારે લો. ૩

॥ अथ श्री आबुजीनुं स्तवन ॥

આબુ ગિરિવર નિરખવા, મન મોહનજી;
કાંય મુજ મન હરખીત થાય, મનડુ મોહ્યુંરે મન મોહનજી;
પ્રચુર દીવસની ભાવના, મન૦ તે અધુના[1] પુરણ થાય, મન૦ ૧

શ્રી આદિશ્વર ભેટતાં, મન૦ ભવભવનાં પાતીક જાય; મન૦
વિમલશાહે કરાવીયાં, મન૦ કાંઇ દેવળ ઝાકઝમાલ. મન. ૨

વસ્તુપાલ તેજપાળનો, મન૦ નેમીશ્વર દરબાર; મન૦
દેરાણી જેઠાણીના ગોખલા મન૦ જે જોતાં આણંદ થાય. મન૦ ૩

---

૧ હાલમા વર્તમાનકાળ.

અચરીજકારી કામ છે મન૦ ઊપમા નવી આપી શકાય. મન૦
કારીગરની કોરણી મન૦ કેમ વર્ણન તેનું થાય. મન૦ ૪
રીખભ જિણંદ મંદીર વિષે મન૦ મંડપ ભમતીમાં કરાય મન૦
આરસ કનકની કોરણી મન૦ નવ નવલી ભાત ભરાય, મન૦ ૫
ભવ્ય મંદીર અચલગઢે મન૦ ધાતુમય ચૌમુખચાર મન૦
ખેમચંદ પ્રાચીન છબી મન૦ છે ઊપશમ રસભંડાર. મન૦ ૬

॥ अथ श्री राणकपुरजीनुं स्तवन ॥

॥ નેક નજર કરો નાથજી એ દેશી ॥

ધર ધોરીલંછનધણીને નમું,
ગુરૂ ગૌતમ ગુણ ગણુમાં રમુ જીહો રાણકપુર રલી ામણો.
પ્રભુ આદિ જિણંદ સોહામણો,
જીહો રાણકપુર રલીઆમણો. ૧
મરૂદેશમાંહે તે મલ્હાવીઓ,
નલનીગુલ્મ નમુનો કરાવીઓ જીહો રાણક૦
હતો આશય જે મન ભાવીઓ,
શેઠ ધણાસાહે તે બંધાવીઓ જીહો રાણક૦ ૨
ચાર બાજુ મંડપ ઘણા થંભ છે,
કારીગરની કોરણી અચંભ છે જીહો રાણક૦
દેખી સુરતી મન ઊભરાય છે:
ભાન ભાવજિણંદનું થાય છે. જીહો રાણક૦ ૩
ગામ સાદરી પાસે આવીયો,
ભવ્ય મંદીર ભવિ મન ભાવીઓ જીહો રાણક૦
દેવસાન્ય કરે છે જેહની,
ત્રણ લોક તારીફ નહી તેહની જીહો રાણક૦ ૪

ચૌદસે ને છન્નુનાવાસમાં,
સીલા લેખ લખ્યો ઊલ્લાસમાં જીહો રાણુક૦
જગ જોતાં જેની જોડી નહી,
ખેમચંદ કહે છે તે સહી જીહો રાણુક૦ ૫.

॥ अथ पर्यूषण पर्वनुं स्तवन भावनारुपे लीख्यते ॥

કામ છે કામ છે કામ છેરે મારે કેસરીયાવાલ્હાનું ઘણું કામ છે (એ દેશી)

આવીઆં આવીઆં આવીઆંરે મારે પર્વ પજુષણ આવીઆં,
ભવિયણને મન ભાવિયાંરે, મારે૦ પર્વ પજ્જુસણ આવીઆં ।।આંકણી।।
વીર પાસ નેમિ આદિશ્વર, પાંચ કલ્યાણક ગાવશુંરે; મારે૦
અવર જિણંદનો અંતર કહીને, સુત્ર ને અરથ ભણાવશુંરે. મારે. ૧
પર્યૂષણનો મહીમા પહેલો, ત્રણ દીવસ જગાવશુંરે; મારે૦
કલ્પસૂત્રનો ઓત્સવ કરીને, આઠ વખાણ સુણાવશુંરે. મારે. ૨
થિવિરાવલી ને સામાચારી, વારસીક દીન સંભલાવશુંરે; મારે૦
બારસે સૂત્રના પાઠ ભણાવી, સંઘ સકલ હરખાવશુંરે. મારે. ૩
સમત્છરી પડિકમણ કરતાં, સર્વ જીવોને ખમાવશુંરે; મારે૦
એક બે ત્રણ ઊપવાસ કરીને, પોસો સામાયક ઠાવશુંરે. મારે૦ ૪
સ્નાત્ર મહોત્છવ રાત્રિ જગામાં, ભાવના ભલીપેરે ભાવશુંરે. મારે૦
પાખી અમારી [1]પોકાર કરાવી, સાધર્મિને જમાડશુંરે. મારે૦ ૫
વ્રત પચખાણને ચૈત્ય પ્રવાડી[2], દર્શન પૂજા રચાવશુંરે, મારે૦
ધવળમંગળ સંગીત[3] ગાવાને, સખીયો વૃંદ મચાવશુંરે. મારે૦ ૬
સચિતટાલી બ્રહ્મવ્રતપાળી, ધ્યાનધારા લય લાવશુંરે; મારે૦
પાપપંકથી નિર્મળ થઇને, સમકિત રંગ સોહાવશુંરે. મારે૦ ૭
પર્વ પજુષણ પુરવપુન્યે, પામ્યા ઇમ મન લાવશુંરે; મારે૦
ખેમચંદ શાસન નાયકની, આણ શીષ ચડાવશુંરે. મારે૦ ૮

---

૧ (સાદ પડાવી) ૨ જિનભુવને દર્શન કરવા જવું તે. ૩ ગાયન.

॥ अथ गाम मुढेरा अठाइ विषे. ॥

॥ સજની મોરી પાસ જિણેસર પૂજોરે ॥ એ દેશી. ॥

સજની મોરી પારસનાથ જિનરાયરે,
સજની મોરી પ્રણુમી તેના પાયરે;
સજનીૢ ગામ મુઢેરા મોઝારરે,
સજનીૢ અઠાઇઘર હોય નારરે. ૧

સજનીૢ મોહન ગાંધીની માતરે,
સજનીૢ પરસન બાઇ પ્રખ્યાતરે;
સજનીૢ સીવકોર નામ સોહાયરે,
સજનીૢ તેતો ઓરત થાયરે. ૨

સજનીૢ વ્રત કરવા ઊત્સાહુરે,
સજનીૢ આણુંદ અંગ ન માયરે;
સજનીૢ મંડપ રચના કરાયરે,
સજનીૢ સોહાગણુ ગીત ગાયરે. ૩

સજનીૢ લેહુણી પ્રભાવના થાયરે,
સજનીૢ સ્વામિવત્છલ સુખદાયરે;
સજનીૢ વિવિધ પુજા ભણાયરે,
સજનીૢ જાચક દાન અપાયરે. ૪

સજનીૢ જિનગુણુ ગણુ સમુદાયરે,
સજનીૢ વાજીત્ર માંહે ગવાયરે;
સજનીૢ આંગી અનોપમ થાયરે,
સજનીૢ દરસન કરવા જાયરે. ૫

સજનીૢ તપ જે કર્મ તપાવેરે,
સજનીૢ ઇચ્છારોધક હોવેરે;
સજનીૢ સમતા ભાવે ભાવેરે,
સજનીૢ કર્મ નિકાચિત જાવેરે. ૬

સજની૦ અરજુનમાલી ગમારરે,
સજની૦ સાત માણુસ હણુનારરે;
સજની૦ વીર વચન તપ ઠાવેરે,
સજની૦ અજરામર પદ પાવેરે. ૭
સજની૦ કલ્યાણુ મંગલકારરે,
સજની૦ તપ કરજ્યો નર નારરે;
સજની૦ ફલ શંસય નવી કીજેરે,
સજની૦ સાસવતાં સુખ લીજેરે. ૮
સજની૦ પુત્ર ભલો ગુણુ વાધેરે,
સજની૦ માત મનોરથ સાધેરે;
સજની૦ પુન્યક્ષેત્રે ધન વાવેરે,
સજની૦ તે સુખ લીલા પાવેરે. ૯
સજની૦ ઓગણીસ સીતેર સાલેરે,
સજની૦ પર્વ પજુસણુ પાંલેરે;
સજની૦ ગામ વળાદથી આવેરે,
સજની૦ ખેમચંદ ગુણુ ગાવેરે. ૧૦

गाम रुपालवासी संघवी कस्तुरभाइ नाहानचंद श्री केशरीआजीनो संघ काढेलो तेनुं वर्णन.

સખી પડવે તે પંથે ચાલ્યારે, એ દેશી.

સાધુ સહુસ પચાસના સ્વામીરે, ગુરૂ ગૌતમ અંતરજામીરે,
દેવી સારદને શીર નામી, કસ્તુરભાઇ સંઘવી સંઘ કાઢેરે;
પંથ દેશ મેવાડમાં ચાલે. કસ્તુર૦ ૧
ઓગણીસ સીતેરની સાલેરે, માગશર સુદ છઠ બુધવારરે;
કરે મહુરત નગરની બાહરે. કસ્તુર૦ ૨

જિન મંદીર સાથે લાવેરે, અરિહાની આંગી રચાવેરે:
સાત સ્મરણુ સ્નાત્ર ભણાવે. કસ્તુર૦ ૩
સાથે નારી સોહાગણુ આવેરે, જિનરાજતણાં ગીત ગાવેરે;
કરે લેહેણી પ્રભાવના ભાવે. કસ્તુર૦ ૪
ઇહાં જાચકજન બહુ આવેરે, વાજીંત્રમાં જિનગુણુ ગાવેરે;
કરે દાન તેને બહુ ભાવે. કસ્તુર૦ ૫
સંઘ ગામ રૂપાલથી જાયરે, ગામોગામ સામઇયાં થાયરે,
અનુક્રમે ધુલેવા માંય. કસ્તુર૦ ૬
સવી સાજન જિનઘર આવેરે, સોના રૂપાના ફુલડે વધાવેરે;
હેમહાર કેશરીયાને ઠાવે. કસ્તુર૦ ૭
દ્રવ્યપુજા કરે બહુ ભાવેરે, ગુણુ સ્તવન કેશરીયાના ગાવેરે:
વળી નવી નવી પૂજા ભણાવે. કસ્તુર૦ ૮
કરે સ્વામીવત્છલ સુખકારરે, દ્રવ્ય ખર્ચે ભાવ ઉદારરે;
પુન્યક્ષેત્રનો કરવા ઉદ્ધાર. કસ્તુર૦ ૯
જૈનધર્મી વળી અન્ય જાતીરે, ભલા આરજ દેશમાં ખ્યાતીરે;
સવિ જ્ઞાતી જેના ગુણુ ગાતી. કસ્તુર૦ ૧૦
એવો ધુળેવા નગરનો સ્વામીરે, મારા આતમનો વિશરામીરે;
ગુણુ ગાઉ સદા શીર નામી. કસ્તુર૦ ૧૧
એતો ત્રણુ રતનનો દરીયોરે, મારા અણું ઉદરમાં ભરીયોરે;
દ્રોયમાંહે કહો કોણુ બળીયો. કસ્તુર૦ ૧૨
જેના ગુણુગણુનો નહિ પારરે, હું તો વંદુ વાર હજારરે;
મને ભવજળ પાર ઉતાર. કસ્તુર૦ ૧૩
મુનિ શાન્તિવિજય આદે આવેરે, કરે યાત્રા કેશરીયાની ભાવેરે;
લલુભાઇની ઇચ્છા પુરી થાવે. કસ્તુર૦ ૧૪
પછે મંગળ માળ પહેરાવેરે, સંઘ બીરૂદ તિલક શીર ઠાવેરે;
કરી ઇચ્છા પુરણુ ધરણુ સુર આવે. કસ્તુર. ૧૫
હું તો ગામ વળાદનો વાસીરે, કરી યાત્રા ભાવની રાશીરે;
ખેમચંદ પ્રભુની શાબાશી. કસ્તુર૦ ૧૬

अथ चोवीस तीर्थंकरनां लंछन (लक्षण) विषे.

મનમોહન મેરે—એ દેશી.

વૃષભલંછન રીખવજી મનમોહન મેરે,
અજિતલંછન ગજ જોય મન મોહન મેરે;
સંભવ સિંધવ જાણીએ, મન. અભિનંદન કપી હોય. મન. ૧
ક્રૌંચપક્ષી સુમતિ પગે, મન. પદ્મલંછન પ્રભુ પદ્મ. મન.
સુપાસ સ્વસ્તિક શોભતો, મન. ચંદ્ર લંછન પ્રભુ ચંદ્ર. મન. ૨
મગરમત્છ સુવિધિજી, મન. શ્રીવત્છ શીતલ ઇશ. મન.
ખડગી શ્રેયાંસ જિણંદને મન. વાસુપૂજ્ય મહિષ. મન. ૩
સૂઅર વિમલનાથને, મન. સિચાણો પાય અનંત; મન.
વજ્ર ધર્મ મૃગ શાંતિજી, મન. અજા કુંથું ભગવંત. મન. ૪
અર નંદાવર્ત સાથીઓ, મન. કુંભ મલ્લિજિન તેમ; મન.
મુનિસુવ્રત ચિન્હ કાચબો, મન. કમલ નમી સંખ નેમ. મન. ૫
પાર્શ્વ ચરણ અહિસેવતો, મન, વીર સિંહ વિકરાલ. મન.
ઓળખવા અરિહંતને, મન. રચના એમ રસાલ. મન. ૬

અથ શ્રી સઝાયો.

શ્રથ શીલની નવવાડની સઝાય.

દુહો.

પાસ જિનેશ્વર પદ નમી, કહુ કિંચિત અધિકાર;
શીલતણી નવવાડનો, સુણજ્યો સહુ નરનાર. ૧

નીશદીન જોઉ તારી વાટડી ઘેર આવો ઢોલા. એ દેશી.

નારી નપુષક ને પશુ રહેતાં જીહાં વાસો,
નવી વસવું બ્રહ્મચારીને એમ વીરે પ્રકાશ્યો. ૧
સહજ જીહાં મંજારીનો હોય મંદીર વાસો,
જોખમ ઉંદર જાતીને અથવા હોય ત્રાસો. ૨
કથા ન કરીએ કામની એમ જિનવર બોલે,
પવન જીમ તરૂ ખોભવે તેમ મનમથ ડોલે. ૩
અબલાસન નવી શેવીએ એક મૂહૂરત સુધી,
વાક વિણાસે કણકનો પાસ કોહલા ગંધી. ૪
ચોથી વાડે નારીનું રૂપ ધારી ન જોવું,
સૂરજ સનમુખ જોવતાં તેજ આંખનું ખોવુ. ૫
ભીતાંતર રહે ભામની ઠામ તે પરિહરવું.
અગ્નિ પાસે લાખ ઘી મીણ હોએ ગળવું. ૬
યાદિ લાવે પૂર્વના ભોગની વાડ ભાગે,
વર્ષ પછે સંભારતાં વિષધર વિષ જાગે. ૭
વિગય વળી માત્રા તજો વાડ સાતમી વરવા,
જવર રોગી સન્નિપાતને ઘૃત લાગે ઊછળવા. ૮
આહાર અતિ નવી કીજીએ આઠમી વાડ ધરવા,
નાખી ખીચડી શેરના માપમાં દોઢી ચઢવા. ૯
શોભા સુંદર દેહની મત ધરજ્યો કોઇ,
જેમ કુંભારે રત્નને ધરણી ધર્યું ધોઇ. ૧૦

સમળી દેખત લે ગઇ લાગ્યો પસ્તાવો કરવા,
તે હેતુ શીલરત્નનું કરો યત્નજ તરવા. ૧૧
પુત્રી સાડા છ વરસની નર સેજે ન ધરવી,
સાત વરસના પુત્રની સેજ માતાએ હરવી. ૧૨
સ્ત્રી સંગે નવ લાખની ઘાત જાણી વિચારો,
સમુર્છમ ન સંહારવા ખેમજી દયા પાલો. ૧૩

अथ स्त्री रूप परित्यागमइ आत्मबोध सझाय.

શીલ રતન જતના ધરોરે લાલ—એ દેશી.

રૂપ દેખી નવી રાચીએરે લો,
રૂપ દીએ ભવ કૂપરે ચતુરનર;
કામના બાણ થકી પડયારે લો,
દેવ મનુષ્ય મોટા ભૂપરે ચતુરનર. રૂપ. ૧
સદેસરાના પુષ્પનારે લો,
વાળા કેસરના સમાનરે ચતુરનર;
ઈંદ્રવરણું અતિ દીપતુંરે લો,
ઉજ્વળ બગ મલ ધ્યાનરે ચતુરનર. રૂપ. ૨
રંગ પતંગ વિલાયતીરે લો,
જેમ આવલનું ફુલરે ચતુરનર;
કેરી રંગત કાગળતણીરે લો,
કિંમત રસ ગંધ દુરરે ચતુરનર. રૂપ. ૩
કાચ રતન સમ શોભતોરે લો,
ખંડ ન આવે કામરે ચતુરનર;
તેમ તનુ રંગ કારમોરે લો,
ભાવના અશુચિનુ ઠામરે ચતુરનર. રૂપ. ૪
નાટકીયો શણગારીયોરે લો,

જેમ નદીનું પૂરરે ચતુરનર;
થોડી વખતનું પેખવુંરે લો,
આખર ધૂળની ધૂળરે ચતુરનર. રૂપ. ૫
રૂપ સતી સીતાતણુંરે લો,
દેખી રાવણે ગ્રહી પાસરે ચતુરનર;
રામ લક્ષ્મણ લંકા જઇરે લો,
કીધો તેહનો વિનાશરે ચતુરનર. રૂપ. ૬
લુણ ને અસ્તિ ડોલા આંખનારે લો,
ગુણ વિણ નવિ સોહાયરે ચતુરનર;
કાલી કસ્તુરી કીકી હાથીઓરે લો,
મુલ ઘણેરૂં થાયરે ચતુરનર. રૂપ. ૭
નટવી રૂપ નિહાલીનેરે લો,
મોહ્યા ઇલાચીકુમારરે ચતુરનર;
મુનિ દેખી સંવર થયોરે લો,
પામ્યા ભવનો પારરે ચતુરનર. ૮
જગત સવિ માદલ મઢયોરે લો,
ઇંદ્ર ધનુષ પેરે દેહરે ચતુરનર;
એમ સ્વરૂપ નિહાળતાંરે; લો,
પામે અચળ પદ તેહરે ચતુરનર. ૯

અથ આયુષ્ય અથીર વિષે સઝાય.

મોરારે સાહેબજી મે તો હજુરરે સ્યાંજી એ દેશી.

શ્રુતનાયક દેવીને સમરી, પ્રણમી સદગુરૂ પાય,
આયુ કર્મ નિકાચિત છે પણ, ખીણ ખીણ ખુટી જાય;
મારા વિચક્ષણ ભાઈ અવ્રતીપણામાં આયુ કાઢશો નહી,
મારા ચતુરભાઈ પ્રમાદપણામાં કાળ ગાળશો નહી. ૧ આંકણી.

બેઠાં બારશ ચલત અઢારા, સુતેલાને ત્રીશ;
ભોગ વેળાએ ચોસઠ ચાલે, શાસોસાસ જગીશ. મારા. ૨

બાળદશા મતિ મંદપણાથી, તત્વાતત્વ અજાણ,
યૌવનવયમાં શબ્દ રૂપ રસ, ફરસ વિષય સુખ માણ. મારા. ૩

પાપ ધાપ વ્યાપાર કરંતો, અહુનિશ આરતધ્યાન;
વિકથા નિંદ્રામાં દીન કાઢે, મન ધરતો અભિમાન. મારા. ૪

ક્રોધ કપટ વિગ્રહ રોવામાં, ફોગટ કાળ ગમાય;
વૃદ્ધપણામાં શુદ્ધિ બુદ્ધિ, આતમશક્તિ ભમાય. મારા. ૫

આયુ કર્મબંધન મધ્યેથી જે પુદગલ વિખરંત,
તે આવિચિમરણ કહી જે, સઘળા જીવ મરંત. મારા. ૬

રોગ શોગ ભય હાસ્ય વિનોદે, ભવ અટવિ ભટકાય,
એમ કહે સુકૃતમાં આયુ, કાઢે તે લેખાય. મારા. ૭

॥ अथ उपशमरस (गर्भित) सझाय. ॥

શ્રી સુપાશજિન વંદીએ એ દેશી. ભર્તૃહરીની છે.

[1]ઊપશમ રસ જશ મન વસ્યો, તસ નહી દુરિત સંતાપજી;
દ્રવ્ય થકી શીતલ કરે, ચંદન શીતલ આપજી. ઊ. ૧

વંદુ શ્રી મહાવીરને, સહ્યા ઉપસર્ગ વીસજી;
અપરાધિ સંગમ પ્રતે, આણી મનમાં ન રીસજી. ઊ. ૨

આદિ કષાય અભાવથી, પ્રગટયો જીવ સ્વભાવજી;
વસ્તુગતે તે ધર્મ છે, વિઘટે જેહથી વિભાવજી. ઊ. ૩

---

૧ પાંચ મણ તેલને ઊષ્ણ કરી તે માંહે બાવનાચંદનના તેલનું એક ટીપુ રેડીએ તો તુરત તે સઘળું તેલ ઠંડુ હેમ જેવું થઇ જાય છે. જુઓ કે દ્રવ્યથી શીતળ ઊપચારવડે શીતળતા પ્રાપ્ત થાય છે, તો ભાવથી અંતરગત ઊપસમ રસ રેડતાં કેટલી શાન્તિ થાય. વાહ.

તીક્ષ્ણ કટુ વચન થકી, વાધે વૈર વિરોધજી;
ક્ષમતા નીરે ઉપશમે, ત્રણ અગ્નિસમ ક્રોધજી. ઉ. ૪

ઉત્તમ ધ્યાનની ભૂમિકા, કહી સિદ્ધાંત મોઝારજી;
ગુણગણ જળના પ્રવાહની, પ્રૌઢી એ પરનાળજી. ઉ. ૫

જ્ઞાન ગુરૂ ઉપદેશથી, અથવા જાતી સ્વભાવજી;
સોમ્ય સ્વભાવિ સમરસ, પામે તે મનોહારજી. ઉ. ૬

અપરાધિશું ચિત્ત થકી, માઠું ન ધરે લગારજી;
આસન્નસિદ્ધિ જીવને, અંતર નહી વિષવાદજી. ઉ. ૭

રોષ અને ઉપશમ થકી, પામ્યા ફલ જેહ વીરજી;
સૂત્રમાંહે તે સંબંધ છે, ધારો ગુરૂમુખ ધીરજી. ઉ. ૮

ક્રોધ દાવાનલ સારીખો, ક્ષણ માંહે કરે ધૂળજી;
વૈર ઝેર સજ્જન પ્રતે, કરે જે પ્રતિકૂળજી. ઉ. ૯

હાનીકારક જે કહ્યા, ગુણ ગણનો વિરોધજી;
જીવતણું જોખમ કરે, કરો તેહનો નિરોધજી. ઉ. ૧૦

ક્રોધે કોટિ પૂરવતણું, ફલ ચરણ ગમાયજી;
રીસ વસે ક્રિરિયા કરે, તેતો લેખે ન થાયજી, ઉ. ૧૧

ઉપશમ લવની આગલે, દ્રવ્ય ક્રિયા નહી કોઇજી;
પહેલું પાંચ માંહે કહ્યું, સમકિત લક્ષણ જોયજી. ઉ. ૧૨

ધર્મદ્વાર ચારમાં વડો, શ્રી ઠાણુંગ મોઝારજી;
ગાયો ગણધરે સ્વયંમુખે, ખંતી ગુણ સુખકારજી. ઉ. ૧૩

મુનિ દમદંત કૌરવ પ્રતે, કીધી કુરૂણા રસાળજી;
દ્વેષના અંગને જે તજે, ભજે મંગળમાળજી, ઉ. ૧૪

આતમગુણ અકષાયતા, જે અધ્યાતમ સારજી;
શાંત ગુણી શિવપદ લહે, ખેમચંદ નિરધારજી. ઉ. ૧૫

अथ खमतखामणा.

આજ ઓચ્છવ રંગ વધામણાં જો. એ દેશી.

સુણો સાધર્મિ ભાઇ ખામણાં જો,
કરૂ પ્રેમ સહિત લેઇ ભામણાં જો. સુ૦
હું તો સંઘ કેસરીઆજી આવીઓ જો,
કોઇ સાથે અપ્રીતી ભાવીઓ જો. સુ૦ ૧
તે આતમ સાખે નિંદીએ જો,
ભલા સંઘને દીન પ્રતે વંદીએ જો. સુ૦
તુમે સજ્જન શ્રાવક સાંભળો જો,
મુકો અંતરભાવથી આંબળો જો. સુ૦ ૨
સવી મીત્ર સમાન જીવ જાણીએ જો,
નથી શત્રુ અવર મન આણીએ જો. સુ૦
વળી વૈર વિરોધને વારીએ જો,
સમભાવ દશા મન ધારીએ જો. સુ૦ ૩
કરૂ સર્વ સાથે ખમતખામણાં જો,
આજ આણંદ હર્ષ વધામણાં જો. સુ૦
સાર સિદ્ધાંતનું એ જાણીએ જો,
લેશ માત્ર કષાય ન આણીએ જો. સુ૦ ૪
જ્ઞાન કેવળથી પ્રભુ જાણુતા જો,
પણ સંઘને તેહ વખાણુતા જો. સુ૦
ખેમચંદ મિચ્છામિદુક્કડં જો,
દેઇ માગુ છુ શિવ ફળ રોકડુ જો. સુ૦ ૫

अथ वल्लभ वनिता विरहनी वेदना विसारवा.

દર્શનમાં ગંભીરાજી પ્યારા લાગે. એ દેશી. એ દેશી.

મને ભાવકુટુંબ બહુ પ્યારૂ છે, પ્યારૂ છે સુખકારૂ છે;
મને ભાવકુટુંબ બહુ પ્યારૂ છે, સંસારી કુટુંબ નઠારૂં છે.
મને. એ આંકણી.

ધર્મોયસ્ય પિતા સમ જનની, સંજમ ભ્રાતા ચારૂ છે; મન.
સુનુ સત્ય દયા જશ ભગની, નિરાગ્યતા રતી વારૂ છે. મન. ૧

નાણુ ચરણુ દર્શન તપવીરજ, પહેલું કુટુંબ સુખકારૂં છે. મન.
અંતરંગ એ ભાવકુટુંબ તે, જ્ઞાની પુરૂષને વહાલું છે. મન. ૨

ક્રોધ માયા મદ લોભને મત્છર, રાગ ભય રોગ દારૂ છે. મન.
કાલ અનાદિનું બીજુ કુટુંબ એ, ભવસંતતિ વધારૂ છે. મન. ૩

માતપિતા પતી પુત્ર ને પુત્રી, ભગની નારી નચારૂ છે. મન.
ભવ ભવનું નવું ત્રીજુ કુટુંબ તે, મિથ્યાત્વીને મન સારૂ છે. મન. ૪

આસનસિદ્ધિ જીવને બીજુ, ત્રીજુ કુટુંબ તે ખારૂ છે, મન.
ઊપમિતિ ભવપ્રપંચે ભાખ્યું, આદિ કુટુંબ એમ તારૂ છે. મન. ૫

अथ श्रावक गुण लक्षण सज्झाय.

સિદ્ધ ચક્રપદ વદો. એ દેશી.

સદગુણ ખાણી જિન મુખવાણી, સમરી સારદ માત;
શ્રાવકના ગુણ લક્ષણ કેરી, કહેશું મધુરી વાતરે.
ભવિકા શ્રાવક કેહને કહીએ. ૧

દેવ દ્રવ્ય ગુરૂ સાધારણને, ભક્ષિત અથવા ઊવેખે;
દુર્લભબોધી બહુલ સંસારી, શ્રાદ્ધ દીન કૃત્ય લેખેરે.
ભવિકા શ્રાવક તેહ ન કહીએ. ૨

પગ પગ ત્રસ થાવરને હણતો, ચિત્ત અનુકંપા ન ધરતો;
બંધન છેદન ભેદન તાડન, નિરદયપણું અનુસરતોરે, ભવિકા. ૩
ભક્ષાભક્ષના ભાનમાં ભુલ્યો, રગણો ભોજન નીત કરતો,
પામરજન પશુ પ્રાણી વિસારી, પ્રથમ ઊદર નીજ ભરતોરે.
ભવિકા શ્રાવક તેહ ન કહીએ, ૪
ન્હાવે ધોવે પીવે પાણી, અણગલ જેહ ગમાર;
ઇંધણાદિક અણસોધ્યાં બાળે, ન કરે જયણા લગારરે. ભવિકા. ૫
દ્રવ્યભાવ અનુકંપા ધારી, ભાવ ધર્મનો વાસ;
વિરમી ઉપાધિ યતી હીતકારી, ન રહે તેહની પાસરે, ભવિકા. ૬
સહજ અલીકજન આળ ચઢાવે, કપટ કદાગ્રહ ધારે;
પરદારા પરદ્રવ્યનો હેરૂ, મોહનાં ઠાણ વધારેરે. ભવિકા. ૭
ચારે ચુકો બારે ભુલો, છનુ ન જાણે નામ;
લોકમાંહે ઇમ પડહ વજાવે, શ્રાવક માહરૂ નામરે. ભવિકા. ૮
ઠાણ સમાધિતણા અણધરતો, આરત રૌદ્ર વિચારે;
દાન, શીલ, તપ, ભાવ ન ભાવે, શિક્ષા હોય ન પાખેરે. ભવિકા. ૯
પાંચ મિથ્યાત્વની પુષ્ટી કરીને, ઇચ્છા પૂર્વક ચાલે;
જિનઆણાનો ભંગ કરીને, મહિયલમાંહે મહાલેરે. ભવિકા. ૧૦
ક્રોધ આહાર નિંદ્રા ઘણી જેહને, ભોગ તૃપ્ત નવી થાય;
મનુષ્યજનમ કરતલ સુખ વામી, દુરગતી માંહે જાયરે. ભવિકા. ૧૧
જાણ્યુ પણ ન આરાધ્યું જેહને, ધુર દીન તે નિરધારો;
તેલી બળધની ઊપમા તેહને, ઍર ઍર ધીકારોરે. ભવિકા. ૧૨
પંચ પ્રમાદ તણો પ્રતિબંધી, પંચાશ્રવનો આગાર;
અંતરાય હઠ ખેદ અસાતા, દુરગુણનો ભંડારરે, ભવિકા. ૧૩
દ્રવ્ય પૂજા કરતા બહુ દીઠા, દ્રવ્ય ક્રિયામાંહે રમતા;
શુદ્ધ ઊપયોગ ને તત્વરમણ વિણ, જગમાં દીસે ભમતારે.ભવિકા. ૧૪
સુક્ષ્મ બોધ અભાવે ચેતન, બંધ મોક્ષ નવી જાણે;
બહીરાતમમાં જશ મન વરતે, તે પહેલે ગુણઠાણેરે. ભવિકા ૧૫

ઇષ્ટ દ્રવ્ય પદ ભ્રષ્ટ નિમિત્તે, ષટપટ જેહ કરાવે;
દીન હીન નર પાસે લેહણું, લેવા ત્રાસ પડાવેરે. ભવિકા. ૧૬

[૧]ભદ્રક [૨]નિપુણમતિ ને [૩]ન્યાઇ, દ્રઢ નિજ [૪]વચનનો રાગી;
એ શ્રાવક ગુણ ચાર સોભાગી, શ્રાદ્ધવિધિની સાખીરે.
ભવિકા તેહને શ્રાવક કહીએરે. ૧૭

અનરથ દંડ દુષણ પરિહરતો, લોક નીતી શુભ ધરતો;
દિસીવિરમણવ્રત સવિ ગુણકારી, પ્રેમે પુષ્ટી કરતોરે;
ભવિકા શ્રા૦ ૧૮

બાહ્ય અભ્યંતર પરિગ્રહ મુરછા. દુઃખદાઇ કારણ જાણે;
શાંત દાંત સંતોષ દયાદિક, જ્ઞાનક્રિયા ચિત આણેરે. ભવિકા શ્રા૦ ૧૯

દેવ ધર્મ ગુરૂ સેવા તત્પર, ચૌદ નિયમ નિત પાળે,
આગમ વાણી સુણવા રસીયો. રત્નત્રયી ગુણ ધારેરે.
ભવિકા શ્રા૦ ૨૦

બુદ્ધિ ઉદ્યમ ગુરૂ જોગ અભ્યાસે, જ્ઞાનકળા અજુઆળે;
જીવાદિક નવ જાણે અથવા, શ્રદ્ધાપુર્વક પાળેરે. ભવિકા શ્રા૦ ૨૧

અધ્રુવ અસરણ અનિત્ય અશાશ્વત, આરંભ પરીગ્રહ જેહ;
કેવારે હું છોડીશ એહને, પ્રથમ મનોરથ તેહરે. ભવિકા. શ્રા૦ ૨૨

સાવદ્ય સર્વતણો પરિહારી, અપ્રતિબંધ વિહારી;
સગદશ ભેદે સંજમધારી, દોષ રહિત વળી આહારીરે.
ભવિકા શ્રા૦ ૨૩

બાર ભેદે તપસ્યા કારી, અરસ વિરસ તુચ્છ આહારી;
બીજો મનોરથ શ્રાવક ધારે, કયારે થઇશ વ્રતધારીરે. ભવિકા. ૨૪

રાગ રહિત જીવરાસ ખમાવી, પાપસ્થાન આલોવે;
અણસણ કરતો શરણ ધરતો, ધ્યાન સમાધિ જોવેરે. ભવિકા. ૨૫

પંડિત મરણ એ ત્રીજો મનોરથ, અંતકાલે જે ધ્યાવે;
કર્મ ખપાવી ભવભય વામી. અજર અમર પદ પાવેરે. ભવિકા. ૨૬

પુદગલ એંઠની લીલા ન વાંચ્છે, નિર્મલ ભાવના ભાવે;
પરમ પદાર્થ પંચ પરમેષ્ટી, હૃદયકમળમાં ઠાવેરે. ભવિકા. ૨૭
સામાયક પોસહ મનશુદ્ધિ, પડિકમણો નિત્ય કરતો;
શક્તિ જયુ ભક્તિ દુરિતથી ડરતો, જિન આણા શીર ધરતોરે.
ભવિકા. ૨૮
પુદગલ ચેતન ભીંન ગણીજે, અજ અવલંબન કીજે;
સ્વરૂપ રમણ અવલોકન કરતાં, સહજાનંદપદ લીજેરે. ભવિકા. ૨૯
સમયાનુસારે સત્તર ભેદે, ભાવ શ્રાવકપણુ ધરતો; ·
ધર્મરયણની યોગ્યતા ધરવા, એકવીસગુણ અનુસરતોરે. ભવિકા. ૩૦
ભવ અભિનંદી બોલથી અલગો, ધર્મકથાનો રાગી;
લોકરંજન જશ કીરતી અવાંછક, દુવિધ ક્રિયા વડભાગીરે. ભવિકા. ૩૧
કારણ પણ માંહે ઉદ્યમકારક, અંતિમ દે અનુષ્ટાન;
ધરતો નય નિક્ષેપ દ્રવ્યાદિક, સાધનમાં સાવધાનરે. ભવિકા. ૩૨
કર્મવર્ગણા તેવી લે છે, જેવા અધ્યવસાય;
શુભ કારણ આચરણ કરંતાં, ઈહ પરભવ હોય સાહ્યરે. ભવિકા. ૩૩
અલ્પસુખે બહુ દુઃખ પરિણામે, વિષય સેવન રસ જાણો;
ખીણ લાખેણી ક્ષણદેહ ભંગુર, કાલચક્ર ભય આણોરે. ભવિકા. ૩૪
અલિ અક્ષર દ્રષ્ટાંત મનુષ્યભવ, રત્નચિંતામણી સાધો;
સુખ દુઃખ કારણ કર્મની રચના, જાણી ધર્મ આરાધોરે. ભવિકા. ૩૫
જેમ ચેતન નિર્મળ ગુણ પામે, આતમસાક્ષી ધર્મ;
ભવભીરૂ ભવભાવના ભાવો, જેમ પામો શિવસર્મરે. ભવિકા. ૩૬
નિશ્ચય દ્રષ્ટિ હૃદયમાં ધારી, જે વ્યવહારને પાલે;
હેય ઊપાદેય જ્ઞેય વિચારી, જિનશાસન અજુઆળેરે. ભવિકા. ૩૭
દશ અધિકારે શુભ ગતી સાધે, બોધિ બીજ જેમ વાધે;
માર્ગાનુસારી પણ ત્રીસ ભેદે, સડસઠ બોલ આરાધેરે. ભવિકા. ૩૮
સાલંબન જિન ગુણ ચિત્ત ધારે; નિરાલંબન સિદ્ધ ધ્યાન;

તીવ્ર પ્રણામે ક્ષપકશ્રેણે ચઢી, પામે કેવલજ્ઞાનરે. ભવિકા. ૩૯
એહ લક્ષણ ગુણ શ્રાવક કેરા, તે ચિત્તમાંહે સદ્દહીએ;
નવકાર મંત્રતણો ગણુનારો, તે પણ શ્રાવક કહીએરે. ભવિકા. ૪૦
શ્રાવક કરણી ભવ દુઃખ હરણી, સાંભળી પાળે જેહ;
કારણ જોગે કારજ સાધી, નેટ કલુષ દહે તેહરે. ભવિકા. ૪૧
ઇત્યાદિક શુભ લક્ષણ વરીઆ, સદ્દગુણ રયણે ભરીઆ;
ઉપગારી રવીચંદ્ર પસાએ, એમચંદ ભવતરીઆરે.
ભવિકા. શ્રાવક તેહને કહીએ. ૪૨. ઇતિ.

॥ अथ जीव्हारस परित्याग स्वाध्याय ॥

પૂજા ભવતરણી ભાવતરણી---એ દેશી.

રસના રસ હરણી રસ હરણી, ભવ આવર્તની કરણી;
રસના રસ હરણી રસ હરણી.
સમકિતીકુ નવી આચરણી, આશ્રવ નૃપની ઘરણી. રસ. ૧
રસના રસમાં બહુ લપટાયા, મુનિગુણ શ્રેણની ઝરણી. રસ.
મોદક સ્વાદ આશાઢ રૂષીશ્વર, તજીને શુભ ગતિ વરણી. રસ. ૨
જગત જીવ વ્યવહાર નયેથી, આહાર દશા આચરણી. રસ.
યોગ અભ્યાસ તણી ઠગનારી, પુદગલ સુખ કાતરણી. રસ. ૩
શાંત સરોવર નીર સો ખાવે, આતાપે જીમ તરણી. રસ.
પાંચ ઇંદ્રિ રસના વશમાં, મીન મરણની કરણી. રસ. ૪
આહાર લોલપી રસ લાલચથી, કંઠે લગે તે ભરણી. રસ.
પણ તે થાય અમેધ્ય સરવથા, સાસોસ્વાસ વિખરણી. રસ. ૫
રસ ગરધી અતી રોગ ઊપાવે, બીજ વૃદ્ધિ જીમ ધરણી. રસ.
પુદગલ ભાવ રૂચે નહી જેહને, તે અધ્યાતમ કરણી. રસ. ૬
લોલા લોભી શીલ ગમાવે, અંત દુઃખ વઇતરણી. રસ.
એક જીતે તે સઘળુ જીતે, સુખ લહે બીમ શિવ પરણી. રસ. ૭

॥ अथ श्री मुनिगुण स्वाध्याय ॥

મને અજિતનાથ બહુ પ્યારા છે. એ દેશી.

મુનિરાજ સદાહી સોભાગી છે, સોભાગી છે વડભાગી છે:
મુનિરાજ સદાહી સોભાગી છે.

જ્ઞાનદશા જસ જાગી છે, મુનિરાજ સદાહી સોભાગી છે. આંકણી.
ભોગ રોગ તજી જોગ જગાયા, મોહ સુભટ ભીડ ભાગી છે. મુ.
મૈત્રાદિક ચૌભાવના ભાવે, ધ્યાન ધારા લય લાગી છે. મુનિ૦ ૧

પરિસહ વેદન છેદન કરવા, ત્રીજી દશા જસ જાગી છે. મુનિ૦
સમતાશું રમતા ગુણ આગર, ભવની ભાવઠ ભાગી છે. મુનિ૦ ૨

પર ઉપદેશી પર ઉપગારી, જિન આણા અનુરાગી છે. મુનિ૦
કર્મ સમિધને તપઅગ્નિથી, ભસ્મકરણ રઢ લાગી છે. મુનિ૦ ૩

દ્રવ્યભાવ અનુકંપા ધારી, મૃષાવાદના ત્યાગી છે. મુનિ૦
અણુ દીધું મનથી નવી ઇચ્છે, શીલ સન્નાહ સોભાગી છે. મુનિ૦ ૪

પરિગ્રહ ગ્રહમાંહે નવી પડતા, શિવરમણીના રાગી છે. મુનિ૦
શાંત સુધારસ સમપરિણામી, ભવ ભીરૂ વડ ભાગી છે. મુનિ૦ ૫

સ્યાદવાદ નિશ્ચય વ્યવહારી, શુદ્ધ ભાષક વૈરાગી છે. મુનિ૦
સદા કાળ સોહંપદ જંપે, ખેમચંદ તસ રાગી છે. મુ૦ ૬ ઇતિ.

॥ अथ श्री चौविस तीर्थंकरनां मामान्य नामार्थः लीख्यते ॥

१ श्री रुषभ–व्रतधुरावहनाद् श्री वृषभः
વ્રતરૂપી ધુરાવહન કરવા સમર્થ હોવાથી વૃષભ.

२ श्री अजित–रागादिभिर्निर्जितोऽतअजितः
રાગાદિક શત્રુઓથી નથી જીતાયા તેથી અજિત.

३ श्री संभव–शुभातिशय संभव उत्पत्तिं संभवः
શુભ અતિશયની ઊત્પત્તિ થઇ તેથી સંભવ.

४ श्री अभिनंदन–इंद्रैरभिनंद्यते अभिनंदनः
ઇંદ્રોએ અભિનંદન કર્યું તેથી અભિનંદન.

५ श्री सुमति–स्वयं सुमति भावात् श्री सुमतिः
(પોતાને) સ્વભાવિક સન્મતિ જાગવાથી સુમતિ.

६ श्री पद्मप्रभ–पद्मवान्निर्मलत्वात्पद्मप्रभः
પદ્મનીપેરે નિર્મલ હોવાથી પદ્મપ્રભ.

७ श्री सुपार्श्व–शुभपार्श्वात् सुपार्श्वः
(માતાનાં) પાસાં રૂડાં થયાથી સુપાર્શ્વ.

८ श्री चंद्रवत् शुभकांतित्वाच्चंद्रप्रभः
ચંદ્રની પેરે શુભ કાંતિવાળા હોવાથી ચંદ્રપ્રભ.

९ श्री सुविधि–शोभनाविधित्वात् सुविधिः
શુભકાર્ય વિધિમાં રૂચિ જાગવાથી સુવિધિ.

१० श्री शीतल–जगत्त्रयतापहारित्वात् शीतलः
ત્રણ જગતનો તાપ હરી લેવાથી શીતલ.

११ श्री श्रेयांस–श्रेयस्कारित्वात् श्री श्रेयांसः
શ્રેયઃ કલ્યાણકારિ હોવાથી શ્રેયાંશ.

१२ श्री वासुपूज्य–वसुदेवता पूजित त्वाद् वासुपूज्यः
દેવતાવડે પૂજિતપણાથી વાસુપૂજ્ય.

१३ श्री विमलनाथ–बाह्याभ्यंतर गतमलत्वाद् विमलः
બાહ્ય અંતર મળ રહિત થવાથી વિમલ.

१४ श्री अनंतनाथ–ज्ञानादिकानंत गुणत्वात् अनंतः
જ્ઞાનાદિક અનંત ગુણ હોવાથી અનંત.

१५ श्री धर्मनाथ—आ जन्म तो धर्म्म स्वभावात् धर्म्मः
જન્મથી માંડી ધર્મ રૂચિ જાગવાથી ધર્મ.

१६ श्री शांतिनाथ—शांतिकरत्वा त् श्री शांतिनाथः
દ્રવ્ય ભાવ શાન્તિકારક હોવાથી શાંતિ.

१७ श्री कुंथुनाथ—कुं पृथ्वी प्रतिस्थितः कुंथुनाथः
પ્રુથ્વીને વિષે સ્થિર રહેલા તેથી (કુંથું)

१८ श्री अरनाथ· वंशादिक वृद्धि करणात् अरनाथः
વંશાદિ વૃધ્ધિ હોવા થકી અરનાથ.

१९ श्री मल्लीनाथ—मोहादिक मल्लजयात् मल्लीनाथः
મોહાદિક મલ્લનો જય કરવાથી મલ્લિનાથ.

२० श्री मुनिसुव्रत—मुनित्वे सुव्रतत्वात् मुनिसुव्रतः
મુનિરાજ જેવાં સારાં વૃત કરવા થકી મુનિસુવ્રત.

२१ श्री नमिनाथ—रागादिक वैरीन[illegible] करणात् नमिनाथः
રાગ દ્વેષાદિ શત્રુઓને નમાવ્યા થકી (નમિનાથ.)

२२ श्री नेमिनाथ—पापद्रुमच्छेदने चक्रधारा नेमिनाथः
પાપરૂપી વૃક્ષને છેદવાને ચક્રધારા સમાન નેમિ.

२३ श्री पार्श्वनाथ—समस्तभाव पश्यतिती श्री पार्श्वनाथः
સર્વ ભાવોને દેખે છે માટે પાર્શ્વ.

२४ श्री महावीर—ज्ञानादिक वृद्धिनो वर्द्धमानः
જ્ઞાનાદિક વૃદ્ધિને પ્રાપ્ત હોવાથી (વર્દ્ધમાન)

अथ श्री चिदानंदजी कृत प्रश्नोत्तरमाला मध्येथी सारांश लिख्यते.

૧. રાગ દ્વેષ મોહાદિ દોષથી રહિત તે દેવ.
૨. દયા મૂલ અહિંસા તે ધર્મ.
૩. હિતોપદેશક તે ગુરૂ.
૪. ઉદાસીનતા સમાન સુખ નથી.
૫. જન્મ મરણ સમાન દુઃખ નથી.
૬, આત્મબોધ તેજ હીતકારી છે.
૭. પ્રબલ અજ્ઞાન તેજ સંસાર ભ્રમણ છે.
૮. ચિત્તનિરોધ તે ઉત્તમ ધ્યાન છે.
૯. પર ઉપગાર તેજ પુન્ય છે.
૧૦. પરપીડા તેજ પાપ છે.
૧૧. મિથ્યા દ્રષ્ટિરોધ એજ પરમબોધ છે.
૧૨. પરભવનુ સાધે તેજ ચતુર છે.
૧૩. કર્મનો બંધ પાડે તેજ મુરખ છે.
૧૪. પ્રભુનું નામ તેજ અચલ છે.
૧૫. ગુણાનુરાગી થવાથી ગુણવંત થાય છે.
૧૬. મમતા રહીત તેજ યોગી છે.
૧૭. મન અને ઇંદ્રિયો જીતે તેજ યતિ છે.
૧૮. સમતારસનો સાગર તેજ સંત છે.
૧૯. કામવિકારને વારે, તેજ સૂરવીર છે.
૨૦. વિષયવિકારને વશ છે, તેજ કાયર છે.
૨૧. અવિવેકી નર તેજ પશુ છે.
૨૨. આત્મજ્ઞાન જેના ઘટમાં છે, તે માનવ છે.
૨૩. બ્રહ્મ પીછાણે તેજ બ્રાહ્મણ છે.
૨૪. કર્મશત્રુઓ વશ કરે તેજ ક્ષત્રી છે.
૨૫. હાની વૃદ્ધિનો વિચાર કરે તેજ વૈશ્ય છે.

૨૬. અભક્ષનું ભક્ષણ કરે તેજ ક્ષુદ્ર છે.
૨૭. ઇચ્છાનો રોધ તેજ તપ છે.
૨૮. આત્મ થિર ભાવ તેજ સંજમ છે,
૨૯. છતી શક્તિ ગોપવે તેજ ચોર છે.
૩૦. પરદ્રોહકારી તેજ નીચ પાપી છે.
૩૧. વિકથાને વારે તેજ ઊંચ છે.
૩૨. ક્રોધ તેજ પ્રચંડ અગ્નિ છે.
૩૩. માન છે તેજ મદોન્મત હાથી છે.
૩૪. માયા છે તેજ વિષની વેલ છે.
૩૫. લોભ છે તેજ પાપનું મૂળ છે.
૩૬. જિનપ્રણિત ધર્મ છે તેજ સાર છે.
૩૭. નારી છે તેજ નરકનું દ્વાર છે.
૩૮. બંધ મોક્ષનો અજાણ તેજ અંધ છે.
૩૯. સિદ્ધાંતની વાણી સાંભળતો નથી તે બેહેરો છે.
૪૦. અવસર ઊચિત બોલે નહી તેજ મુંગો છે.
૪૧. મોહ છે તેજ કટ્ટો શત્રુ છે.
૪૨. દુઃખમાં મિત્ર થાય તેજ ખરો મિત્ર છે.
૪૩. પાપથી ડરે તેજ પંડિત જાણવો.
૪૪. મરણ છે તેજ મોટો ભય છે.
૪૫. ક્ષુધા છે તેજ મહા વેદના છે.
૪૬. અનુભવજ્ઞાન તેજ ચિંતામણી રત્ન છે.
૪૭. સદ્‌વિદ્યા તેજ કામધેનુ છે.
૪૮. સદ્‌ભક્તિ તેજ ચિત્રાવેલ છે.
૪૯. શ્રવણની શોભા તે જિનવાણી છે.
૫૦. નયણની શોભા તે જિનબિંબ જોવું.
૫૧. મુખની શોભા તે સત્ય વચન છે.
૫૨. કરની શોભા તે દાન છે.
૫૩. હૃદયની શોભા તે નવપદ ધ્યાન છે.

૫૪. કંઠ શોભા પ્રભુ ગુણ મુક્તાફલ માળા છે.

૫૫. દેવ ગુરૂ આણા શીર ધરીએ એજ લલાટ તીલક શોભા છે.

૫૬. રોગનું મૂળ રસ વિષયાશક્તપણું છે.

૫૭. દુઃખનું મૂળ સ્નેહ છે.

૫૮. સંતોષી તેજ સુખીયો છે.

૫૯. ચેતન લક્ષણ જીવ છે.

૬૦. અધ્યાત્મવાણી તેજ સુધારસ છે.

લોકો બાહ્યથી ગુણ જાણે છે અને જ્ઞાનીઓ અભ્યંતરભાવથી ગુણ માને છે.

પુર્વોક્ત ભાવનું સ્વરૂપ સમજવાથી નિર્વિકલ્પ ભાવ ઉત્પન્ન થાય છે, જે કારણ માટે આત્માર્થિ પુરૂષોના હીતને અર્થે કિંચિત્ સ્વરૂપ દર્શાવે છે.

પ્રશ્નઃ—નિર્વિકલ્પ દશાગુણ કોને કહીયે?

ઉત્તર—ભાવના આદેમાં અંશે અંશે નિર્વિકલ્પ ભાવ પ્રગટ થાય છે.

પૂજા પ્રભાવનામાં વસ્તુ દ્રવ્ય ખરચી લાવે તે દ્રવ્ય ઉપરથી મુચ્છા ઉતરવી તે પણ નિ૦ સંસાર ઉપરથી જે રાગ ઉતરી પ્રભુ સાથે જોડાય છે તેટલો નિ૦ પૂજાદિકમાં જેટલો વખત દેહ વપરાય છે તેટલો વખત સુધી વિષય વાસના છુટે છે તે નિ૦ પોસહ સામાયક પ્રતિક્રમણમાં જેટલો જેટલો વખત સ્વાત્મ દશામાં વર્તે છે અને મિથ્યાત્વાદિ પુદગલ ભાવથી ખસે છે તેટલો નિ૦ જ્ઞાનનું ભણવું, સાંભળવું, ધ્યાનાદિનું કરવું જેથી જ્ઞાનાવરણી આદે કર્મોનું ઘટવું, અને અંશે અંશે નિરૂપાધિકપણું થવું એટલે જડ પદાર્થોમાં જે મારાપણું માનેલું એવી જે વીભાવ દશાથી છુટવું તે નિ૦ નાતના શેઠીઆઓ, પંચના પટેલો, એકડાના આગેવાનો જે કુતર્ક કદાગ્રહ અન્યાયમાં વર્તે છે તે તેમાંથી છુટી જિનપૂજા

ભક્તિમાં જેટલો કાળ નિર્ગમન કરે છે તેટલો વખત નિર્વિકલ્પ દશામાંનો જાણવો. ઇતિ.

॥ अथ प्रश्नोत्तर लिख्यते. ॥

પ્રશ્ન ૧—અતિમુક્ત કુમારે માતા પિતાને કહ્યું કે જે હું જાણું છું તે હું નથી જાણતો, અને જે હું નથી જાણતો તે હું જાણુ છું. માતા પિતાએ કહ્યું કે તે સમજાયું નહી. ત્યારે કુમાર કહે છે;—

ઉત્તર—આ જગતમાં જે જન્મ્યા તેમને અવશ્ય મરવું છે તે હું જાણું છું; પરંતુ તેમને કયારે, કેવી રીતે, કેટલા કાળે મરવું છે તે હું જાણતો નથી. તેમજ કેવાં કર્મે કરીને જીવો નરકમાં ઉપજે છે તે મારા જાણવામાં નથી પણ તેઓ પોતાના કરેલા નઠારા કર્મોથી નરકમાં પડે છે તે હું જાણુ છું.

પ્રશ્ન ૨—ત્રણ પ્રકારના શ્રાવક કહ્યા છે તે કેવી રીતે?

ઉત્તર—૧ જઘન્ય દેશવિરતિ શ્રાવક–મદ્યમાંસ આદે અભક્ષ વસ્તુનો ત્યાગ કરે, નોકારશીનું પચખાણ કરે, નોકાર ગણનાર પ્રયોજન વિના સ્થુલ હિંસા ન કરે તે.

૨ મધ્યમ શ્રાવક–નિરંતર ષટ આવશ્યક કરનાર, સદાચારી, બાર વ્રતધારી તે.

૩ ઉત્કૃષ્ટ શ્રાવક–સચિત આહાર ત્યાગી, નિરંતર એકલઆહારી, બ્રહ્મચારી; પડિમાધારી એવં આત્મપ્રબોધ ગ્રંથ, વચનાત્.

પ્રશ્ન ૩—ઘર દેરાસર અથવા જીનમંદીરમાં કેવડી પ્રતિમા સ્થાપવી ?

ઉત્તર—ઘર દેરાસર મધ્યે ધાતુની પ્રતિમા અગીયાર આંગલ સુધીની સર્વાંગે સુંદર હોય તે પુજવી, સ્થાપવી. પણ પાષાણ, દાંત, લોહ, લેપ, કાષ્ટ અને ચિત્રામણવાલી પ્રતિમા પોતાના ગૃહ દેરાસરમાં પુજવા યોગ્ય નથી.

તેમજ અગીયાર આંગલથી હીન પ્રમાણુવાળી જીન પડિમા મોટા દેરાસરમાં મૂળનાયક રૂપે સ્થાપવી નહી. જિનાલય અને જિન પ્રતિમા સ્થાપનાર માણુસ ઘણું પુન્ય ઉપાર્જન કરે છે. ઇતિ આત્મ પ્રબોધે ઇહાં આંગલ એક હાથના ૨૪ પ્રમાણે જાણુવા. ઉત્સેધ અંગુલ પ્રમાણાત્.

પ્રશ્ન ૪--સિદ્ધ ભગવાનને ગોત્રકર્મ ક્ષય થવાથી અગુરૂ લઘુ ગુણુ પ્રગટે છે તે શું ?

ઊત્તર--ઊંચ ગોત્રના ઉદયથી લોકમાં ગૌરવપણું થાય છે, અને નિચ ગોત્રના ઊદયથી લઘુતા થાય છે. પરંતુ સિદ્ધ ભગવાનને તો એ બંનેનો અભાવ હોવાથી અગુરૂ લઘુપણુજ છે. ઇહાં વાદી શંકા કરે છે જે સિદ્ધ ભગવાન સજ્જનોને પુજનીય હોવાથી ગુરૂપણુ અને નાસ્તિકોને પુજનીય નહી હોવાથી લઘુપણું હોય. માટે ઇહાં અગુરૂ લઘુપણું કેમ કહેવાય. તેના ઊત્તરમાં જેમ ઊંચના આવવાથી બહુ માન કરવું, અને નિચના આવવાથી ન કરવું, તેવી રીતે ઇહાં સિદ્ધને વ્યવહારમાં થતું નથી. માટે અગુરૂ લઘુગુણુ યથાર્થ છે. ઇતિ આત્મપ્રબોધે.

પ્રશ્ન ૫—(જીવને નીચી ઊચી ગતી જવાનો હેતુ કોણુ છે) ?

ઊત્તર ૧—કર્તા જીવ. ૨ અજ્ઞાન કષાય રાગ દ્વેષરૂપ કારણુ. ૩ એ અશુદ્ધ કારણુથી નિગોદમાં જીવને અનંતા જન્મ મરણુ થાય છે તે રૂપ કાર્ય. એ અશુદ્ધ પ્રકારે જીવનું સ્વરૂપ ત્રીભંગીએ કરી કહ્યું.

૧ કરતા જીવ, દાનાદિ શુભ કારણુ, જેથી જીવને દેવ મનુષ્ય ભાવરૂપ શુભકાર્ય થાય, અર્થાત જેવું કારણુ મળે તેવું કાર્ય થાય.

॥ यथा ॥

कारण सत्ये कार्यनी सिद्धि प्रतिति कराय जिन0

ઇતિ વચનાત.

પ્રશ્ન ૬—વ્યવહારથી ચાર ગતીનો વર્ણ કહો.

ઊત્તર ૧—નારકી કૃષ્ણ રંગે. ૨ તિર્યંચ નિલવર્ણે. ૩ મનુષ્ય રક્ત રંગે. ૪ દેવતા પીતવર્ણે અને આત્મા તો નિર્મલ નિરંગ છે.

પ્રશ્ન ૭—કષાય કોના ઊપર કરવો અને કષાયનો કેવો વર્ણ છે ?

ઊત્તર ૧—ક્રોધ ઉપર ક્રોધ કરવો. ૨ માન છોડવા માન કરવું. ૩ માયાને છેતરવા માયા (કપટ) કરવી. ૪ લોભનો વિદ્ધંસ કરવાનો લોભ કરવો.

ક્રોધનો કૃશ્ન વર્ણ છે, માનનો લાલ, માયાનો નીલ, લોભનો પીતવર્ણ જાણવો.

પ્રશ્ન ૮—રોગ ઉત્પન્ન થવાનો તથા રોગ વિનાશ થવાનો મુખ્ય હેતુ કોણ છે ?

ઊત્તર ૧—રૂડા પરિણામથી રોગ જીતાય છે.
અશુભ લેશ્યાથી વ્યાધિ પેદા થાય છે, એમ સવીર્ય ધ્યાને કથીંત.

પ્રશ્ન ૯—રાગ દ્વેષની બુદ્ધિથી શું જોવાય છે ?

ઊત્તર—મનુષ્યને જ્યાં સુધી રાગ હોય ત્યાં સુધી તેના સદગુણોને જુએ છે, અને વખાણ પણ કરે છે. પરતુ દ્વેષભાવ હોવાથી કેવલ તેનાં દુષણોજ જોવાય છે, અને તેની નિંદા પણ કરેછે.

પ્રશ્ન ૧૦—આ જગતમાં પાંચ પ્રકારો દુર્લભ કહ્યા તે કીયા ?

ઊત્તર ૧—પૂજા. ૨ પચખાણ. ૩ પડિકમણ. ૪ પોસહ. ૫ પરોપકાર.

પ્રશ્ન ૧૧—દેવાંશી પુરૂષ કોને કહીએ ?

ઊત્તર ૧—દેવપૂજા. ૨ દયા. ૩ દાન. ૪ દાક્ષિણતા. ૫

દમતા. ૬ દક્ષતા એવા છ દકારે જેની પાસે છે તે દેવાંથી પુ-રૂષ જાણવો.

પ્રશ્ન ૧૨—દેવતાને નિંદ્રા હોય કે નહિ ?

ઉત્તર—યદ્યપિ દેવતા ઊંઘતા નથી તથાપિ તેમને પ્રદેશોદયથી નિંદ્રા હોય છે એમ ન માનીએ તો દર્શનાવર્ણી કર્મને અનુદય શી રીતે થઈ શકે દેવતાને દર્શનાવરણીય કર્મ છે તેથી ત્યાં પ્રદેશોદયથી નિદ્રા પણ ઘટે છે.

॥ यदुक्तं, लोकप्रकाशे ॥

प्रदेशोदय तस्त्वेषां । स्यात्तथाप्यन्यथा कथं ॥
दर्शना वरणीयस्य । सतोप्यनुदयो भवेत् ॥ १ ॥

પ્રશ્ન ૧૩—એક તરફ જળ છે અને બીજી તરફ વનસ્પતિ હોય તો કયો રસ્તો લેવો ?

ઉત્તર—જળમાં વનસ્પતિનો સદભાવ છે. જેથી વિશેષ હિંસાના લીધે વનસ્પતિનો માર્ગ લેવો. ઇતિ. (ગચ્છાચારે.)

પ્રશ્ન ૧૪—એકવીસ પ્રકારના જળનો કાળ ઉષ્ણજળ પ્રમાણે કે કેમ ?

ઉત્તર.—

एकविंशतिपानीयानां प्रासुकभवनानंतरपुनः कियता कालेनसचित्ततामवति तथातेषांसर्वेसां ॥ सांप्रतंप्रवृत्तिक.थं नास्तीति । अत्रउष्णोदकस्य यथावर्षादौप्रहरत्रयादिकः कालःप्रोक्तोऽस्तितथा ॥ प्रासुकोदकधावनादीनामपीति बोध्यं । तेषांपवृत्तिस्तुयथासंभवं विद्यते. ॥ इति ॥

પ્રશ્ન ૧૫—વાટે વહેતા જીવને શરીર, ગુણઠાણું, આણુ કેટલા હોય ?

ઉત્તર—તેજસ કાર્મણ એ બે શરીર હોય, અને પહેલું, બીજું, ચોથું એ ત્રણ ગુણઠાણાં હોય, પ્રાણમાં એક આયુષ્ય પ્રાણ હોય, એમ નયચક્રમા કહ્યું છે.

પ્રશ્ન ૧૯—સિદ્ધ ભગવાનની ઉર્ધ્વગતીના હેતુઓ ૪ કહ્યા છે. તે ક્યા ?

ઉત્તર—૧ કુંભારના ચક્રવત્ તથા બાણથી છુટો તીર વા ગોફણથી છુટો ગોળાની ગતી પુર્વ પ્રયોગથી થાય છે, તેમ સિદ્ધની ગતી પુર્વ પ્રયોગથી થાય છે, એ પહેલો હેતુ જાણવો.

(૨) માટીના લેપથી તુંબડું ડુબી જાય છે અને માટીના લેપથી રહીત તુંબડું ઉંચુ રહે છે તેમ કર્મના સંગથી રહિત સિદ્ધોની ઉર્ધ્વગતી હોય છે. એ બીજો હેતુ.

(૩) એરંડ ફલ પરીપક્વ થાય છે ત્યારે તાપના જોરથી બંધનથી બીજ નીકળી પડે છે તેમ કર્મ રૂપ બંધન છુટવાથી સિદ્ધની ઉર્ધ્વગતી થાય છે. એ ત્રીજો હેતુ.

(૪) પથ્થરનું નિચું જવાપણું હોય છે, પવનનું તિર્છું જવાપણું, અગ્નિની જ્વાલાનો ઉંચે જવાનો સ્વભાવ હોય છે તેવી રીતે આત્માનો ઊંચે જવાનો સ્વભાવ હોય છે એ ચોથો હેતુ જાણવો.

ઇતિ ગુણસ્થાન ક્રમારોહ.

૧ આહાર સંજ્ઞાએ કરી જીવ અનાદિ કાળથી ખાતો રહે છે.

૨ ભય સંજ્ઞાથી જીવ ચારે ગતીમાં કંપતો બીહુતો રહે છે.

૩ મિથુન સંજ્ઞાથી જીવ પાંચે ઇંદ્રિઓના વિષયની અભિલાષા કરે છે.

૪ પરિગ્રહ સંજ્ઞાથી જીવ પુદગલ વસ્તુ એકઠી કરે છે એવં ચાર સંજ્ઞામાં પ્રથમ સંજ્ઞા વેદની કર્મની છે, બાકીની ત્રણ સંજ્ઞા મોહનીકર્મના ઘરની છે. એકેંદ્રિથી યાવત પંચેન્દ્રિ સર્વ જીવોને વિષે પૂર્વોક્ત સંજ્ઞા જાણવી.

૧૮. ૧ જીવદ્રવ્ય છે, ૨ જ્ઞાનાદિ ગુણ છે. ૩ અગુરૂ લઘુ પર્યાય છે, વા ગતી પરાવર્તન, વા ઘટ પટાદિ નવા નવા જ્ઞેયની વર્તના તે જીવ પર્યાય કહીએ. અર્થાત્ આત્માના જ્ઞાન દર્શનમાં સમય સમય જે ફેરફાર થાય છે તે પર્યાય છે. દ્રવ્ય તે–ગુણ પર્યાયનું ભાજન સ્વભાવમાં રહે તે. ગુણ જે–વસ્તુનો સાથે રહેનારો ધર્મ સ્વભાવ તે. પર્યાય તે–રૂપાંતર થઈ પલટનપણું તે.

૧૯ યોગ, કષાય, ધ્યાન, લેશ્યા, એ ચાર એકઠા મળે ત્યારે પરભવનું આયુષ્ય જીવ બાંધે છે.

૨૦ અધર્મિ પાપીષ્ટ જીવો સુતા સારા, કેમકે બીજા પ્રાણીઓને દુઃખ પીડા આપી શકે નહી માટે.

૨૧ ધર્મિષ્ટ જીવો જાગતા સારા શા માટે જે જીવોની દયા પાળે છે, ધર્મોપદેશ દે છે માટે.

૨૨ જીહાં આત્માના પ્રદેશો સમુદાઇભુત થઇને રહે તેને મર્મસ્થાન કહે છે. મસ્તકમાં આત્માના ઘણા પ્રદેશો છે, જ્યાં તે ઘણા પ્રદેશો હોય ત્યાં આયુનાં દળીઆં વિશેષ હોય છે. મર્મસ્થાનમાં થોડું વાગવાથી પણ ઘણી પીડા થાય છે. (નાભિ, છાતી, ગુહ્ય ભાગ વગેરે મર્મસ્થાનો છે.)

૨૩ તીર્થંકરના જન્મ સમયે અસંખ્ય ચંદ્ર સૂર્ય આવે, એટલે મનુષ્ય ક્ષેત્ર બાહેરના પણ આવે છે માટે.

૨૪ આશ્રવ ભવનો હેતુ અને સંવર મોક્ષનો હેતુ એ બેજ સિદ્ધાન્તનો સાર છે.

૨૫ નારકીના જીવ વેદનાથી એક ગાઉ ઊંચા ઉછળે છે.

૨૬ સમ્યગ્દ્રષ્ટિના શંસયાદિ પણ જ્ઞાન સ્વરૂપ છે.

૨૭ ઉત્સૂત્રભાષકને અનંત સંસારનો નિયમ નથી. જમાલી નિન્હુવાદિકને તેમ જણાતું નથી. પરિણામ વિશેષ સંખ્યાત અસંખ્યાત અનંત ભવ સંભવે.

૨૮ હીન મિથ્યાદ્રષ્ટિના ગુણની પ્રસંશા ઉચ્ચ ગુણસ્થાનવર્તિ કરે, કેમકે તીર્થંકરથી સર્વ જીવો હીન, પરંતુ તેઓએ ગુણની પ્રશંસા કરી છે.

૨૯ ગર્ભજ મનુષ્યના દેહમાં એકેંદ્રિથી યાવત્ પંચેદ્રિય પર્યંત જીવ ઉપજે.

૩૦ આત્માના આઠ રૂચક પ્રદેશ સિદ્ધ પ્રદેશવત્ નિર્મલ અને સ્થીર હોવાથી તેને કર્મ લાગતાં નથી. અને બીજા પ્રદેશો ઉષ્ણ ઉદકવત્ શરીરમાં ઉંચા નિચા ફરે છે તેને કર્મ લાગે છે.

૩૧ લોકાંતિક દેવ એકાવતારી તથા આઠ ભવ પણ કરે. (પ્રશ્નોત્તર ચિંતામણી) વીરવિજયજી કૃત.

૩૨ મિથ્યાદ્રષ્ટિ તથા સમકિતદ્રષ્ટિ જેનો અર્ધ પુદ્ગલપરાવર્તનકાલ બાકી હોય તે શુકલપક્ષી જાણવો. અને તે બંને ક્રિયાવાદી હોય.

૩૩ ત્રણ કારણે તારા ખરે છે. ૧ વૈક્રિય કરતાં. ૨. મૈથુન કરતાં. ૩. સ્થાનાંતર અથવા મહર્ધિક દેવતાને વૈક્રિય કરતાં માર્ગ દેવા તારા ચલાયમાન થાય છે.

૩૪ ત્રિફલાંજલ પ્રાસુક (અચિત હોય) છે. (હીર પ્રશ્ને)

૩૫ ગૃહસ્થની રજાથી સાધુ પોતાના હાથે પાણી વિહારી શકે. (તત્ત્વબિંદુ.)

૩૬ તીર્થંકર વીના બીજા જીવો પણ અવધિજ્ઞાન સહીત માતાના ઉદરમાં ઉત્પન્ન થાય.

૩૭ ૧ દ્રવ્યાત્મા. ૨. કષાય આત્મા. ૩. યોગ આત્મા. ૪. ઉપ-

યોગ આત્મા. ૫. જ્ઞાનાત્મા. ૬. દર્શન આત્મા. ૭ ચારિત્ર આત્મા. ૮. વીર્યાત્મા, એવં આઠ પ્રકારના આત્મા.

(શ્રી ભગવતી સૂત્રે.)

૩૮ આહાર લેઈ પરિણુમાવાનું કારણુ તે તૈજસ શરીર જાણવું.

૩૯ સર્વ શાસ્ત્રોમાં અધ્યાત્મશાસ્ત્ર શ્રેષ્ટતા ભોગવે છે. થોડા કાલમાં જે મુક્તિ પામવાનો હોય તેનેજ અધ્યાત્મજ્ઞાન પ્રતિ રૂચિ થાય છે. (અધ્યાત્મસાર)

૪૦ ધ્યાનાદિ અંતરંગ સુક્ષ્મ ક્રિયા વીના મુક્તિ નથી.

૪૧ દ્રષ્ટિરાગી દોષને દેખી શકતો નથી.

૪૨ ગમે તેવા દુષ્ટ શત્રુથી જે અનિષ્ટ થતુ નથી તે રાગદ્વેષથી થાય છે.

૪૩ આત્મ તત્વજ્ઞાન આપનાર સદગુરૂને સર્વસ્વ સમર્પણુ કરવું જોઇએ.

૪૪ જે માહાત્મા એક જીવને જૈન દર્શન પમાડે છે. તે ચૌદ રાજલોકમાં રહેલા જીવોને અભય દાન આપે છે કારણુ કે જૈનધર્મથી મુક્તિ પામતાં ચૌદ રાજમાં વસનારા જીવોની હિંસા કરતો બંધ પડે છે.

૪૫ તીર્થંકર ભગવાન દીક્ષા અવસરે સિધ્ધોને નમસ્કાર કરે છે.

૪૬ એક ભવમાં એક જીવને કર્મની વિચિત્રતાથી ત્રણુ વેદનો ઊદય પણુ સંપજે છે. (નિશિથચૂર્ણિ.)

૪૭ કોઇ પણુ નિર્ભાગ્યના સંસર્ગથી ઘણા ભાગ્યવતોનો પણુ પુન્યોદય હણાય છે.

૪૮ અપર્યાપ્તા સર્વે જીવો ઓજ આહારી જાણવા.

૪૯ વૈક્રિય શરીરવાળો જીવ તથા વિગ્રહ ગતીવાળો જીવ અગ્નિમાંથી જતો દાઝે નહી.

૫૦ અધ્યાત્મ યોગક્રિયા તે ચોથાથી તે ચૌદમા ગુણુઠાણા સુધી હોય. (અધ્યાત્મસારે)

૫૧ નિંદ્રા અવસ્થા પ્રથમથી ત્રણ ગુણસ્થાનકમા છે. સ્વપ્નદશા ચોથાથી છઠા સુધી. જાગ્રત દશા સાતમાથી બારમા સુધી છે. ઉજાગર દશા તે તેરમા ચોદમા ગુણઠાણે હોય.

૫૨ દેવતા અને નારકીઓને ક્ષયોપસમભાવે ભવ પ્રત્યયિક અવધિજ્ઞાન છે, અને મનુષ્ય તિર્યંચને ગુણપ્રત્યયિક અવધિજ્ઞાન હોય છે.

૫૩ ઘણું ભોજન કરવાથી, અતી નિંદ્રાથી, અતી જાગવાથી, ઝાડો પેસાબ રોકવાથી, ઘણુ ચાલવાથી, પ્રતિકુલ ભોજન કરવાથી, અત્યંત કામવિકારથી રોગની ઉત્પત્તિ થાય છે.

૫૪ લેશ્યાવંત જીવલક્ષણ સ્વરૂપ—જાંબુ વૃક્ષ ફલ દૃષ્ટાંત.

(૧) વૃક્ષને મૂળથી કાપી ફળ ખાવા ઇચ્છિનાર. (૨) મોટી શાખા કાપવી. (૩) નાહાની શાખા કાપવી. (૪) ઝુમખાં તોડવાં. (૫) પાકાં ફળ તોડવાં. (૬) પાકાં ફળ ભુઇ પડેલાં ખાવાં. એમ અનુક્રમે કૃષ્ણલેશ્યાથી યાવત્ શુકલ લેશ્યાવંત પ્રાણીના પ્રણામનું ફળ નિચે પ્રમાણે જાણવું.

૧. કૃષ્ણ લેશ્યાના પ્રણામ—ક્રુર પરિણામવાન, તીવ્ર પ્રણામે સર્વ જીવોનો નાશ ચિંતવે: ક્રોધવંત, પરગુણ દ્વેષી, નિર્દઇ મરીને નરકે જાય છે.

૨. નીલલેસ્યા—ઇર્ષા, અવર્ણવાદી, કદાગ્રહી, ભાવ સહીત વિષય લંપટતા, આરંભવાન, મદવંત, શાતાનો ઇચ્છક, તપ રહીત, અહીતકારક, એકેંદ્રી થાવરમાં જાય.

૩. કાપોત લેસ્યા—કપટ, ચોરી, વાંકુ બોલે, નિજદોષ ઢાંકે, મિથ્યાત્વી વાણીથી દુભવે, મર્મ વચન બોલે, લડાઇખોર, નિંદક સદા રોષી તે તિર્યંચ થાય.

૪. તેજોલેસ્યા—મોક્ષવાંછક, ધર્મ શ્રદ્ધાલુ, પાપ ભીરૂ, ઇંદ્રિયદમન, વિનયી, માન માયા કૂતુહલ ચપલતા રહીતપણું, વિદ્વાન તે મનુષ્ય થાય.

૫. પદ્મલેસ્યા—શુભયોગ પ્રવૃત્તિ, રાગદ્વેષની ઊપશમતા, ઇંદ્રિયદમન, દયાદિ પ્રણામ, દેવગુરૂ ભક્તિવંત, તે જીવ દેવલોકમાં જાય.

૬ શુક્લલેસ્યા—સ્વસ્વરૂપ દ્રષ્ટિ, આર્ત રૌદ્ર પરિહારી, ધર્મ શુકલ ધ્યાનધારી, અષ્ટ પ્રવચન રક્ત, જીતેન્દ્રિય, રાગદેષને ઊપસમ ઇ૦ પરમાત્મ પરણુતીવંત જીવ મોક્ષગામી જાણવો.

૫૫. ઉદારીક[૧], વૈક્રિય[૨], આહારક[૩], તેજસ[૪], કાર્મણ[૫], મન[૬], ભાષા[૭], શ્વાસો-શ્વાસ[૮] એ આઠ પ્રકારની વર્ગણા જાણવી.

૫૬ સંઘયણ, કાલ, જ્ઞાન, મનોબળની યોગ્યતાથી ધ્યાન થઇ શકે છે.

૫૭ શુભ ઉપયોગે સુગતિ, અશુભ ઉપયોગે કુગતિ હોય. શુદ્ધ ઉપયોગે મુક્તિ, અશુદ્ધ ઉપયોગે સંસાર વધારે.

૫૮ જાતીસ્મરણ અને અવધિજ્ઞાનના ઉત્પાદનો હાલમાં નિષેધ નહિ.

૫૯ રે જીવ તારૂં ઇષ્ટ તારા હાથમાં છે. ભુલીશ તો ભમિશ, તારી ભૂલ તને નડશે.

૬૦ સ્થાપનાચાર્યની પડિલેહણાના તેર બોલ. (૧) ગુરૂ શુદ્ધ સ્વરૂપના ધારક. (૨) ગુરૂ જ્ઞાન સહિત. (૩) ગુરૂ દર્શન સહિત. (૪) ગુરૂ ચારિત્ર સહિત. (૫) ગુરૂ શુદ્ધ સદ્દહણા સહિત. (૬) ગુરૂ શુદ્ધ ફરસના સહિત. (૭) ગુરૂ શુદ્ધ પરૂપણા સહિત. (૮) ગુરૂ મનગુપ્તિ સહિત. (૯) ગુરૂ વચન-ગુપ્તિ સહિત. (૧૦) ગુરૂ કાયગુપ્તિ સહિત. (૧૧) ગુરૂ પં-ચાચાર પાળે. (૧૨) ગુરૂ પંચાચાર પળાવે. (૧૩) ગુરૂ પંચાચાર પાળતાને અનુમોદે.

૬૧ દેવ ગુરૂને વંદન ન કર્યું હોય ત્યાં સુધી પ્રથમ પ્રહરે પા-ણી પીવું પણ ન કલ્પે.

(આચાર દીનકરે)

૬૨ શ્રી તીર્થકલ્પમાં કહ્યું છે જે બે હજાર વર્ષે સ્થિતિવાલા ભસ્મરાસી ગ્રહની પીડા મટશે. પછે દેવતાઓ દર્શન આપશે, વિદ્યા મંત્ર પણ અલ્પ જાપથી પ્રભાવ દેખાડશે, અવધિ અને જાતીસ્મરણાદિ ભાવ પણ કિંચિત્ પ્રગટ થશે.

૬૩ ઘનોદધિ એ અસંખ્યાત જોજન પ્રમાણનો જલપિંડ છે, તે, વિમાન તથા પૃથ્વી આદેને આધારભૂત છે. ઘનવા, તનવા, પણ તેમજ આધારભૂત છે. (જીવવિચારવૃતૌ)

૬૪ અત્યંત ભૂખ, તરસ, અને થાકવાળાએ એકદમ પાણી પીવું નહી. કારણ કે એમ કરવાથી સાતે ધાતુઓ કોપાયમાન થાય છે, અને વાતપીતાદિ ઉત્પન્ન થાય છે.

૬૫ તીર્થયાત્રામાં સુતક લાગે નહી. (આચાર દીનકર.)

૬૬ વિઘ્નશાંતિ માટે કરેલી હિંસા નિશ્ચયથી શાંતિ ન થતાં ઊલટી વિઘ્નકારી થાય છે. અને વળી કુળનો નાશ કરનારી થાય છે. (યોગશાસ્ત્રે.)

૬૭ પંચેન્દ્રિ અને એકેન્દ્રિ જીવો ત્રીભુવનમાં છે, વિકલેન્દ્રિય જીવો તો માત્ર તીર્છા લોકમાં છે. પૃથ્વી, પાણી, વનસ્પતિ બાર દેવલોક અને સાત પૃથ્વીમાં છે, તેમાં વળી પૃથ્વી તો યાવત્ સિદ્ધસિલા સુધી છે, અને બાદર, અગ્નિ, મનુષ્યલોકમાંજ છે. ગ્રૈવેયક, અનુતર વિમાનમાં તો જળ પણ નથી.

(લોકપ્રકાશે.)

૬૮ નવકારસીના પચખાણની માફક સામાયકની સ્થિતિ પણ મુહુર્ત પ્રમાણ છે અનવસ્થિત દોષ તો તત્કાલ પાળે અથવા અનાદરથી જેમ તેમ કરે તે (ઇતિ ઉપદેશ ચિંતામણી ગ્રંથે) અને વંદીતા સૂત્રની ટીકામાં મુહુર્તથી વધારે બેસવામાં પણ અદોષ ગણેલ છે.

૬૯ દેવતાઓ જ્યારે બોલે ત્યારે રમણીક વર્ણવાળી અને ચતુરના ચિત્તને ચમત્કાર કરનારી અર્ધ માગધી ભાષાવડે ભાષણ કરે છે. (ભગવતી સૂત્રે.)

૭૦ શ્રી સિદ્ધચક્રનો યંત્ર દશમા વિદ્યાપ્રવાદ પુર્વનો પરમાર્થ છે, માટે જે પુરૂષ તપસંજમ યોગયુક્ત થઇ એનું ધ્યાન કરે છે તે ઘણી નિર્જરા કરે છે, અને સિદ્ધિઓ પણ પામે છે.

૭૧ ઉપક્રમથી દીર્ઘ સ્થિતિવાળાં કર્મને અધ્યવસાય વિશેષથી સીઘ્ર ભોગવાઇ જાય છે; જેમ કોઇ ભસ્મક, વાતરોગવાળો ઘણા કાળે ભક્ષણયોગ, ધાન્યના ઢગલાને થોડા વખતમાં ભક્ષણ કરી જાય છે.

જેમ લાંબુ કરેલું દોરડુ ઘણા વખતે અગ્નિથી બલી શકે છે. તેજ એકઠું કરી અગ્નિમાં નાખ્યું હોય તો થોડા વખતમાં બળીને ભસ્મીભૂત થાય છે.

અંબફળ વિલંબથી પાકે છે, પરંતુ તેજ ફળ, ખાડામાં નાખી પરાળ પ્રમુખે ઢાંકતાં જલદી પાકે છે. વિસ્તારેલું ભિનું વસ્ત્ર જલદી સુકાય છે અને વાળેલું વસ્ત્ર ઘણી વખતે સુકાય છે. એજ રીતે કર્મનો વિપાક બે પ્રકારે કહ્યો છે. ૧ સ્વભાવિક સ્થિતિ મુજબ. ૨ ઉપક્રમથી. એમ બે પ્રકારે બાંધેલું કર્મ ભોગવાય છે. તથાપ્રકારના પ્રયત્ન વિશેષથી.

(ઇતિ લોકપ્રકાશે.)

૭૨ ભરતચક્રિની બેહેન બ્રાહ્મીને, પિતાએ બાહુબળીને આપી છે, માટે કુમારી નહીં. (લોપ્રકકાશ.)

૭૩ મનુષ્ય તિર્યંચ સંબંધી અસઝાઈ શ્રી ઠાણાંગે કહી છે, એટલે ઉદારીક શરીર સંબંધી દશ પ્રકાર કહે છે. ૧ હાડ. ૨ માંસ. ૩ લોહી ૪ મલમુત્ર. ૫ સ્મશાન. ૬ ચંદ્રગ્રહણ. ૭ સૂર્યગ્રહણ. ૮ રાજા, પ્રધાન, સેનાપત્યાદિ મરણ. ૯ રાજા, સેનાપતી મલ્લયુદ્ધાદિ સંગ્રામ. ૧૦ ઉપાશ્રયમાં જીવરહીત મનુષ્યાદિકનુ કલેવર એ દશ કારણે સૂત્રનું પાઠન કરવું નહી.

૭૪ બેરેંદ્રિ ઇયલનો જીવ ચોરેંદ્રિ ભમરી થાય છે પણ તે

કલેવરમાં તેજ ઇયલનો જીવ અથવા બીજો કોઇ જીવ ચૌ-રેંદ્રિ ભમરીપણે ઉત્પન્ન થાય છે. પણ તેજ ભવમાં ઇયિ-લની ભમરી બની જાય છે. એમ સમજવું નહી.

(હીરપ્રશ્ને)

૭૫ ૧ શીત. ૨ ઉષ્ણ. ૩ ક્ષુધા. ૪ તૃષા. ૫ ખુજલી. ૬ ભય. ૭ શોક. ૮ પરાધિનતા. ૯ જ્વર. ૧૦ દાહ. એ દશ પ્ર-કારની વેદના નરકમાં થાય છે.

૭૬ બાહેર ગામ જતાં વા બીજા કાર્યના પ્રારંભમાં વસ્ત્રાદિકનુ સ્ખલન વા અપશુકન કે દુર્નિમિત થાય તો તે સર્વના પ્રતિઘાતને માટે પંચમંગલરૂપ નવકાર મંત્રનું ધ્યાન કરવું અથવા સ્વાધ્યાયના બે શ્લોકનું ચિંતવન ધ્યાન કરવું એમ વ્યવહાર સૂત્ર ટીકામાં કહ્યું છે.

૭૭ શ્રી હેમચંદ્રાચાર્યજીએ દેવતાની પ્રસન્નતાથી ત્રયશઠસલાખા પુરૂષનાં ચરિત્રોની રચના કરી છે. એમ શ્રાદ્ધવિધિ નિશ્ચય ગ્રંથમાં છે.

અત્ર પ્રસંગ વિશેષ, ૩ઠ ક્રોડ શ્લોકના કર્ત્તા કલીકાલ સ-ર્વજ્ઞ બીરૂદધારક શ્રી હેમચંદ્રાચાર્ય એક વખતે હાથમાં દાંડો અને કાંબલ ધારણ કરીને માર્ગે જતા હતા. તે વખતે એક વિદ્વાન્ બ્રાહ્મણે તેઓના વેષની હાંસી કરી કહ્યું કેઃ—

॥ आगता हेमगोपालो । दंम्कंबलमुद्व हन ॥

અર્થાત્—હાથમાં દંડ ધારણ કરી, ખભે કાંબલ નાખી આ ભરવાડ (ઢોર ચારનાર) આવે છે. આવાં વિચિત્ર ઉપહાસ્યને સાંભળી શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મૌન ન રહેતાં તેને એવોજ ઉ-ત્તર આપ્યો કે,

॥ षम्दर्शन पशुप्राया । आरयन् जैनवाटके ॥

અર્થાત્—ષટદર્શનરૂપી પશુઓને જૈન દર્શનરૂપી વાડામાં ચારતો આ આવે છે. એમ સાંભળી બ્રાહ્મણભાઇ ચુપ થઇ ગયા.

ઇહાં શ્લોકની પાદપુરતી પણ કરી દીધી, અને તેનો જવાબ માથામાં વાગે તેવો આપી દીધો. એવા એવા મહાનુભવિ વિદ્વાનોના વચનરૂપ તરંગોથીં જૈન ધર્મરૂપી વાવટો આજ પણ ફુરકી રહ્યો છે.

પ્રશ્ન ૭૮—ટીપણામાં રાહુની મસ્તક માત્ર અને કેતુની (કબંધ) ધડ માત્ર આકૃતિ છે તેનું શું કારણ ?

ઊત્તર—અમૃતનું પાન કરવા વખતે દેવપંકિત દેવરૂપે બેસીને અમૃતનું પાન કરતો એવો જે રાહુ તેને દેખીને વિષ્ણુ તેના મસ્તકને છેદતા હુવા, ત્યારથી મસ્તક ભાગમાં રાહુ અને ધડના ભાગમાં કેતુ એમ બે રૂપ તેનાં જાણવાં. તે માટે ટીપણામાં તે બે આકૃતિ છે. આ વાત લૌકીક પુરાણની અપેક્ષાએ જાણવી. નહીતો રાહુ સંપૂર્ણ સકલ શરીરના અવયવાદિ વિશેષ શોભા સહિત એવો એક મહર્દ્ધિક ગ્રહ છે.

(લોકપ્રકાશે)

તે રાહુનો વિશેષ અધિકાર શ્રી ભગવતી સૂત્રથી જાણવો.

પ્રશ્ન ૭૯—સ્ત્રી રત્નની સંખાવર્ત્તા યોનિમાં જીવો ગર્ભપણે ઉપજે છે પણ તે નિષ્પન્ન થતા નથી તેનું કારણ શું ?

ઊત્તર—અતિ પ્રબળ કામાગ્નિના પરિતાપથી વિધ્વંસપણાને પામે છે. એમ શ્રી પન્નવણા સૂત્રની વૃત્તિમાં કહ્યું છે. તથા શ્રી હીર પ્રશ્નોત્તરમાં પણ કહ્યું છે કે સ્ત્રીરત્નના સ્પર્શથી લોહ પુરૂષનું પણ ગલન થઇ જાય છે.

પ્રશ્ન ૮૦—ઔદારીક શરીરવાળી સ્ત્રીને કોઇ દેવતા ભોગવે તો તે સ્ત્રી ગર્ભ ધરે કે કેમ ?

ઉત્તર—ના, તે સ્ત્રી ગર્ભ ન ધરે. દેવતાનું વૈક્રિય શરીર છે માટે, અને જે ચક્રવર્તિના વૈક્રિય શરીરથી બીજી સ્ત્રીયો ગર્ભ ધરે છે તે તો ચક્રવર્તિને સત્તાએ ઔદારીક શરીરના પુદગલ છે માટે ગર્ભ ધરે છે. ઇતિ.

પ્રશ્ન ૮૧—ગર્ભમાં રહેલો જીવ ઓજ આહાર કરે કે લોમ આહાર કરે કે પ્રક્ષેપ આહાર કરે ?

ઉત્તર—પહેલે સમયે જીવ ઓજ આહાર કરે, કારણ કે અપર્યાપ્તો છે, પર્યાપ્તો થયા પછે લોમ આહાર કરે અને પ્રક્ષેપ આહારની ભજના. કરે વા ન કરે.

પ્રશ્ન ૮૨—હંસ, દુધ પાણીથી મિશ્રિતને જુદું કરી પીએ છે તે શાથી ?

ઉત્તર—હંસની જીભમાં એક જાતનો ખટાશ ગુણ રહ્યો છે કે જેથી દુધ કુચારૂપ થઈ જુદું થાય છે એટલે પાણીને વર્જીને કેવલ દુધનેજ પીએ છે.

પ્રશ્ન ૮૩—ઇરિયાવહી પડિકમીને ચૈત્યવંદન થાય કે કેમ ?

ઉત્તર—જે ઊત્કૃષ્ટ ચૈત્યવંદન છે તે ઇરિયાવહિ પડિકમીને થાય, અને જે જઘન્ય મધ્યમ ચૈત્યવંદન છે તે ઇરિયાવહિ પડિકમ્યા વિના પણ થાય.

પ્રશ્ન ૮૪—અભવ્ય જીવો કોઇ કાલે ઓછા વધુ થાય કે નહી ?

ઉત્તર—અભવ્ય જીવો છે તે ભવ્ય ન થાય, અને જે ભવ્ય જીવો છે તે અભવ્ય ન થાય તો ઓછા વધુની વાત શી કરવી.

પ્રશ્ન ૮૫—પહેલે પહોરે લાવેલું જે અશનાદિ તે મુનીઓને ચોથે પહોરે ભોજન કરવું કલ્પે કે કેમ ?

ઉત્તર—ત્રણ પ્રહર સુધી ભોજન કરવાને કલ્પે, પછે કાલાતિક્રાંત થવાથી ચોથે પહોરે ભોજન કરવાને ન કલ્પે.

પ્રશ્ન ૮૬—સાધ્વીઓને નવકલ્પી વિહાર હોય કે કેમ ?

ઉત્તર—પંચકલ્પ વિહાર હોય, શાથી કે ચાર માસ પ્રમાણ વાળો એક વર્ષાકલ્પ, અને બીજા ચાર કલ્પ સાધ્વીને બે માસ વડે એક કલ્પ ગણાય, એમ શ્રી વૃહત્કલ્પચુર્ણિમાં કહ્યું છે.

પ્રશ્ન ૮૭—દેવ, દેવી સાથે મૂળ શરીરે કરી કે ઉત્તર વૈક્રિય શરીરે કરી ભોગકર્મ કરે ?

ઉત્તર—પોતાની ઇચ્છા પ્રમાણે બેહુ પ્રકારે કરે.

પ્રશ્ન ૮૮—સર્વ સંયમરૂપ ચારિત્ર કએ ગુણઠાણે હોય ?

ઉત્તર—ચૌદમે અયોગીકેવલી ગુણઠાણે હોય.

પ્રશ્ન ૮૯—ઉઘાડે મુખે બોલતાં શું દુષણ છે ?

ઉત્તર—ભગવતી સૂત્રે ભગવાને સાવદ્ય ભાષા કહી છે. માટે ઉપયોગ રાખી બોલવું. વાખ્યાન, પૂજા, પ્રતિક્રમણ, સામાયક, ભણતાં, બોલતાં સકળ સંઘને ભાષાસુમતિનું ભાન ભુલવું એ મોટી ભૂલ છે.

પ્રશ્ન ૯૦—અગ્નિ વિષે ઉંદરની ઊત્પત્તિ થાય છે તે વાત ખરી છે કે કેમ ?

ઉત્તર—હા. ઇંટના નીભાડા વીગેરે અગ્નિમાં ઊંદરો ઉત્પન્ન થાય છે એમ અનુયોગદ્વાર વૃત્તિમાં કહ્યું છે. વળી કેટલાક જીવો સચિત્ત અગ્નિ પ્રમુખમાં ઊંદર પ્રમુખપણે ઊપજે છે એમ શ્રી સૂયગડાંગ સૂત્રવૃત્તિમાં પણ છે.

પ્રશ્ન ૯૧—ઊંદરના લોમનું રત્નકંબલ વસ્ત્ર બને છે તે વાત ખરી હશે ?

ઉત્તર—હા. શ્રી ઠાણાંગસૂત્ર વૃત્તિમાં છે. અને વળી એ રત્નકંબલ વસ્ત્ર જ્યારે મેલું થાય છે ત્યારે અગ્નિમાં નાંખવાથી તે શુદ્ધ થાય છે, કારણ કે અગ્નિમાં ઊત્પન્ન થએલ ઊંદરોના લોમ (વાળ) નું તે વસ્ત્ર બનેલું છે માટે.

પ્રશ્ન ૯૨—સર્પનું પવનભક્ષી નામ છે તે શું પવનને ભક્ષણ કરતો હશે ?

ઉત્તર—હા, પવનને પણ ભક્ષણ કરે છે, તેઓનો જાતી પ્રત્યય આહાર છે, સુયગડાંગ સૂત્ર ટીકામાં પણ સર્પો વાયુનો આહાર કરે છે. ઇતિ.

પ્રશ્ન ૯૩—વિષ મિશ્રીત અન્નને જોઇ જાનવરોને કંઇ થતું હશે ?

ઉત્તર—હા. વિવિધ લક્ષણુ સ્વભાવ ઊત્પન્ન થાય છે, તે કહે છે, વિષ સહિત અન્નને દેખીને ચકોર પક્ષી આંખો મીંચે છે હંસ શબ્દ કરે છે, મેના વમન કરે છે, પોપટ પોકાર કરે છે, વાનર વિષ્ટા કરે છે, કોકીલ ક્ષણુવારમાં મરણુ પામે છે, કૌંચ પક્ષી નાચે માચે છે, નોળીઓ રાજી થાય છે, કાગડો હર્ષ ધરે છે. ઇતિ.

પ્રશ્ન ૯૪—રાત્રિએ દેવ પુજાદિ શુભકાર્ય થાય?

ઉત્તર—ન થાય એમ શાસ્ત્રમાં કહેલું છે. શ્રી ભગવતીસૂત્રમાં રાત્રિએ અશુભ પુદગલ પરિણામ કહ્યો છે, શુભ પુદગલ પરિણામતો પુદગલ દ્રવ્ય શુભતા નિમિત્ત ભૂત સૂર્યના કિરણોના સ્પર્શથી દીવસેજ કહ્યો છે. તે કારણથી રાત્રિએ દેવ પુજાદિ શુભકાર્ય ન થાય. વલી અન્ય શાસ્ત્રોમાં પણુ નિષેધ છે.

પ્રશ્ન ૯૫—રજોહરણુ શબ્દનો શો અર્થ છે?

ઉતર—જીવોની બાહ્ય રજ અને અભ્યંતર રજને હરે છે તે માટે તેને રજોહરણુ કહે છે.

પ્રશ્ન ૯૬—એક સીંઘોડામાં કેટલા જીવો હોય?

ઉત્તર—બે જીવો. શ્રી પન્નવણાસૂત્રમાં કહ્યા છે.

પ્રશ્ન ૯૭—સાંપ્રત કાલે જીવ ઉર્ધગતી તથા અધોગતીમાં જાય તો કયાં સુધી જાય?

ઉત્તર—હાલમાં શુભાશુભ કર્મનો બંધ પણુ સ્વલ્પતર હોય છે માટે તે ઉર્ધગતીમાં જાય તો ચોથા દેવલોક સુધી જાય. અને જો અધોગતીમાં જાય તો બીજી નરક પૃથ્વી સુધી જાય. એમ વૃહત્કલ્પ વૃત્તિમાં કહે છે.

પ્રશ્ન ૯૮—સમતા છે તે મોક્ષનું અંગ છે તે કેવી રીતે?

ઉત્તર—સામાયકમાં સમતા એ મુખ્ય પ્રધાન છે, સમતા વિનાની સર્વ ક્રિયા નિષ્ફળ છે. સમતા એજ થીરતા છે, એજ ચારિત્રનો પાયો છે, તદ્દરૂપ શુદ્ધ દશામાં રહેતાં મોક્ષ પામે, માટે

સમતા એજ મોક્ષનું અંગ છે. જે કારણ માટે મોક્ષના અભિ· લાષીએ અવશ્ય સામાયક કરવું.

પ્રશ્ન ૯૯—પ્રમાણ કોને કહીએ ?

ઉત્તર—સંશય હઠ કદાગ્રહે કરી રહિત વસ્તુના મૂળ સ્વરૂપને જેણે કરી જાણે, માને, પરિક્ષા પૂર્વક નિર્ણય કરે તેને પ્રમાણ કહીએ તે પ્રત્યક્ષ અને પરોક્ષ બે પ્રકારે જાણવું.

પ્રશ્ન ૧૦૦—અવધિજ્ઞાન સર્વ તીર્થંકરને સરખું હોય કે કેમ ?

ઉત્તર—તીર્થંકરને ગૃહસ્થપણામાં અવધિજ્ઞાનમાં તારતમ્યતા હોય છે કારણ કે પુર્વભવના સ્થાનકમાં જેટલો અવધિજ્ઞાનનો વિષય છે તેટલે ઇહાં પણ ભવ પ્રત્યઈજ્ઞાન છે. પરંતુ સર્વને સરખું અવધિ હોય એમ નથી.

પ્રશ્ન ૧૦૧—રાવણ કેટલામા ભવે મોક્ષે જશે ?

ઉત્તર—રાવણ રાજાએ અષ્ટાપદ તીર્થ ઉપર જિનેશ્વરની ભક્તિ પ્રભાવે તીર્થંકર ગોત્ર બાંધ્યું છે તે પુષ્કરવરદ્વીપે, પુર્વ વિદેહે રત્નચિત્રા નગરીએ ચક્રવર્તિ થઇ દીક્ષા લેઇ ચૌદમા ભવે તીર્થંકરપદ ભોગવી મોક્ષ જશે. ઇતિ પદ્મચરિત્રે.

(રામ ચરિત્રે).

૧૦૨—શાન્તિ આદે શુભ કાર્યમાં ચિત્રા, અનુરાધા, રેવતી, મૃગશર એ ચાર મૈત્રી અને મૃદુ સંજ્ઞાવાળાં નક્ષત્ર લાભકારી છે, એમ નરચંદ્ર જૈન યોતિષ–શ્લોક ૪૩ થી જાણવું અર્થાત્ શુભ દીવસે પુર્વોકત નક્ષત્રમાં શાન્તિસ્નાત્ર, અષ્ટોત્તરી સ્નાત્રાદિ શુભ કાર્ય કરવુ ભલું છે.

૧૦૩—જીર્ણ દેરાસર પાડવા માટે સોના રૂપાનો હાથી અગર પોઠીઓ કરાવી તેના સીંગડાથી અગર હાથી દાંતવડે જીર્ણ દેરાસર પાડે, પણ અમથુ પાડે નહીં.

ઇતિ પ્રાસાદ મંડળે.

૧૦૪—ચિંતામણીરત્ન તથા કલ્પવૃક્ષ સમાન એવી જે ચિત્રા-
વેલી નદીના સામા પ્રવાહે વહે છે, તેમ અધ્યાત્મજ્ઞાની સં-
સારરૂપ નદીના સામા પ્રવાહે વહે છે. ઘૃતના ગાડુઆ નિચે
મુકવાથી તે ઘૃતથી ભરાઇ જાય છે, એવો ગુણ જેનામાં રહ્યો
છે. આ વસ્તુ પેથડકુમારને ઉઢાણીરૂપે હાથમાં આવી હતી.

૧૦૫—આત્માના પર્યાયોની શુદ્ધિ તેજ પરમાત્મદશા જાણવી.

૧૦૬—દેરાસરમાં પ્રભુનાં દર્શન કરીને પુંઠ કરવી નહીં. પ્રભુ
સન્મુખ ઉંબરો ઓલંઘી પછે પુંઠ કરવી.

પ્રસાદમંડળે

૧૦૭ જૈનયોગી અધ્યાત્મી કદી પાછો પડી યોગ માર્ગથી ભ્રષ્ઠ
થઇ જાય તો પણ પુનઃ અન્ય ભવમાં યોગ માર્ગને પ્રાપ્ત
કરે છે, કારણ કે તેના હૃદયમાં પડેલા યોગના સંસ્કારો
તેને પાછા યોગ માર્ગ પર લાવી મુકે છે.

૧૦૮ હાલતો ચાલતો દોડતો જીવ સમય સમય સાત આઠ કર્મ
બાંધે છે, પરંતુ આત્મગત રહેલા આઠ રૂચક પ્રદેશ સ્થીર
હોવાથી તેને કર્મ લાગતાં વળગતાં નથી. બીજા પ્રદેશો
હાલવાથી કર્મ વળગે છે. સર્વ પ્રદેશો સાથે સંબંધ છે,
છતાં રૂચક પ્રદેશો નિર્મળ સિદ્ધ સમાન છે ત્યાં સ્વભાવજ
હેતુભૂત છે.

૧૦૯ "સોહં=સ" પરમાત્મા=તેજ. "અહં"=હું છું. એટલે
મારામાં સત્તાએ પરમાત્મપણું રહ્યું છે.

૧૧૦ લય સમાધિમાં મોક્ષનો પરમાનંદ છે. ઉન્મની ભાવ, ને
લય સમાધિ એકજ રૂપ છે, જીવનો શિવ બનાવવામાં ઉ-
ન્મની ભાવ પ્રાધાન્ય છે.

૧૧૧ ૧ "અભય" ૨ "અદ્વેષ" ૩ "અખેદ" એ ત્રણ ગુ-
ણોની પ્રાપ્તિથી પ્રભુની ખરી સેવા કરી સકાય છે એટલે
પરીણામની ચંચળતા તે ભય છે, તેને તજી સ્થીર પરિ-
ણામ કરવા તેજ "અભય" છે. (૧) પ્રભુના ગુણોપર

અરૂચિભાવ તે દ્વેષ. પ્રભુ ગુણોપર અત્યંત રૂચિ તેજ અદ્વેષ ગુણ જાણવો. (૨) પ્રભુ ગુણોની પ્રાપ્તિ કરવા પ્રવૃત કરતાં જે થાક લાગે છે તે ખેદ જાણવો. અને તેમાં થાકવું નહીં તે અખેદ જાણવો. (૩) અર્થાત્ ભય, દ્વેષ, ખેદ પરિહુરીને જે ભવ્ય પ્રાણી સેવા કરે છે, એટલે ચંચળતા ૧ અરૂચિ ૨, અને ખેદ ૩, નો જ્યાં અભાવ છે ત્યાં ખરી સેવા જાણવી. એજ દેવ ગુરૂ ધર્મના ખરા સેવક જાણવા એથીજ ઇષ્ટ કાર્ય સિદ્ધ થાય છે એમ આનંદઘનજી સંભવ જિન સ્તવનમાં લાવ્યા છે.

૧૧૨ ગતી આશ્રી ક્રોધ, નરકમાં; માન, મનુષ્યમાં, માયા તિર્યંચમાં; લોભ દેવગતિમાં મુખ્યતાએ જાણવો. તેમજ જાતીમાં ક્રોધ રજપુતને, માન ક્ષત્રીને, માયા ગણીકાને તથા વણીક ને બ્રાહ્મણને લોભ વિશેષ હોય.

૧૧૩ પુરવધર વીર નિરવાણ પછે એક હજાર વર્ષ સુધી હતા. અર્થાત્ વીર પછે એક હજાર વર્ષ પછી પુરવનું જ્ઞાન વિચ્છેદ ગયું.

૧૧૪ અંતરમુહુર્ત તે એક ચપટી વગાડીએ એટલા વખતમાં અસંખ્યાતા સમય થાય, તેવા નવ સમયથી યાવત્ સામાયકની બે ઘડીમાં એક સમય ન્યુનને એક અંતર મુહુર્ત કહે છે, તે જઘન્ય, મધ્યમ, ઊત્કૃષ્ટ ભેદે જાણવું.

૧૧૫ પુન્ય અને ધર્મમાં તફાવત એ છે જે (૧) પુન્ય તે શુભ કર્મ પુદગળ પ્રકૃતિ છે. તે જીવના દાનાદિ શુભ પરિણામે નવ પ્રકારે બંધાયછે. અને શાતા આદે બેતાલીસ પ્રકારે ભોગવાય છે. (૨) ધર્મતો શુધ્ધાત્મ પરિણતી રૂપ ચિત્તની નિર્મળતા વિષય કષાયાદિ રહિત, શુધ્ધ જ્ઞાનાનંદી આત્મા તે.

૧૧૬ અલ્પ સંસારનું લક્ષણ એ છે જે, ૧ અલ્પારંભ, ૨ અલ્પ કષાય. ૩ અલ્પ આહાર, ૪ અલ્પ નિંદ્રા હોય તે નિયમા અલ્પ સંસારી જાણવો.

૧૧૭ આચાર્ય મહારાજ આત્મ સ્વરૂપ પંચ પ્રસ્થાને ધ્યાવે તે કહે છે.

૧ अभय અરિહંતનું ધ્યાન. ૨ करण= સિદ્ધનું ધ્યાન.

૩ अहमिंद्र=આચાર્યનું ધ્યાન, ૪ तुल्य=ઉપાધ્યાયનું ધ્યાન.

૫ कल्प=સાધુનું ધ્યાન તે સમાન અવસ્થાએ પંચ પ્રસ્થાનમય આચાર્યજી છે. ાા ઇતિ પ્રશ્નોત્તર વિચાર રત્નસાર પૃષ્ટ ૫૨

હવે શ્રીપાલરાસ મધ્યે: ચોથા ખંડ ની ઢાળ બારમીમાં ઉપાધ્યાજીએ પંચ પ્રસ્થાન બીજી રીતે કહ્યાં છે, તે કહે છે. ૧ विद्यापीठ=તે નો મંત્ર બાર પદનો વર્ધ્ધમાન વિદ્યા પ્રમુખ સુરિમંત્ર સવા કોટી જાપ પૂર્વક જપતો સાધતો કોટી શ્રુતનો જાણ થાય.

૨ सौभाग्यपीठ=પુર્વોક્ત મંત્ર વિધિપુર્વક આરાધવે કરી સકલ જનને વલ્લભ આદેય વચન સુરિ હોય—

૩ लक्ष्मीपीठ=તે તેજ મંત્રારાધને રાજા વશ હોય. મહિમાવંત હોય.

૪ मंत्रराज प्रयोग पीठ–તે મંત્ર આરાધને સર્વ ઉપદ્રવ કામણ મોહન વશ્યાદિ હોય.

૫ सुमेरुपीठ–તે ઇંદ્રાદિકને માન્ય હોય, ગૌતમાદિકની પેરે લબ્ધિવંત હોય, અજેય હોય.

૧૧૮ બેધારૂ ખડગ, દંડ, તરવાર, ધનુષ્ય, ચક્ર, એ રેખા હાથમાં હોય તે રાજા થાય. વળી જેના હાથમાં ધજા, વજા, અંકુશ, છત્ર, શંખ, કમળ હોય તે લક્ષ્મીનો સ્વામિ હોય. સાથીઓ હોય તે સૌભાગ્યપણુ પામે. મત્સ્ય હોય તે પુજનીય થાય. વત્છ હોય તો ઇચ્છિત વસ્તુ પામે. અંગુઠામાં જવ હોય તો ભાગ્યવંત હોય, અંગુઠાના મુળમાં જવ હોય તો વિદ્વાન થાય, હાથના તળિઆને વિષે ઊંચા આકારવાળા રેખા હોય તો મોટી લક્ષ્મી પામે.

૧૧૯ પ્રભુની દ્રષ્ટિનું માન—ગભારાની દ્વાર શાખાનું ઊંચ તેના આઠ ભાગ કરવા તે મધેના ૭ ભાગ નીચે મુકવા. આઠમો ભાગ ઉપર મુકવો, વચલો જે સાતમો ભાગ તેના આઠ ભાગ કરી નીચેના ૭ ભાગ મુકી તથા ઉપરનો આઠમો ભાગ મુકી સાતમા ભાગમાં મુળ નાયક પ્રભુની દ્રષ્ટિ આવે એટલે ઊંચે મુળ નાયક બેસારવા—ઇતી સેન પ્રશ્ને.

अपि मंत्र द्वार शाखाऽष्टभागो क्रियते । अष्टमं भागं मुक्त्वा ॥ सप्तम भाग स्यापि । सप्तमे भागे बिंब दृष्टिः स्थाप्यंते ॥ इति अंजन सलाकायां.

પ્રભુની દ્રષ્ટિ દ્વજાય તથા સિંહાય લાવવી. ઇતી પ્રાસાદમંડળે

૧૨૦ દેરાસરમાં ભારવટનો પાટ પ્રભુ ઉપર આવવો ન જોઇએ. એટલે ભારવટ નીચે બેસારવા નહી.

૧૨૧ દેરાસર કરાવો ભમતી કરવી અવસ્ય છે. (પ્રાસાદમંડળે)

૧૨૨ પરદેશ ગમન પ્રસ્થાનમાં પોતાના ઘરથી દશ ધનુષ્ય (૪૦) હાથ દુર મુકવું. ઉપરાંત પાંચસો ધનુષ્યની અંદર મુકવું શ્રેષ્ઠ છે. તેમ પાંચ, સાત, દશ, દિવસની અંદર ગમન કરવું. તેમાં બુધ, સોમ, શુક્ર, ગુરૂ એ વાર સારા છે. ગમનમાં પુનમ, અમાવાસ્યા, ચૌદસો બે અવસ્ય વર્જવી. અશ્વની, પુષ્ય, રેવતી, મૃગસર, મુળ, પુનર્વસુ, હસ્ત, જેષ્ટા, અનુરાધા એ નવ નક્ષત્રો ગમન જે ચાલવામાં સારાં છે.

(ઇતી નરચંદ્ર જૈન જ્યોતિષ.)

૧૨૩ સ્વરોદયમાં=એટલે નાસીકામાંથી વહેતો પવન જમણી બાજુનો સૂર્યનાડી, ડાબીનો ચંદ્રનાડી, બંનેમાંથી સરખોતે સુષમણા છે. પ્રથમ પરદેશ જતાં જે નાશીકાનો પવન વહેતો હોય તે તરફનો પગ ઉપાડી આગળ મુકી ચાલવું તેમજ ગામમાં પ્રવેશ કરતાં પણ સમજવું. જીત મેળવવા-

ના કામમાં સૂર્યનાડી સારી છે. સ્થિર કામમાં ચંદ્રનાડી સારી છે. સુક્ષમણામાં ધર્મ વિના બીજું કામ કરવા જવું સારૂં નહી. કોઇ પ્રશ્ન કરે કે અમુક કાર્યસિદ્ધિ થશે ? તો જે નાડી વહેતી હોય તે તરફ ઉભો રહી પુછે તો સીધ્ધિ સમજવી. વિપરીત પુછે તો કાર્યની હાની સમજવી. ઘર પ્રવેશમાં, સારી વસ્તુ ગ્રહણ કરવામાં, નવીન વસ્તુ પહેરવામાં, રાજાની મીત્રાઈ, ધર્મકાર્યમાં ચંદ્રનાડી લેવી, વીવાદમાં, વિદ્યા આરંભમાં, વિવાહમાં, વેપારમાં, ભોજન કરવામાં સૂર્યનાડી લેવી. ચંદ્રનાડીમાં પુર્વ ઉત્તર ન જવું. સૂર્યનાડીમાં દક્ષણ પશ્ચિમ દીશાએ જવું નહી, ચાલુ નાડીમાં પ્રશ્ન કરે તો સૂર્યનાડીનો પુત્ર અને ચંદ્રનાડીની પુત્રી કહેવી. ઉત્પતિ પણ તેમ છે. વાજીંત્ર સ્વર પુરો થએ પગ ઉપાડી મુકીએ કામ સીદ્ધ થાય. સરોદય જોઇ ચાલનારને મુહુર્ત ચંદ્રબલ જોવાની જરૂર નથી. ઇતિ.

૧૨૪ ચૈત્ર સુદી ૧૩ શ્રીમન્ મહાવીર પ્રભુનો જન્મ દીવસ છે માટે અવસ્ય તે દીવસે સકળ સંઘને મહોટો મહોત્સવ કરવો ઘટે છે. અન્ય મતીઓ પણ જન્માષ્ટમી, શીવરાત્રિએ જાગરણ કરે છે " તો જિનશાસન નાયકની જયંતી પ્રભાવના કેવા આડંબરથી કરવી ? "

૧૨૫ વર્ષના ચાર સ્થંભ-૧ ચૈત્ર સુદ ૧ રેવતીનક્ષત્ર હોય તો વરસાદ સારો થાય (૨) વૈસાખ સુદ ૧ ભરણી નક્ષત્ર હોય તો તાપ અનુકુળ પડે. (૩) જેઠ સુદ ૧ મૃગસર નક્ષત્ર હોય તો પવન અનુકુળ થાય. (૪) અસાડ સુદ ૧ પુનરવસુ હોય તો અન્ન સારૂં પાકે. (ઇતિ નરચંદ્રે).

૧૨૬ ૧ મૃગશર. ૨ આદ્રા. ૩ પુષ્ય, ૪ પૂર્વાષાઢા. ૫ પૂર્વાભાદ્રાપદ. ૬ પૂર્વાફાલ્ગુની. ૭ મુળ. ૮ અશ્લેષા. ૯ હસ્તચિત્રા એ દશ નક્ષત્રમાં જ્ઞાન ભણવાનો અભ્યાસ કરે તો નિર્વિઘ્નપણે જ્ઞાન વૃધ્ધિ થાય. એમ કેવળજ્ઞાની કહે છે. (શ્રી ઠાણાંગે).

૧૨૭ દીવસની ઘડીનું પ્રમાણુ કહે છે—વેંતનો છાયો ભરતાં એક વેંતને ચાર આંગલ હોય તો સોલ આંગલ થયો તેમાંથી અડધા બાદ કરતાં આઠ રહ્યા તેમાં સાત ઉમેરતાં પંદર થાય, તેને એકસો વીસમાં ભાગતાં પંદરઅઠાં વીસુંસો એટલે આઠનો આંક આવ્યો તેટલી ઘડી દીવસ ચઢયો જાણવો. વેંતના બાર આંગળ સમજવા.

દીવસ, રાત્રીનો ચોથો ભાગ તે પોરસી સમજવી. જેમ અષાડ સુદ ૧૫ મે છત્રીસ ઘડીનો દીવસ છે ત્યારે નવ ઘડીની પોરસી જાણવી. અષાડ વદ અમાસને દીવસે પણ નવ ઘડી, શ્રાવણ સુદ ૧૫ ઘટી ૮॥, ભાદરવા સુદ ૧૫ ઘટી ૮, આસો સુદી ૧૫ ઘટી ૭॥, કાતી ૧૫ ઘટી ૭, માગશર સુદ ૧૫, ઘટી ૬॥ પોસ સુદ ૧૫ દીવસ ઘટી ૨૪, માટે ઘટી ૬ પોરસી થાય. પછેથી દીવસ વધે છે માટે માહામા ઘટી ૬॥, ફાગણ ઘટી ૭, ચૈતર ઘટી ૭॥ વૈશાખ ઘટી ૮ જેઠ ઘટી ૮॥, પોરસી થાય છે. અષાડ માસે ઘડી ૯ થાય છે. એવી રીતે દિવસ પ્રમાણે ચોઘડીયાં પણ સમજવાં. પોસ સુદ ૧૫ મે ત્રણ ઘડીનું ચોઘડીયું અને અષાડ સુદી ૧૫ મે સાડાચાર ઘડીનું ચોઘડીયું જાણવું. એમ નરચંદ્ર જૈન જ્યોતિષથી જાણવું.

૧૨૮ શ્રી દીક્ષા વિચારમાં—પુનર્વસુ, પુષ્ય, સ્વાતી, અનુરાધા, હસ્ત, શ્રવણ, ધનિષ્ટા, રેવતી, રોહણી, અશ્વની, સતભીષા, ત્રણ ઉતરાએવં ૧૪ નક્ષત્ર દીક્ષાનાં જાણવા.

તીથીમાં ૧–૨–૩–૪–૫–૧૦–૧૧–૧૨–૧૩.

વારમાં શનિ, સોમ, બુધ, ગુરૂ, શુક્ર, ચંદ્રબળયુક્ત દીક્ષા દેવી. ચૈત્ર અને જેષ્ટ માસમાં વીશેષે કરી દીક્ષા આપવી નહી–ઇતિ નરચદ્રે વૃદ્ધવાકયં.

૧૨૯ એકમને શનીવાર બીજને શુક્ર, તીજને ગુરૂ, ચોથને બુધ, પાંચમને ભોમ, છઠને સોમ, સાતમને રવીવાર હોય તો એ

દીવસોમાં ફાંકડું અથવા ચોથાનું ઘર કહે છે. તે દીવસે વિ-
હાર ન કરવો, ચોમાસુ કરવા જવું હોય તો તે દીવસે
ગામમાં ન પેસવું. ચંદ્રમા સન્મુખ હોય તો પણ શુભ કામ
ન કરવું. એમ કેટલાક આચાર્યનો મત છે. ઇતિ નરચંદ્રે.

૧૩૦ ગામ જતાં રસ્તામાં કુતરો રમતો દેખીએ અથવા ભીત સાથે પોતાનું અંગ ઘસતો હોય અથવા સામો મળે તો લાભકારી છે. ગામ જતાં કુતરો કાન ફરફડાવે, ખાટલા ઉ-પર સુતેલો દેખીએ. અથવા કુતરાંનું ટોળુ સામે મળે. રતી-ક્રીડા કરતો દેખીએ, અથવા ભોંય સુંઘતો દેખીએ, કુતરો કાદવે ખરડેલો સામો મળે તો ગામ ન જવું. કષ્ટ પડે માટે.

૧૩૧ પલ્લી (ગરોળી) જમતાં ભાણામાં પડે અથવા મસ્તક ઉપર ધોળી ગરોળી પડે તો મહાસુખ પામે. ગમે તેવી ગરોળી કપાળ ઉપર પડે તો ધન લાભ થાય.

૧૩૨ કુંભ સ્થાપનમાં રવિ નક્ષત્રથી પ્રથમનાં પાંચ નક્ષત્ર મુકીને પછીનાં આઠ નક્ષત્ર તથા પછીનાં આઠ મુકીને પછીનાં છ નક્ષત્ર એ ચૌદ નક્ષત્ર કુંભચક્રનાં છે તેમાં કુંભ સ્થાપન કરવું. અર્થાત કુંભ સ્થાપના, ધ્વજકળશ પૂજન, ચૈત્ય પ્ર-તિષ્ઠાના કામમાં અવસ્ય શુભ મુહુર્તની જરૂર છે.

૧૩૩ ધ્વજાનુમાન પ્રાસાદના માનથી કરવો, દંડ એક ગજ લાંબો હોય તો આંગળ ૦ાા જાડો જોઇએ પછી એકેકે ગજે આં-ગળ ૦ાા ની વૃદ્ધિ કરવી, તે પચાસ ગજ લાંબા સુધી સમજવું. છઠા ભાગે પાટલી લાંબી કરવી. લાંબીનું અર્ધ પહોલી કરવી અને પહોલીના અર્ધ વા ત્રીજા ભાગે જાડી કરવી. ઘંટડીઓ એકી આવે. દંડની બંગડી (ચુડીઓ) એ-કીએ કરવી. અને તેના ગાળા એકીએ કરવા. ધજા દંડ પ્ર-માણે પતાકા કરવી. દંડના આઠમા ભાગે પતાકા પહોળી કરવી તે ત્રણ કે પાંચ પટની કરવી. સીસવ, ખેર, ચંદન,

સેવન, અગર, તગર, રતાંજલી આદિનો દંડ થાય છે. ધ્વજ દંડ પ્રાસાદ જેટલો કરવો તે ઉત્કૃષ્ટ માન છે. પ્રાસાદના દશ ભાગ કરી એક ભાગે હીન કરવો તે મધ્યમ માન છે અને પ્રાસાદના પાંચ કરી એક ભાગ હીન કરી દંડ લાંબો કરવો તે કનીષ્ટ માન છે, સાલ જુદુ કરવું (પ્રાસાદમંડળ).

૧૩૪ શ્રાદ્ધવિધિમાં ચોમાસામાં ખાંડ ખજુર દ્રાક્ષ મેવા સુકવણીનું શાક, ભાજી વિગેરે અભક્ષ કહ્યાં છે, કારણ કે ચોમાસામાં એ ચીજોમાં ત્રસજીવની ઊત્પત્તિ થાય છે, માટે ત્યાગ કરવા યોગ્ય છે.

૧૩૫ ૧ રોગરહીત શરીર–૨–દેવું ન હોય–૩–પરદેશ ભમવું ન પડે–૪-સ્ત્રી સુપાત્ર હોય–૫–પુત્રાદિક હોય–૬–સગા કુટુંબનું સુખ હોય–૭–પંચમાં ઇજતવંત હોય એ સંસારીક સાત સુખ જાણવાં.

૧૩૬ છીંક શુકનમાં આગલ છીંક થાય તો અશુભ છે. પાછળ થાય તો શુભ છે. પહેલા સારા સુકન થયા હોય પણ છીંક થવાથી નિષ્ફળ થાય છે. છીંક થયા પછે સુકન શુભ થાય તે પ્રમાણ જાણવા. ઘણી છીંકો થાય તે નિસ્ફળ જાણવી. કુતરાની છીંક નિઃખર (નકામી) જાણવી. મંજાર છીંક મરણ કરે. વસ્તુ લેતાં છીંક થાય તો લાભ હોય અને વેચતાં થાય તો મોંઘુ થાય, ગઇ વસ્તુ લેવા જતાં છીંક થાય તો લાભ ન થાય, રીતુવતીને દાન દીધા પછે થાય તો પુત્ર ભવતી. રોગી માટે વૈદ્ય તેડવા જતાં છીક થાય તો મૃત્યુ દાયક છે. વૈદ્ય રોગીના ઘેર આવતાં વા ઔષધ આપતાં જો છીંક થાય તો રોગીને શાંતિ થાય. નવા ઘેર વસવા આવતાં છીંક થાય તો ઘણી નેષ્ટ છે. ધન ધીરતાં ડાટતાં વીગેરે કામોમાં છીંક શુકન વિચારી વર્તવું. એમ છીંક વિચાર સ્વાધ્યાયથી જાણવું.

૧૬૭ રીતુવંતી સ્ત્રી દીન ત્રણ આખા સુતક પાળે દીન ૪ પ્રતિ- ક્રમણાદિ ન કરે, તપસ્યા કરે, દીન પાંચ પછી જિન પૂજા કરે. રોગાદિક કારણે ત્રણ દીવસ વીત્યા પછી પણ જો રૂધીર દીઠામાં આવે તો વિવેકે કરી પવિત્ર થઇ જિન દર્શન અગ્ર પૂજાદિક કરે મુનિને પ્રતિલાભે પણ જિન પ્રતિમાની અંગ પૂજા ન કરે ઇતિ ચર્ચરી ગ્રંથે.

૧૬૮ જીવે જે ગતીનું આયુ બાંધ્યું છે તે અધ્યવસાય વિશેષથી ઓછું વધારે થાય છે. જેમ કૃષ્ણ મહારાજાએ સાતમી ના- રકીનું આયુ બાંધેલુ અઢાર હજાર સાધુને વંદણ કરવાથી ત્રીજી નરકે આવ્યા પરંતુ બીજી ગતીમાં જવાનું આયુ ન બાંધે. (ભગવતી ટીકાયાં અપવર્તનાધિકારે).

૧૩૯ શિલ્પ શાસ્ત્રસારસંગ્રહમાં વિશ્વકર્માએ કહ્યું છે જે—
ખાતમુહુર્ત કરવામાં દીશી જોવી.

ભાદરવો, આસો, કારતીક એ ત્રણ માસમાં વાવ્ય ખુણે ખાત કરવું.

માગશર પોસ મહા ઇસાન ખુણે ખાત કરવું.

ફાગણ ચૈત્ર વૈશાખમાં અગ્નિ ખુણે કરવું.

જેષ્ટ આશાઢ શ્રાવણમાં નાગનું મુખ ઊત્તર તરફ હોય છે ત્યારે નૈરૂત ખુણે ખાત કરવું.

૧૪૦ વાસ્તુપુજન પાંચ વખત કરવું કહ્યું છે તે શુભ ફળને આપે છે.

૧ પ્રાસાદને વિષે પહેલું ખાત મુહુર્ત વખતે.

૨ શિલા સ્થાપતી વખતે.

૩ દ્વાર વખતે.

૪ કળસ ચઢાવતી વખતે.

૫ પ્રવેશ અથવા દેવની પ્રતિષ્ટા કરતી વખતે વાસ્તુપુજન કરવું, ચૈત્ય પ્રતિષ્ટા પીઠ પુજન સર્વેનો તેમાં સમાવેશ થાય છે ઇતિ શિલ્પ શાસ્ત્રે.

॥ અથ ખોમા ઢોર વિગેરે પશુ તરફથી મહાજન લોકોને અરજ.

ભેખરે ઉતારો રાજા ભરથરી—એ દેશી.

સદગુરૂને ચરણે નમી, સમરી સારદમાયજી;
મુજ મનમાં કુરૂણારસી, વસી વાત સુહાયજી,
અરજ સુણો ઉરમાં તમે, મહોટા મહાજન લોકજી. અરજ. ૧
મુગાં અવાચક પ્રાણીને, દુઃખનો નહી છેહજી;
ભુખ તરસ પીડા સહે. પડે માર જ્યુ મેહજી. અરજ. ૨
પરવશ ટાઢ ને તાપનું, બંધન છેદન ભેદજી;
માત વિજોગને ભય ઘણો, સ્વાપદ જીવનો ખેદજી. અરજ. ૩
ઘાતક હિંસક નિર્દઇ, માંસ ભક્ષણહારજી;
પશુ પંખીનો વધ કરી, જાય નરક મોઝારજી. અરજ. ૪
એક દીવસના વાળુમાં, લાખેણો જીવ જાયજી;
કાંટો વાગે વેદના, કહો કેટલી થાયજી. અરજ. ૫
સંસારી સવી જીવને, વાલ્હુ જીવિત હોયજી;
મરણ પ્રીય નહી કોઇને, પાપી પ્રત્યક્ષ જોયજી. અરજ. ૬
નીર અપરાધી પ્રાણીઆ, મુખે તૃણ ચરનારજી;
અસરણ રંક અનાથને, મારે તેહ ગમારજી. અરજ. ૭
અન ફળ મનુષ્ય ખોરાક છે, માંસ અશુચિ ગંધાયજી;
ભક્ષણ કરતાં તેહનું, તનમાં વ્યાધિ ઉઠાયજી. અરજ. ૮
રક્ષણ કરવા તેહનું, દેવાને અભયદાનજી;
અનુકંપા ધરો ધર્મિયો, મુકી મનુષ્યાભિમાનજી. અરજ. ૯
દુઃખમાં દુઃખ છે નરકમાં, દુઃખ છે તિરિયંચ માંહેજી;
દુઃખ સુખ દાખ્યું મનુષ્યને, સુખ તો દેવને હોયજી. અરજ. ૧૦
એહ ચૌભંગી વિચારીને, વ્રત પહેલું સંભારેજી;
શાતા વેદની કર્મનો, પાડે બંધ નિરધારજી. અરજી. ૧૧

ખાણો દાણો પ્રાણીને, રોગીને ઉપચારજી;
કરવા દ્રવ્યનો વ્યય કરો, રહેવા સ્થાન ઊદારજી. અરજ ૧૨
પર ઉપગારની બુદ્ધિએ, કરજ્યો એહની સંભાળજી;
આગળ સાજ્યકારી થશે, પીડામાં પ્રતિકારજી. અરજ. ૧૩
ગજ ભવે સસલો રાખીઓ, થયો મેઘકુમારજી;
શરણે રાખ્યો પારેવડો, મેઘરથ શાંતિકુમારજી. અરજ. ૧૪
ધર્મનું મૂળ દયા કહે, સ્વામિ શ્રી વર્ધમાનજી;
માહણ માહણ શબ્દથી, સાંભળજ્યો ધરી કાનજી. અરજ. ૧૫
સામાયકમાં બેસીને, આખજ ગામ મોઝારજી;
ખેમચંદ પશુ તરફથી, કીધી કવિતા રસાલજી.
અરજ સુણો ઉરમાં તમે. ૧૬ ઇતિ.

॥ अथ पाखी प्रतिक्रमणादि प्रांते उठीने कहेवानुं मंगल गीत.

વેગળો રહે વરણાગીઆ—એ દેશી.

પ્રભુ અજિતનાથને વંદીએ,
થયું પાપ આલોઇ નિંદીએજીહો. ગુણ ગાઓ ગુરૂરાજના.
કર્યા સંઘ સાથે ખમતખામણા,
આજ પાખીના હરખ વધામણાજીહો. ગુ. ૧
અતિચાર પંદર દીન રાતના,
ગુરૂ સાખે આલોયા ભાતભાતનાજીહો. ગુ.
કરી પાખી પ્રતિક્રમણ ઉઠીઆ,
જાણે મોતી તણા મેહ વુઠીઆજીહો. ગુ. ૨
ચૌમાસી સંવત્છરી ભાવશું,
ફરી અવસર પામી ઠાવશુંજીહો. ગુ.
નીત રાઇને દેવસીએ આવશું,
ખેમચંદ મંગલ ગીત ગાવશુંજીહો. ગુ. ૩

॥ अथ सकाम निर्जरारुप उत्तम भावना ॥

ઓધવજી સંદેશો કહેજો સ્યામને—એ દેશી.

સમયાનુસારે શ્રી જિન ગુણ બહુ માનથી,
તદગત ચિત્તને ભાવની વૃદ્ધિ થાયજો;
વીર્ય ઊલ્લાસપણું ને પુલક પ્રફુલતા,
ભક્તિરાગે નરભવ સફળ સધાયજો;
શુભ અનુબંધી ભાવ તે કયારે આવશે. એ આંકણી. ૧
યોગનો સંવર ઇંદ્રીયજય શુભ વાસના,
તપ જપ ધ્યાને મોહકટક જીતાયજો;
આસય શુદ્ધ વિમલ જળ ગંગતરંગતા,
નિશ્ચલ ચિત્તે એહીજ ભાવ સોહાયજો. શુ. ૨
આ સંસાર અશાર માંહે એક સાર છે.
તુજ અવલંબન જન વિશ્રાંતિ ઠાણજો;
શાંત સરોવર હંસ સુજળ ઝીલી રહે,
સાવધાન થઇ સ્વચ્છપણે એક તાનજો. સુ. ૩
ભવ અટવી પરિભ્રમણ [1]ભૂરિ દુઃખ ખાણ છે,
થાકો તેહુથી ઉભગો હવે નિરધારજો;
ત્રાણ શરણ જગજીવન તું આધાર છે,
તાર તાર મુજ ભવપરૂ* પાર ઉતારજો. સુ. ૪
મહારંભ પરિગ્રહ કયારે છોડશું,
પાપકર્મનો કયારે કરશું ત્યાગજો;
સર્વવિરતી થઈ સંજમ વર આરાધશું,
ધરશું શુદ્ધ સમાધિ અંતીમ ભાગજો. સુ. ૫
ન્યાય દ્રવ્યથી દાન સુપાત્રે આપશું,
કામને જીતી [2]શીલસન્નાહ ધરાયજો;
સમરસ અંતરમાં શુભ [3]ભાવના ભાવશું,

---

૧ ધણી. * સમુદ્ર. ૨ બક્તર. ૩ ચાર ધ્યાન પિંડસ્થાદિ.

ધન્ય કૃતારથ હર્ષ હૈએ ઉભરાયજો. સુ. ૬
તત્વજ્ઞાન લહી નિશ્ચય સમકિત સાધશું,
જેહુથી +પારાવાર સંસારનો પારજો;
પામી સવી દુઃખ વામી કામીત પદ વરૂ,
ખેમચંદ કહે શીઘ્રપણે નિરધારજો. સુ. ૭

अथ मिथ्यात्वी पाखंडी लोको श्रावक श्राविकाओ बनी मागी खाय छे ते विषे.

જૈની ભાઇયોને જાહેરાત (સુચના)

કહ્યુંરે માનો મારા કંતજી—એ દેશી.

કેસર તીલક કપાળમાં, વેશ જૈનનો ધરતા;
નવકાર મંત્ર ભણે ગણે, મુખે અરિહંત કહેતા.
વેશ ધરી જૈનધર્મીનો. એ આંકણી. ૧
દેશ વિદેશ માંહે ભમે, પગ ખગ પેરે ભરતા;
દાવ ખેલે દગાબાજીનો, કુડ કપટમાં ફરતા. વે. ૨
ભોળા જનને ભોળવી, ચાલુ લખણી કરતા,
પાંચ પચીસ ધાપ મારીને, ગામો ગામ ભટકતા. વે. ૩
ખેલ રચીને ખુશી થતા, જન રંજન કરતા;
કથા કહે કુડ કેળવી, વળી દીનતા ધરતા. વે. ૪
સાધર્મી ભાઈ સાંભળો, ઘણું દુઃખ છે અમને;
શરણુ નહી સગાંવાલ્હાંનું, ઘણું કહીએ શું તમને. વે. ૫
જ્ઞાતી જાતી વટાળતા, અન્ય ધંધો ધીકારી;
દાન દયાળુ જૈનીને, વળગે પગ ઝાલી. વે. ૬
ટીપ કરી ખોડાઢોરની, ઉઘરાવી ખાતા;
વિશ્વાસઘાતી પાપીના, પછે થાય ફજેતા. વે. ૭

+ સમુદ્ર.

એમ કુકર્મ કરી મરી, દુરગતીમાં પડતા;
ત્રાણુ સરણુ કોણુ તેહુને, દુઃખ અગ્નિમાં બળતા. વે. ૮
જૈન નહી જગધુર્ત છે, ચેતો ચતુરા ચારી;
કરી પરિક્ષા તેહુને, આપો શિક્ષા ભારી. વે. ૯
એહુ સબળ ઠગ ઓળખી, બુદ્ધિ બળથી લેજ્યો;
*જૈનાભાસને ઝાલીને, ખેમચંદને કહેજ્યો.
વેશ ધરી જૈનધર્મિનો. ૧૦ ઇતિ.

(अथ श्री गाम डभोइ प्रतिष्टादि ओच्छव स्तवन).

સજની મોરી પાસ જીનેશ્વર પૂજોરે—એ દેશી.

સજની મોરી ગામ ડભોઇ મોજારરે,
સજની મોરી મહોત્સવ કરે મનોહારરે;
સ૦ ઓગણીસ અગનોનેર સાલરે,
સ૦ માહા સુદ નૌમ સનીવારરે. ૧
સ૦ જળયાત્રા નિરધારરે,
સ૦ કુંભ સ્થાપન દીસી (૧૦) સારરે;
સ૦ એકાદશી દીન થાયરે,
સ૦ ગ્રહ દીગપાલ પૂજાયરે. ૨
સ૦ વરઘોડો રચે સારરે,
સ૦ બારસને ભોમવારરે;
સ૦ સાજન શોભા અપારરે,
સ૦ વાજીત્ર વિવિધ પ્રકારરે. ૩
સ૦ નંદાવર્ત પૂજાયરે,
સ૦ ધ્વજ અભિષેક કરાયરે;
સ૦ આંગી અનોપમ થાયરે,

---

* માત્ર વેશધારી પાખંડી.

સ૦ પુજા સંગીત ભણાયરે. ૪
સ૦ તેરસને બુધવારરે,
સ૦ આદિશ્વર દરબારરે;
સ૦ સંભવ પાસજી ઠાવેરે,
સ૦ શાંતિ સ્નાત્ર ભણાવેરે. ૫
સ૦ હીમતલાલ કીલાભાઈરે,
સ૦ આણંદ હર્ષ ધરાઈરે;
સ૦ ધાર્મિક ખાતે ઉદારરે,
સ૦ ધન ખરચે સુખકારરે. ૬
સ૦ હંસવિજય મુનિરાયરે,
સ૦ ઈણુ અવસર તીહાં આયરે;
સ૦ ઓત્સવ રંગ વધાયરે,
સ૦ સંઘને મંગલ થાયરે. ૭
સ૦ રાજનગરની પાસરે,
સ૦ સાત કોષપર વાસરે;
સ૦ ગામ વળાદથી આવેરે,
સ૦ ખેમચંદ ગુણ ગાવેરે. ૮

અથ ભીન્ન ભીન્ન વિષયોપર કવિતાઓ લખીએ છીએ.

अथ श्री चौवीस तीर्थंकर नाम.

(મનહર છંદ.)

વૃષભ[1] અજિત[2] શ્રી સંભવ[3] અભિનંદજી[4],
સુમતિ[5] પદમ[6] ને સુપાસ[7] પ્રભુચંદજી[8];
સુવિધિ[9] શીતલ[10] શ્રીશ્રેયાંસ[11] વાસુપૂજ્ય[12] જિન,
વિમલ[13] અનંત[14] ધરમ[15] શાંતિ[16] જીણંદજી,
કુંથુ[17] અર[18] મલ્લિ[19] મુનિસુવ્રત[20] નમિ[21] શ્રીનેમ[22],
પાસ[23] વીર[24] શાસન દીપાવક પ્રચંડજી;
એ ચોવીસ વર્તમાન તીર્થરૂપ ભારતમાં,
બાર ગુણે યુક્ત સ્તવે નીત ખેમચંદજી. ૧

॥ अथ श्री चौवीस जिन आयुष्यमान ॥

મનહર છંદ.

પ્રથમ જિણંદ[1] લખચોરાસી પૂરવ આય,
બ્હોતેર[2] સાઠ[3] પચાસ[4] ચાલીસ[5] પીછાનીએ;
ત્રીસ[6] વીસ[7] દશ[8] દોય[9] શીતલજી[10] એક પછે,
ઉતરતા જિન લખ ચોરાસી[11] વખાણીએ,
બોતેર[12] સાઠ[13] પચાસ[14] દશ[15] એકલખ[16] સુધી,
પંચાણું સહસ[17] કુંથુ ચોરાસી[18] પ્રમાણીએ;

[૧૯]પંચવિન [૨૦]ત્રીસ [૨૧]દશ એક સહુસ [૨૨]શ્રીનેમ,
[૨૩]પાસ એકશત [૨૪]વીર બહોતેર જાણીએ. ૨

॥ अथ श्री चौवीस तीर्थंकरनां वर्णानुं वर्णन ॥

(મનહર છંદ)

રક્ત રંગ પદ્મપ્રભ વાસુપૂજ્ય દો જિણંદ,
ચંદ્રપ્રભ સુવિધિજી શ્વેતવર્ણ જાણીએ;
મલ્લિનાથ પાર્શ્વનાથ નિલમણી સમ જાણ,
મુનિસુવ્રત ને નેમ અંજન જયું આણીએ;
અવર સોલે જિણંદ સોવન સમાનવાન,
ચૌવીસ જિણંદતણા વર્ણ એ પીછાનીએ;
ત્રીકાલીક જ્ઞાન વડે ત્રીજગ ઉદ્યોત કર્યો,
કહે એમ ગુણ પણ વર્ણથી વખાણીએ. ૩

॥ अथ श्री पंचपरमेष्ठी गुणवर्णन ॥

(મનહર છંદ.)

નમો પરમેષ્ટિ પંચ તણા સ્તવું ગુણ સાર,
પ્રથમ ગુણ શ્રી અરિહંતતણા બારજી;
સિદ્ધ આઠ ગુણ મન સમરતાં સુખ થાય,
છત્રીસ ગુણોએ કરી શોભીત આચાર્યજી,
એમ પચવીસ ઉવઝાય સાહુ સતાવીસ,
સરવ મળી એકસો આઠ ગુણ ધારજી;
તે પરથી નવકારવાળી ગણી મણી ખાણ,
જપુ જાપ પાપ કાપ એમ તાર પારજી. ૪

॥ अथ कर्मव्याप्त अशुद्ध जीवद्रव्यनां नाम ॥

(મનહર છંદ.)

[૧]ચિદાનંદ [૨]બુધરૂપ [૩]ચેતન [૪]અલખ [૫]જીવ,
[૬]અબુદ્ધ [૭]સમયસાર [૮]અશુદ્ધોપયોગી હે.
[૯]ચિદ્રુપ [૧૦]સ્વયંભૂ [૧૧]ચિનમૂરતી [૧૨]ધરમવંત,
[૧૩]પ્રાણવંત [૧૪]પ્રાણી [૧૫]જંતુ [૧૬]ભૂત [૧૭]ભવભોગી હે,
[૧૮]ગુણધારી [૧૯]કલાધારી [૨૦]ભેષધારી [૨૧]વિદ્યાધારી,
[૨૨]અંગધારી [૩૩]સંગધારી [૨૪]યોગધારી [૨૫]યોગી હે.
[૨૬]ચિન્મય [૨૭]અખંડ [૨૮]હંસ [૨૯]અક્ષર [૩૦]આતમરામ,
કરનનો [૩૧]કરતાર પરમ [૩૨]વિયોગી હે. ૫

॥ अथ शुद्ध जीव द्रव्यनां नाम कहे छे. ॥

(મનહર છંદ.)

[૧]અખંડ [૨]અક્ષય [૩]શિવ [૪]અક્ષર [૫]અચલ [૬]ઈશ,
[૭]અજર [૮]અમર [૯]બુદ્ધ [૧૦]શુદ્ધ [૧૧]અનાહારી હે.
[૧૨]અકષાઈ [૧૩]અવ્યાબાધ [૧૪]અનાદિ [૧૫]અનંત [૧૬]સિદ્ધ,
[૧૭]પરિબ્રહ્મ [૧૮]પૂરણ પરમપદ ધારીહે,
[૧૯]નિરંજન [૨૦]નિરાકાર [૨૧]અકલ [૨૨]અમલ [૨૩]અજ,
[૨૪]અશરીરી [૨૫]અવિનાશી ઊપાધિ નિવારી હે.
[૨૬]અયોગી [૨૭]અભોગી નહી રાગ [૨૮]દ્વેષ [૨૯]મોહ વેદ,
[૩૦]પ્રભુ [૩૨]ચિદાનંદ [૩૨]ભગવાન ખેમ તારીહે. ૬

॥ अथ त्रेसठ सलाखी पुरुषना मातापिता शरीर जीव विषे ॥

(મનહર છંદ)

વીસ ચાર[૨૪] અરિહંત દશ દોય[૧૨] ચક્રવર્તિ,
નવ[૯] હરી નવ[૯] બલદેવ નવ સાર એ.
પ્રતિ[૯] વાસુદેવ મળી સલાખી પુરૂષ થયા,
ત્રયસઠ માત તાત દેહ જીવધાર એ.
જીવ છે ઓગણુસાઠ[૫૯] શોભીત[૬૦] સંખ્યેણુ સાઠ,
ઊણા તેહમાંથી[૫૨] આઠ પિતા સુખકાર એ.
વળી એકસઠ[૬૧] માત દેખો ભાઈ ગુઢ વાત,
એમ તે જરૂર હોય શિવ ભરતાર એ. ૭

॥ अथ समकितना सडसठ बोल विषे ॥

(મનહર છંદ.)

ચૌ[૪]સદ્દહણા તિ[૩]લીંગ વિનય છે દશ[૧૦]વિધ,
ત્રણ[૩] શુદ્ધિ અને પણ[૫] દુષણ નિવારીએ.
આઠ પ્રભાવક પંચ[૫]ભુષણ લક્ષણ પંચ[૫],
ષટ[૬] જયણાને વલી ષટ[૬] છે આગાર એ,
ષટ[૬]ભાવના ને ષટ[૬] ઠાણુ સમક્તિ તણાં,
સવિ મળી સડસઠ બોલ છે ઉદાર એ.
તેહ તણા તત્વનો વિચાર જે આવાર કરે,
એમ લહે ચાર ગતી ભવતણો પાર એ. ૮

॥ अथ दश अछेरा (आश्चर्य विषे ॥

(મનહુર છંદ.)

વીર કેવલીને [1]ઊપસર્ગ [2]ભિક્ષુક કૂળ,
મલ્લિજિન [3]ત્રીયા વેદ [4]વીર દેશના ગઇ;
કૃષ્ણ ને કપીલ [5]વાસુદેવ નાદ સંખયુક્ત,
રવિ [6]શશી વિમાનમાં વીર વંદવા વહી,
યુગલનુ રિપુબલે [7]માંસભક્ષણુ નરક,
ચમરેંદ્રે કર્યો ઉત[8]પાત દેવલોક જઇ;
એક સમે સોને [9]આઠ રીખવજી આદે સિદ્ધ,
સુવિધિ [10]શિતલ વચે અન્યની પૂજા થઈ. ૯

॥ अथ शुभाशुभ कर्म फल विषे. ॥

(મનહુર છંદ.)

તપ સંજમથી સ્વર્ગ સાત વ્યસને નરક,
વેયાવચ થકી રૂપવંત તે સોહાય છે;
ધનવંત થાય તે જે સુપાત્રને દાન દીએ,
પરાયુ ધન હુર્યાથી નિરધન થાય છે;
પર ઉપગારથી મનોવાંછીત ભોગ લહે,
ગર્ભને ગળાવ્યાથી તે વંધ્યા ભવ જાય છે;
નિંદા સાંભળ્યાથી બ્હેરો જ્ઞાન અપવાદે અંધ,
ઇત્યાદિ કરમ ગતી ખેમચંદ ગાય છે. ૧૦

॥ अथ बावीश अभक्ष नाम विषे. ॥

મનહર છંદ

[૧] [૨] [૩] [૪]
ઊંબરાંને કચુંબર પીપલને પીંપલાનાં,
[૫] [૬] [૭] [૮] [૯]
વડફલ ચાર મહા વિગય નિવારીએ,
[૧૦] [૧૧] [૧૨] [૧૩] [૧૪]
હેમ અને વિષકરા ભૂમિકાયને અથાણું,
[૧૫] [૧૬]
રયણી ભોજન કંદમૂલને વિદારીએ;
[૧૭] [૧૮] [૧૯] [૨૦]
બહુ બીજ વિદલને વિંગણ અજાણ ફલ,
[૨૧] [૨૨]
તુચ્છ ફલ તથા રસ ચલીત વિચારીએ;
એ બાવીસ પ્રવચન પ્રગટ અભક્ષ કહે,
એમ તે ભખંત ભવ અનંત વધારીએ. ૧૧

॥ अथ सात प्रकारे आयु क्षय पामे छे ते विषे. ॥

મનહર છંદ.

સોપ ક્રમી સીથીલ આયુષ્ય ઘટે સાત ભેદે,
રાગ સ્નેહ ભયથી પ્રથમ ભેદ જાણીએ;
હથીયાર દોરડાદિ નિમિત્તથી બીજો કહ્યો,
ત્રીજો ઘણો સરસ આહાર અંગ આણીએ;
સુલાદિક વેદનાથી ચુગ ભેદ પરાઘાત,
ખાડામાં પડયાથી ભેદ પાંચમો પીછાણીએ;
અહી વન્હી વિષાદિ પ્રમુખના પ્રયોગે ષટ,
શાસો શાસ રૂંધવાવી સપ્તમ વખાણીએ. ૧૨

॥ अथ मनुष्यना चौद स्थानके समुर्छम पंचेन्द्रि उपजे छे ते विषे ॥

ગર્ભજ મનુષ્યના ઉચ્ચારમાં સમુર્છમ,
પંચ ઇંદ્રિ ઊતપતી અંત મૂર્ત ધારીએ;
મૂત્રમાંહે બલખા સલેષમ વમન પીત,
પરૂ લોહી વીર્ય આદે જયણાથી ટાલીએ,
સુકુ પુદગલ ભીંજે મૃત્યુદેહ સ્ત્રી સંજોગ,
ખાલ સૌ અશુચિ ચૌદ સ્થાનક નિવારીએ;
અંગુલ અસંખ ભાગ અંત મૂહૂરત આય,
પ્રાણ સાત આઠ કર્મ ચુરણ એ પાલીએ. ૬૩

॥ अथ गुप्त आंकनी संख्या समजवा विषे ॥

શશી ભૂમિ એક ભજ નયન યુગમ હોય,
ભૂવન, ત્રી, વન્હી, લોક ગુણ ત્રણ ધારીએ;
મુગતી, વરણ યુગ, વેદ ને તુરય ચ્યાર,
સરો, ભુત, બાણ, હવે છ અંક વિચારીએ,
ખટ, ચક્ર, શાસ્ત્ર, રસ, દર્શન, ને મુનિ સપ્ત
સાત, વસુ, નાગ, ગજ, અષ્ટ, તે ઉચારીએ
ખંડ, ભકિત, અંક, દશ, દીસી, કહે ખીમ ઇમ,
અંક ગતી વામ આણી ગણીત વધારીએ. ૬૪

॥ अथ बीजी ओरत करवाना अभिलासीने अनुभव सिद्ध सीखामण ॥

(મનહર છંદ.

પરણવું પરણવું કરીને મુરખ મન,
મોહમાં મુઝાયો મુઢ બહુ મકલાય છે;
વિવિધ વિવિધ ભલા ભોગની આતુરતામાં,
મનુષ્ય અમુલ્ય ભવ નિઃફલ ગમાય છે,
વિષયમાં વાહ્યો જેહ દાખલો જરૂર તેહ,
ખાતરનો ખોદનાર ખુબ ખતા ખાય છે;
કહે ખેમચંદ ધારી ધારીને વિચારી જુઓ,
પુનરપિ પ્રણનાર પુરણ પસ્તાય છે. ૧૫

॥ अथ श्री मुनिदेवविजयजी महाराज विषे ॥

પ્રગટ પ્રભાવવંત દેવ વિજયસુ સંત;
પુરવ સૂરિ રચિત મારગ દીપાવતો;
કુવાદી હઠાવનાર ન્યાય નિતી ધારનાર,
અરથ જણવનાર સુમન વિચારતો,
યુક્તી હેતુ દ્રષ્ટાંત નય ભંગને પ્રમાણ,
તિક્ષણ બુદ્ધિથી બોધ સુક્ષમ ઊચારતો.
પ્રથમ દુઃકૃત ત્યાગ પછે સુકૃતનો ભાગ,
ઈત્યાદિ પ્રબોધતણો ખેમને આ ભારતો. ૧૬

આ મુનિનો સંવત ૧૯૪૫ ની સાલમાં શ્રી પાલીટાંણે પજુસણમાં મારે સમાગમ થયેલો તેમનો ઉપદેશ બહુ સરસ હોવાથી આ કવિતાની રચના કરેલી છે.

॥ अथ मातुश्री उमीयाबाई विषे. ॥

મનહર છંદ.

જાત્યવંત માત ઊમીયાની કહું વાત ભ્રાત,
સાંભલો પ્રખ્યાત છે પ્રસિદ્ધ નિજ ગામમાં,
જોઇને વિચારીને સુધારીને આચારી કરે,
પાણી રસ વતી આદિ ઘરતણા કામમાં;
દેવ ગુરૂ શેવ અહ મેવ પડી ટેવ જેને,
પરમ ધરમ રૂચિ વિરતીના ધામમાં,
ઇત્યાદી અનેક ગુણ સોભીત જનેતા મુજ,
એમ કેમ વિસરે સમય ઠામ ઠામમાં. ૧૭

કેટલાએક ઠેકાણે શ્રાવિકાઓ દયાળુ દેખીએ છીએ. કિંતુ મારી માતુશ્રીની જયણા અનુકંપા ઘર કામમાં દ્રષ્ટિ પ્રતિલેખન પુંજન પ્રમાર્જન સદ્રસ્ય અવર સ્ત્રીવર્ગ આખી ગુજરાતમાં જોતાં થોડીજ હશે એમ અનુમાન કરૂં છું.

किं बहुना.

॥ अथ श्री अजितनाथ प्रभुनी स्तुति. ॥

॥ चारवार पण कहेवाय छे. ॥

માલિનિ છંદ

અજિત અજિત જાણી, જે ભજે ભાવ આણી,
તસ દુરિત વિહાણી, જૈ વરે સિદ્ધિ રાણી;
સવિ જિનવર નાણી, વાણી સૂત્રે લખાણી,
અજિત સુરિ અજીતા, ખેમચંદે વખાણી. ૧૮

॥ अथ दश प्रकारना व्रत विषे.

થોય.

રીખવચંદ્રાનન વંદન કીજે—એ દેશી.

અજિતનાથ પ્રભુ વંદન કરીને,
દશવિધ વ્રત આદરીએજી;
પહેલે દીન [1] ઉપવાસ [2] એકાસણું,
[3] ચોખો [4] નિવિ કરીએજી,
એક [5] કવલ પછે [6] એકલ ઠાણું,
એક [7] દત્તી ચિત ધરીએજી,
[8] આંબિલ [9] પરધરીયું [10] ખાખરીયું,
કરી ભવસાગર તરીએજી. ૧૯

॥ श्री जैन विद्याशाला अमदावाद मोसीवाडानी पोळमां मारा उपगारी शेठ रवचंदभाइ जयचंदभाइना विरह विषे ॥

(મનહર છંદ.)

જ્ઞાનનો વધારનાર શાણો સીરદાર સાર,
ધર્મ પંથ ધાર સુઓ રવિચંદ નામજી;
સુધારો સજાવનાર કુમતિ હઠાવનાર,
સમભાવ ધરનાર વિદ્યાશાલા ઠામજી,
પરમ અરથ કામ હૈયામાં ધરાવી હામ,
ધામ કેઇ ઠામ કર્યાં સાધારણ કામજી;
ગુણનો ભંડાર તારનાર ખેમને આધાર,
આમ વિસરામ ગયો કેમ રહે હામજી. ૨૦

સાંભળ્યું સાહિબ સુબાજીએ કર્યો સ્વર્ગવાસ,
ત્રાસ થૈ નિરાસ લાગ્યા ભલા ગુણ ભાખવા;
ચોરતણી માત પેરે શોકાતુર થઇ સહુ,
ઊદાસપણેથી લાગ્યા નિશાસાઓ નાખવા,
વિચારી વિલોકતાં આ લોકમાં ન તુજ સમ,
જનનીએ જાયો જગ દયાધર્મ દાખવા;
સંસારમાં રહી સહી કામ કર્યું સુધારાનું.
જરૂર જાણુ છું એક જૈન મત રાખવા. ૨૧

સુબાજી સાહેબના વિરહુથકી દુઃખ દીલ,
વજાપાત ઘાત પેરે વપુને વિદ્દારતું;
આહો શું કર્યાથી જોર જમનુ હઠાવી દેઇ,
વાલીએ પાછા જરૂર પણ નથી ચાલતું,
જેહવું આ લોક કામ ધામ પરલોક તામ,
હામથી કરીશ કામ શાણા શાહુકાર તું;
અંતકાલ મતિ રીતી ગતી તારી સારી ભારી,
સુખકારી સમકિત પામીશ શ્રીકાર તું. ૨૨

ધારતો ધીરજથી ધરમને તું ધુર થકી,
જ્ઞાનનું વિશેષમાન જીવન ન ધારતો;
ગુણ એકવીસ બેસ લેશ નહી માન તાન,
નિરંતર ધરમ કથા કહી સુધારતો,
પ્રવચન પુષ્ટ થઇ પરને પઢાવ્યા પોતે,
પ્રગટ પ્રસિદ્ધ થયો જશનો વિસ્તાર તો;
ફોગટ વખત નહી ગાળતો પ્રમાદમાંહી,
જયંત ભૂપાલ પેરે જ્ઞાન તું આરાધતો. ૨૩

મનક મગન નય મુખ ભાષ મધુ સમ,
મનુષ્યમાં મેલવ્યું તેં માન મતિવંતરે;
તુજ ગુણ ગુઢ ગ્રહે મુઢ કરે ગોષ્ટી કોઇ,
હોય તશ વશ યશ થાય ગુણવંતરે,

સાગરનું જલ લઘુ ગાગર મપાય નહી,
પણ મતિ મંદપણે સામાન્ય ગણુંતરે;
કામ ક્રોધ લોભ મોહ પ્રતે પ્રતિ પક્ષ ધર્યો,
તે હેતુ પ્રત્યક્ષ ગુણ ગાય ખીમ ગ્રંથરે. ૨૪

આયુષ્ય અધિક હોત પંચ વા વરસ દશ,
ફેલાવત બહુ મત વૃદ્ધ જૈન ધર્મને;
રાજનગરમાં મૂળ વિદ્યાશાલા અનુકુળ,
થાપીને ગ્રંથો છપાવ્યા કાટન તેં કર્મને,
શાળાવાળા સજનો સુધાર્યા તે સકળ શુભ,
સ્વમતિ મુજબ સમજાવી દીધા મર્મને,
રવિજયુ પ્રતાપવંત પ્રકૃતિ પ્રભાવચંદ્ર,
સદાચરણે શોભીત લેવા શિવસર્મને. ૨૫

ન્યાયતણી નિસરાએ નિરખતાં કોઈ નહી,
કોવિદાઇ તુજસમ ઇહ લોકા વાસ એ;
ઓગણીસ સતરથી ઓગણત્રીસ અંદર,
શાળામાં સુધારો સારો કીયો તેં સાબાસ એ,
ખાંતથી ખગીત ખૂબ ખેલતો ક્ષમા ખડગ,
ધુર ભરપુર ગુણ એહ તુજ પાસ એ;
તજી દ્વેષ અભિમાન મેળવ્યું તેં શ્રુતજ્ઞાન,
આયુષ્ય વરસ જીવી દો ઊણા પચાસ એ. ૨૬

પત્રમાંહે સ્વાલ પચવીસમેં લખાણુ કર્યું,
વાંચી તેનો અરથ અંતર ખુસ વ્યાપે છે;
ધારી ધારી ધારૂં છું સુવાકય હું ધીરજ ધરી,
નજરે નિહાળે નિશદીન સુખ આપે છે,
વારંવાર વાંચી વા'લુ વાંચવાની વૃત્તિ થાય,
વિરહની વેદનાથી ધીરજ ઊથાપે છે;

કહે એમ દૈવગતી જેથી:સુખ શાંતિ થતી,
તે કાગળ કાળરૂપ કાળજાને કાપે છે. ૨૭

સુખનો સાધક દીન દુ:ખ હરનાર ગયો,
કોણ હવે નાણુથી સુજાણ કરનાર છે;
હમેશાં હીમતદાર હોદ્દા અધિપતિ ગયો,
કોણ હવે ધીરજથી ધ્યાન ધરનાર છે,
પ્રગના પ્રકાશ પટુ પુરણ પ્રવિણ ગયો,
કોણ હવે જારી જડમત હરનાર છે:
ઠરવાનું ઠામ રૂડુ ધીરજનું ધામ ગયું,
કોણ હવે પ્રશ્નના ઉત્તર કરનાર છે. ૨૮

શાણા સુબા રવિચંદ નામ છે પ્રખ્યાત બાહ્ય,
અંતર રીપુ આ કાલે અન્ય શું હરાવશે:
સુધારાની શાખાનો વિસ્તાર સુખકાર થવા,
સ્વદેશ પ્રદેશ કોણ શાળાઓ કરાવશે,
અવર અનેક કામ ઉતમ કર્યા તે હેતુ,
કવિતામાં કવિ નામ કાયમ ધરાવશે:
વાલ્હા વિના શાળામાં સધાવતાં હસંતમુખ,
કોણ હવે ખીમાજી કહી મને બોલાવશે. ૨૯

ઘણા ઊપચારે કરી થયો એક રાજપુત્ર,
તેહના વિયોગતણો ખેદ કેમ ટાળવો;
શાણા સુબા રવિચંદે સ્વરગમાં કર્યો વાસ,
શોક તજી તેહનો સંતોષ શાથી વાળવો,
હુંનરીએ મજુરીથી મહંત હુંનર આપ્યો,
ભુલાવો થવાથી કહો શી રીતે સંભાળવો:
તેમ એમ ભાવિભાવ જ્ઞાન દાન દેણહાર,
રાજનગરમાંથી લુંટાઇ ગયો માળવો. ૩૦

એ રીતે મારા પરમ ઉપગારી સુબા સાહેબ રવચંદભાઈના વેરહ વિષે સ્વલ્પમતિ અનુસારે કિંચિત્ વર્ણન સંવત ૧૯૨૯ ની સાલમાં કરેલું તે અત્રે કવિતાના પ્રસંગે સ્મરણ અરથે પ્રસિદ્ધ કર્યું છે.

હવે પુર્વોકત શેઠ રવચંદભાઈના વિશ્વાસનું ભાજન શ્રી જૈન વિદ્યાશાળાનો સુધારો વધારો કરનાર શા. મગનલાલ મનસુખરામ સંવત્ ૧૯૫૯ ની સાલમાં કાળધર્મ પામ્યા તે વિષે.

(મનહર છંદ.)

સિંહતણો બાળ વિદ્યાશાળાતણો સ્થંભ પડયો,
મુખ્ય હતો મેમ્બર મગનલાલભાઇ તે;
સુબા રવચંદની પ્રવૃત્તિ અનુસરનાર,
જ્ઞાનાદિ સુધારાતણા કામમાં અમાઇ તે,
સત્યનો સખાઇ ગુણ ગાઇ: શુદ્ધ ભાષકનો,
ઇત્યાદિ ગુણોની રૂડી કીધી છે કમાઇ તે;
કહે ખેમચંદ ભલી વાતનો વિશ્રામ ગયો,
હવે તો પ્રવિણ રહ્યા છોટાલાલભાઇ તે. ૩૧

॥ अथ दान विषे. ॥

અહો ઇતિ ખેદે આ દુનિયામાં ઘણા લોકો ધન મેળવવા માટે અનેક પ્રકારના ઉપાયો કરે છે, પરંતુ તે સાર્થક થતા નથી તેનું મુખ્ય હેતુ શું છે તે કહે છે.

વ્યાજમાં આપેલું ધન બેવડું થાય છે, વ્યાપારમાં ચોગુણ થાય છે, ક્ષેત્રમાં સોગુણ થાય છે, અને સુપાત્રને આપેલું ધન તો અનંતગુણ થાય છે. ઇહાં જ્ઞાન, દર્શન, ચારિત્ર તપ, સમદમાદિ ગુણો ધારણ કરનાર તે સુપાત્ર કહીએ. માટે સુપાત્રને આપેલું ધન ધાન્ય વસ્ત્ર પાત્રાદિ બહુ ફલીભૂત થાય છે. નિચ ગતીમાં

જવાવાળા કૃપણ લોકો તો નિચે જમીનમાં ધનને ભંડારી રાખે છે, અને સજન પુરૂષો તો ઊંચગતીના ઇચ્છિકો હોવાથી તે ધનને ઊંચા પ્રાસાદાદિકમાં વાપરે છે.

॥ अथ अभयदान विषे. ॥

વિઘ્નોની શાંતિને માટે કરેલી હિંસા પણ ખરેખર વિઘ્નને કરનારીજ થાય છે, તેમજ કુળાચારની બુદ્ધિથી કરેલી હિંસા પણ કુળનો નાશ કરનારી થાય છે, હિંસાથી ધર્મ માનનારા હળાહળ ઝેહેર ખાઇને જીવિતની વાંચ્છા કરે છે તે કેવા મુર્ખ જાણવા ? લાંબુ આયુષ્ય, ઉત્કૃષ્ટ રૂપ, આરોગ્યતા, કીરતી, એ સઘળું અહિંસાનું ફલ જાણવું. તે ઉપર અત્રે અભયકુમારની કથા કહે છે.—

એક દીવસે શ્રેણિકરાજાએ સભામાં કહ્યું જે હમણાં નગરમાં કઇ વસ્તુ સોંઘી છે ? ત્યારે નિર્દય એવા ક્ષત્રીયોએ કહ્યું કે હમણાં માંસ સોંઘુ છે. ત્યારે અભયકુમારે વિચાર્યું કે આજ મારે તેઓની પરિક્ષા કરવી. પછે તેણે રાત્રિએ સર્વ ક્ષત્રીયોને કહ્યું કે અરે રાજપુત્રો આજે રાજાને મોટો રોગ થયો છે, તેનાં વૈદ્યોએ ઘણાં ઔષધો કર્યાં પણ તે મટતો નથી. પરંતુ જો મનુષ્યના કાળજાનું બે ટાંક ભાર માંસ મળે તો તે રાજા જીવી શકે, નહીતર તે મૃત્યુ પામશે. માટે તમો આ રાજાના ગરાસીઆ છો તો શું આટલું કાર્ય તમો નહી કરો ? ત્યારે એકે કહ્યું કે તમારે જોઇએ તો એક હજાર સોના મોહોરો લ્યો પણ મને તે કાર્યથી મુક્ત કરો, અને બીજા પાસે જાઓ. પછે અભયકુમારે તે દ્રવ્ય લેઇને બીજા પાસે ગયા, અને તેણે પણ તેમજ કહ્યું. ત્યારે તેણે પણ એકહજાર સોના મોહોરો આપી પણ માંસ આપ્યું નહીં. એવી રીતે દરેકને ઘેર આખી રાત ભમીને તેણે એક લાખ સોનામોહોરો એકઠી કરી, તથા પ્રભાતે સભામાં સોના મોહોરો દેખાડીને તેણે ક્ષત્રીયોને કહયું કે અરે ક્ષત્રીયો તમો કહેતા હતા

કે આજકાલ માંસ સોંઘું છે, પણ તે તો આટલા બધા ધનથી પણ મળતું નથી. ત્યારે તેઓ લજ્જિત થઇને મૌન ધારી બેઠા, ત્યારે અભયકુમારે સર્વને નિષ્ઠુર્યા કે અરે મુર્ખો પોતાનુ માંસ તો સર્વે જીવોને વાહાલું છે. તેમાં માંસલુબ્ધ થઇને ફોગટ બબડયા કરો છો, કેમકે વિષ્ટામાં રહેલા કીડાને અને દેવલોકમાં રહેલા ઇંદ્રને જીવિતની ઇચ્છા તથા મૃત્યુનો ભય તુલ્યજ હોય છે. દુર્ગતિમા ગએલો જીવ પણ મરવાને ઇચ્છતો નથી. તથા કુત્સિત એવા પણ પોતાના ભોજનને તેઓ સ્વાદિષ્ટ માને છે. વળી પશુના શરીર ઉપર જેટલા રોમકુપો છે તેટલા હજાર વર્ષો સુધી પશુ હિંસા કરનાર પ્રાણી પકવાય છે.

વળી આ જગતમાં સુવર્ણ, ગાય, ધનાદિકનું દાન દેનારાઓ તો સુલભ છે પણ જે પ્રાણીઓને અભયદાન આપે છે તે દુર્લભ છે, એવી રીતે અભયદાન ઉપર અભયકુમારનું દ્રષ્ટાંત જાણવું

હવે જે માણસ જીવહિંસા કરે છે તે વધ બંધનાદિક દુઃખોને ભોગવનારો થાય છે. જેમ એક ગોવાળીઓ બાવળની શૂળમાં જુઓને પરોવતો હતો. તે પાપથી તેને એકસો ને આઠ વાર શુળી પર ચઢવું પડયું છે. તેની કથા ઉપદેશ તરંગીણી થકી જાણી લેવી.

દુહો.

તુલસી હાય ગરીબકી, કબહી ન ખાલી જાય;
મુઆ ઢોરકા ચર્મ સેં, લોહ ભસ્મ થઇ જાય.

એક દહાડો કોરટક નામના ગામમાં વિક્રમ સંવત ૧૨૫૨ માં શ્રી દેવસૂરિ માહારાજ ચાતુર્માસ રહ્યા, ત્યાં નાહાડ નામે મંત્રી હતો, તેના નાનાભાઇનું નામ સાલિંગ હતું, તેઓ બંનેના પાંચસો કુટુંબોને આચાર્યજીએ પ્રતિબોધ કર્યો. આસો સુદ પાપ નવમીને દીવસે તેઓએ આચાર્યજીને કહ્યું કે અમારી ગોત્રદેવી જે ચંડીકા છે, તે બળીદાનમાં પાડાની માગણી કરે છે, માટે

હવે અમારે શું કરવું, તે સાંભળી ગુરૂ માહારાજાએ રાત્રિએ ચં-ડીકાને પ્રત્યક્ષ કરીને તેણીને કહ્યું કે તું પૂર્વ ભવમાં શ્રીપુર નામના નગરમાં ધનસાર નામના વ્યાપારીની જૈન ધર્મ સ્ત્રી હતી. પાંચમના દીવસે પવિત્ર વસ્ત્રો પહેરીને તું બાળક પુત્રને ઘેર રાખીને દેવ મંદીરે ગઈ, તે જોઈ તારો બાળક પુત્ર તારી પાછળ રડતો રડતો રસ્તામાં ચાલવા લાગ્યો, એટલામાં કોઇક ભડકેલા પાડાએ તેને પાડી નાંખ્યો, તેથી તે મૃત્યુ પામ્યો, ત્યારે તું પણ પુત્ર વિયોગના દુઃખથી મૃત્યુ પામીને ચંડીકા થઈ છે, અને પૂર્વ-ભવના વૈરથી તું બીજા પાડાઓને પણ હણે છે, અરે જરા દયા રાખ અને શાંત થા. ત્યારે ચંડીકાએ કહ્યું કે ભગવન્ હું ભારે કર્મિ છું તેથી જીવહીંસા તજવાને શક્તીવાન થતી નથી. ત્યારે આચાર્યજીએ કહ્યું કે, જો એમ છે તો તું નાહડ મંત્રીના કુટું-બને તારા બળીદાનથી મુક્ત કર. તેવારે તે વાત તેણીએ કબુલ રાખી. આ ઉપરથી સમજવાનું એ છે જે, પૂર્વે સિદ્ધરાજ, કુમાર-પાળની વખતમાં પણ જ્યાં સુધી દયા ધર્મ નહી પામેલા ત્યાં સુધી એવા કુકર્મ કરતા સાંભળીએ છે. પરંતુ વિશેષ પાડા માર-વાની અંધ પરંપરાની પ્રવર્તિ ગાડરીપ્રવાહ સંવત્ ૧૨૫૨ ની સાલથી તે આજસુધી પણ ચાલુ રહ્યો જણાય છે. તે કુચાલરૂપ વૃક્ષના મૂલને ઉચ્છેદ કરવા માટે સુજ્ઞ ઉપદેશકોને આ સતત ભલામણ છે, જેથી કરીને અભયદાનનું પ્રભૂત પુન્ય ઊપાર્જન થાય છે. ઇતિ.

લોકોપર અનુકંપાવાળા વિક્રમ રાજાને લક્ષ્મીદેવીએ પ્રસન્ન થઇને, માલવ દેશમાં દુકાળ નહી પેડવા વરદાન આપ્યું છે.

દયાયુક્ત મન, આરોગ્યતા કરે છે, પ્રશંસા વધારે છે, સં-સાર સમુદ્રથી તારે છે, આયુષ્ય વિસ્તારે છે, શરીરને સુંદર કરે છે. ગોત્રની, ધનની, અને બલની વૃદ્ધિ કરે છે.

અથ શીલ વિષે.

શીલ વ્રતધારીને દેવતાઓ પણ નમસ્કાર કરે છે. તથા તેનો જગત્રયમાં યશ અને કીરતી ફેલાય છે. સીતા મહાસતીને જેના પ્રભાવથી અગ્નિ તે પાણી થઇ ગયું. ઉભય લોકમાં સુખનું આપનાર એવું જે બ્રહ્મવ્રત જયવંતુ વર્તે છે. કોટિગમે સોના મોહોરોનું દાન તથા સુવર્ણમય જિનમંદીર પણ જેને પહોંચી શકતું નથી. અન્યમતીઓના શાસ્ત્રમાં પણ કહ્યું છે કે, હે યુધિષ્ટિર બ્રહ્મચર્ય પાલનારની એક રાત્રિના ઉપવાસથી જે ગતી થાય છે તે ગતી એકહજાર યજ્ઞોથી પણ મળી શકતી નથી.

એકદા અણહીલપુર પાટણમાં શ્રી હેમચંદ્રાચાર્ય સિદ્ધરાજની સભામાં પધાર્યા, ત્યારે રાજાએ આશન આપવાથી તેપર તેઓ બેઠા પછે રાજાએ પુછયું કે આજકાલ વાખ્યાનમાં આપ શું વાંચો છો ?

ત્યારે હેમચંદ્રજીએ કહ્યું કે હાલમાં તો સ્થૂલભદ્રજીનું ચરિત્ર વંચાય છે. ત્યારે રાજાએ પુછયું કે તે ચરિત્રમાં શું વ્રતાંત છે, ત્યારે આચાર્યજીએ કહ્યું કે પૂર્વના પરિચયવાલી કોશા નામની વેસ્યાનો તેમણે ત્યાગ કરેલો છતાં તેનાજ ઘેર રહીને ષટ રસ ભોજન કરતા થકાં તેમણે શીલ પાલ્યું છે, ઇત્યાદિક વ્રતાંત તે ગ્રંથમાં છે, તે સાંભલી ક્રોધ પામેલા દેવબોધિ આદિક બ્રાહ્મણો બોલી ઊઠયા કે વિશ્વામિત્ર, પારાસર આદિક રૂષિઓ કે જેઓ સૂકાં પાંદડા વિગેરે ખાનારાઓ હતા, તેઓ પણ મનોહર એવાં સ્ત્રીનાં મુખરૂપી કમળને જોઇનેજ મોહ પામેલા છે, તો જે માણસો હમેસાં ઘૃત, દુધ, દહી આદિકવાલાં ભોજનો જમે છે તેઓને ઇંદ્રિયદમન તે કયાંથી હોય? માટે અહો આમનું કપટી પણું તો જુઓ ? તે સાંભલી હેમચંદ્રાચાર્ય કહે છે, બળવાન એવા હાથીઓના તથા સુકરના માંસનો ખાનારો સિંહ તો વર્ષ-

માં ફક્ત એકજવાર કામવિકારી થાય છે. અને પારેવું (કબુતર) તો વેલુ આદે ખાય છે છતાં પણ હમેસાં કામી થાય છે. માટે હે બ્રાહ્મણો તમો કહો કે એનો હેતુ શું છે. એવી રીતે આચાર્યજીએ સત્ય ઊત્તર આપ્યાથી રાજા ખુશી થયો. વલી તેજ શીલના માહાત્મ્યની પ્રશંસા કરે છે, જે સ્થૂલભદ્ર ઊપર વેસ્યા હમેશાં રાગવાળી હતી અને તેના કહેવા પ્રમાણે વર્તતી હતી, વલી ત્યાં રહી ષટરસ ભોજન જમતા હતા. મકાન પણ રમણીક હતુ; શરીર પણ મનોહર હતુ, વય પણ યુવાન હતી. સમય પણ વર્ષાકાલનો હતો. તો પણ જેમણે આદર પુર્વક કામદેવને જીત્યો હતો, વળી સ્રીયોને પ્રતિબોધ કરવામાં કુશલ એવા શ્રી સ્થૂલભદ્રજીને હું નમસ્કાર કરૂં છું.

શ્રી નેમીનાથ પ્રભુજી કરતાં પણ ઇહાં શ્રી સ્થૂલભદ્રજીને વધારે સૂરા માનીએ છે. કેમકે શ્રી નેમનાથજી તો પર્વતના કિલ્લા પર ચઢીને મોહ રાજાને જીત્યો હતો, અને આ જીતેંદ્રિય એવા સ્થૂલભદ્રજીએ તો મોહના સ્થાનકમાંજ જઈને તેને જીત્યો. અહો જે કાલીનાગણના મુખ ઊપર પડયો છતો નિરાબાધ રહ્યો.

ઈહાં કોઇ તર્ક કરે કે શાસ્રકારે પહેલી વાડમાં સ્રીનો વાસ હોય ત્યાં મુનિને રહેવું નહી. વલી સાતમી વાડમાં સરસ આહાર મુનિને તજવો કહ્યો છે તો શ્રી સ્થૂલભદ્રજીએ તો તે બંને વાડનુ ઓલંઘન કર્યું તેનું કેમ, તે વિશે સમજવું જે જિન શાસનમાં એકાંત નથી. મુખ્યતાએ તો વાડપુર્વક મુનિએ વર્તવું એ ધોક માર્ગ છે. પરંતુ તેઓ આગમવિહારી હતા, અને ગુરૂ માહારાજાએ તેઓની યોગ્યતા જોઈને ત્યાં ચાતુર્માસુ રહેવાની આજ્ઞા કરી ઇતિ રહસ્ય. એમ જાણી શીલ રત્નનું આરાધન કરવા પ્રયત્ન કરવો કેમકે મનુષ્યતુ માન, શોભા, ઇજત, કીરતી, સાખ, મહત્વપણું વિશેષે શીલ વ્રતમાંજ રહેલુ છે.

એક દયારામ કવિ કહે છે કે:—

લાખ ગમાવી સાખ રાખજે, સાખે મલસે લાખજી;
લાખ ખરચતાં સાખ નવી મલે, સાખ ગએ સૌ ખાખજી. ૧.

વલી શીલ વિષે વિશેષ વાખ્યા કહે છે:—

પરસ્ત્રીનો ત્યાગ કરવો તેને દેશ થકી બ્રહ્મચર્ય વ્રત કહે છે. અને પોતાની તથા અન્ય સ્ત્રીયોની સાથે મૈથુનનો ત્યાગ ભાવ તે સર્વ થકી બ્રહ્મચર્ય કહુછે. એ બે પ્રકારના બ્રહ્મચર્યને દ્રવ્ય બ્રહ્મચર્ય કહે છે. અને પર પરણીતીનો ત્યાગ કરવો તેને ભાવ બ્રહ્મચર્ય કહે છે. આ વ્રતને સમુદ્રની ઊપમા ઘટે છે.

આ વ્રતથી આ લોક અને પરલોકમાં ઊત્તમ ફ્લ મલે છે. એના બલથી મોહોટાં કાર્ય કરી શકાય છે. રોગ જીતી શકાય છે. શરીર મજબુત રહે છે, મગજ સારૂ રહે છે, કીરતી વૃદ્ધી પામે છે, નેત્રને સાફ રાખે છે, વિદ્યા અભ્યાસ સારો થાય છે, યોગાભ્યાસ તથા યુદ્ધાભ્યાસમાં બ્રહ્મચર્યની આવશ્યકતા છે. વીશેષ દેવતાઓ પણ તેની સહાય કરે છે.

હુવે જે પુરૂષો મૈથુન સેવવામાં સદાકાલ આશક્ત રહે છે. તેની હાલત બતાવે છે:—

॥ श्लोक ॥

कंपः स्वेदः श्रमो मूर्च्छा । भ्रमिर्ग्लानिर्बल क्षयः
राज यक्ष्मादि रोगाश्च । भवेयुर्मैथुनोत्थिताः ॥१॥

ભાવાર્થ:—કંપ, પસીનો, થાક, મુર્છા; ભ્રમ, શરીરની નિસ્તેજ અવસ્થા, બલનો ક્ષય, ક્ષય રોગાદિ અનેક પ્રકારના રોગો મૈથુન સેવવાથી પેદા થાય છે મોટો બલવાન યોદ્ધો પણ મૈથુન

સેવવાથી નિર્બલ થાય છે, મગજ બગડી તપી જાય છે, વિદ્યા અભ્યાસ થઇ શકતો નથી, ચક્ષુનુ તેજ ઘટી જાય છે, જેથી ચસ્માં રાખવાં પડે છે, બાલ વયમાં છોકરાં બગડી જાય છે. કુમિત્રોની સોબતથી સ્રીયોનઃ પાસમાં પડી શરીરની ખરાબી કરે છે. પછે જ્યારે પ્રમેહ, ચાંદી આદે રોગ ઉત્પન્ન થાય છે ત્યારે દાક્તર વૈદ લોકોનાં ઘરાં ભરવાં પડે છે. અર્થાત ભોગમાં રોગ છે. મા, બાપો વાહાલપણાથી બાલકોને પરણાવે છે. પણ તેનુ પરિણામ સારૂ આવતુ નથી તે સ્વભાવિક છે. વળી બાલ લગ્નથી કુલ, જ્ઞાતીધર્મ અને દેશની ખરાબી થાય છે, એમ જાણુતા છતા આવા હાનીકારક બાલ લગ્નરૂપ હોમમાં પોતાના સંતાનોને હોમે છે, એ કેવી ધીક્કારવાની વાત છે.

મને અનુભવાય છે કે નાભીથી ઊર્ધ્વ ગમન નાડી મસ્તકમાં રસકસથી ભરપુર બંધાએલી છે તે સ્રીયાદીકથી ભોગ કરતાં વા હસ્તકર્મ કરતાં દોહન થવાથી વીર્યરૂપ રસ સ્ખલીત થઇ જાય છે. તેથી બલહાની થાય છે. તેમજ સ્રીની યોનીમાં પણ મહી મથન વત્ છાસ કુચારૂપ થઇ શરીર નિર્બલ થઇ જાય છે. પુઃ બીજારોપ વૃદ્ધિથી ઘણી સંતતી થવાથી લોહીમીજ હાની પામે છે જેથી બલ, તેજ નષ્ટ થાય છે. અને પાપ વૃદ્ધિ પામે છે. ઇત્યાદિ દુષણનો સંભવ હોવાથી મેથુન ઊભય લોકવિરૂધ છે.

હવે આધિ નષ્ટ થતાં વ્યાધિ નષ્ટ થાય છે. અર્થાત માનસીક નિર્મલતાથી શરીર તંદુરસ્ત રહે છે.

ઇહાં કોઈ કહેશે જે એટલુ બધુ સંસારીક દુઃખ સ્પષ્ટપણે જણાવ્યું તે સત્ય છે, પરંતુ ભવાંતરે મૈથુન સેવનથી દુઃખ પ્રાપ્ત થવા હેતુભૂત શું છે. તેના ઊત્તરમાં મૈથુન સેવવાથી જીવોનો ઘાત થાય છે તે કહે છેઃ—

॥ श्लोक ॥

योनियंत्र समुत्पन्नाः । सुसुक्ष्मा जंतुराशयः ॥
पिम्यमानावि पद्यंते । यत्र तन्मैथुनं त्यजेत् ॥ १ ॥

ભાવાર્થ—સ્રીની યોનીમાં ચક્ષુથી ન દેખાય એવા સુક્ષ્મ-જંતુઓનો જથ્થો ઉત્પન થાય છે, રૂની બનાવેલી નલીમાં તપાવેલા લોખંડના સલીયાને નાખવાથી જેમ રૂનો નાશ થાય છે, તેમ મૈથુન સેવતાં સ્રીની યોનિમાં રહેલા જંતુઓનો નાશ થાય છે, તેથી હિંસા લાગે છે કામશાસ્રના રચનાર વાત્સ્યાયન રૂષિ પણ સ્રીની યોનિમાં સુક્ષ્મ જંતુઓ ઊત્પન થાય છે એમ માને છે. વળી તે જંતુઓ શક્તિ પ્રમાણે અંદર ખરજ ઉત્પન કરે છે તે મૈથુન સેવવાથી તેમનો વિનાશ થાય છે. પાંડુરોગ કોઢ, નપુષકપણું દુર્ભાગ્ય, કુરૂપ, અલ્પાયુષ્ય, નિર્બલતા એ દુઃશીલતા રૂપ લતાના પુષ્પો છે અને નરક તેનું ફલ છે. હા ઇતિ ખેદેન. બળતા લોખંડના સ્થંભનું આલિંગન કરવું શ્રેષ્ટ છે, પરંતુ નરકના દ્વાર રૂપ સ્રીનું જગન્ય સેવવું સારૂં નથી. પોતાની સ્રીની સાથે પણ હમેશાં આશક્ત થવું યોગ્ય નથી. સ્યા માટે જે સ્રીની યોની મધ્યે બેઇંદ્રિયાદિક જીવો રહેલા છે, તથા ગર્ભજ મનુષ્ય બે લાખથી નવલાખ તથા સમુર્છીમ પંચેંદ્રિય અસંખ્ય જીવોનું ભોગ સંજોગથી બલીદાન થઇ જાય છે. ભોગ કરતાં વીર્યપાત અવસરે પ્રણામની તિવ્રતાએ–એટલે મન વચન કાયાની એકાગ્રતાએ કટુકતર રસથી દુષ્ટ કર્મનો બંધ પડે છે, માટે ભોગના અંતે બાળબ્રહ્મચારી શ્રીવિજય શેઠ, જંબુસ્વામી, પૃથ્વીચંદ્ર, ગુણચંદ્ર, મેઘકુમાર, ધનો, સાલીભદ્રજી, સુદર્શન શેઠ, થુલીભદ્રસ્વામી આદેનાં ચરિત્ર સ્મરણ કરવાં જેથી દૂરગતિનો બંધ ન પડે. કેમકે પ્રણામે બંધ છે. જેવારે કામજ્વર ઉત્પન થાય છે તે વખતે પણ વૈરાગી મહાત્માઓને પૂર્વોક્ત પુરૂષોનું અવલંબન કામવિકારને શાંત

કરનાર છે. વળી પરસ્ત્રી આશક્ત પુરૂષોને તેણીના પતીની તથા રાજ તરફથી પણ વધબંધનાદિ ઘણી ધાસ્તિ રહે છે, યાવત્ સ્વાનની પેઠે મરણને સરણ થાય છે. વલી વૈરવિરોધ વૃદ્ધિ પામે છે, ધનનો નાશ થાય છે, દુઃખદાઇ સ્થિતિ પ્રાપ્ત થાય છે. વિશેષે ગુણકાના સમાગમથી તો ધર્મ બુદ્ધિ પણ નષ્ટ થાય છે. અર્થાત્ અબ્રહ્મ સેવનથી છેવટ નરક ગતીની વેદના સહન કરવી પડે છે. અન્યમતમાં પણ મદીરા માંસથી પરદારા શેવનનું વિશેષ પાપ દર્શાવ્યું છે માટે કિંચિત્ પુદગલ સુખ માટે મોટા મોહાંધ પુરૂષો મૈથુન સેવે છે પણ તે પરિણામે દારૂણ દુઃખોની પરંપરામાં સપડાય છે. વિષયાશક્ત પુરૂષો જેમ સ્વાન હાડકાંને ચુસતાં પોતાના તાલવાનું રૂધીર રસ સોખવે છે, અને તેમાંજ સુખ માને છે, તેમ મનુષ્યો પણ વીર્યની હાની પામતા છતા આણંદ માને છે પરંતુ પરિણામે કિંપાક ફલ સમાન જાણવું, ઇંધણાથી અગ્નિ તૃપ્ત થાય નહી નદીઓથી સમુદ્ર તૃપ્ત થાય નહી, તેમ કામભોગથી જીવ તૃપ્ત થાય નહી સ્ત્રીની યોની શરીર અશુચિ અપવિત્ર મલમૂત્ર, વિષ્ટા, પાચ, પરૂ, લોહી, ચરબી, માંસ, હાડ કરંડીઓ ચર્મમાત્રે આચ્છાદિત કરેલું કૃમીજીવનું સ્થાન બિભત્સ અનિષ્ટ, વર્ણ ગંધ રસ સ્પર્શ દૃષ્ટ છે જેનો એવી સ્ત્રીની યોનિમાં રાગાંધ એવા વિષયવંત પ્રાણીઓની તૃષ્ણાને ધીક્કાર હો

કવિત.

સુકાજકુ છોડ કુકાજ કરે ધન જાતહે વ્યર્થ સદા તીનકો
એક રાંડ બુલાય ન આવતહે નહી આવત લાજ જરા તીનકો.
મૃદંગ ભને ધીક હે ધીક હે સુરતાલ પુછે કીનકો કીનકો
તબ ઉત્તર રાડ બતાવત હે ધીક હે ઇનકો ઇનકો ઇનકો ૧ ઇતિ.

કિંબહુના રે જીવે તું જો શશ્વત સુખ ઇચ્છે છે તો વિષય થકી વિમુખ થઇ સંવેગ રૂપ રસાયણનું પાન કર.

ધન્ય છે સીતા મહા સતીને કે જેણે રાવણના વસ્યમાં છતી પણ પોતાનું રમણીક શીલ અખંડ રાખ્યું. દ્રુપદીએ પણ

કીચકના પ્રસંગમાં પોતાનું બ્રહ્મચર્ય રૂપ ધનનું રક્ષણ કર્યું. તેમ સુશીલ બહેનોએ તેઓનું અનુકરણ કરી શીલવ્રત અંગીકાર કરવું.

જેના પ્રભાવે દેવતા સાનિધ કરે છે મંત્ર ઔષધ ફલીભૂત થાય છે. કાર્ય સિદ્ધ થાય છે; ઉપદ્રવનો નાશ થાય છે. ક્ષુદ્રદેવોનું બળ નષ્ટ થાય છે. આત્મશક્તિ પ્રકાશ થાય છે. જોર આવતું નથી. ખરચ થતું નથી સુવર્ણનાં દેરાસર કરાવવા કરતાં પણ બ્રહ્મચર્ય ધારણથી વિશેષ લાભ થાય છે. યાવત્ પરમ પદ પ્રાપ્નોતી (પામેછે.)

શીલ ધર્મની અદભૂત વિશેષ વાખ્યાની જીજ્ઞાસા હોય તો અમારૂં રચેલું શ્રીજૈન તત્વસંગ્રહ નામનું પુસ્તક પૃષ્ટ–૧૦૮ જોવું.

॥ अथ तप विषे ॥

પ્રવચન સારોદ્ધારને વિષે તપના અનેક પ્રકાર કહ્યા છે તથાપિ ઇહાં મૂળ ઇંદ્રિય જયનામા તપ પ્રથમ કહે છે. અશુભકર્મને બાળે તે તપ કહીએ.

૧ પહેલે દિવસે પુરિમઢ, બીજા દીવસે એકાસણુ, ત્રીજા દીવસે નીવી, ચોથા દીવસે આંબિલ, પાંચમા દીવસે ઊપવાસ પાંચે પચખ્ખાણે કરી એક લતાશ્રેણી પરિપાટી એવી પાંચે લતાએ પાંચ ઇંદ્રિયોને દમન કરવાથી ઇંદ્રિય જયનામા તપ થાય છે, એમ પચીસ દીવસે પાંચે ઇંદ્રિયોનો જય થાય છે.

૨ હવે ઇંદ્રિય જય પછે યોગ શુદ્ધિ કરવી જોઇએ, તેજ તપ કહે છે. પહેલા દીવસે નીવી, બીજા દીવસે આંબિલ, ત્રીજા દીવસે ઉપવાસ એ એકલતા, એવી ત્રણ લતાએ યોગ શુદ્ધિ નામા તપ કહ્યો છે. જેથી મનો યોગાદિ ત્રણની શુદ્ધિ થાય છે. તેનું નવ દીવસનું માન છે.

૩ હુવે યોગ શુદ્ધિ થઇ છતાં જ્ઞાનાદિક ત્રણુની પ્રાપ્તિ થાય તો ભલી જાણુવી. માટે જ્ઞાનાદિક ત્રણુનું તપ કહે છે.

જ્ઞાનને વિષે, દર્શનને વિષે, ચારિત્રને વિષે, પ્રત્યેકે ત્રણ ત્રણુ ઉપવાસ કરવા, તેમાં પ્રથમ જ્ઞાનનો અઠમ કરી સિદ્ધાંતની પૂજા કરવી. દર્શન આરાધવા અરથે અઠમ કરી દર્શન પ્રભાવક સમત્યાદિક ગ્રંથ અને સદગુરૂની પૂજા કરવી, તેમજ ચારિત્રને વિષે ચારિત્રવંતની પૂજા કરીએ ઇતિ રત્નત્રય તપ.

૪ હુવે જ્ઞાનાદિક ત્રીકનો ધણી કષાય જય કરે તો ભલુ, માટે કષાય જય તપ કહે છે.

એકાસણું, નીવી, આંબિલ, ઉપવાસ, એ ચાર એક લતાએ થાય, એમ ક્રોધાદિક ચાર કષાયના જયને અરથે ચાર લતાએ કરી ચાર ચોક સોલ દીવસ પર્યંત કષાય વિજય નામા તપ કરીએ જ્ઞાનાદિકના ધણી કષાયનો જય કરી પછે વિવિધ પ્રકારનાં તપ કરે.

૫ હુવે કર્મસુદન તપ કહે છે.

૧ પહેલે દીવસે ઉપવાસ—૨—એકાસણું ૩—એકલ સિથ્થો—૪ એક ઠાણુ—૫ એક દાતી—૬ નીવી—૭ આંબિલ ૮ આઠ કવલ એ આઠ પચખ્ખાણે એક લતા થઇ એવી આઠ લતાએ એટલે આઠુ અઠીયુ ચોસઠ દીવસે કર્મસુદન (બાલે) નામા તપ થાય છે વિશેષ અનેક પ્રકારના તપની વાખ્યા જોવી હોય તો પ્રવચન સારોદ્ધાર ૨૭૧ જુવો.

ઘણો કાલ અવ્રતી અપચખ્ખાણુપણામાં કાઢવો યોગ્ય નહી. પ્રાણાતિપાતાદિ પાંચ મૂળ ગુણ અને શેષ ઉત્તર ગુણ પચખાણુ છે તે સર્વે પચખ્ખાણ કરનાર અથવા કરાવનારા અથવા બેહુ જણુ જાણ હોય તે શુદ્ધ ભાંગે પચખ્ખાણુ કરવું શ્રેષ્ટ છે. પરંતુ કરનાર કરાવનાર બેહુ અજાણ તે ચોથા ભાંગે અશુદ્ધ પચખ્ખાણ કરવાની આજ્ઞા નથી. એ દુઃપચખ્ખાણુ છે માટે. ઇતિ.

નમુકારસી, પોરસી આદે દશ પ્રકારનાં પચખ્ખાણ મધ્યેથી શક્તિ અનુસારે પચખ્ખાણ તપસ્યાદિક કરવાથી દેશવીરતીવંત ગણાય છે. જ્ઞાન ભણવાનું ફળ વિરતી છે, વિરતી તે સંવર છે, સંવરથકી કર્મ નિર્જરા થાય છે; અનુક્રમે મોક્ષ પ્રાપ્ત થાય છે. માટે વિરતીવંત થવું એ શ્રેષ્ટ છે. પણ તે સર્વે પુદગળ સ્પૃહા (ઇહા) રહિતપણે કરતાં વિશેષ ફળ આપે છે.

એકસણા બેસણામાં સચિત ત્યાગીને છ પ્રકારના પાણીના આગાર કહેવા, અને સાંજે પાણઅહારનું પચખ્ખાણ કરે. માત્ર સચિતના ત્યાગીને પણ પાણસના આગાર લેવા પણ સાંજે પાણ-અહારનું પચખ્ખાણ નહિ. દિવસચરિમનું પચખ્ખાણ આપવું. તેમજ સચિતભોજી હોય પણ ફાસુ (ઉનું) પાણી પીએ છે તેને પણ પાણસના છ આગાર કહેવા. સાંજે દિવસચરિમનું પચ-ખ્ખાણ આપે તથા અચિતભોજી પણ ફાસુ પાણી પીતો નથી તો તેને પાણસના આગાર નહિ.

(ઇતિ પચખ્ખાણભાષ્યે.)

॥ श्री जिनधर्म विषे ॥

નિરાધાર એવા કુમારપાળને જે અઢાર દેશોના રાજ્યની પ્રાપ્ત થઈ, શ્રીપાળરાજાના કુષ્ટની શાંતિ થઇ, વિક્રમરાજાને અગ્નિવૈતાળ વશ થયો, ભરતરાજાને ચક્રીપણાની પ્રાપ્તિ થઇ, બાહુબળને અત્યંત બળ પ્રાપ્ત થયું, અભયકુમારને બુદ્ધિ અને શાળીભદ્રને અપૂર્વ રિદ્ધિ પ્રાપ્ત થઇ, સુભૂમ ચક્રીને દાઢાઓનો થાળ ચક્રરૂપ થયો. તે સઘળું ધર્મનુંજ મહાત્મ્ય જાણવું. વળી ધર્મથીજ સમુદ્ર, મેઘ, અગ્નિ વિગેરે વશ થાય છે. ઇંદ્ર, ચક્રી, વાસુદેવ, વિગેરેની સંપદાઓ પણ ધર્મના પ્રભાવથી મળે છે.

ચિંતામણીરત્ન, કામધેનુ, દક્ષિણાવર્તશંખ, ચિત્રાવેલી, સુવર્ણસિદ્ધિ, કલ્પવૃક્ષ વિગેરે ઉત્તમ પદાર્થો મળે છે તે પણ ધર્મનોજ પ્રભાવ જાણવો. આરોગ્યતા, સૌભાગ્યતા, ધનાઢ્ય, નાયકપણું, આનંદ, ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ પુન્યશાળી પુરૂષોનેજ થાય છે. શ્રી આદિનાથ પ્રભુની પેઠે આરોગ્યપણું મળે છે, કેમકે ચોરાશી લાખ પુરવના આયુષ્યની અંદર કોઇ દિવસે તેમનું મસ્તક પણ દુખ્યું નથી તે ધર્મનોજ પ્રભાવ જાણવો. ઇહાં સારંગશાહ, સમરાશાહ, જગસિંહશાહ, પેથડશાહ, વસ્તુપાળ તેજપાળ, વિમળશાહ, જાવડશાહ, બાહુડમંત્રી, કુમારપાળ, આમરાજા વિગેરેનાં દ્રષ્ટાંત પ્રસિદ્ધ જાણી લેવાં.

હવે ધર્મ થવાના પ્રકાર કહે છે.

ભવદત્તની પેઠે લજ્યાથી ધર્મ થાય છે, મેતાર્ય મુનિને હણનાર સોનીની પેઠે ભયથી ધર્મ થાય છે સિંહ ગુફાવાસી સાધુની પેઠે માત્સર્યથી ધર્મ થાય છે, સ્થૂલિભદ્રના લઘુ ભાઇ શ્રીયકની પેઠે સ્નેહથી ધર્મ થાય છે, સુહસ્તિમહારાજે પ્રતિબોધેલા દ્રમકની પેઠે લોભથી ધર્મ થાય છે, બાહુબળિની પેઠે હઠથી ધર્મ થાય છે, દશાર્ણભદ્ર રાજાની પેઠે અભિમાનથી ધર્મ

થાય છે, તેમજ ગૌતમસ્વામી, સિદ્ધસેનદીવાકર, હુરિભદ્રસૂરિ વિગેરેના સંબંધો પણ જાણી લેવા નમિ, વિનમિની પેઠે વિનયથી ધર્મ થાય છે, આર્યરક્ષિત આચાર્યની પેઠે કીર્તિથી ધર્મ થાય છે. કાર્તિકશેઠની પેઠે દુઃખથી ધર્મ થાય છે, ગૌતમશિષ્ય ૧૫૦૩ તાપસની પેઠે કૌતકથી ધર્મ થાય છે, ઇલાયચી પુત્રની પેઠે વિસ્મયથી ધર્મ થાય છે.

અભયકુમાર તથા આર્દ્રકુમારની પેઠે વ્યવહારથી ધર્મ થાય છે. ભરતચક્રીની પેઠે ભાવથી થાય છે, કીરતીધર સુકોસલ પેરે કુળાચારથી થાય છે, જંબુસ્વામી, ધનગિરિ, વજાસ્વામી, પ્રસન્નચંદ્ર, ચિલાતિપુત્રાદિકની પેઠે વૈરાગ્યથી ધર્મ થાય છે. ક્ષમાને વિષે ગજસુકુમાળ, કુરગડુ મુનિ, વીરપ્રભુ, ખંધકમુનિ આદિકનાં દ્રષ્ટાંતો જાણી લેવાં.

સમ્યકત્વને વિષે શ્રેણીકરાજા, નારાયણ, વિક્રમરાજાદિકનાં દ્રષ્ટાંત જાણી લેવાં, પ્રભાવિકપણાને વિષે શ્રી હેમચંદ્રાચાય, જીનદેવસૂરિ, કાલિકાચાય, જીનપ્રભસૂરિ, વિષ્ણુકુમાર, યશોદેવસૂરિ, બપભટ્ટીસૂરિ, પાદલિપ્તસૂરિ, ધર્મઘોષસૂરિ, માનદેવસૂરિ, માનતુંગસૂરિ, હુરિભદ્રસૂરિ, વિગેરેનાં દ્રષ્ટાંત જાણી લેવાં. કહ્યું છે કે હે રાજેંદ્ર, સાંભળેલો, દીઠેલો, કરેલો, કરાવેલો, અનુમોદેલો એવો પણ ધર્મ છેક સાત પેઢીઓ સુધી પવિત્ર કરે છે.

હવે મહાત્મા પુરૂષોની ગુણ શકિત વખાણે છે.

શ્રી બપ્પભટ્ટીજી મહારાજા સાતસો શ્લોક હમેશાં કંઠે કરતા હતા.

શ્રી વજાસ્વામીજી પારણામાં સુતાં થકાંજ અગીયાર અંગોનો અભ્યાસ કર્યો હતો. દુર્બલિકા પુષ્યમિત્રમુનિ હમેશાં ઘૃતાદિક સ્નિગ્ધ પદાર્થોનું ભોજન કરતા હતા. છતાં વિદ્યાના અધ્યયનના શ્રમથી તે હમેશાં દુર્બળજ રહેતા હતા. શ્રી સોમપ્રભસૂરિજીને એક ગાથાના એક સો અર્થ કરવાની શક્તિ હતી. દેવસૂરિજી મ-

હારાજની વાદલબ્ધિ જગતમાં પ્રસિદ્ધ છે. શ્રી હેમચંદ્રાચાર્યજીને વ્યાકરણાદિક અનેક શાસ્ત્રો રચવાની શક્તિ હતી. મલયગિરિજી તથા અભયદેવસૂરિજી મહારાજને અનેક સિદ્ધાંતોપર ટીકાઓ કરવાની શક્તિ હતી. તે સઘળો ધર્મનોજ પ્રભાવ હતો. વળી લક્ષ્મી પણ પુન્યને અનુસરનારીજ છે. જેમ મુહણસિંહ શેઠ જગતમાં સત્યવાદી પ્રસિદ્ધ હતા. એક દિવસે તેને જુઠું બોલવા માટે બાદશાહે સભા સમક્ષ પૂછ્યું કે તારા ઘરમાં કેટલું દ્રવ્ય છે, ત્યારે મુહણસિંહશેઠે પોતાની સર્વ દેશાવરોની પેઢીઓનું સર્વૈયુ વાંચી કહ્યું કે મહારા સ્વાધીનમાં ચોરાસી લાખ સોનામહોરો છે. તે સાંભળી સંતુષ્ટ થએલા બાદશાહે તેને બીજી સોળ લાખ સોનામહોરો આપીને તેને કોટીધ્વજ કર્યો તથા મોટા ઓત્સવપૂર્વક તેના ઘરપર તેણે કોટીધ્વજની પતાકા બંધાવી આપી પછી તે લક્ષ્મીને શેઠે દાન આપીને કૃતાર્થ કરી.

ઉત્તમ કુળમાં જન્મ, અનેક પ્રકારની વિભૂતિ, પ્રિય સજ્જનોનો સમાગમ, સુખની શ્રેણીઓ, રાજકુળમાં મોટાઇ, નિર્મળ યશ એ સઘળાં ધર્મરૂપી વૃક્ષનાં ફળો જાણવાં.

વળી તે ધર્મ કેવો છે—પ્રાણીઓને મહા મંગળરૂપ છે. પિતાની પેરે સર્વ ઇચ્છિતનો આપનાર છે, માતાની પેરે સર્વ પીડાઓને દૂર કરનાર છે. મિત્રની પેરે હર્ષ વધારનાર છે.

(દ્રષ્ટાંત)

બુદ્ધિનું ફળ તત્વ વિચાર છે, શરીરનું સાર્થક વ્રત ધારવા રૂપ છે, ધર્મનું ફળ સુપાત્ર દાન છે, વાણીનું ફળ લોકોને પ્રેમ ઉપજાવવો તે છે.

તસ્માત્ તત્વ ગ્રહણરૂપ ધર્મનું સેવન કરવું.

તેમજ અભ્રવેદી મુનિ ગગનની પેરે નિરાલંબી, પૃથ્વિની પેરે સહનશીલ, મેરૂની પેરે નિષ્પ્રકંપ, સમુદ્રની પેરે ગંભીર, ચંદ્રની પેરે સૌમ્ય પ્રકૃતિવંત, સૂર્યની પેરે ઉગ્ર તપ તેજવાળા, સિંહની પેરે અક્ષોભ્ય, અપ્રમાદી સમભાવી મહાત્માનું સેવન કરવું.

વળી જે રાગ દ્વેષ મહામલ્લ મોહરાજને જીતનાર શ્રી અર્હંત ભગવંતનું ભજન કરવું એજ સર્વ જીવોને હિતકારી છે. કેમકે તેમનું ધ્યાન એક શ્વાસોશ્વાસના માત્ર પણ અમુલ્ય (કિંમત વિનાનું) છે ॥ ૩ ॥

ઇહાં યોગ અવંચકપણે તત્વભક્તિ તેજ સર્વોત્તમ છે, પરંતુ જે અસત્ય વચન રચનાયુક્ત બહુ કુડકપટ કરી મુગ્ધ જનોને ઠગે છે. તેઓ સુરનર અને મોક્ષસુખથી પોતાના આત્માને પણ ઠગે છે માટે સત્ય સરળપણાથીજ સિદ્ધિ થાય છે. તે ઉપર વણિક-પુત્રી (વસુમતિ) દ્રષ્ટાંત કહે છે.

એક શ્રેષ્ટીની વસુમતિ નામની પુત્રીએ પોતાની માતાના મરણ થયા બાદ ઓરમાન માતાની ઉપર ખોટું આળ ચઢાવવા એકદા યુક્તિ કરી જેથી નાહક તેણીનો શ્રેષ્ટીએ ત્યાગ કર્યો તેથી બાર પ્રહર સુધી તે બાપડી રૂદન કરતી રહી. એવો દયાજનક દેખાવ જોયાથી તેણીનું હૃદય પીગળ્યું; તેથી કલંક ઉતારવા માટે પોતાના પિતાને યુક્તિસર સમજાવવા લાગી; તેથી પિતાએ ફેર તેણીનો સ્વિકાર કર્યો. આવી રીતે બાંધેલા કર્મવડે તેણી ભવાંતરમાં બાર વર્ષ પર્યંત પતિવિરહના દુઃખને પામી; છેવટે જ્ઞાનીના મુખથી તે હકીકત જાણી વૈરાગ્યથી દીક્ષા લેઈ તે સુખી થઈ.

॥ धर्मोपदेश विक्रम कथा ॥

જેવારે સિદ્ધસેનદીવાકરનો ઉજયનીમાં પ્રવેશમહોત્સવ થતો હતો ત્યારે બંદીલોકો તેની સર્વજ્ઞ પુત્રાદિકની પ્રસંશાપુર્વક બીરૂદાવળી બોલતા હતા. તે વખતે વિક્રમાદિત્ય રાજા ઘોડા ખેલાવવા માટે નિકળ્યો હતો; ત્યારે તે રાજાએ આચાર્યજીની પરીક્ષા માટે મનથી તેમને નમસ્કાર કર્યો ત્યારે આચાર્યજીએ તેને ધર્મલાભ દીધો, તેવારે રાજાએ કહ્યું કે તમોએ મને નમસ્કાર વિનાજ ધર્મલાભ કેમ આપ્યો, ત્યારે આચાર્યજીએ કહ્યું કે હે ન-

રેંદ્ર પ્રણામ મન, વચન અને કાયા એ ત્રણ પ્રકારે થાય છે તે- માંથી તમોએ મને માનસીક પ્રણામ કર્યો. ત્યારે રાજાએ ખુશી થઇને આચાર્યજીને પુછ્યું કે આ ધર્મલાભની આશીશથી શું થાય છે? ત્યારે આચાર્યજીએ કહ્યું કે જેના પ્રભાવથી સર્વોત્તમ હાથીઓ, ઘોડાઓ, રથો, સ્ત્રીઓ રાજલક્ષ્મી વિગેરે ઉત્તમ વસ્તુઓ મળે છે, એવો ધર્મલાભ તમોને જય આપો. હવે જો દીર્ઘાયુની આશિષ આપવામાં આવે તો તે નારકી જીવોને હોય છે, ઘણા ધનવાનપણાની આશિષ આપવામાં આવે તો તે મ્લેચ્છોને પણ હોય છે, ઘણા પુત્રવાનની આશિષ આપવામાં આવે તો તે કુત- રાઓને પણ હોય છે, માટે સર્વ સુખને આપનારી તો ધર્મલા- ભનીજ આશિષ છે. તે સાંભળી વિક્રમરાજાએ હાથી ઉપરથી ઉ- તરી આચાર્યજીને પંચાંગ પ્રણામ કર્યો, અને તેમને એક ક્રોડ સોનામહોરો દેવા માંડી, પણ આચાર્યજીએ લીધી નહિ તેથી તે દ્રવ્ય જિનમંદીરના જીર્ણોદ્ધાર માટે વાપર્યું. ॥ ૬૦ ॥

એકદા હવે અનેક પ્રકારના સંસારી સુખમાં નિમગ્ન થએલા રાજાને ધર્માધીકારી પ્રધાને કહ્યું કે હે રાજન્ ! જો આ આત્માને સંસારરૂપી કેદખાનામાંથી આપણે છોડાવીએ નહિ તો પછી રાજ્ય, ધન, ધાન્ય, આભૂષણો ઊત્તમ જાતિ, કુળ, ઊત્તમ ગુણો પણ શા કામના છે, કેમકે ભોગોમાં તો રોગોનો ભય છે, સુખમાં ક્ષયનો ભય છે, ધનને અગ્નિ આદેનો ભય છે, દાસપણામાં સ્વામીનો ભય છે. કુળમાં કુચાલ- ની સ્રીનો ભય છે, માનમાં મ્લાનીનો ભય છે, ગુણો પ્રત્યે દુર્જનનો ભય છે, શરીરને યમનો ભય છે, પણ હે રાજન્ ! વૈરાગ્યને કોઇનો પણ ભય નથી. તે સાંભળી વૈરાગ્યવાન્ રાજાએ કહ્યું કે અહો ! આ ધર્માધિકારીએ યુક્ત વાત કહી, કેમકે ભ્રમણા કરી રહેલ છે ભ્રુકુટિરૂપી જળચરો જેમાં, તથા કેસોરૂપી છે સેવાળ જેમાં, વળી કર્ણરૂપી છે આવર્તો જેમાં તથા સ્કુરાયમાન નેત્રોરૂપી છે કમળો જેમાં એવા આ શરીરરૂપી તળાવમાંથી હમેશાં ત્રુષાતુરરૂપી કાળ

આયુષ્યરૂપી પાણીને પી જાય છે. વળી આ સંસારમાં આયુષ્ય તો જળનાં મોજાંની પેઠે ભંગુર છે, અને લક્ષ્મી તો સ્વપ્નની પેઠે નશ્વર છે, અને યૌવન તો વાદળની પેઠે ક્ષણિક છે, માટે ખરેખર આ સંસાર વૈરાગ્યરૂપજ છે. એવી રીતે સંસારની અસારતા ભાવીને વિક્રમરાજાએ તે ધર્માધિકારીને આઠ ક્રોડ સોના મહોરો ઇનામ તરીકે આપી. ધન્ય છે એવા ઉત્તમ પુરૂષોને ॥૯૦

વળી ઉત્તમ પુરૂષો કેવા કાર્યમાં પ્રવર્તે છે.

रम्यंयेन जिनालयं निजभुजो पात्तेनकारापितं ॥
मोक्षार्थं स्वधनेन शुद्धमनसा पुंसां सदाचारिणा ॥
वेद्यंतेन नरामरेंद्र महितं तीर्थेश्वराणापदं ॥
प्राप्तं जन्म फलं कृतं जिनमतं गोत्रं समुद्योतितम् ॥१॥

જે શુદ્ધ મનવાળા સદાચારી માણસે પોતાના હાથે ઉપાર્જન કરેલા ધનથી મોક્ષ માટે જિનમંદીર બંધાવ્યું છે, તે પુરૂષો દેવોથી પુજાએલા તીર્થંકરપદને મેળવે છે. વળી તેણેજ પોતાના જન્મનું ફળ મેળવ્યું છે તથા જિનશાસનને અને પોતાના ગોત્રને પણ દીપાવ્યું છે. જુઓ કે પોતાનાં ઘરો તો સુગરી, કાગડા, ચકલાં વિગેરે જાનવરો તથા મનુષ્યો પોતાની શક્તિ મુજબ બનાવે છે. પરંતુ ભાગ્યશાળી તો તેનેજ જાણવો કે પોતાની શક્તિ મુજબ ઉત્તમ જિનમંદીર બંધાવે છે.

શ્રી હેમચંદ્રાચાર્યે પ્રતિબોધેલા શ્રી કુમારપાળ રાજાએ તારંગાજી તથા ખંભાત આદિ નગરોમાં ૧૪૪૪ નવાં જિનમંદીરો સુવર્ણના દંડો અને કળશો સહિત બંધાવ્યાં છે. વળી તેણે પાટણમાં પોતાના પિતાજી ત્રિભુવનપાળના નામની યાદગીરી માટે તિહુણવિહાર નામનું બહોતેર દેવકુલિકા સહિત જિનમંદીર બંધાવ્યું છે. તેમાં ચોવીસ સુવર્ણની, ચોવીસ રૂપાની, ચોવીસ પીતળની આદે પ્રતિમાઓ સ્થાપી હતી. વળી તેમાં ૧૨૫ આંગળ-

ળની અરિષ્ટ રત્નની નેમિનાથ પ્રભુની પ્રતિમા સ્થાપી હતી. સર્વ મળી છન્નું ક્રોડ સોન.મહોર ખરચી હતી, તેમાં ઉદયન, આમ્રદેવ, કુબેરદત્ત આદિક અઢાર હજાર શ્રાવકો હમેશાં નૃત્ય ગાયનાદિ સ્નાત્રમહોત્સવ કરતા હતા. જે ધનવાન માણસોનું ધન જિનમંદીર પ્રતિમામાં, પ્રતિષ્ઠાવિધિમાં, તપમાં, સ્વામીવાત્સલ્યમાં, જૈનાગમ લખવામાં, તીર્થયાત્રાદિકમાં વપરાય છે તેઓને ધન્ય છે, કૃતપુન્ય છે, જિનમંદીર બંધાવ્યાનું, જીર્ણોદ્ધાર કરાવ્યાનું અપાર પુન્ય કહ્યું છે. અગ્નિ, જળ, ચોર, ચારણ, રાજા, દુષ્ટ પુરૂષો, પીતરાઇઓ વિગેરેના ભયથી મુક્ત થએલું જે દ્રવ્ય તે સત્પાત્ર જાણી પવરાય તો ઘણું શ્રેષ્ટ છે. જે પુરૂષોને હમેશાં શુભ વિચારો થયા જાય છે. વળી પરિગ્રહરૂપી ભારનું જેણે પરિમાણ કર્યું છે; ધન ઊપરથી તૃષ્ણા મમતા કમી થઇ છે; મહારંભ અનર્થકારી લોભનો નિગ્રહ કર્યો છે જેણે એવા સજ્જન પુરૂષો પુર્વોક્ત કાર્ય કરવા ઉત્સાહવંત થાય છે.

જિનમંદીર બાંધવામાં જેટલા કાષ્ટાદિકના પરમાણુઓ હોય છે તેટલા લાખ વર્ષો સુધી તેનો કર્તા સ્વર્ગનું આયુષ્ય ભોગવેછે.

ઇહાં પરમાણુઓ એટલે જાળીમાંથી સૂર્યનો તડકો પડતાં જે સુક્ષ્મ રજ દેખાય છે તે રજનો પણ ત્રીસમો ભાગ તેને પરમાણું કહે છે.

બીજા અદ્રષ્ટ સુક્ષ્મ પુદ્ગળ પરમાણુંઓની વાખ્યા અનેક પ્રકારે છે.

સ્વાનની પેઠે આશાના પાસમાં પડ્યા થકા પુદ્ગળની એઠને માટે જે ભટકે છે, તેમનાથી કાંઇ બની શકતું નથી. પરંતુ એ આશાનો નાશ થવાથી શુભ દ્રવ્યનો વ્યય થાય છે.

સંપ્રતિ રાજા ત્રીખંડ ભરતક્ષેત્રનો દિગ્વિજય કરી સોળ હજાર મુકુટધારી રાજાઓથી પરિવર્યો થકો ઉજયણીમાં આવ્યો.

તે વખતે નગરના લોકોએ તેનો ઘણાજ આનંદથી પ્રવેશમહોત્સવ કર્યો. પછી તે પોતાના મહેલમાં જઇ પોતાની માતા કમળાને પગે પડયો. પણ તે વખતે પોતાની માતાને દિલગીર મુખવાળી જોઇને તેણે પુછયું કે હે માતાજી મારા જેવો આપને પુત્ર છતાં તમો કેમ દિલગીર થાઓ છો? ત્યારે માતાએ કહ્યું કે હે વત્સ સંસાર સાધનારાં તથા છેવટે નરક આપનારાં એવાં તમારાં રાજ્યોપાર્જનથી મને કાંઇપણ હર્ષ થતો નથી. પણ જો તમો જિનપ્રાસાદો કરાવીને મારી પાસે આવો તો મને ઘણો હર્ષ થાય. તે સાંભળી સંપ્રતિ રાજાએ મોટા નિમિતિઆઓને બોલાવીને તેઓને પોતાના આયુષ્યનું પ્રમાણ પુછયું. ત્યારે તેઓએ કહ્યું કે હે રાજન્! તમારૂં આયુષ્ય સો વર્ષનું છે. ત્યારે રાજાએ મંત્રીઓ તથા પોતાના માણસોને એવો હુકમ કર્યો કે હમેશાં એક મંદીર સંપુર્ણ થયાની ખબર મેળવીને તે પોતાની માતાના ચરણે નમવા લાગ્યો તે સાંભળી કમળા માતા પણ હમેશાં પોતાના પુત્રને હર્ષ સહિત પોતાના હાથે તીલક કરતી હતી.

એવી રીતે સંપ્રતિ રાજાએ સવાલાખ જિનમંદીરો બંધાવ્યાં તથા નેવ્યાસી હજાર જીર્ણોદ્ધાર કરાવ્યા, સવાકરોડ જિનબિંબો ભરાવ્યા. વળી સાતસે દાનશાળાઓ કરાવી તથા અનાર્ય દેશોમાં જૈનધર્મના ફેલાવા માટે પ્રથમ સાધુ વેશધારી પુરૂષોને મોકલ્યા હતા તથા એવી રીતે ત્યાંના લોકને સાધુઓના વ્યવહારથી જાણીતા કરીને પાછળથી ત્યાં ઉત્તમ સાધુઓને પણ જૈનધર્મના ફેલાવા માટે મોકલ્યા હતા. એવી રીતે પુન્યનાં કાર્યો કરીને સંપ્રતિ રાજાએ પોતાનું ધન અને પોતાનો જન્મ સફળ કર્યો હતો. માટે જે માણસો જિનમંદીર, જિનપુજા, જિનમતનો ફેલાવો કરે છે તેને નર, દેવ અને મોક્ષનાં સુખો હાથેળીમાં આવી પડે છે, એ નિર્વિવાદ છે.

હવે પૌષધસાલા વા ઉપાશ્રય ધર્મશાલા છે તે એક પુન્યની દુકાન છે. કેમકે ત્યાં આવેલો ગ્રાહક વ્રતાદિરૂપ કરીઆણો ખરીદ કરે છે, તે કરીઆણો અનુક્રમે અનંત લાભ દેનારો થાય છે, ધર્મસ્થાનકમાં આવનાર અધમ પ્રાણીને પણ ધર્મ બુદ્ધિ થાય છે. ત્યાં બેસીને ધર્મ ધ્યાનાદિક શુભ ભાવના ભાવતો થકો, જગતના સર્વ જીવોનું કલ્યાણ થાઓ એમ હીત ચિંતવતો થકો મહા નિર્જરા કરે છે. જે કારણ માટે ઉપાશ્રયમાં દ્રવ્ય ખરચતો અર્થાત્ ધર્મસ્થાનક બંધાવનાર માણસ પણ પરંપર પુન્યબંધનો હેતુભૂત થાય છે.

संघ भक्ति.

पुत्र जन्म विवाहादि । मंगलानि गृहेगृहे ॥
परं भाग्यवतांपुंसां । श्री संघार्चादि मंगलं ॥ १ ॥

અર્થ—પુત્ર જન્મનાં તથા વિવાહાદિકનાં મંગલો તો ઘેર ઘેર હોય છે. પણ શ્રી સંઘની પૂજાદિકનું મંગલ તો ભાગ્યવાન પુરૂષોને ઘેર હોય છે. તે ચાર પ્રકારે થાય છે. ૧ વસ્ત્રથી, ૨ પાત્રથી, ૩ અલંકારથી, ૪ તાંબુલાદિકથી થાય છે, ગૃહાંગણે સ્વામી ભાઇ આવ્યા છતાં પણ તેના ઉપર જેને સ્નેહ થતો નથી તેના સમ્યકત્વમાં સંદેહ છે એમ જિનાગમ કહે છે. શ્રી તીર્થંકરદેવે પણ દેશના અવસરે **नमो तिथ्थस्स** ॥ અર્થાત્ તીર્થરૂપ સંઘને નમસ્કાર થાઓ. ઇહાં શિષ્ય—સંઘ કોને કહીએ.

ગુરૂ—**आणाजुत्तो संघो** એટલે જે જિનેશ્વરની આજ્ઞાપૂર્વક ચાલે તેને સંઘ કહીએ. ૧ સાધુ, ૨ સાધ્વિ, ૩ શ્રાવક, ૪ શ્રાવિકા, એવં ચતુર્વિધ સંઘ મધ્યેથી તીર્થંકર, ગણધર, પૂર્વધર, પ્રભાવક, ઇંદ્ર નરીંદ્રાદિ રત્નપુરૂષો ઉત્પન્ન થવાથી સંઘ છે તે રત્નની ખાણ છે. વળી એ સંઘથીજ જિનપ્રાસાદ; પ્રતિમા, તીર્થયાત્રા, પદ પ્રતિષ્ટા,

સ્વામીવાત્સલ્ય, દાનશાળાઓ, અમારિપડહ, વિગેરે માંગલીકનાં કાર્યો થાય છે. જે કારણ માટે સંઘ છે તે સર્વોત્કૃષ્ટ પદ ધર છે. હવે તે સંઘ ભક્તિ વિષે દ્રષ્ટાંત કહે છે.

એક દહાડો શ્રી હેમચંદ્રાચાર્ય સાકંભરી નગરીમાં પધાર્યા, ત્યાં એક ધનાસા નામે નિર્ધન શ્રાવક રહેતો હતો. તેણે પોતાને શીયાલામાં ઓઢવા માટે પોતાની સ્રીના હાથે સુતર કંતાવીને તેનો જાડો ચોફાલ બનાવ્યો હતો. અવસરે ભાવ આવવાથી તેણે તે ચોફાલ શ્રી હેમચંદ્રસૂરિજીને વોહરાવ્યો. પછે જ્યારે તે હેમચંદ્રાચાર્ય પાટણમાં પધાર્યા, ત્યારે કુમારપાલાદિક બોહોતેર રાજાઓ તથા કુબેરાદિક અઢાર હજાર શ્રાવકો પોતપોતાની રિદ્ધિ સહીત તેમની સામે આવ્યા. તે વખતે આચાર્યજીએ, પોતાના શરીરપર તેજ જાડો પાણકોરાનો મોફાળ ઓઢયો હતો. તે જોઇ કુમારપાલ રાજાએ તેમને કહ્યું કે હે ભગવન્ આપ મારા ગુરૂ થઇને આવાં નિર્માલ્ય વસ્રો પહેરો છો તેથી મને લજ્જા થાય છે, તે સાંભળી શ્રી હેમચંદ્રાચાર્યે તેમને કહ્યું કે હે રાજન્ તમો આ પૃથ્વીપર રાજ કરો છો અને તમારા આ વસ્રદાન દેનારા સાધર્મિ શ્રાવકો જ્યારે મહા મુસીબતે પોતાનું ગુજરાન ચલાવે છે તેથી તમોને શું લજ્જા થતી નથી. અમો નિસ્પૃહી મુનિઓ તો જો સામાન્ય વસ્રો પહેરીએ તોજ અમારી ગુરૂતા જળવાઈ રહે, એમ સર્વજ્ઞ પ્રભુએ કહ્યું છે.

તે સાંભળી કુમારપાલ રાજાએ અભિગ્રહ લીધો કે આજથી હવે મારે દર વરષે સ્વામીવાત્સલ્ય કરવું. અને નિરાધાર શ્રાવકને મારે દર વર્ષે હજાર સોનામહોરો આપવી. એવી રીતે દાન દેતાં થકાં તેને વર્ષની એક કરોડ સોના મહોરો થતી હતી, એમ ચૌદ વર્ષની ચૌદ કરોડ સોનામહોરો સાધર્મિ ભાઇઓને આપી. જેમ શ્રી ભરત ચક્રિએ જીવીત પર્યંત સાધર્મિ વાત્સલ્ય કર્યું હતું. વળી શ્રી સંપ્રતિ રાજાએ ત્રિખંડ ભરતક્ષેત્રમાં દરેક ગ્રામે સ્વામી-

વાત્સલ્ય કર્યું હતું. માટે સાધર્મિ ઉપર અત્યાદર સત્કાર સન્માન કરવો.

" વળી વિશેષ પ્રકારે કહે છે. "

ભક્તિપૂર્વક જે માણસ એક પુષ્પથી વીતરાગ પ્રભુની પૂજા કરે છે તે શ્રીકુમારપાલ રાજાની પેઠે ઉત્કૃષ્ટ રિદ્ધિ પામે છે.

શ્રીકુમારપાલ રાજાએ પૂર્વ ભવમાં પોતાની પાસે રહેલી પાંચ કોડીઓની કિંમતનાં ફક્ત અઢાર પુષ્પોથી વીતરાગ પ્રભુની પૂજા કરી હતી, તેના પુન્યથી તે મહારાજાધીરાજા થયા. બહોતેર રાણુઓ તેના ચરણોની સેવા કરવા લાગ્યા. અઢાર દેશોના તે રાજા થયા. ચૌદસો નવાં જિનમંદીરો તેણે બંધાવ્યાં, શાતે વ્યસનોનું જેણે નિવારણ કર્યું. બ્રહ્મચર્યવ્રત ધારણ કરીને તેણે અઢાર દેશોમાં અમારીપડહ વજડાવ્યો અર્થાત જીવદયા પળાવી. શ્રીહેમચંદ્રાચાર્યના ચરણોને આરાધવાવાળા થયા, આવી રીતે જિનભક્તિથી તેઓ એકાવતારી થયા છે. ઇત્યાદિ સર્વ વૃત્તાંત કુમારપાલ પ્રબંધથી જાણી લેવું.

૧ પ્રભાવના, ૨ જિનમંદીર, ૩ જિનબિંબ પ્રતિષ્ટા, ૪ તીર્થ યાત્રા, ૫ અમારીપડહ—એવં પાંચ મહાધર્મનાં કાર્યો છે.

વળી—૧ ગરીબ પ્રતે દયા, ૨ વૈરાગ, ૩ વિધિપૂર્વક જિનપૂજા, ૪ શુદ્ધ ન્યાયવૃત્તિ, એ પુન્યાનુબંધી પુન્ય છે.

શ્રી શાંતિનાથ પ્રભુ જ્યારે ગર્ભમાં હતા ત્યારે તેમની અચિરા માતાજીના સ્નાનોદકથી મરકીનો ઉપદ્રવ શાંત થયો, તો શ્રી તીર્થંકર પ્રભુની પૂજા વિષે શું કહેવું. હાલમાં પણ અષ્ટોત્તરી પૂજા શાંતિસ્નાત્રના પ્રભાવથી ભૂત પ્રેત પિશાચાદિકથી થતા ઉપદ્રવો શાંત થાય છે. ઇત્યાદિ પણ જિનપૂજા બહુધા પ્રકારે જાણવી.

શ્રી બપભટ્ટી સૂરિજી આકાશગામીની વિદ્યાના બળથી હમેશાં પંચતીર્થની યાત્રા કરતા હતા. શ્રીવિક્રમાદિત્ય રાજાએ સિ-

દ્રસેન દીવાકરે પ્રગટ કરેલી પાર્શ્વનાથની પ્રતિમા જોઇને અત્યંત ભાવપૂર્વક તેની પૂજા કરી હતી. વળી એક દહાડો તેજ રાજાએ નિચે પડેલા અક્ષતના કણુને હાથી ઉપરથી ઉતરીને પોતાના મસ્તકપર ચઢાવ્યો, તે જોઇ ધાન્યની અધિષ્ટાદેવીએ ખુશી થઇને તેને વરદાન માગવાનું કહ્યું. ત્યારે વિક્રમ રાજાએ કહ્યું કે મારા માળવદેશમાં કોઇ પણ દીવસે દુકાળ ન પડે તેવું વરદાન આપો. તે સાંભળી દેવીએ તેવું વરદાન આપ્યું, તેથી આજ દીન સુધી પણ માળવામાં દુકાળ પડતો નથી. વળી તેજ રાજાએ સુવર્ણ પુરૂષનાં સિદ્ધિથી છેક જીવીત પર્યંત સઘળી પૃથ્વીને કરજ રહીત કરી હતી. અને તેથી આજે પણ તેનો સંવત્સર ચાલે છે. ઇતિ.

"અથ કર્મ વિષે."

"પુદગલ બે પ્રકારે રહેછે, એક જીવની સાથે, બીજા છુટા રહેછે, જીવની ક્રિયાવડે જીવની સાથે જે સુક્ષ્મ પરમાણુ રૂપ પુદગલ રહેછે તે કર્મ કહેવાય છે. જીવ સ્વભાવે સ્ફટીક રત્ન જેવો નિર્મલ છે. પરંતુ કર્મના અતિ નિકટપણાને લીધે મેલો જણાય છે. જીવને કર્મ એ ઉપાધિ છે, જેથી કરીને જીવમાં રાગ દ્વેષરૂપ વિકાર ઉત્પન્ન થાય છે. તેથી નવા કર્મ બાંધતો જાય છે; માટે જીવ એજ કર્તા છે. યદ્યપિ જળનો સ્વભાવ શીતતા છે તથાપિ અગ્નિના દાહ સ્વભાવનો પાસ લાગતાં ઉનું પાણી શરીરને દઝાવે છે પરંતુ પાણીની શીતતા અગ્નિને ઠારે છે, તેમ જીવનો શુદ્ધ સ્વભાવ જ્ઞાનજ છે, પણ જડના સ્વભાવને લઇને પોતાની વિભાવીક અજ્ઞાનતાવાળો જણાય છે, તોપણ પોતે તો જડને પ્રકાશ આપી રહ્યો છે. સારા કામથી શુભ કર્મ બાંધે છે, જેથી સ્વર્ગાદિક સુખ ભોગવે છે. અને ભુંડાં કામ કરવા થકી અશુભ કર્મ બાંધે છે, જેથી નરકાદિ ગતીમા દુઃખ ભોગવે છે, માટે જીવ છે તેજ કર્ત્તા અને ભોક્તા છે. જીવ મનના પ્રણામથી કર્મ બાંધે છે,

એટલે શુભાશુભ ચિંતવે છે તે રીતે તેની સૂક્ષ્મ વર્ગણા (લેહે-રીઓ) ચાલી અમુક સારાં નરતા સૂક્ષ્મપરમાણુના દલ એકઠા થઈ કર્મનાં સુક્ષ્મ બીજ બંધાય છે.

આ સુક્ષ્મકર્મના બીજનું જીવ ઉપર જે કોષ કે કવલ વળે છે તે તેનું કાર્મણુ શરીર તથા તેજસ શરીર જાણવું. કાર્મણુ એટલે કર્મના બીજનું બનેલું, અને તેજસ એટલે તેજનું બનેલું એ બંને શરીરો જીવની સાથે રહીને તેને કર્માનુસારે ભવાંતરમાં ઘસડીને લેઈ જાય છે. જેમ વૃષભને નાથે પકડી ધણી પોતાના ઘેર લેઇ જાય છે. તેમ કર્મની વિચિત્ર ગતિ છે, તેથી ગતીની અનુપુર્વી તેને ખેંચીનેસ્વસ્થાને લેઇ જાય છે. ત્યાં કાર્મણુ શરીરથી જીવ બીજું સ્થુલ શરીર બાંધેછે. અને તૈજસ શરીરથી આહાર પાચન કરે છે. તેજસ તે અગ્નિ, અર્થાત્ વિજળી જેવી શક્તિવાળા ઉ-ષ્ણુતા રક્ષક તેજના પરમાણુ તેનું બનેલું કવર તે તેજસ શરીર, પૂર્વોક્ત જીવના પ્રદેશો ઉપર કાર્મણુ તેજસ શરીરના કવર વળે છે. એટલે જે કર્મો જોડાય છે તે એવા મળી જાય છે કે ક્ષીર નીર એટલે દૂધ ને પાણી એકઠા મળી રહે તેવાં થઇ રહેછે. એમ તમામ કર્મ જીવના સાથે ખીર નીરવત્ અનાદિ પ્રવાહથી જોડાએલાં છે.

શિષ્ય—કર્મ અને જીવ ઘણા કાળથી ક્ષીર નીરવત્ જોડા-એલો છે તે કાલાંતરે છુટો થઈ શકે કે કેમ?

ગુરૂ—જીવદ્રવ્ય જો બળવાન થાય તો સકલ કર્મ સ્વાધીન કરી હંસવત્ ખીર નીરને જુદા કરે, અથવા દૂધ પાણીને અગ્નિપર તપાવ્યાથી જેમ પાણી ઉડી જાય છે અને દુધનો ભાગ રહેછે, તેમ કર્મનાઃ પરમાણુઓ પણ જીવથી છુટા થઇ શકે છે. સોનાની ખા-ણુમાં સોનાની રજકણો અને માટી અનાદિકાલથી જોડાઇ રહેલ છે. પરંતુ અગ્નિ સંજોગે નિર્મલ થઇ છુટો થાય છે, તેમ કર્મરૂપી બીજ બળીને ભસ્મિભૂત થઈ ગયુ તે ફરીને જીવની સાથે સંબંધ ધરતો નથી, તેથી જીવકર્મ મુક્ત સિદ્ધ ભગવાન થાય છે. પછે

તે જીવ સંસારી થતો નથી. જીવ અને કર્મ એ બેના મેળાપથી ચાર ગતીરૂપ સંસારમાં જીવ પરિભ્રમણ કરેછે. તેથી આ સંસાર ચક્ર ચાલે છે, માટે તેને તોડવા સારૂ મહાત્મા પુરૂષોએ શુદ્ધાત્મ સ્વરૂપ સ્વાધીન થવું.

શિષ્યઃ—જીવ અરૂપી અને કર્મ રૂપી છતાં કેમ લાગે છે?

ગુરૂ—આત્મા અને કર્મનો અનાદિકાળથી ક્ષીર નીરની પેઠે લોલીભૂત સંબંધ છે. અનાદિકાળથી આત્મા કર્મથી સંબંધિત થએલો છે. તેથી કર્મના યોગે પ્રગટપણે રૂપી છે અને તેની સત્તાએ અરૂપી છે.

હવે તે કર્મના બંધહેતુ ઉદય ફલ ભવ્ય જીવોને જાણવા અરથે ટુંકામાં કહે છે.

૧ જ્ઞાની અને જ્ઞાન ઉપર દ્વેષ ધરવાથી, તેનો ઘાત કરવાથી, તેમનું માઠું ચિંતવતાં, આશાતના કરતા, ભણતાને અંતરાય કરતા, નિંધા કરતાં જીવ જ્ઞાનાવર્ણીય કર્મ બાંધે. તેના ઉદયથી જીવ મુર્ખ થાય છે, પછે તેના ક્ષયોપસમથી બુદ્ધિમાન થાય છે.

૨ ગુરૂ માહારાજની આંખ વીગેરે ઇંદ્રિયો ઉપર માઠુ ચિંતવ્યાથી જીવ દર્શનાવર્ણી કરમ બાંધે, પછે તેના ઉદયથી આંધળો, બહેરો, ઊંઘણસી થાય છે, અને તેના ક્ષયોપસમથી અખંડીત ઈંદ્રિયવાલો જાગૃત શીલ થાય છે.

૩ માતા, પિતા, ગુરૂ, ભક્તિ, શાંતિ, કરૂણા, વ્રત પાલન, ઇંદ્રિયનિગ્રહ, અભયદાન, કષાયજય, દાન, શીલ, તપ, ભાવના વિગેરેથી જીવ શાતાવેદની કર્મ બાંધે. અને તેથી વિપરીતપણે વર્ત્તતો જીવ અશાતાવેદનીય કર્મ બાંધે. પછે તે શુભ વેદનીના ઉદયથી જીવ નિરોગી થાય, અને અશુભ વેદનીના ઉદયથી જીવ રોગી માદો થાય છે.

૪ ઉન્માર્ગને પોષતો, સન્માર્ગનો નાશ કરવાથી દેવ દ્રવ્ય

હરણુ કરવાથી, બોધિ હણુતો, સંઘાદિકનો પ્રત્યનીક કષાયવંત જીવ મોહની કર્મ બાંધે. પછે તેના ઉદયથી જીવ કષાયવંત, બીકણુ, ઉદાસી નાસ્તિક થાય છે અને તેના ક્ષયોપસમથી, ક્ષમાવંત, વિનઇ, સરલ, ગંભીર, બાહાદુર, પ્રમાણીક, શ્રદ્ધાળુ થાય છે.

૫ માહારંભી માહા પરિગ્રહ રૂદ્રપ્રણામી, પંચેદ્રિનો વધ કરનાર, માંસભક્ષણી જીવ નરકનું આયુ બાંધે.

મનમાં કપટભાવ ધરવાથી જીવ તિર્યંચ આયુ બાંધે.

સ્વભાવે મંદ કષાયવંત, દાનરૂચિ, મધ્યમ ગુણયોગે જીવ મનુષ્યાયુ બાંધે. સમકિતી દેશવિરતી શાંત દાંત ગુણી સરાગ સંજમી જીવ દેવાયુ બંધ પાડે. બાલ તપ જે અજ્ઞાન કષ્ટ, અકામ નિર્જરા જે અજાણપણે આકરૂં કષ્ટ સહન ન કરતાં પણ દેવાયુ બાંધે છે. ઇહાં શુભાયુના ઉદયથી સુગતી પામે છે અને અશુભ કર્મના ઉદયથી જીવ કુગતી પામે છે.

૬ સરલ જે કપટ રહીત પાપ ભીરૂ (બીકણુ) પરોપકારી, ક્ષમાવંત જીવ શુભ નામ કર્મ બાંધે. અને કપટી, પરદ્રોહી પંચાશ્રવ, રક્ત હીનાચારી, વ્રત વિરાધક અશુભ નામકર્મ બાંધે. પછે તેના ઉદયથી એટલે શુભ નામ કર્મના ઉદયથી સુંદર મજબુત શરીર, સુયશ વિગેરે મલે છે, અને અશુભ નામના ઉદયથી નબળુ ખોટુ શરીર થાય છે.

૭ દેવગુરૂ ભક્ત મદ રહીત ગુણુ જોનાર પઠનપાઠન રૂચિવંત પરહીતકારી જીવ ઊંચગોત્ર બાંધે. અને એથી વિપરીત જે છીદ્ર જોનાર, મદ ધરનાર, દેવગુરૂનો દ્વેષી નિચગોત્ર કર્મ બાંધે. હવે તેના ઉદયથી એટલે શુભ ગોત્રના ઉદયથી જીવ ઊંચ ગોત્રમાં જાય છે, અશુભ ગોત્રથી નીચ ગોત્રમાં જન્મ થાય છે.

૮ જિનપૂજામાં વિગ્રહ પાડનાર, હિંસાદિકમાં તત્પર, અઢાર પાપસ્થાન સેવનાર, જિનમત વિપરીતાર્થ પરૂપતો જીવ અંત

રાયકર્મ બાંધે પછે તેના ઉદયથી કૃપણ–દરીદ્રી, નિર્બળ, આલસુ થાય છે. અને તેના ક્ષયોપસમથી એટલે કાંઇ અંશે ક્ષય અને કાંઇ અંસે ઊપશમ થવાથી ઉદાર, ધનવાન, ઉદ્યોગી, ભોગી, બલીષ્ટ થાય છે. વિશેષ વાખ્યા જોવી હોય તો કર્મ ગ્રંથાદિ શાસ્ત્રોનું એવલોકન કરવું. પૂર્વે કાર્મણ અને તેજસ શરીર કથન કર્યું–પ્રસંગે ઉદારીક સ્થુલ શરીર હાડ માંસ ચરમ લોહીવાળુ તિર્યંચ મનુષ્યને હોય, વાયુ વિના ચાર થાવર વિગલેંદ્રિને પણ હોય, એ ઉદારીક શરીરથી મનુષ્ય મોક્ષ સાધી શકે છે. હવે વૈક્રિય શરીર જેમાં વિક્રિય વિકાર ફેરફાર થયા કરે. અર્થાત્ નાનું મોટું રૂપ સુરૂપ કુરૂપ કરી શકે તેવી શક્તિવાળુ સુક્ષ્મ પુદ્‌ગલોનું બનેલું હાડ, ચામ, લોહી રહીત શરીર તે વૈક્રિય.

આહારક શરીર તે અતિ સુક્ષ્મ અને પવિત્ર પુદગલ પરમાણુઓને આકર્ષણ કરીને બનેલું તે ચૌદ પુર્વધારી લબ્ધી પ્રભાવે અતિ સુંદર મુડા હાથ પ્રમાણ રચી શકે. તીર્થંકરની રિદ્ધિ જોવા, પોતાનો સંશય ભાજવા સારૂ એ શરીર રચવામાં આવેછે. એ આહારક શરીર અનુતરવાસી દેવો કરતાં પણ ઘણું કાંતીવાળુ, છે અર્થાત્ વૈક્રીય શરીર દેવ નારકી વાયુકાયને હોય છે. મનુષ્ય તિર્યંચ, ચાર થાવર, વિગલેંદ્રિને ઉદારીક શરીર હોય છે. ચૌદ પૂર્વધારીને આહારિક શરીર હોય છે. સંસારી સર્વ જીવોને વિષે, તેજસ, અને કાર્મણ શરીર અવસ્ય હોય. ઈ.

પ્રતિક્રમણ વિષે.

"જેમ બે વખત ખાવું અવસ્ય કરતવ્ય છે, તેમ શ્રાવકને સામાયક પ્રતિક્રમણ અવસ્ય કરવાનું છે. પ્રતિક્રમણ હેતુમાં કહ્યું છે જે થએલા પાપનું નિવારણ પશ્ચાતાપ, આલોયણ તે પ્રતિક્રમણની ક્રિયા છે. તે શાંતપણે, સ્થિરતાએ, મુનિ સમીપે, સાધર્મિ વડીલોની સાથે યતના પૂર્વક કરવી, અને તેનો અર્થ હેતુ વિચારવો. કાલથી બે ઘડીમાં ઓછું થવું ન જોઇએ. સુન્ય ઉપયો-

ગથી નિષ્ફળ થાય છે. વિધિયુક્ત કરતાં વિષાપહાર મંત્ર ઓષધ વત્, મહીમાવંત, પાપનો નાશ કરનાર છે. ગણધરમુખ શબ્દોચ્ચાર અક્ષર શ્રવણ માત્રથી પણ ઘણો લાભ છે.

ચારિત્રાચારની વિશેષતા દર્શાવાનું કારણ પણ એજ છે. મોક્ષનું પરંપર કારણ જ્ઞાન છે તે તેરમા ગુણઠાણા સુધી છે, અને અનંતર કારણ ચારિત્ર છે તે શૈલેસીકરણ ચૌદમા સુધી યથાખ્યાત છે. જે કારણ માટે તેના પેટાનું આવસ્યક છે માટે શ્રેષ્ટછે."

(હુવે પાપ કર્મના મૂળ ચાર ભેદ છે.) **१ स्पृष्ट. २ बध्ध. ३ निघत ४ निकाचित.** સોચોના દ્રષ્ટાંતે જાણવો. (જૈન તત્વસંગ્રહે) તેનો ભાવાર્થ કહે છે.

ઇહાં ૧ **स्पृष्ट**–ઉપયોગ છતાં પણ અકસ્માત્ કર્મ બંધાય છે. તે નિંદા ગ્રરહા કરવાથી છુટે. પ્રશ્નચંદરાજર્ષિવત્ (તેને કલ્પ કહે છે.)

૨ **बद्ध पापकर्म**—વિકથા પ્રમાદથી થાય છે, તે આલોચના પ્રતિક્રમણે કરી ક્ષય થાય છે. મૃગાવતી. અયમુત્તા કુમારવત્ (તેને પ્રમાદ કહે છે.)

૩ **निघत**—દોડવા કુદવા વલગવારૂપ દર્પથી સમગ્ર ઇંદ્રિયોની ઐકયતાથી જાણી જોઇને ઉપાર્જન કર્યું હોય, ઘણો કાલ નહીં આલોચાથી જીવ પ્રદેશ સાથે ગાઢપણે બંધાઇ ગયું હોય તે કર્મ તીવ્ર ગર્હા ઘોર તપથી ક્ષય થાય. સિદ્ધસેન સૂરિવત્ (તેને દર્પ કહે છે.)

૪ **निकाचित**–જાણીને ત્રિકયોગે પાપ કર્યું હોય તે જીવ પ્રદેશ સાથે ગાઢ એકત્વપણાને પામ્યું હોય તેતો જેવું કર્યું હોય તેવું ભોગવવું પડેજ. અત્યંત ઘોર તપવડે પણ ક્ષય ન થાય, શ્રેણિકવત્ (તેને આકુટિટ કહેછે.) પૂર્વોક્ત ચાર પ્રકારના પાપકર્મમાંથી ઇહાં પ્રતિક્રમણ વડે કરીને પ્રથમના બે પ્રકારના પાપ-

કર્મનો અપગમ એટલે ક્ષય છે. અને પાછલના બે પ્રકારનું પાપ તે આલોયણ પ્રતિક્રમણથી પણ ક્ષય થતું નથી.

ઘરમાંથી જેમ બે વખત કાજો લેવાથી ઘર શુદ્ધ થાય છે, તેમ બે વખત પ્રતિક્રમણ કરવાથી આત્મા કર્મરજથી શુદ્ધ થાયછે.

તે પ્રતિક્રમણની ક્રિયા બેઠાં બેઠાં કરવાથી આંબિલનું પ્રાયશ્ચિત અને કાલાતીક્રમથી પુરિમઢનું પ્રાયશ્ચિત કહ્યું છે. વળી એકલા બેસીને નિંદ્રા પ્રમાદાદિકે પ્રતિક્રમણ કરે, તથા ગુરૂ માહારાજના પહેલો કાઉસગ્ગ પાળે તોપણ પ્રાયશ્ચિત આવે એમ કહ્યુ છે" ઇહાં કર્તા, ક્રિયા, કર્મ, તે કોણ ?

જવાબ.

૧ પ્રતિક્રમણ તે ક્રિયા, ૨ પ્રતિક્રમણ કરનાર તે કર્તા, ૩ મિથ્યાત્વાદિ પ્રતિક્રમણ કરવા યોગ્ય તે કર્મ જાણવું. એટલે ક્રિયા કર્તા કર્મ, ત્રણ લભ્ય છે. ઈહિં પ્રતિક્રમણના આઠ પર્યાય નામ કહે છે.

૧ પ્રતિક્રમણા, ૨ પ્રતિચરણા, ૩ પ્રતિહરણા, ૪ વારણા, ૫ નિવૃત્તિ, ૬ નિંદા, ૭ ગરહા, ૮ શુદ્ધિ, એવં—આઠ.

હવે તે પ્રતિક્રમણા કરનાર પુરૂષ કેવા હોય તે કહે છે.

તદ્રુપ ચિત્તવાળો, તન્મય, તત્‌લેસ્યાવાન્ થઇને, તદર્થ ઉપયુક્ત થઇને, તેનેજ પ્રિય માનીને, તદ્‌ભાવના ભાવિત થઇને, અન્યત્રસ્થાનકે મન ન ફેરવતાં સતા એકમના થઇને જિન વચનમાં રકત થકા ઉભય (બે) કાલ આવસ્યક કરે તે ભવ્ય પ્રાણી અવસ્ય ભવસમુદ્રના પાર પ્રતે પામે—આ પ્રવર્તિ મને બહુ પ્યારી લાગે છે, કેમકે હજારો લાખો રૂપૈયા ખરચવાથી જે પાપ ન છુટીએ, તે કર્મ થોડા પ્રયાસે નિંદા ગરહાથી છુટીએ. વાહ ! પ્રતિક્રમણ વિશે વિશેષ વાખ્યા જાણવાની જરૂર હોય તો અમારૂં રચેલું (જૈનતત્વ સંગ્રહ) નામના પુસ્તકનો પ્રશ્ન. ૯૯ પૃષ્ટ ૬૪ જોવું.

શિષ્ય—મનોયોગ ચપળ છતાં ક્રિયા શા કામની, માટે મન કેમ સધાય ?

ગુરૂ—એક રાજાએ ચોરનો વધ કરવા હુકમ કર્યો, છતાં યક્ષની મીત્રાઇથી વિનંતી સ્વીકારી કોપથી બોલ્યો જે વાસણમાં તેલ ભરી આખા નગરમાં નાટક ખેલ તમાસા વેસ્યાવિલાસ જોતો થકો એક બિંદુ પડયા વિના ફેરવી મારી સન્મુખ ધરે તો છોડું. હવે તે ચોર જીવવાની આશાએ પદ્મશેખર રાજાની વાત કબુલ કરીને તેલ ભરેલા ભાજનમાં મન રાખી આખા નગરમાં ભમી યત્નપૂર્વક તે પાત્ર રાજા આગળ મુકી પગે લાગ્યો. રાજા હસીને બોલ્યો કે હે વિજય તેં આ અતી વલ્લભ નાચ તમાસામાં પણ અતી ચંચલ મન અને ઇંદ્રિયો સખતપણે શી રીતે રૂંધી રાખી. તે બોલ્યો હે સ્વામી મરણની બીકે. ત્યારે રાજા બોલ્યો જો તું એક ભવના મરણની બીકે અપ્રમાદ સેવી શકયો તો અનંત ભવના મરણથી બીહતા મુનિયો તેને કેમ નહી સેવી શકે, એ સાંભળી વિજય પ્રતિબોધ પામ્યો. પરમ શ્રદ્ધાવંત થયો. (ઇતિ શ્રી દેવેંદ્ર સૂરિવિરચિત ધર્મરત્ન પ્રકરણે.)

॥ पांच प्रकारना ज्ञान विषे. ॥

(૧) પાંચ ઇંદ્રિયો અને છઠા મનથી જે મનન થાય (તે મતિજ્ઞાન.)

(૨) શબ્દ સાંભળવાથી, વાંચવાથી થાય તે (શ્રુતજ્ઞાન વા શાસ્ત્રજ્ઞાન.)

(૩) ઇંદ્રિયો અને મન બંધ પડી સમાધિમાં જે રૂપી પદાર્થોને જાણવાની દિવ્યદ્રષ્ટિ પ્રગટે છે તે (અવધિજ્ઞાન) દેશ પ્રત્યક્ષ જાણવું.

(૪) જે જ્ઞાન દ્રવ્યમનને સર્વ પ્રકારે જાણી શકે તે (મનપર્યવ જ્ઞાન) દેશ પ્રત્યક્ષ છે.

(૫) જેનાથી લોકાલોક સર્વ રૂપી અને અરૂપી પદાર્થ જણાય તે. (કેવલજ્ઞાન) સર્વ પ્રત્યક્ષ લોકાલોક ભાસ્કર છે.

આત્માના અનંત ગુણો મધ્યેના જ્ઞાન અને દર્શન એ બે મુખ્ય ગુણો પ્રધાન છે.

વિશેષ અવબોધ તે જ્ઞાન છે, સામાન્ય અવબોધ તે દર્શન છે. જ્ઞાન તે વ્યક્ત બોધ છે, દર્શન તે અવ્યક્ત બોધ છે, જ્ઞાન તે સાકાર ઉપયોગ છે, દર્શન તે નિરાકાર ઉપયોગ છે. જ્ઞાન તે સવિકલ્પ છે, દર્શન તે નિર્વિકલ્પ છે. (દ્રષ્ટાંત) એક સ્થંભ છે, તેને પ્રથમ સામાન્ય પ્રકારે માત્ર દીઠો તે (દર્શન) પછે તે સ્થંભ શી વસ્તુનો બન્યો છે, કોંણે કર્યો છે, કેવા ગુણવાળો છે, કેવો રંગ આકાર છે. ઇત્યાદિ વિચાર તે વિશેષ ઉપયોગ રૂપ તે (જ્ઞાન છે) ઇતિ.

॥ स्थापनाचार्यना पडिलेहणना १३ बोल विषे ॥

૧ ગુરૂ શુદ્ધ સ્વરૂપક ધારક. ૨ શુદ્ધ જ્ઞાન સહીત. ૩ શુદ્ધ દર્શન સહિત. ૪ શુદ્ધ ચારિત્ર સહીત. ૫ શુદ્ધ શ્રદ્ધા સહીત. ૬ શુદ્ધ પરૂપણા સહીત. ૭ શુદ્ધ સ્પર્ષણા સહીત. ૮ પંચાચાર પાળે. ૯ પંચાચાર પળાવે. ૧૦ પંચાચાર અનુમોદે. ૧૧ મન ગુપ્તી ધરે. ૧૨ વચન ગુપ્તી ધરે. ૧૩ કાય ગુપ્તી ધરે. ઈ. પાંચ મહોપતી મધેથી એક મહોપતીની પચીસ બોલથી પડી લેહેણુ કરી ઉપરના ૧૩ બોલથી પાંચે આચાર્યનું પડીલેહેણ કરી, પછેથી ચારે મહોપતીનું પ્રતિલેખન કરવું. કેટલાક ઠેકાણે પોસહવાળા શ્રાવકોને ગુંચવણ પડે છે. તેની સગવડના માટે આ બોલ ઉતાર્યા છે પણ તે પોતાના મુહપતી, ચરવલો, કટાસણ, કંદોરો, ધોતીયુ એવં પાંચ વાનાં તેના બોલ સાથે પડીલેહી કરવું.

॥ अथ चोरासी लाख जीवायोनि विषे ॥

(છપયછંદ.)

લાખ ચોરાસી યોનિમાં, મુંગા બાવન લાખ;
બત્રીસ કહીએ બોલતા, ચોપનને નહી નાક.
ચોપનને નહી નાક, ત્રીસ લાખ નાક વખાણું;
છપન ચક્ષુ હીણુ, અઠાવીસ દેખત જાણું.
છવીસ કાંને સાંભળે, અઠાવન બહેરા કહ્યા;
કવિ સુરશશી ઇમ વિનવે, લખચોરાસી એ થયા. ૧

ભાવાર્થઃ—૭ લાખ પૃથ્વીકાય. ૭ લાખ અપકાય. ૭ લાખ તેઉકાય. ૭ લાખ વાયુકાય. ૧૦ લાખ પ્રત્યેક વનસ્પતિકાય. ૧૪ લાખ સાધારણ વનસ્પતિકાય મળી ૫૨ લાખ એકેંદ્રિ જીવ મુખ નહી હોવાથી મુંગા છે.

૨ લાખ બેરેંદ્રિ. ૨ લાખ તેરેંદ્રિ. ૨ લાખ ચોરેંદ્રિ. ૪ લાખ દેવતા. ૪ લાખ નારકી, ૪ લાખ તીર્યંચ પંચેંદ્રિ. ૧૪ લાખ મનુષ્ય મળી ૩૨ લાખ મુખવાળા હોવાથી બોલતા છે.

પૂર્વે પૃથ્વી કાયાદિ. ૫૨ લાખ એકેંદ્રિ, તથા ૨ લાખ બેરેંદ્રિ મલી ૫૪ લાખને નાક નહી માટે, તે ઉપરના બે લાખ તેરેંદ્રિ, બે લાખ ચૌરેંદ્રિ ચાર લાખ દેવતા, ચાર લાખ નારકી, ચાર લાખ તિર્યંચ પંચેદ્રિ, ચૌદ લાખ મનુષ્ય મળી ત્રીસ લાખ નાકવાળા જાણુવા.

સાત લાખ પૃથ્વીકાયાદિ, બાવન લાખ એકેંદ્રિ, અને બે લાખ બેરેંદ્રિ, બે લાખ તેરેંદ્રિ, મલી છપન લાખ ચક્ષુ રહીત છે, ઉપરના બે લાખ ચૌરેંદ્રિથી યાવત્ ચૌદ લાખ મનુષ્ય લગે અઠાવીસ લાખને ચક્ષુ હોવાથી દેખતા છે.

સાત લાખ પૃથ્વીકાયાદિ બાવન લાખ એકેંદ્રિ તથા બે લાખ બેરેંદ્રિ, બે લાખ તેરેંદ્રિ, બે લાખ ચૌરેંદ્રિ મલી કુલ અઠાવન લાખ કાંન નહી હોવાથી બેહેરા જાણુવા.

ચાર લાખ દેવતા, ચાર લાખ નારકી, ચાર લાખ તિર્યંચ પંચેંદ્રિ, ચૌદ લાખ મનુષ્ય મલી છવીસ લાખ યોનિવાળા જીવોને કાન હોવાથી સાંભળતા કહ્યા છે. ઇતિ.

गुरुनी सेवा भक्ति करतां तथा गुरु कुलवासमां रहेतां शुं फल थाय ते कहे छे.

ગુરૂકુલવાસથી શ્રદ્ધા નિર્મલ થાય, વિનય વધે. વિનય જિનશાસનનું મૂલ છે.

विनय फलं शुश्रुषा । गुरु शुश्रुषा फलं श्रुतज्ञानं ॥
ज्ञानस्य फलं विरति । विरति फलंचाश्रव निरोध ॥१॥
आश्रव निरोधाद् भवसंतति क्षयाय:। संतति क्षयान्मोक्ष:॥
तस्मात् कल्याणानां । सर्वेषा भाजनं विनय ॥ २ ॥
इति प्रशमरतौ ॥

વલી श्री धर्मरत्न प्रकरणे પણ ગુરૂકુલવાસમાંજ મુનિને વસવું યોગ્ય છે. ગુરૂનો વૈયાવચ્ચ કરતાં થકાં પાપ કર્મ ત્રુટે છે. શ્રી ઉતરાધ્યાયન ઓગણત્રીસમા અધ્યયને કહ્યું છે કે:—

वेयावच्चेणं भंतेजीवेकिं जणइ।
वेयावच्चेणं तिथ्थयर नामगोयंकम्मं निबंधइ ॥
इति ॥

ગુરૂ આદિક પાસે રેહતાં હીતોપદેશ, ક્ષમા, બ્રહ્મચર્ય, જ્ઞાન વૃદ્ધિ ધ્યાન શુદ્ધિ ધર્મભેદ શંસય છેદ સારણા વારણાદિક ઘણા ગુણ થાય છે. અને એકલ વિહારીને સ્વછંદે ચાલતાં ઘણા દોષો ઉદ્ભવ થાય છે.

શ્રી વીર વિજયજી કૃત ચોસઠ પ્રકારી પૂજામાં.

बोध गुरूने बाणे हणता । पगस्प्रण फरसीराय ॥

તેની કથા કહે છે, કોઈ એક સબર નામે રાજા તે બોધનો ભક્તિવંત હતો, તેના ઘેર બોધનો ગુરૂ આવ્યો, તેના મસ્તકે અદ્ભૂત મોરપીછનું છત્ર હતું. રાજાએ આદર સહીત આસને બેસાર્યા, પછે તે રાજાની રાણીએ દીઠું. આશ્ચર્યકારી મોરપીછનું છત્ર દેખી માગ્યું, કેમકે તે દેશમાં મોર નહી હોવાથી નવાઇ જેવું હતું, માટે તે બોધના ગુરૂએ આપ્યું નહીં, ઉઠીને પોતાને મુકામે ગયો, બાદ રાણીએ ભોજન કર્યું નહી, રાજાએ પુછયું કેમ ભોજન કરતી નથી. રાણીએ કહ્યું એ છત્ર આવે તો ભોજન કરૂં. ત્યારે રાજાએ તે છત્ર ગુરૂ પાસે માગ્યું પણ ગુરૂએ આપ્યું નહી. પછે રાણીના સ્નેહે રાજાએ પોતાના સુભટોને હુકમ કર્યો કે બલાત્કારે પણ એ પીછનું છત્ર લેઈ આવો. ત્યારે સુભટો બોલ્યા કે એ પોતે જીવતાં છત્ર આપશે નહી, માટે તમારો હુકમ હોય તો તેને પ્રહાર કરી લાવીએ. ત્યારે રાજા બોલ્યો કે ગુરૂની આશાતના ન થાય માટે ગુરૂના પાદસ્પર્શ કરશો નહી પરંતુ દુર ઉભા રહી બાણ નાંખીને ચેષ્ટા રહીત કરી છત્ર લેઇ આવો, જો પાદસ્પર્શ કરશો તો ગુરૂની અવજ્ઞા થશે, તેનું મોટું પાપ લાગશે. તે દ્રષ્ટાંતે જે ગુરૂકુલવાસ છાંડી અવિવેકપણે વર્તે છે સબર રાજાની પેરે વિશેષ પાપ બાંધે છે. સારાંશ એ છે જે ગુરૂગીતાર્થને માર્ગ પુછી ઉન્માદ જે સ્વેચ્છાચારીનું મદોન્મતપણું છોડવું. ઇતિ ભાવ.

ઇહાં વળી સિદ્ધસેન દીવાકરનું દ્રષ્ટાંત ભાવવું. તેની કથા કહે છે. ઉજ્જયિની નગરીને વિષે શ્રી વિક્રમાદિત્ય નામે રાજા રાજ

કરે છે, ત્યાં મુકુંદ નામે પુરોહિત પુત્ર વસે છે, તે એક વખતે વાદવિવાદ કરવા ભરૂચ તરફ ચાલ્યો, ત્યાં રસ્તામાં ચાલતાં જૈનાચાર્ય વૃદ્ધવાદી મલ્યા, તેમની સાથે એ મુકુંદ વાદ કરવા તૈયાર થયો, તેમાં એવી પ્રતિજ્ઞા કરવામાં આવી કે જે કોઇ જેનાથી હારે તે તેનો શિષ્ય થાય, તેને માટે ગોપાલીકોને શાક્ષીભૂત રાખ્યા. તે અવસરે મુકુંદે આચાર્ય સાથે વાદ કરવા આરંભ કર્યો અને સંસ્કૃત ભાષામાં ભાષણ કર્યું, પરંતુ ગોપાલ લોકો કાંઇ સમજી શક્યા નહી તેથી તેનો અનાદર કર્યો, પછીથી ગુરૂ મહારાજ અવસર જાણી રજોહરણને કટી સાથે બાંધી ચપટી વગાડતા નૃત્ય કરતાં બોલ્યા.

नवि चोरीए नवि मारीए । परदारा गमण निवारीए ॥
थोवाथोवंदाइए । सग्ग मटामट जाइए ॥ १ ॥
कालो कंबल अरुणछीट्ट । छाछे भरिओ दीवरू पट्ट ॥
एवरू पमीओ नीलेफाम। अवर कीशुं छे सग्गनिलाम ।२।

અર્થ—ચોરી કરવી નહીં, કોઇ જીવને મારવો નહીં, પરસ્ત્રી ગમન કરવું નહીં, વધારે શક્તિ હોય તો વિશેષ દાન આપવું અને અલ્પ શક્તિ હોય તો થોડું દાન આપવું. એમ કરવાથી સુખે દેવલોકમાં જવાય છે. (૧)

જેમની પાસે કાલો કાબળો હોય છે, જેઓ વૃક્ષની છાલના વસ્ત્રો પેહેરેછે, જેઓ છાસથી ભરેલી દોણી ઉપર રોટલા રાખી લીલા સુગંધી આંબાના વૃક્ષ નીચે રહેલા છે. એવા ગોવાળીયાઓને ગુરૂ મહારાજ કહે છે કે તમારે આવી સામગ્રી છે, તે છતાં તમારા ભાગ્યમાં બીજુ શું સ્વર્ગ છે તમારે તો અહીજ સ્વર્ગ છે. (૨)

આવી આચાર્યની વાણી સાંભળી ગોવાળો ખુશી થયા, અને સર્વે એકી સાથે કહેવા લાગ્યા કે આ મહારાજે આ મુકુંદને

જીતી લીધો છે. ત્યાર પછી તે વૃદ્ધવાદી આચાર્ય રાજ સભામાં ગયા, અને ત્યાં મુકુંદની સાથે ચરચા કરી પરાભૂત કીધો, પછી તેને પોતાનો શિષ્ય કર્યો. અને કુમુદચંદ્ર એવું નામ રાખ્યું. પછી તેઓ આચાર્ય પાસે અભ્યાસ કરી આગળ વધ્યા, બાદ ગુરૂએ તેનું સિદ્ધસેન દિવાકર એવું નામ આપ્યું. ત્યારથી તેઓ એજ નામથી વિખ્યાત થયા હતા.

એક વખતે સિદ્ધસેન દિવાકરની પાસે કોઇ ભટ્ટ વાદ કરવાને આવ્યો હતો. તેને સંભળાવવા માટે ચતુર વિદ્વાને **नमोअरिहंताणं** ઇત્યાદિ પ્રાકૃત પાઠને બદલે **नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः** એવું સંસ્કૃત બોલ્યા—તે સંસ્કૃત વાકય ચૌદ પૂર્વની આદિમાં રહેલું હતું. એક દીવસે દીવાકરે પોતાના ગુરૂને પૂછયું કે, આપણાં સર્વ જૈનાગમો પ્રાકૃત ભાષામાં છે તે સંસ્કૃતમાં હોય તો કેવા બને. માટે જો આપની આજ્ઞા હોય તો હું તે સર્વને સંસ્કૃતમાં ગોઠવી દઊં, ત્યારે ગુરૂએ કહ્યુ કે;

बालस्त्रीमंदमूर्खाणां नृणांचारित्रकांक्षिणां
अनुग्रहायतत्वज्ञैः सिद्धांतः प्राकृतः कृतः ॥ १ ॥

અર્થ—બાલ. સ્ત્રી, મંદબુદ્ધિ, અને મૂર્ખ, ચારિત્રાભિલાષી પુરૂષોની પર અનુગ્રહ કરવા માટે તત્વજ્ઞ પુરૂષોએ જૈન સિદ્ધાંતને પ્રાકૃત કરેલાં છે. ૧

તેથી હે શિષ્ય તારા હૃદયમાં પ્રાકૃત આગમને સંસ્કૃત કરવાની જે સ્ફુરણા થઇ માટે તને પ્રાયશ્ચિત લાગ્યું છે. તે બદલ ગચ્છ બાહેર મુકવાની શિક્ષા કરવામાં આવે છે. પછી સમસ્ત સંઘે આવી સૂરિસ્વરને વિનંતી કરી કે સ્વામી સિદ્ધસેન દીવાકર કવિત કલાદિ ગુણે શાસન પ્રભાવક છે. માટે તેઓને ગચ્છ બાહેર મુકવા યુક્ત નહીં, આ પ્રમાણે સંઘના અતિ આગ્રહથી ગુરૂએ કહ્યું કે તે સિદ્ધસેન દિવાકર, દ્રવ્યથી મુનિવેશનો ત્યાગ કરે, ભાવથી મુનિવેશ ધારણ કરી અનેક પ્રકારના તપ કરતા છેવટે અ-

ઢાર રાજાઓને પ્રતિબોધ પમાડી જૈની કરશે, અને એક નવું તીર્થ પ્રકટ કરશે, ત્યારે હું ગચ્છમાં લઇશ. આવાં ગુરૂનાં વચન સાંભળી સિદ્ધસેન દિવાકરે વિચાર પૂર્વક વચન અંગીકાર કર્યું. ત્યાંથી વિહાર કરી ઉજ્જયની નગરીમાં આવ્યા.

ત્યાં રસ્તામા ચાલતાં વિક્રમ રાજાએ તેમને દીઠા. પછી રાજાએ દિવાકરને પૂછયું કે તમો કોણ છો, દિવાકરે, કહ્યું કે અમે સર્વજ્ઞ પુત્ર છીએ, ત્યારે રાજાએ તેમને માનસીક નમસ્કાર કર્યો દિવાકરે તેમને ઉંચસ્વરે ધર્મ લાભ દીધો, રાજાએ આશ્ચર્ય જાણી કહ્યું જે તમે કોને ધર્મલાભ આપ્યો. દિવાકરે કહ્યું, જેણે અમને નમસ્કાર કર્યો તેને અમોએ ધર્મલાભ આપ્યો છે. રાજાએ આનંદ પામી વિનંતી કરી કે સ્વામી તમારા ચરણ કમલથી મારા સભામંડપને પવિત્ર કરો, એમ કહી વિક્રમ રાજા સ્વસ્થાને ગયો.

એક વખતે સિદ્ધસેન દીવાકરે વિક્રમ રાજાને નવીન શ્લોકની રચના કરી આશ્ચર્ય પમાડી સંતુષ્ટ કર્યો. જેથી તેણે સૂરિને રાજ આપવા માંડ્યું, પરંતુ તે આચાર્યજીએ લીધું નહીં. ત્યારે રાજાએ કહ્યું કે તમારે શું જોઇએ. આચાર્યજી કહેકે હું એટલું માગુછું કે જયારે હું તમારી પાસે આવું ત્યારે તમારે મારા મુખથી ધર્મ સાંભળવો. રાજાએ તે વાત અંગીકાર કરી પછી સૂરિશ્વરજી પોતાને સ્થાનકે ચાલ્યા ગયા.

એક વખતે આચાર્યે ઉજ્યની નગરીમાં મહાકાલ (શંકર) ના પ્રાસાદમાં જઇ તે શંકરના લિંગ ઉપર પગ કરી સુઇ ગયા હતા. પ્રાતઃકાલે તે શંકરના પૂજારીઓએ આવી તેમને પોકાર કરી ઉઠાડવા લાગ્યા પણ તે ઉઠયા નહીં. તે વારે તે લોકોએ રાજાને ફરીઆદ કરી કે હે રાજેંદ્ર, કોઇ એક ભિક્ષુક મહાકાળ શિવના લિંગ ઉપર પગ કરી સુતો છે. અમોએ તેને ઘણું કહ્યું તથાપિ તે ઉઠતો નથી.

આ પ્રકારે લોકોના વચનો સાભળી રાજાએ હુકમ કર્યો કે તેને મારીને કાઢો. તત્કાલ રાજાની આજ્ઞા મેળવી તે લોકો ત્યાં આવ્યા. પછી ચાબુક તથા લાકડીઓના પ્રહારથી સિદ્ધસેનને મારવા માંડયો, જેમ જેમ તે આચાર્યના શરીર ઉપર ઘા પડવા લાગ્યા, તેવી રીતે રાજાના અતઃપુરમાં રાજાની રાણીઓના શરીર ઉપર ઘા પડવા માંડ્યા આથી જનાનામાં મોટો કોલાહલ ઉઠયો. તે સાંભળી રાજા ત્યાં દોડી આવ્યો. અને આશ્ચર્યથી પૂછવા લાગ્યો કે આ શું થયું? તેવામાં કોઇએ આવી રાજાને જણાવ્યું કે મહારાજે કોઇ મહાકાલ પ્રાસાદની અંદર ભિક્ષુકને તાડના કરે છે, તે તાડનાના પ્રહારો અંતઃપુરમાં રાણી સાહેબને વાગે છે. રાજા તત્કાલ મહાકાળના પ્રાસાદમાં ગયો, ત્યાં તેમણે સિદ્ધસેન આચાર્યને દીઠા, તાડના કરતાં અટકાવ્યા; બાદ આચાર્યને પુછયું કે, સાહેબ તમે મહાદેવના લિંગ ઉપર ચરણ શા માટે મુકયા? એ મ્હોટો દેવ છે, સ્તુતિ કરવા યોગ્ય છે, આચાર્યે કહ્યું રાજન્ મહાદેવ તો અનન્ય દેવ છે, જે મહાદેવ છે તેની તો હું સ્તુત કરૂંછું, તે તમે સાવધાન થઇ સાંભળો. ત્યાં કલ્યાણ મંદિરસ્તોત્ર રચવાનો આરંભ કર્યો, જ્યારે તેમણે અગીયારમા શ્લોકનું આદિપદ **यस्मिन् हतप्रभृतयोऽविहतप्रभावाः**

આ પ્રમાણે કહ્યું તે વારે તત્કાલ પૃથ્વી કંપાયમાન થવા લાગી, અને અગ્નિનો ધુમાડો નીકળવા લાગ્યો, ક્ષણવારમાં તે શિવલિંગના બે કડકા થયા. અને તેમાંથી તેજનો સમૂહ ચારે તરફ પ્રસરી ગયો. અને તેમાંથી ધરણેંદ્રસહિત શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમા પ્રકટ થઇ. પછી આચાર્યે તે સ્તોત્રને પૂર્ણ કરી આ પ્રમાણે કહ્યું–રાજન્ ઇહાં અવંતિ સુકુમાલ કાયોત્સર્ગ કરી નલિની ગુલ્મ વિમાનમાં ગયા હતા ત્યાં તેમના પુત્રે મહાકાલ નામે નવો પાસાદ કરાવી આ પ્રતિમાની પ્રતિષ્ટા કરી હતી. પછી કાલાંતરે મિથ્યા દ્રષ્ટિઓએ તે પાર્શ્વનાથની પ્રતિબિંબને આચ્છાદિત કરી તે ઠેકાણે આ સિવલિંગની સ્થાપના કરી દીધી હતી, અત્યારે

મારી આ સ્તુતિના પ્રભાવથી તે લિંગ ફાટી તેમાંથી તે પ્રતિમા પ્રગટ થઇ છે.

આચાર્યના આ વચન સાંભળી વિક્રમ રાજાના હૃદયમાં ચમત્કાર સાથે હર્ષ ઉત્પન થયો. અને તેજ વખતે રાજા વિક્રમને જિનોક્તતત્ત્વના સ્વરૂપ ઉપર પૂર્ણ શ્રદ્ધા થઈ અર્થાત્ સમ્યકત્વ-રત્નની પ્રાપ્તિ થઇ. તેજ વેળાએ પાર્શ્વપ્રભુની નિત્ય પૂજાના નિર્વાહના માટે એકસો ગામ અર્પણ કર્યાં. અને પોતે શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. આચાર્ય સિદ્ધસેન દિવાકરે વિક્રમની આજ્ઞામાં વર્તનારા બીજા અઢાર રાજાઓને પ્રતિબોધિત ક્યાઁ-

પછી રાજાએ આપેલી પાલખીમાં બેસીને આચાર્ય નિરંતર રાજદ્વારમાં જતા હતા. ત્યારે વૃદ્ધવાદી આચાર્યના સાંભળવામાં આવ્યું કે જે કાર્ય માટે દિવાકર ગયા હતા તે કાર્ય સિદ્ધ કર્યું. પરંતુ તેઓ પ્રમાદરૂપી કાદવમાં મગ્ન થઇ ગયા છે. રાજમાનના પાશુમાં સપડાઇ ગયા છે, માટે મારે ત્યાં જઈ તેમને પ્રતિબોધ કરવો. એમ વિચારી હીતકારી વૃદ્ધવાદી ગુરૂ વિહાર કરી ઉજ્જયની નગરીમાં આવ્યા. સિદ્ધસેન રાજાના બહુ માનથી ગુરૂ પાસે જઈ શકયા નહીં, તેથી વૃદ્ધવાદી આચાર્ય પાલખી ઉપાડનાર ભોઈનું રૂપ ધારણ કરી તેને દ્વારે ઉભા રહ્યા. જ્યારે સિદ્ધસેનસૂરિ પાલખીમાં બેસી રાજ ભુવન તરફ જતા હતા તેટલામાં તે વૃદ્ધવાદી સૂરિજીએ એક ભોઇને બદલે પોતે પાલખી ઉપાડી, અને વૃદ્ધપણુને લીધે તેઓ મંદમંદ ગતીથી ચાલવા લાગ્યા. તેમને ધીમે ધીમે ચાલતા જોઇ સિદ્ધસેન દિવાકર નિચે પ્રમાણે બોલ્યાઃ—

॥ भूरिभारभराक्रांतः स्कंधः किंतव बाधाति ॥

અર્થઃ—ઘણા ભારથી આક્રાંત થએલા તારા સ્કંધને શું કાંઇ બાધા થાય છે ? આ વાકયમાં बाधति એ અશુદ્ધરૂપ છે, કારણકે

बाध धातुआत्मनेपद હોવાથી છેનું ખરૂં રૂપ **बाधते** થવું જોઇએ. પ્રમાદ વસાત્ શિષ્યની થયેલી ભુલને સુધારવા ગુરૂ નિચે પ્રમાણે કહે છે.

॥ नतथाबाधतेस्कंधो यथाबाधति बाधते ॥ १ ॥

અર્થ:—જેવી રીતે બાધ તેને બદલે તું **बाधति** એવું અશુદ્ધ રૂપ બોલ્યો તે જેવું પીડે છે તેવી સ્કંધને પીડા થતી નથી.

આ વાક્ય સાંભળી દિવાકર ચમત્કાર પામી વિચારમાં પડી ગયા. તત્કાળ તેમણે વિચાર્યું કે આ કોણ છે. માત્ર દેખતાંજ માલમ પડી કે આતો વૃદ્ધવાદી ગુરૂ છે. તુરતજ પોતે પાલખી ઉપરથી તેમના ચરણમાં નમી પડ્યા, અને મારો અપરાધ ક્ષમા કરો, ક્ષમા કરો, એમ કહેવા લાગ્યા. પછી ગુરૂએ સિદ્ધસેનને ફરીથી પ્રતિબોધ પમાડી સંઘની સમક્ષ **मिथ्यादुष्कृते** આપવા પૂર્વક તેમને સંઘમાં લીધા. મહાનુભાવ દિવાકર પછી ઘણા કાલ સુધી શ્રી વીરશાસનની પ્રભાવના કરી પ્રાંતે સદગતીના ભાજન થતા હુવા. ઇતિ.

मुनिराजे आपत्तिने विषे पण सत्य वचन बोलवुं.

કોઇ ધનાઢ્ય કે ગામડીઆ પુરૂષ કોઇ વખતે મુનિને પૂછે કે કુવો તળાવ કરાવામાં પુણ્ય છે કે નહીં? અથવા પાણીની પરબ બંધાવવામાં પુણ્ય છે કે નહીં? તેના ઉત્તરમાં બુદ્ધિમાન્ આગમના જાણ મુનિ પુણ્ય છે અથવા નથી એમ બોલતા નથી. જો પુણ્ય છે એમ કહે તો પ્રાણીનો વધ થાય છે. જલાશ્રીત રહેલા સેવાલ પ્રમુખ અનંતકાયનો તથા પુરા શંખ, મત્સ્ય દેડકાં આદિત્રસ જીવોનો પ્રત્યક્ષ વિનાશ દેખાવાથી પાપ લાગે છે, અને જો પુણ્ય નથી એમ કહે તો અંતરાયનો દોષ થાય છે, કારણકે

ઘણાં પશુપંખી મનુષ્યો જે તૃષાર્ત હોય છે તેમના જલપાનમો વ્યવછેદ હોવાથી પણ પાપનો સંભવ છે. માટે મુનિએ મૌનનું અવલંબન કરવું અથવા આવા લૌકીક કાર્યમાં અમને ભાષણ કરવાનો અધિકાર નથી. એમ કહેવું એવું સુત્ર "સુયગડાંગ"માં કહેલું છે. એવા સત્યભાષક ઉપર દત્ત અને કાલિકાચાર્યની કથા કહે છે.

તુરમિણી નગરીમાં શ્રીકાલિકાચાંર્યનો ભાણેજ દત્તનામે હતો તે રાજાનો પુરોહિત હતો તેણે છલે કરી પોતાના સ્વામી રાજાને બંદીખાને નાંખી પોતે સ્વતંત્ર રાજ કરે છે. એક વખતે તે માતાની પ્રેરણાથી કાલિકાચાર્ય પાસે ગયો. ત્યાં તેણે ઉન્મતપણે ધર્મની ઇર્ષ્યાથી ક્રોધ સહિત આગ્રહ પૂર્વક કાલિકાચાર્યને યજ્ઞ કરવાનું ફળ પુછયું તે વખતે સૂરિએ કહ્યું કે **यज्ञ हिंसारुप छे अने यज्ञनुंफळ नरक छे** આ પ્રમાણે જે સત્ય હતું તે કહ્યું, તે વારે દત્તે ફરી પુછયું કે એમાં નિશ્ચય શું છે અને તે વચનમાં વિશ્વાસ શી રીતે પડે ગુરૂએ કહ્યું કે આજથી સાતમે દીવસે કુતરાએ ભક્ષણ કરાએલા કુંભીમાં પડશો. વળી તેજ દીવસે અકસ્માત્ તારા મુખમાં વિષ્ટા પડશે, એમ સાંભળી ક્રોધાયમાન થએલ દત્તે કહ્યું કે તમે શી રીતે મરણ પામસો. ગુરૂ બોલ્યા હું સમાધિ વડે મૃત્યુ પામી સ્વર્ગે જઇશ. સૂરિના આ વચન સાંભળીને તે વ્યર્થ કરવા પોતાના ઘરમાં સુભટો સાથે છુપી રહ્યો. પછી સાતમે દીવસે આઠમાની ભ્રાંતીથી આચાર્યના પ્રાણથી શાંતિકાર્ય કરૂં એવું ધારી ઘરબાહેર નીકળ્યો, તેવામાં માલીએ ઝાડા ઉપર ફુલ નાખેલાં તે દત્તના ઘોડાના પગથી ઉછલીને વિષ્ટા મુખમાં પડવાથી ચમકયો જે આજ સાતમો દીવસ હશે. તત્કાલ ખેદ પામીને તે પાછો ફર્યો. તેજ દીવસે દત્તના ઘણાજ દુરાચારોથી કંટાળી ગએલા મંત્રિઓએ પેલા શત્રુ રાજાને પાંજરાની બાહેર કાઢીને રાજ ઉપર બેસાર્યો, પછી દત્તને બાંધી રાજાને સુંપી દીધો, રાજાએ

તેને કુંભીમાં નાખી નિચે અગ્નિ સળગાવી કુતરાઓમે છુટા મુકી તેને કદર્થના પમાડી મારી નાખ્યો તે મરીને નરકે ગયો. અને આચાર્ય ભગવાન્ રાજા પ્રમુખથી બહુ માન પામ્યા હતા. ઇતિ.

अथ देवद्रव्य भक्षण उपर सागरशेठनी टुंक कथा कहे छे.

સાકેતપુર નગરમાં સાગર નામે એક શેઠ રહેતો હતો. તે પરમ શ્રાવક હોવાથી તે નગરના શ્રાવકોએ તેને ચૈત્યદ્રવ્ય સોંપી દીધું. અને કહ્યું કે આ નવીન ચૈત્ય બને છે તેમાં કારીગર મજુર વીગેરેને તમારા હાથે દ્રવ્ય ચુકાવી આપજો. લોભના વશ થયેલા સાગર શેઠે તે દ્રવ્ય ગ્રહણ કર્યું. પછી તે મજુરોને રોકડું નહી આપતાં દાણા, ઘી, વસ્ત્ર, વીગેરે પદાર્થો આપવા માંડ્યા. અને તેનો નફો પોતે લેવા માંડ્યો, તેમાંથી એક હજાર *કાંકણીનો નફો સાગર શેઠે લેઇ અતિ ઘોર દુષ્ટકર્મ ઉપાર્જન કર્યું. તે કર્મ આલોચ્યા વીના મૃત્યુ પામી શમુદ્રમાં જલમનુષ્ય રૂપે ઉત્પન થયો. તેને પકડી તેનું તેલ કાડવા માટે પાપી લોકોએ વજ્રની ઘંટીમાં નાંખ્યો. તે મહાન પીડાથી છમાસ સુધી છુંદાઈ મૃત્યુ પામી ત્રીજી નરકે ઉત્પન્ન થયો ત્યાંથી નીકળી પાંચસો ધનુષ્યવાળો મત્છ થયો. તેને મ્લેચ્છ લોકોએ મારી નાંખ્યો. ત્યાંથી ચોથી નરેકે ગયો. ત્યાંથી નીકળી બેવાર મત્છ થયો. અને બેવાર શાતમી નરકે ઉત્પન્ન થયો વળી અંતર રહીત હજાર વાર ઘોડો થયો પછી અનુક્રમે ભુંડ, ગાડર, હરણ, સાબર, શીયાળ, માર્જાર, ઊંદર, નોળીઓ, ધીરોલી, ઘો, સર્પ, વીંછી, પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, શંખ છીપ, જલો, કીડી, કીડા, કરમીઆ, પતંગીઆ, માખી, ભ્રમર, મત્છ, કાચબો, ગધેડા, પાડા,

*કાંકણી એટલે રૂપીઆ એકનો એંસીમો ભાગ.

ઊંટ, ખચર, ઘોડા, અને હાથી વીગેરે અનેક જાતિમાં સહુસ્ર ભવ ભમ્યો, તે તિર્યંચોના ભવોમાં શસ્ત્રોના ઘાતની મોટી પીડાઓ સહન કરી મરણ પામ્યો હતો, જેથી દુષ્કર્મ ક્ષીણ થઈ ગયા છે જેના એવો સાગર શેઠનો જીવ વસંતપુર નગરમાં વસુદત્ત શેઠની વસુમતિના ઉદરને વીષે ગર્ભપણે ઉત્પન્ન થયો ત્યારથી તે કોટીધન પતિ વસુદત્ત શેઠનું સર્વ દ્રવ્ય નાશ પામી ગયું અને તે શેઠ તેના જન્મ્યા પછી મરણ પામ્યા, જ્યારે તે બાલક પાંચ વરસનો થયો ત્યારે તેની માતા વસુમતી પણ મરણ પામી ત્યારે લોકોએ તેનું નામ નિઃપુણ્યક પાડયું. તે ભીખારી વૃતિથી ઉછરી મોટો થયો. એક દીવસે તેને દુઃખી દેખી તેનો મામો પોતાને ઘેર તેડી ગયો તેજ રાત્રીએ ચોરોએ તેના મામાના ઘરને લુંટી લીધું તે નિઃપુણ્યક જેના ઘરમાં એક દીવસ રહે તેના ઘરમાં ચોરોની ધાડ, અગ્નિની લાહ્ય અને ઘરના સ્વામીનો નાશ ઇત્યાદિ ઉપદ્રવો થતા હતા તેથી લોકો તેની નિંદા કરવા લાગ્યા. આમ થવાથી તે ઉદ્વેગ પામીને દેશાંતર ચાલ્યો ગયો. ફરતો ફરતો તામ્રલીપ્ત નગરીને વીષે વિનયંધર નામે એક શેઠને ઘેર નોકરી રહ્યો જે દીવસે તે રહ્યો તેજ દીવસે તે શેઠનું ઘર અગ્નિથી બળીને ભસ્મ થઇ ગયું તેથી તે શેઠે કુતરાની પેરે ઘરની બાહેર કાઢી મુકયો “ હવે શું કરવું” એમ મુઢ બની તે નિઃપુણ્યક પોતાના કર્મને નીંદવા લાગ્યો પછી ત્યાંથી સમુદ્રના તીર ઉપર જઈ એક વહાણમાં બેઠો તે સુખેથી ખલાસીની સાથે દ્વીપાંતર આવી પહોંચ્યો ત્યાં પોતાનો શુભ ઉદય જાણી પોતે ખુશી થયો. વળતાં વહાંણ ઉપર ચડયો પછી દુર્દૈવે જેમ દંડથી પાત્ર ભાગે તેમ તે વહાંણના સેંકડો કડકા થઇ ગયા તે વખત તે નિઃપુણ્યક એક પાટીયાને વળગી મહાકષ્ટે કરી કેટલેક દીવસે સમુદ્રના કાંઠે આવ્યો ત્યાં એક ગામના ઠાકોરને ત્યાં સેવક થઇ રહ્યો તે ઠાકોરના શત્રુ ભીલોએ તે ગામ ઉપર ધાડ પાડી અને આ ઠાકોરનો પુત્ર છે એમ ધારી નિઃપુણ્યકને બાંધી પોતાની પલ્લીમાં લઇ ગયા તેજ દીવસે તે પલ્લીનો પણ

નાશ થયો. આમ થવાથી તે પલ્લીમાંથી તે નિઃપુણ્યને બહાર કાઢી મુકયો. એમ તે ઉપદ્રવોનો હેતુ હોવાથી બીજા હજારો ઠેકાણેથી કાઢી મુકવામાં આવ્યો હતો તેથી તેણે અનેક જાતિનાં દુઃખો ભોગવ્યાં હતાં. હવે એક વખતે યક્ષના મંદીરમાં આવી તેણે એકાગ્રતાથી યક્ષની આરાધના કરી એકવીસ દીવસ ઉપવાસ કરતાં તે યક્ષ તેને તુષ્ટમાન થયો. અને પ્રત્યક્ષ દર્શન આપી કહ્યું કે અહીં દરરોજ સાયંકાલે સોનાના હજાર પીંછાવાળો મોર આવી મારી પાસે નૃત કરેછે તે નૃત થઈ રહ્યા પછી દરરોજ એક સોનાનું પીછું પડશે તે તારે ગ્રહણ કરવું. આ વચનથી તે ખુશી થયો અને પ્રતિદીન તે પીછા ગ્રહણ કરવા લાગ્યો. અનુક્રમે તેણે નવસો પીછાં ગ્રહણ કર્યાં. હવે મોરની પાસે સો પીછાં બાકી રહ્યાં છે તે સર્વે સાથે લેવાના વિચારમાં મુઠીવાળી જેવારે લેવા જાય છે તેવામાં તે મોર કાકીડાનુ રૂપ લેઇ ઉડી ગયો. અને પૂર્વનાં નવસો પીછાં ગ્રહણ કરેલાં હતાં તે પણ તેની સાથે નાસી ગયાં. આમ થવાથી તેને ઘણો પશ્ચાતાપ થયો. પછે વનમાં ભમતાં એક જ્ઞાની મુનિ તેના જોવામાં આવ્યા તેમને નમસ્કાર કરી પોતાના પુર્વભવનું સ્વરૂપ યથાસ્થિત કહી સંભળાવ્યું. તે સાંભળી તેણે તેની આલોયણા માગી ત્યારે મુનિએ કહ્યું કે પ્રથમ તો તે દ્રવ્ય અધિક અધિક આપવું, પછે તેનું રક્ષણ અને વૃદ્ધિ પ્રમુખ કરવું, એઓનો પ્રતિકાર જે (ઉપાય) એમ કરવાથી સર્વ પ્રકારે ભોગ રૂદ્ધિ તથા સુખનો લાભ પ્રાપ્ત થાય છે.

મુનિનાં આવાં વચન સાંભળી તેણે એવો નિયમ ગ્રહણ કર્યો કે જ્યાં સુધી પૂર્વે ગ્રહણ કરેલાં દેવ દ્રવ્યથી હજારગણું દ્રવ્ય ન અપાય ત્યાં સુધી આહાર વસ્ત્રાદિકના નિર્વાહથી જરાપણ અધિક દ્રવ્ય મારે ગ્રહણ કરવું નહીં. એમ ધારી તેણે શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. તે વાર પછે ને નિઃપુણ્યક જે જે વ્યાપાર કરે છે તેમાં ઘણુ દ્રવ્ય પેદા કરે છે. પોતાના આહાર વસ્ત્ર જેટલું રાખી બાકીનું દ્રવ્ય સર્વે દેવકાર્યમાં વાપરે છે અનુક્રમે ઘણું દ્રવ્ય પેદા

કરી પોતાના નગરમાં આવી મહા ધનાઢય ગણાયો. અને પૂજા પ્રભાવના કરવા લાગ્યો. સમ્યગ્ પ્રકારે દેવદ્રવ્યનું રક્ષણ અને વૃદ્ધિ કરવા લાગ્યો, વીશેષ અર્હંત ભક્તિ પ્રથમ પદ આરાધવાથી જિન નામકર્મ ઉપાર્જન કર્યું. પછે ગીતાર્થ ગુરૂ પાસે દીક્ષા લેઇ સિદ્ધાંત ભણી ગીતાર્થ થયો. પછે ધર્મ દેસના દેઈ ઘણા ભવ્ય જીવોને પ્રતિબોધ કર્યો, યાવત્ સમાધ મરણ પૂર્વક સર્વાર્થસિદ્ધ વિમાને દેવપણે ઉત્પન થયો. ત્યાંથી માહાવીદેહ ક્ષેત્રે તીર્થંકરપદ ભોગવી મોક્ષપદ પ્રાપ્ત થયો. ઇતિ.

ધર્મની ઉન્નતિ વિષે દ્રષ્ટાંત.

